હરિ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા-૧

# ગુજરાતનું ગૌરવ

(ગુજરાતના પાંચ પુત્રરત્નનાં જીવનચરિત્ર)

મુકુલભાઈ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

પ્રકાશક
મગનભાઈ ઓઝા
મંત્રી
ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

© મુકુલભાઈ કલાર્થી

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૪
નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૨=૫૦

: મુદ્રક :
પ્રફુલ્લચંદ્ર સી. શાહ
( ભાગીદાર )
શાહ બ્રધર્સ પ્રિન્ટિંગ પ્રેસ
પાનકોર નાકા, અમદાવાદ

: વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
બાલા હનુમાન પાસે
ગાંધીરોડ, અમદાવાદ-૧

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતના લોકશિક્ષક સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ અમીનની શતાબ્દિનું આ વર્ષ. મોતીભાઈ સાહેબને પ્રિય એવો સાહિત્યવિષય જીવનચરિત્રનો. જગતભરના મહાન પુરુષોનાં જીવનચરિત્રો વંચાવવાં, લખાવવાં, પ્રકાશિત કરવાં અને વાંચવા માટે ભલામણ કરવાં એ એમનો અંતરઊર્મિનો આનંદ. એટલે એક દિવસ પૂ મોટા અને શ્રી નંદુભાઈ સાથેની વાતચીતમાં આ વિષય મેં છેડયો અને જીવનચરિત્ર પ્રકાશન માટે કંઈક વ્યવસ્થા વિચારવા વિનંતી કરી. લોકઘડતર ને નવી પેઢીના ઘડતરમાં અદમ્ય ઉત્સાહ ને રસ ધરાવનાર પૂ મોટાને આ વાત ગમી ગઈ અને તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને જીવનચરિત્રો પ્રકાશિત કરવા રૂ. ૨૫,૦૦૦/ નું હરિ ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્ર ટ્રસ્ટ સોંપ્યું.

આર્થિક વ્યવસ્થા આટોપાતાં લેખનની વ્યવસ્થાનો વિચાર આવ્યો. નંદુભાઈએ ખાસ પરિશ્રમ લઈ મુકુલભાઈ કલાર્થી સાથે ગોઠવણ કરી. આથી દાદાભાઈ નવરોજી, શ્રીમદ્ રાજચંદ્ર, પ્રભાશંકર પટ્ટણી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મોતીભાઈ અમીન પર અમારી પસંદગી ઊતરી. એ પાંચેય ગુજરાતનાં પુત્રરત્નોની પ્રસંગાત્મક ને પ્રેરણાદાયી ચરિત્રકથા સંક્ષિપ્તમાં શ્રી મુકુલભાઈએ લખી આપી એ આ માળાનું સદ્ભાગ્ય રહ્યું.

પ્રકાશન પ્રસંગે કાગળની અછત ઘણી વરતાતી હતી સોસાયટીની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહે કાગળ મેળવી આપી મુદ્રણકાર્યની જવાબદારી ઉપાડી લઈ, અમારો ભાર હળવો કર્યો. અને આ પુસ્તક સંકલ્પ બાદ ત્રણ માસના ટૂંકા ગાળામાં અમે આપી શકયા.

ભગવદ્કૃપા હોય તો આવા સુભગ સંયોગો સર્વત્ર પ્રાપ્ત થાય પૂ. મોટાના આશીર્વાદ એ અમારે મન ભગવદ્કૃપાનું વર્ષણ છે. એમની પ્રેમમય શ્રદ્ધાને પાત્ર અમે સૌ નીવડતાં રહીએ તેવી પ્રાર્થના સહ પૂ. મોટાનો, ભાઈ નંદુભાઈનો, ભાઈ મુકુલભાઈનો તથા પ્રફુલ્લભાઈનો હું આભાર માનું છું.

આશા રાખું છુ કે આ ચરિત્રપુષ્પ ગુજરાતી વાચકોને ગમશે. અને આવાં અનેક પુષ્પો આપવાની પ્રેરણા આ પુષ્પોને વસાવી, ગુજરાતની ગુણજ્ઞ પ્રજા અમને આપતી રહેશે.

ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ, ૧૫-૪-૭૪

ઇશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

# અનુક્રમણિકા


૧ શ્રી મોતીભાઈ અમીન ... ... ... ૧

૨ દાદાભાઈ નવરોજી ... ... ... ૨૮

૩ શ્રીમદ્ રાજચંદ્ર ... ... ... ૪૮

૪ શ્રી પ્રભાશંકર પટ્ટણી ... ... ... ૭૨

૫ સરદાર વલ્લભભાઈ પટેલ ... ... ... ૯૨

# શ્રી મોતીભાઈ અમીન

'સમાજ જેવો છે એવો લઈને એની અંદર પ્રવેશ કરતી વ્યક્તિઓને સ્વાશ્રય, જ્ઞાનની ઉપાસના અને ચારિત્ર્યનું તેજ એટલું ભાથું આપી દઈએ; અને એવી વ્યક્તિ પોતાનાં અજ્ઞાન, અણઆવડત અને ચારિત્ર્યની શિથિલતાને કારણે સમાજ ઉપર ભારરૂપ ન થતાં પોતાની વિદ્યા, ખંત, સામાજિક જવાબદારીનું ભાન અને સ્વાશ્રય દ્વારા સમાજનો કંઈક બોજો ઊંચકવાને સમર્થ થાય, એટલે અમને બધી રીતે સંતોષ છે.

'જ્યારે ગાંધીજી તો લોકો આગળ વીરધર્મ મૂકે છે; અસાધારણ ત્યાગ શીખવે છે અને સમાજનું આખું કલેવર ફેરવવા માગે છે. અમે એવી મહત્ત્વાકાંક્ષા કોઈ કાળે સેવી નથી.'

આ શબ્દો છે મહાત્મા ગાંધીજીએ જેમને 'ચરોતરનું મોતી' કહીને બિરદાવ્યા હતા એ શ્રી મોતીભાઈ અમીનના.

એક દિવસ કાકાસાહેબ કાલેલકર સાથે વાતચીત કરતાં મોતીભાઈએ પોતાના સમાજસેવક તરીકેના નમ્ર આદર્શને ઉપરના શબ્દોમાં વ્યક્ત કર્યો હતો. કાકાસાહેબે પણ એમને અનુમોદન આપતાં કહ્યું હતું :

'મોતીભાઈ, માણસ અસાધારણ ઊંચો આદર્શ રાખે અને તે આદર્શ સુધી પહોંચવા માટે જે આકરી સાધના કરવી ઘટે તે જો ન કરે, તો કલ્પનાના કેફમાં પોતાને બહુ ઊંચો ચડેલો માને અને કસોટી થતાં નીચે પડે એ શા કામનું ? એના કરતાં પોતાની શક્તિ–અશક્તિનું માપ કાઢી પોતાની યોગ્યતા અને પરિસ્થિતિ પ્રમાણે સિદ્ધ કરી શકાય એવો આદર્શ માણસ પોતાની સામે રાખે અને અત્યંત દૃઢતાપૂર્વક એ આદર્શને સિદ્ધ કરવાને માટે પ્રયત્નશીલ રહે, તો એવા માણસે સમાજની વધારે સેવા કરી છે એ વિશે બે મત ન હોઈ શકે. તરંગી કવિઓ ગમે તેટલો ઊંચો આદર્શ સમાજ આગળ રાખી શકે છે અને રૂપાળા શબ્દોમાં તે ચીતરી શકે છે, પણ એટલાથી સમાજસેવકની યોગ્યતાએ નથી પહોંચી શકતા.

'આપે સમાજ આગળ કેટલો ઊંચો આદર્શ રાખ્યો હતો એનો વિચાર ભવિષ્યની પેઢી નહિ કરે, પણ મધ્યમ વર્ગને માટે જે આદર્શ આપે નક્કી કર્યો તેનું ઉત્કૃષ્ટ પાલન પોતે કરી તે આદર્શને આજીવન વળગી રહેનારા અસંખ્ય નવયુવાનો આપે કેળવ્યા એ આપની ગુજરાતની અને હિંદની ઉજ્જ્વળ સેવા છે.

'ગાંધીજીએ અસાધારણ ઉજ્જવળ આદર્શ સમાજ આગળ મૂક્યો એમાં એમનું માહાત્મ્ય નથી, પણ એ ઉચ્ચ આદર્શ પ્રમાણે તેઓ પોતે જીવી બતાવે છે અને એ આદર્શ પ્રત્યે લોકોની શ્રદ્ધા જગાડી રાષ્ટ્રના અસંખ્ય લોકોને નવજીવન અર્પે છે, એટલે તેઓ મહાત્મા ગણાય છે.'

કાકાસાહેબ મોતીભાઈ વિશે કહે છે: 'જ્યારે જ્યારે મોતીભાઈને હું મળ્યો છું, ત્યારે ત્યારે જ્ઞાનપ્રચાર કેમ કરાય, જેઓ પૈસાદાર નથી તેમને સરસમાં સરસ સાહિત્ય ઉપલબ્ધ કેમ કરવું, જેઓ અપંગ છે તેમને પગભર કેમ કરવા અને લીધેલા ઉપકારનું વળતર આપવાનું ચારિત્ર્ય સમાજમાં પેદા કેમ કરવું એની જ ચિંતા, ચર્ચા અને યોજના કરતા મેં એમને જોયા છે. એમની વૃત્તિ તો કોઈ વિશાળ સંયુક્ત કુટુંબના મુરબ્બી માણસ જેવી હતી.'

મોતીભાઈ અમીનનું સ્મરણ કરતાં આપણી આંખ સામે પોતાના પૂર્વજ સગર રાજાના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા માટે ભગીરથે મહાભગીરથ પુરુષાર્થ કરીને સ્વર્ગમાંથી ગંગામૈયાને પૃથ્વી ઉપર ઉતારી હતી એનું ચિત્ર ખડું થઈ જાય છે. મોતીભાઈએ પણ ભગીરથ જેવો મહાપુરુષાર્થ કરીને જનસમુદાય વચ્ચે જ્ઞાનગંગોત્રીને વહેતી મૂકી છે.

એટલે જ આજે પણ મોતીભાઈના આ ઉદ્‌ગારો આપણા કાનમાં ગુંજી ઊઠે છે: 'મારું કામ જ્યાં અંધારું હોય ત્યાં અજવાળું કરવાનું છે; જ્યાં કાંઈ ન હોય ત્યાં કંઈક કરી બતાવી માર્ગદર્શક બનવાનું છે; ઊંઘતાને જગાડવાનું છે; જાગતાને ઉઠાડવાનું છે; બેઠેલાને ઊભા કરવાનું છે; ઊભાને ચાલતા કરવાનું છે અને ચાલતાને દોડતા કરવાનું છે.'

સમાજજીવનના આવા સતત જાગ્રત પ્રહરી સમા મોતીભાઈનું જીવન યુવાનોને પ્રેરણા આપનારું છે તથા વિચાર અને આચારમાં સુમેળ સાધે એવું લોકોપયોગી અને જનહિતકારી જીવન જીવવાની દીક્ષા આપનારું છે.

## જન્મ-માતાપિતા

ગુજરાતમાં ચરોતર પ્રદેશ જાણીતો છે. એ પ્રદેશના પેટલાદ તાલુકાનું વસો ગામ પણ ઘણું જાણીતું છે. વસો ગામમાં મોતીભાઈનો જન્મ ઈ. સ ૧૮૭૩ના નવેંબરની ૨૯મી તારીખે થયો હતો. એમના પિતાશ્રીનું નામ નરસિંહભાઈ રેવાભાઈ અમીન હતું અને માતુશ્રીનું નામ હતું જીબા.

પિતાશ્રી નરસિંહભાઈ સ્વામીનારાયણ સંપ્રદાય પાળતા હતા. તેઓ સ્વભાવે મળતાવડા, સારી સલાહ આપનારા અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતા.

માતુશ્રી જીબાબાને આંખનું અત્યંત કાચું હતું. દિવસે જરાક દૂરનું પણ જોઈ શકતાં નહિ અને રાતે તદ્દન દેખાતું નહિ. નરસિંહભાઈનું ઘર આગળપડતું અને ખાનદાન હતું. એટલે મહેમાનોની અવરજવર રહ્યા જ કરતી. જીબાબા નમ્ર સ્વભાવનાં અને આખો દિવસ 'શ્રીકૃષ્ણ શરણં મમ'ની માળા જપ્યા કરતાં. એમને સંસારવ્યવહારમાં પણ બહુ રસ પડતો નહિ. વળી નબળી આંખને લીધે મહેમાનોની ખાવાપીવાની સરભરા પણ તે કરી શકતાં નહિ. એટલે મોતીભાઈ ચાર વર્ષના હતા તે અરસામાં પિતાશ્રીએ બીજી વાર લગ્ન કર્યું. આ બીજાં પત્નીનું નામ હતું હરખાબા. જીબાબા અને હરખાબા વચ્ચે બે બહેનો જેટલું હેત હતું. તેથી મોતીભાઈને એક માતાને બદલે બે માતાનું સુખ મળ્યું.

એ જમાનામાં બાળલગ્ન સામાન્ય હતાં. એ પ્રથા અમીન કુટુંબોમાં ખૂબ પ્રચલિત હતી. જેમ ઘર વધારે ખાનદાન તેમ બાળકોનાં લગ્ન જલદી થઈ જાય. મોતીભાઈનાં લગ્ન ૭ વર્ષની વયે સોજિત્રાનાં રૂપબા સાથે થયાં હતાં. લગ્ન વખતે રૂપબાની ઉંમર સાત વર્ષની હતી.

મોતીભાઈ નવ વર્ષના હતા તે વખતે ઘરમાં એક અતિકરુણ ઘટના બની ગઈ! પિતાશ્રી નરસિંહભાઈ નવાગામમાં એક કુટુંબીજનને ત્યાં લગ્નમાં ગયા હતા. તે સમયમાં લગ્ન ખૂબ ધામધૂમથી ઊજવાતાં. દારૂખાનું ફોડવાનું ખાસ રાખવામાં આવતું. નરસિંહભાઈ પોતાની દૈનિક પૂજાનો સમય થતાં નાહીધોઈને એક ઓરડામાં બીજા ચારેક જણ સાથે દેવસેવા કરવા બેઠા. એ માટે ઘીનો દીવો પેટાવીને વાળંદે સળગતી દીવાસળી ખૂણામાં ફેંકી.

કમનસીબે એ ખૂણામાં જ લગ્ન અવસરે ફોડવાનું દારૂખાનું મૂકેલું હતું. દીવાસળી એ દારૂખાના ઉપર જ પડી. એટલે દારૂખાનું મોટા ધડાકા સાથે સળગી ઊઠ્યું! ઓરડામાં બેઠેલા બધાને ગંભીર ઈજા થઈ. બે જણા તો ત્યાં ને ત્યાં જ મરણ પામ્યા. નરસિંહભાઈ અને બીજાઓને મ્યાનામાં સુવાડી ઘેર લાવવામાં આવ્યા. ખૂબ સારવાર કરવામાં આવી. પરંતુ નરસિંહભાઈ બચી શક્યા નહિ. મોતીભાઈ નવ વર્ષની વયે નબાપા થયા!

## વિદ્યાભ્યાસ

મોતીભાઈએ વસોમાં જ અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. અહીં ચાર ધોરણ સુધીની જ શાળા હોવાથી તે આગળ અભ્યાસ કરવા વડોદરા ગયા. તે જમાનામાં બહારગામના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહીને ભણવાની સગવડ નહોતી. એટલે કેટલાય વિદ્યાર્થીઓ કમાટી બાગના કમ્પાઉન્ડમાં આવેલા

રામજી મંદિરમાં રહીને હાથે રાંધીને હાઈસ્કૂલમાં ભણવા જતા. મોતીભાઈ પણ અહીં રહેવા લાગ્યા.

મોતીભાઈને આ રીતે જેમ તેમ રહીને અભ્યાસ કરવાની વ્યવસ્થા ન ગમી. તેમને આ બાબતનો વસવસો રહ્યા કરતો. આગળ જતાં તેમણે ત્યાં બોર્ડિંગ જેવું શરૂ કર્યું. એનું નામ 'સરસ્વતી છાત્રાલય' પાડ્યું.

આ છાત્રાલયમાં તે વખતે ન મળે ગૃહપતિ કે ન મળે રસોઇયો. બધું વિદ્યાર્થીઓ જ અંદરોઅંદર ગોઠવી લેતા. મકાન પણ સાવ ખખડધજ હતું. વરસાદના દિવસોમાં બધે પાણી ગળતું. એટલે રાતે સૂવાની મુશ્કેલી પડતી, પણ બધા વિદ્યાર્થીઓ 'રામ રાખે તેમ રહીએ, ઓધવજી! રામ રાખે તેમ રહીએ' એ ભજન લલકારતા લહેરમાં અભ્યાસ કરતા.

આગળ જતાં એ છાત્રાલયનું નામ 'ચરોતર વિદ્યાર્થીગૃહ' રાખવામાં આવ્યું. આ છાત્રાલયમાં મોતીભાઈ સાથે રહીને આપણા ગુજરાતના શિરછત્ર સરદાર વલ્લભભાઈ પટેલ પણ ભણ્યા હતા. તેમના સમયમાં ૩૫ તેજસ્વી વિદ્યાર્થીઓની તોફાની ટુકડી 'ધી થર્ટી-ફાઇવ'ના નામથી જાણીતી થઈ હતી. એ ટુકડીની બધે હાક વાગતી.

તે જમાનામાં મૅટ્રિકની પરીક્ષાનું બહુ મહત્ત્વ હતું. એનું પરિણામ પણ ખૂબ જ કડક અપાતું. મોતીભાઈ ત્રીજી વાર મૅટ્રિકમાં બેસીને ઈ. સ. ૧૮૯૪ માં વડોદરા રાજ્યમાં પાંચમે નંબરે પાસ થયા હતા. મૅટ્રિક પછી વડોદરામાં તેમણે કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. કૉલેજમાં પણ પાસ-નાપાસ થતાં થતાં ઈ. સ. ૧૯૦૦ માં તેમણે બી. એ. ની પરીક્ષા પાસ કરી.

આ બાબતને યાદ કરીને મોટપણે મોતીભાઈ ગમ્મતમાં કહેતા : 'હું તો ડબલ ગ્રેજ્યુએટ છું.'

સામો માણસ એમની ઉપાધિ વિશે જાણતો હોય તો તે એમને પૂછતો : 'તમે વળી ક્યારે એમ. એ. કે એલ. એલ. બી. થયા છો ?'

ત્યારે મોતીભાઈ હસતા હસતા કહેતા : 'જુઓ ભાઈ, મેં મૅટ્રિકમાં ત્રણ વર્ષ, પ્રીવિયસમાં બે વર્ષ અને ઇન્ટરમાં બે વર્ષ ગાળ્યાં છે. હવે તમે જ કહો કે, હું ડબલ ગ્રેજ્યુએટ ખરો કે નહિ ?'

કૉલેજની પરીક્ષા આપવા યુવાન મોતીભાઈ મુંબઈ ગયા હતા તે વખતે એક પ્રસંગ વેળાએ એમનામાં રહેલી પ્રામાણિકતા અને સચ્ચાઈનો સદ્ગુણ આબાદ ઝળકી ઊઠ્યો હતો.

મુંબઈમાં પરીક્ષા આપીને મોતીભાઈ પોતાને ગામ વસો જવાની તૈયારી કરવા લાગ્યા. પોતાને ઘેર લઈ જવા માટે મુંબઈની મારકેટમાંથી ઊંચી સારી જાતની સો કેરીઓ ખરીદીને કરંડિયો બંધાવીને પોતાને ઉતારે તે લઈ આવ્યા.

મુકામ પર આવીને મોતીભાઈએ કરંડિયો ખોલ્યો અને કેરીઓ ગણવા માંડી, તો એમાં સો કેરીને બદલે એકસો ને ત્રીસ કેરી નીકળી ! મોતીભાઈને થયું, કેરી વેચનારે ભૂલથી ત્રીસ કેરી વધારે મૂકી દીધી છે ! એટલે એ વધારાની કેરીઓ પાછી આપવા મોતીભાઈ જવા નીકળ્યા.

આ જોઈને એમના સાથી મિત્રોએ કહ્યું : 'અરે મોતીભાઈ, તમે પણ ખરા છો ! આટલે દૂર પાછા જઈને વધારાની કેરીઓ આપવાની શી જરૂર ? તમે કયાં જાણી જોઈને વધારે મૂકી દીધી છે કે મનમાં ચોરી જેવું લાગે ? વેચનારે ભૂલ કરી, તો એને એટલી સજા ભલે ભોગવવી પડે. આપણે આટલા બધા દોઢડાહ્યા થવાની શી જરૂર ?'

મોતીભાઈએ સહજ ભાવે કહ્યું : 'આવી વધારાની કેરી આપણાથી ન લેવાય. હું અબઘડી એ પાછી આપીને આવું છું.' એમ કહીને મોતીભાઈ ત્રીસ કેરી પાછી આપવા ગયા.

દુકાનદાર પાસે જઈને તેમણે કહ્યું : 'ભાઈ, હું થોડા વખત પહેલાં તમારે ત્યાંથી એકસો કેરીનો કરંડિયો લઈ ગયો હતો. ઘેર જઈને મેં ગણી જોઈ તો એમાં ત્રીસ કેરી વધારે નીકળી ! તમે ગણવામાં ભૂલ કરી હતી. એટલે આ ત્રીસ કેરી તમે પાછી લઈ લો.'

દુકાનદારને આવો ઘરાક કદી મળ્યો ન હતો. તે તો આવા નેક જુવાનને જોઈને નવાઈ પામતો બોલ્યો : 'શેઠજી, ગણવામાં ભૂલ થઈ નથી. અહીં કેરીના ભાવ સેંકડા ઉપર બોલાય છે. પણ આપવાનો રિવાજ એકસો ત્રીસનો છે. તમને એની ખબર નહિ હોય. પણ તમે આ રીતે વધારાની કેરી સમજીને પાછી આપવા આવ્યા એ તમારી ખાનદાની બતાવે છે. એટલી કેરી તમારા હિસાબમાં આવી જાય છે. માટે તમે મનમાં કશો સંકોચ રાખ્યા વિના ખુશીથી લઈ જાઓ.'

આમ, મોતીભાઈના મનમાંનો સંદેહ નીકળી જવાથી એ ત્રીસ કેરીઓ લઈને પાછા મુકામે આવ્યા.

મિત્રો એમની વાત સાંભળીને હસતા હસતા બોલી ઊઠયા : 'અરે મોતીભાઈ, મુંબઈના દુકાનદારો તો બહુ પાકા હોય છે. તેઓ ભાગ્યે જ આટલી બધી કેરીઓ વધારે આપવાની ગફલત કરે. પણ તમે ભાઈસાહેબ અમારું શાના માનો ? નાહક ફેરો થયોને !'

મોતીભાઈ કહે : 'મિત્રો, મને આવા રિવાજની ઓછી ખબર હતી ? એટલે મારે તો એ બાબતમાં ચોખ્ખા રહેવું એ જ સારું. અજાણ્યે પણ આપણાથી કોઈનું ફોગટ કેમ લેવાય ? ભલે ફેરો થયો, પણ ચોખવટ થવાથી મારું મન હળવાશ અનુભવે છે. એટલું મારે માટે પૂરતું છે.'

## જીવ આખરે શિક્ષકનો

બી. એ. થયા પછી થોડો વખત વડોદરાની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યા પછી મોતીભાઈને દીવાન કચેરીમાં સરકારી નોકરી મળી. તે જ દિવસે સાંજે મોતીભાઈ વડોદરાની હાઈસ્કૂલના જાણીતા શિક્ષક વાડિયા માસ્તરના ઘર પાસેથી પસાર થતા હતા. મોતીભાઈને જોઈને માસ્તરે કહ્યું : 'આવો, આવો, મિ અમીન ! તમને અભિનંદન !'

મોતીભાઈએ ઘરમાં પ્રવેશ કરતાં કહ્યું : 'વાડિયાસાહેબ, શાનાં અભિનંદન ?'

માસ્તર કહે : 'કેમ, મેં સાંભળ્યું છે કે તમને દીવાન કચેરીમાં નોકરી મળી છે. બહુ સારું થયું. તમે ભાગ્યશાળી કહેવાઓ. અહીં કેળવણી ખાતામાં પડયા હોત, તો કોણ જાણે કયારે તમારો દહાડો વળત ! જુઓને, અમે અહીં કેવા સબડીએ છીએ ? મને અહીં આવ્યે પંદર વર્ષ થયાં. મારો પગાર માત્ર સો રૂપરડી ! તેમાં આજે પંદર વર્ષથી એક રૂપિયાનો પણ વધારો થયો નથી. મુલકી ખાતામાં ગ્રેડ નથી, એટલે શરૂઆતમાં તો પચાસ જ મળશે. પણ એમાંથી ઊંચે ચડવાનો ઘણો અવકાશ છે. કામ સારું જણાય અને મહારાજા સાહેબની મીઠી રહેમ નજર પડી ગઈ, તો સૂબા થવાનો ચાન્સ એમાં ખરો. આ પંતુજી ખાતામાં કંઈ આશા દેખાતી નથી !'

મોતીભાઈ પોતાના ભલા મુરબ્બીની વાત સાંભળી રહ્યા. પછી હસતા હસતા બોલ્યા : 'અરે વાડિયાસાહેબ, તમે મને હજી નથી ઓળખતા. હું તો એવી નોકરી શોધું છું કે જે વડે લોકોનું ભલું કરી શકાય. દીવાન કચેરીમાં જઈને હું લોકોનું ભલું શી રીતે કરી શકવાનો ? બહુ બહુ તો મારું ભલું થવાનો સંભવ ખરો. હું સૂબો થાઉં તો માન-મરતબો મળે અને પગાર પણ સારો મળે. પરંતુ તેથી લોકોનું કલ્યાણ ન થાય. મને પૈસાની પડી નથી. મારે તો લોકોની સેવા જ કરવી છે.'

એ સાંભળીને વાડિયા માસ્તરે આતુરતાથી પૂછ્યું : 'ત્યારે તમે શું કરવા માગો છો, મિ. અમીન ?'

મોતીભાઈએ નિખાલસતાથી જવાબ આપ્યો : 'મારે તો શિક્ષક થવું છે. શિક્ષક થવાથી જ લોકોની સેવા થઈ શકશે એમ મને લાગે છે.'

વાડિયા માસ્તરે પૂછ્યું : 'કેવી રીતે ?'

મોતીભાઈ કહે : 'વાડિયાસાહેબ, તમે અહીં શહેરમાં રહો છો, એટલે ગામડાંના લોકોની સ્થિતિનો તમને પૂરેપૂરો ખ્યાલ ન આવી શકે. આપણાં લાખો ગામડાંઓ હજી અજ્ઞાન અને વહેમના, જડ રૂઢિ અને ધર્માંધતાના અંધકારમાં અટવાઈ રહ્યાં છે. ગામડાંમાં જ્ઞાનનો ફેલાવો થાય તો જ લોકો સુધરે એમ છે. એટલે ગામડાંમાં જ્ઞાન પહોંચાડી શકાય એવી નોકરી મારે જોઈએ. તેવી નોકરી તો શિક્ષકની જ હોઈ શકે. વળી મારે તો મારા ગામને માટે, ચરોતર પ્રદેશને માટે કંઈક કરવું છે, માટે શિક્ષકની નોકરી મળે તો ઠીક છે.'

વાડિયા માસ્તર નવાઈ પામી બોલી ઊઠ્યા : 'તમને દીવાન કચેરીમાં નોકરી મળી ગઈ છે, એ વાત શું ખોટી છે?'

મોતીભાઈ કહે : 'ના, વાડિયાસાહેબ, એ વાત ખોટી નથી. વડોદરા હાઈસ્કૂલની મને મળેલી જગ્યા કામચલાઉ હોવાથી મારે છૂટા થવું પડ્યું. મેં દીવાન કચેરીમાં પણ અરજી કરેલી. એટલે ત્યાં મને આજથી નોકરી મળી હતી. આજે ત્યાં હાજર થઈ આવ્યો. પણ ત્યાંનું વાતાવરણ જોઈ નાસી આવ્યો. સરકારી કાગળ ઉપર એક અક્ષરેય પાડ્યો નથી. થોડુંક લખ્યું હતું તેય ડૂચો કરી ખીસામાં ઘાલી લાવ્યો છું. મેં એક દિવસ પણ એ નોકરી કરી છે એવું દેખાય તેવી નિશાની હું શા માટે રહેવા દઉં ? મારે તો શિક્ષક જ થવું છે.'

અને ખરેખર મોતીભાઈને જ્યારે ઈ. સ. ૧૯૦૨ની સાલમાં પાટણ હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી મળી, ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો.

સામાન્ય રીતે સમાજમાં શિક્ષક એટલે 'પંતુજી' એવું નાનમભર્યું સ્થાન માનવામાં આવ્યું છે. પરંતુ એ વિચાર ભૂલભરેલો છે. મોતીભાઈ શિક્ષકના વ્યવસાયને લોકશિક્ષણની ઉમદા સેવારૂપ માનતા હતા. તેઓ કહેતા :

'શિક્ષક શિક્ષકની જિંદગીમાંથી હજારો રૂપિયા કમાઈને લક્ષાધિપતિ થવાનો નથી. પણ એથી શિક્ષક પારમાર્થિક દિશામાં કશું જ કરી શકતો નથી, એમ નથી. શિક્ષકોને બાળકોની જે મૂડી સોંપાઈ છે, તેને બરાબર કેળવી સાચામાં સાચા નાગરિક બનાવે, અને બાળકોનાં માબાપ સાથે મીઠો સંબંધ બાંધી તેમનો આર્થિક કે બીજી દૃષ્ટિએ સહકાર સાધી કેળવણી, પુસ્તકાલય કે દવાખાનું વગેરે પ્રવૃત્તિઓ નાના પાયા ઉપર પણ ચલાવે. શિક્ષક શિક્ષકની જિંદગીમાં આટલી સેવા કરે તો તે ઓછી સેવા ન કહેવાય. અને પૈસાદારો પૈસા આપીને પણ સેવાનો જે સંતોષ માને છે, તેના કરતાં પણ આ સેવા વધી જાય છે.'

અને મોતીભાઈએ પોતાના ભેખધારી જીવન દ્વારા આ ઉચ્ચ આદર્શને મૂર્ત કરી બતાવ્યો હતો.

## પાટણના સર્વપ્રિય 'અમીન માસ્તર'

મોતીભાઈ માટે પાટણ એ સાવ અજાણ્યું સ્થળ હતું. પરંતુ જેમના દિલમાં 'बहुजन हिताय, बहुजन सुखाय' પોતાનું સમગ્ર જીવન — તન, મન અને ધન — સમર્પણ કરવાની ઉદાત્ત ભાવના પડેલી હોય એમને માટે તો, નાનકસાહેબ કહે છે એમ, 'ना को बैरी, नाहि बिगाना' — નથી કોઈ વેરી, નથી કોઈ પરાયું. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે એક ગીતમાં ગાયું છે એમ મોતીભાઈએ પણ 'दूरके करिले निकट बन्धु, परके करिले भाई' — દૂરનાને નિકટના બંધુ બનાવી દીધા, પારકાને ભાઈ બનાવી દીધા. આ મોતીભાઈએ શી રીતે કર્યું ?

મોતીભાઈ પાટણ પહોંચ્યા, ત્યારે ત્યાંની વસ્તીથી, ત્યાંના વિદ્યાર્થીઓથી અને ત્યાંના વાતાવરણથી સાવ અજાણ. હાઈસ્કૂલના આચાર્ય પણ ભારે કડક. એમને તે જમાનામાં અળખામણા ગણાતા ગુજરાતી અને ઇતિહાસ જેવા વિષયો શીખવવાનું આવ્યું. પરંતુ મોતીભાઈ આમ નાસીપાસ થાય એવા નહોતા. એમને શિક્ષક તરીકેના કર્તવ્યનું ભાન હતું. સૌ વિદ્યાર્થીઓનું હિત એમના દિલમાં વસ્યું હતું. તેમની પાસે શિક્ષણની એક આગવી દૃષ્ટિ હતી. શિક્ષકનું હૃદય માતાના જેવું કુમાશવાળું, હૂંફાળું, સહાનુભૂતિભર્યું, સમસંવેદનશીલ અને વાત્સલ્યસભર હોય, તો શિક્ષકનું કાર્ય સફળ થયા વિના ન જ રહે, એવી અડગ શ્રદ્ધા એમનામાં હતી. એટલે તેમણે ઉત્સાહભેર અને નિષ્ઠાપૂર્વક આ કામ ઉપાડી લીધું.

શાળા છૂટયા પછી બીજા શિક્ષકો સામાન્ય રીતે ઘરભેગા થઈ જાય. પરંતુ મોતીભાઈ તો વિદ્યાર્થીઓને એકઠા કરે, રમતોમાં તેઓનું દિલ પરોવે, વ્યાયામ શીખવે અને વારતહેવારે આનંદ-પર્યટનો યોજીને સમૂહજીવનનો લહાવો માણવાની તક પૂરી પાડે. સારાં સારાં પુસ્તકોની વાતો કહે, કહેવડાવે અને એ રીતે વિદ્યાર્થીઓને વાચન તરફ રસ લેતા કરે. અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે વિદ્યાર્થીઓમાં વાચનનો શોખ વધ્યો, એટલે પાટણમાં 'ફત્તેહસિંહરાવ પુસ્તકાલય' હતું એમાં તેઓ બધા જવા લાગ્યા. આવી આવી કેટલીય પ્રવૃત્તિઓ મોતીભાઈએ ઉપાડી લીધી.

પાટણમાં રહીને મોતીભાઈએ સમાજસુધારાનું કામ સાથોસાથ કરવા માંડયું. તેઓ માત્ર શાળા-શિક્ષક નહિ, પરંતુ લોકશિક્ષક પણ બન્યા. તે જમાનામાં હોળીના દિવસોમાં નરનારીનાં નિર્લજ્જ પૂતળાં સ્થળે સ્થળે મૂકવામાં આવતાં અને એની

આસપાસ લોકો ટોળે વળીને અશ્લીલ ગાળો બોલતા અને ઠઠ્ઠામશ્કરી કરતા. બાળકો ઉપર આની ખરાબ અસર પડતી. બહેનો તો એ દિવસોમાં બહાર નીકળતી જ નહિ. મોતીભાઈએ આ ગંદો રિવાજ બંધ કરવાની ઝુંબેશ ઉઠાવી. સમજુ લોકોએ એમને સાથ આપ્યો. છેવટે એ ભૂંડો રિવાજ બંધ થયો.

એક વાર પાટણમાં આગ લાગી. મુસ્લિમ ભાઈઓનાં ઘણાં ઘર તારાજ થઈ ગયાં ! એ નિરાધાર મુસ્લિમ ભાઈઓની વહારે મોતીભાઈ દોડી ગયા. તેમણે મિત્રોને અને સ્નેહીઓને પત્રો લખી મદદ મગાવી મુસ્લિમ ભાઈઓનાં ઘર ઊભાં કરી આપ્યાં.

ઈ. સ.૧૯૦૫માં પાટણમાં ભારે વરસાદ પડ્યો. આ રેલસંકટને લીધે લગભગ ત્રણ હજાર જેટલાં ઘર પડી ગયાં અને સંખ્યાબંધ લોકો ઘરબાર વિનાનાં બની ગયાં. આ સંકટ સમયે પણ મોતીભાઈ સંકટગ્રસ્ત લોકોની વચ્ચે આવીને ઊભા રહ્યા. પાટણમાંથી જ સાત હજાર રૂપિયા ભેગા કર્યા. મુંબઈમાં વસતા પાટણવાસીઓ પાસેથી પણ ફાળો ઉઘરાવ્યો અને પડી ગયેલાં ઘરોને પાછાં ઊભાં કરવામાં મોતીભાઈએ મદદ કરી.

## પાટણ છોડતાં ભાવભીની વિદાય

ઈ. સ ૧૯૦૫ના ડિસેંબરમાં મોતીભાઈ પાટણથી પોતાના વતન વસો નજીક પેટલાદની અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધીની શાળાના મુખ્ય શિક્ષક તરીકે બદલાયા.

મોતીભાઈની બદલીની વાત જાહેર થતાં પાટણ શહેરમાં અને શાળામાં લોકપ્રિય થઈ પડેલા ‘ મોતીભાઈ માસ્તર ’ આમ એકાએક પાટણ છોડી જવાના થયા, એટલે લોકોને ખૂબ લાગી આવ્યું. ચાર ચાર વરસના તેમના સ્નેહભર્યાં અને સેવામય સહવાસનું અહેસાન નાનાંમોટાં સૌમાં ઊભરાવા લાગ્યું. મોતીભાઈને જાહેર માનપત્ર આપવાની વાતો થવા લાગી. પરંતુ જાહેર માનપાનથી દૂર ભાગતા મોતીભાઈએ તે સૌને નમ્રતાથી ના પાડી દીધી.

પરંતુ વિદ્યાર્થીઓ આમ માને એવા ઓછા હતા ? પોતાનાં સુખદુઃખમાં સહભાગી થનારા શ્રેયસ્કર પૂજ્ય ગુરુજી પ્રત્યેના પોતાના અહોભાવને ‘पत्रं पुष्पं फलं तोयम् ’ના રૂપે પણ બતાવ્યા વિના શિષ્યોને ક્યાંથી શાંતિ થાય ? એટલે મોતીભાઈએ ભલે ના પાડી હોવા છતાં વિદ્યાર્થીઓ છાનામાના મજાનું માનપત્ર છપાવી લાવ્યા. પછી તેઓએ મોતીભાઈને માનપત્ર લેવાની હા પાડવા વિનંતી કરી. મોતીભાઈએ કહ્યું : ‘ દોસ્તો , તમારી લાગણી સમજી શકું છું, પરંતુ હું મારા નિર્ણયમાંથી પણ ચલિત થવા ઇચ્છતો નથી. મેં જે કંઈ કર્યું એ મારા કર્તવ્ય રૂપે જ કર્યું છે, આવી જાહેરમાં વાહવાહ મેળવવાની લાલસાએ કર્યું નથી.

આવાં જાહેર માનપત્રો માણસને પાડનારાં થઈ પડે છે, મિથ્યા અભિમાન પેદા કરે છે. પરંતુ જો તમે એ માનપત્રની જગ્યાએ એની ફ્રેમમાં દાદાભાઈ નવરોજી કે ભારતસેવક ગોખલેજી જેવા મહાપુરુષની છબી મઢી આપો તો એને હું રાજીખુશીથી સ્વીકારું.'

પરંતુ વિદ્યાર્થીઓ એથી નિરાશ થાય એવા નહોતા. તેઓ પણ પોતાના નિર્ણયમાં ગુરુજી જેટલા જ મક્કમ હતા. મોતીભાઈ પાટણથી વિદાય થવા સ્ટેશને આવ્યા. બધા વિદ્યાર્થીઓ પણ હારતોરા અને માનપત્ર લઈને સ્ટેશને હાજર થઈ ગયા. ગાડી ઊપડવાના સમયે મોતીભાઈની જાણ બહાર ફ્રેમમાં મઢેલું માનપત્ર બહેનોના ડબ્બામાં બેઠેલાં રૂપબાના ખોળામાં મૂકી દીધું અને આખી ગાડીમાં ડબ્બે ડબ્બે માનપત્રની નકલો વહેંચી દીધી!

ગાડી ઊપડી ત્યાર પછી જ મોતીભાઈને આ વાતની ખબર પડી. રૂપબા સાથે આવેલું એ સુંદર ફ્રેમમાં મઢેલું માનપત્ર વસોના ઘરમાં ભોંયતળિયાના અંધારિયા ઓરડામાં જ પડી રહ્યું. મોતીભાઈની બેઠકના ઓરડામાં તે કદી સ્થાન પામ્યું નહિ.

## પેટલાદમાં વિવિધ કાર્યોનાં મંડાણ

મોતીભાઈ પેટલાદમાં છ ધોરણની શાળાના મુખ્ય શિક્ષક તરીકે કામ કરવા લાગી ગયા. ત્યાં તેમણે જોયું કે, ગામડાંના વિદ્યાર્થીઓને ભણવાની ખૂબ હોંશ છે માબાપને પણ પોતાના છોકરાઓને ભણાવવાની ઇચ્છા છે. પરંતુ વિદ્યાર્થીઓ પેટલાદમાં રહીને ભણી શકે એવી કોઈ વ્યવસ્થા નથી. એટલે તેઓ લાચાર બની જાય છે. મોતીભાઈએ વડોદરામાં રામજીમંદિરમાં છાત્રાલય જેવું શરૂ કર્યું હતું જ. એટલે તેમને થયું કે, પેટલાદમાં પણ એવી કોઈ સગવડ ઊભી કરવામાં આવે, તો આ બધા વિદ્યાર્થીઓનો સવાલ સહેલાઈથી ઊકલી જાય.

આવો વિચાર આવતાં 'આવા ધરમના કામમાં ઢીલ કેવી? 'શુભસ્ય શીઘ્રમ્' એમ વિચારીને મોતીભાઈએ ગામડેથી આવતા બધા વિદ્યાર્થીઓને પોતાની ઑફિસમાં ભેગા કર્યા અને છાત્રાલય અંગેની સમજ આપી. બધા વિદ્યાર્થીઓએ એ વિચારને હર્ષભેર વધાવી લીધો અને તે જ દિવસે સાંજે તા. ૧૬–૧–૧૯૦૬ના રોજ એક નમૂનેદાર બોર્ડિંગ હાઉસની સ્થાપના કરવામાં આવી.

આ બોર્ડિંગના નામ પાછળ પણ મોતીભાઈએ ઉદાર હેતુ દૃષ્ટિ સમક્ષ રાખ્યો હતો. એની વાત પણ સમજવા જેવી છે. એ બોર્ડિંગ માટે શરૂઆતમાં મોતીભાઈએ પોતાના સ્નેહી મિત્રો પાસે જ્યારે નાણાંની મદદ માગી, ત્યારે ઘણા લોકોએ એવો

આગ્રહ કર્યો કે, બોર્ડિંગનું નામ 'પાટીદાર બોર્ડિંગ' રખાય, તો તેઓ જોઈએ એટલી આર્થિક સહાય કરવા તૈયાર છે. પરંતુ મોતીભાઈએ એમ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. સંસ્થાને કોમી નામ આપી મર્યાદિત કરવાના મતના તેઓ ન હતા.

મોતીભાઈએ એ લોકોને સમજાવતાં કહ્યું: 'ચરોતરની વસ્તી મોટે ભાગે પાટીદારોની છે. એટલે બોર્ડિંગનો લાભ લેનારા મોટે ભાગે પાટીદારો જ હશે; એ જ રીતે મદદ કરનારા પણ મોટે ભાગે પાટીદારો જ રહેવાના, એ સ્પષ્ટ હકીકત છે. પરંતુ એ કારણે સંસ્થા માત્ર પાટીદારોની જ બનાવી મૂકવી એ સંકુચિત મનોદશા સૂચવે છે. માટે એ બોર્ડિંગનો લાભ અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓ પણ સરળતાથી અને સંકોચ વિના ઉઠાવી શકે એવી જોગવાઈ કરવી જોઈએ. વળી બીજી જ્ઞાતિના વિદ્યાર્થીઓ સાથે રહે, હળેમળે તો એકમેકના સંસ્કારની આપલે થાય અને તેથી સરવાળે પાટીદાર જ્ઞાતિને જ લાભ થાય.'

કેટલાક સમજુ માણસોને મોતીભાઈની વાત ગળે ઊતરી ખરી, પરંતુ રૂઢિગ્રસ્ત પાટીદારો પર એની અસર ન થઈ અને મદદ મળતી અટકી ગઈ. મોતીભાઈ એમ નમતું આપે એવા ન હતા. તેઓ સિદ્ધાંતને વળગી રહ્યા અને તેમણે બોર્ડિંગનું નામ 'પેટલાદ બોર્ડિંગ હાઉસ' રાખ્યું. એનો લાભ નાતજાતના ભેદભાવ વગર સૌ કોઈને સરખી રીતે મળતો રહ્યો.

'પેટલાદ બોર્ડિંગ હાઉસ'માં મોતીભાઈએ પોતાના આગવા સંસ્કારી વિચારો વેર્યા. વિદ્યાર્થીઓ સ્વાશ્રયી થાય, સાદાઈ કેળવે, નિર્વ્યસની બને, સારા નાગરિક થાય અને સંસ્કારસંપન્ન બને એની મોતીભાઈ ખાસ સંભાળ રાખતા. આ જ સંસ્થામાંથી નીકળેલા કેટલાય વિદ્યાર્થીઓએ એવું જીવન જીવીને એ બોર્ડિંગની પ્રતિષ્ઠા વધારી છે. અહીં એક ઉદાહરણ પૂરતું થશે.

એક વખત 'પેટલાદ બોર્ડિંગ'નો એક વિદ્યાર્થી આગળ અભ્યાસ કરવા વિલાયત ગયો હતો. તે એક અંગ્રેજ કુટુંબમાં રહેવાનું અને ખાવાપીવાનું ખર્ચ આપીને રહ્યો હતો. એની શિસ્તબદ્ધતા અને સરળ રીતભાતથી એ અંગ્રેજ કુટુંબ પર સારી છાપ પડી.

એક દિવસ એ કુટુંબના એક સભ્યે એની આગળ સિગારેટ ધરી. પેલા વિદ્યાર્થીએ વિવેકથી ના પાડતાં કહ્યું: 'સિગારેટ–બીડી પીવી એ તો અમારે મન એક બૂરું વ્યસન છે. એ કદી ન પીવાનું મેં વ્રત લીધું છે.'

પેલા સભ્યે પૂછ્યું: 'એ વ્રત તમે ક્યાં અને ક્યારથી લીધું છે?'

વિદ્યાર્થીએ કહ્યું : 'હું મારા દેશમાં એક બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરતો હતો, ત્યારનું મેં આ વ્રત લીધું છે.'

પેલા સભ્યે પૂછ્યું : 'એ બોર્ડિંગનું નામ શું અને એના સ્થાપક કોણ છે?'

વિદ્યાર્થીએ ગૌરવભેર કહ્યું : 'એ બોર્ડિંગનું નામ છે 'પેટલાદ બોર્ડિંગ હાઉસ' અને એના સ્થાપક છે મોતીભાઈ અમીન.'

એ સાંભળીને પેલા અંગ્રેજ ભાઈ બોલી ઊઠ્યા : 'વાહ, ભાઈ, વાહ! તમારી એ બોર્ડિંગ અને એના સ્થાપક એ બંને ઘણાં જ સારાં કહેવાય. આવા સુંદર સંસ્કારો પાડવા માટે એમને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.'

પેટલાદમાં શિક્ષણનું કાર્ય કરતાં કરતાં મોતીભાઈને જણાયું કે, ભણવામાં હોશિયાર છતાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મદદ કરવા એક ફંડ ઊભું કર્યું હોય તો સારું. જેથી વિદ્યાર્થીઓને ભણવામાં મુશ્કેલી નહિ પડે એટલે તેમણે એક ફંડ ઊભું કર્યું. એનું નામ રાખ્યું 'પેટલાદ લોન ફંડ'. એમાંથી ગરીબ વિદ્યાર્થીઓને વગર લખાણે કે વગર જામીને પૈસા ધીરવામાં આવતા.

'પેટલાદ લોન ફંડ'ને મોતીભાઈ 'મારી જિંદગીનું મોટામાં મોટું કામ' તરીકે ગૌરવથી ઓળખાવતા. એ અંગે તેમણે 'પેટલાદ લોન ફંડ'ના હિસાબ અને નિવેદનમાં લખ્યું છે :

'આ ફંડના સંચાલક તરીકે આ ફંડ સાથેનો મારો સંબંધ મને પોતાને બહુ જ મહત્ત્વનો જણાયો છે. આ ફંડના વહીવટ દ્વારા જ સેંકડો વિદ્યાર્થીઓના અંગત પરિચયમાં આવવાના મને ઘણા પ્રસંગો મળ્યા છે, અનેક વિદ્યાર્થીઓનાં સુખદુ:ખના અનુભવની વિવિધ વિગતો જાણવામાં આવી છે અને ગુપ્ત મદદો આપવાનો અને ગુપ્ત મદદો મેળવવાનો મીઠો આનંદ અનુભવ્યો છે. વિદ્યાર્થીઓના આવા સંબંધથી મારું જીવન સેવાપરાયણ, ઉન્નતગામી, પરોપકારમય અને પવિત્ર બનાવી શક્યો છું.

'મારી જિંદગીનું મોટામાં મોટું કામ કયું, એમ જો કોઈ મને પૂછે, તો હું 'પેટલાદ લોન ફંડ'ના કામને આગળ ધરું. મારા જીવનમાં જે કંઈ સારું છે એમાંનું ઘણું 'પેટલાદ લોન ફંડ'ને આભારી છે. મારામાં જે દોષો અને ત્રુટિઓ છે તે આ લોનફંડના વહીવટમાં ઊતરી છે. પણ 'ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ લિ.'ના વહીવટમાં તે દૂર કરવામાં આવી છે. આ ફંડને લઈને અનેક વિદ્યાર્થીઓ સાથેનો મારો સંબંધ ત્રીસ વર્ષ સુધી સતત લંબાયો છે.

વિદ્યાર્થીએ કહ્યું : 'હું મારા દેશમાં એક બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરતો હતો, ત્યારનું મેં આ વ્રત લીધું છે.'

પેલા સભ્યે પૂછ્યું : 'એ બોર્ડિંગનું નામ શું અને એના સ્થાપક કોણ છે?'

વિદ્યાર્થીએ ગૌરવભેર કહ્યું : 'એ બોર્ડિંગનું નામ છે 'પેટલાદ બોર્ડિંગ હાઉસ' અને એના સ્થાપક છે મોતીભાઈ અમીન.'

એ સાંભળીને પેલા અંગ્રેજ ભાઈ બોલી ઊઠ્યા : 'વાહ, ભાઈ, વાહ! તમારી એ બોર્ડિંગ અને એના સ્થાપક એ બન્ને ઘણાં જ સારાં કહેવાય. આવા સુંદર સંસ્કારો પાડવા માટે એમને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.'

પેટલાદમાં શિક્ષણનું કાર્ય કરતાં કરતાં મોતીભાઈને જણાયું કે, ભણવામાં હોશિયાર છતાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મદદ કરવા એક ફંડ ઊભું કર્યું હોય તો સારું. જેથી વિદ્યાર્થીઓને ભણવામાં મુશ્કેલી નહિ પડે એટલે તેમણે એક ફંડ ઊભું કર્યું. એનું નામ રાખ્યું 'પેટલાદ લોન ફંડ'. એમાંથી ગરીબ વિદ્યાર્થીઓને વગર લખાણે કે વગર જામીને પૈસા ધીરવામાં આવતા.

'પેટલાદ લોન ફંડ'ને મોતીભાઈ 'મારી જિંદગીનું મોટામાં મોટું કામ' તરીકે ગૌરવથી ઓળખાવતા. એ અંગે તેમણે 'પેટલાદ લોન ફંડ'ના હિસાબ અને નિવેદનમાં લખ્યું છે :

'આ ફંડના સંચાલક તરીકે આ ફંડ સાથેનો મારો સંબંધ મને પોતાને બહુ જ મહત્ત્વનો જણાયો છે. આ ફંડના વહીવટ દ્વારા જ સેંકડો વિદ્યાર્થીઓના અંગત પરિચયમાં આવવાના મને ઘણા પ્રસંગો મળ્યા છે, અનેક વિદ્યાર્થીઓનાં સુખદુ:ખના અનુભવની વિવિધ વિગતો જાણવામાં આવી છે અને ગુપ્ત મદદો આપવાનો અને ગુપ્ત મદદો મેળવવાનો મીઠો આનંદ અનુભવ્યો છે. વિદ્યાર્થીઓના આવા સંબંધથી મારું જીવન સેવાપરાયણ, ઉન્નતગામી, પરોપકારમય અને પવિત્ર બનાવી શક્યો છું.

'મારી જિંદગીનું મોટામાં મોટું કામ કયું, એમ જો કોઈ મને પૂછે, તો હું 'પેટલાદ લોન ફંડ'ના કામને આગળ ધરું. મારા જીવનમાં જે કંઈ સારું છે એમાંનું ઘણું 'પેટલાદ લોન ફંડ'ને આભારી છે. મારામાં જે દોષો અને ત્રુટિઓ છે તે આ લોનફંડના વહીવટમાં ઊતરી છે. પણ 'ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ લિ.'ના વહીવટમાં તે દૂર કરવામાં આવી છે. આ ફંડને લઈને અનેક વિદ્યાર્થીઓ સાથેનો મારો સંબંધ ત્રીસ વર્ષ સુધી સતત લંબાયો છે.

'આ કામમાં મને પોતાને એટલો રસ જામ્યો છે અને ઉમંગ વધ્યો છે કે હું તેનું શબ્દોમાં વર્ણન કરી શકતો નથી માટે ટૂંકમાં એટલું જ જણાવું છું કે આ કામથી થોડે ખર્ચે મોટાં ફળ મેળવી શકાયાં છે; સ્વાશ્રયના ધોરણે યુવકોની મહત્ત્વાકાંક્ષાને પોષી શકાઈ છે અને નજીવા સ્વાર્થને ભોગે પરોપકારનું મહાન કામ કરી શકાયું છે. તેથી મારા અંગત અનુભવને લઈને હું સર્વ કોઈને ભલામણ કરું છું કે ઉન્નત અને ઉપકારમય જીવન જીવવાની અભિલાષા રાખતા હોય તેમણે સેવાનું, યુવકોને સહાય આપવાની સેવાનું આ પ્રકારનું કાર્ય કરવું.'

## પુસ્તકાલયના પ્રખર પ્રચારક

મોતીભાઈ વસોમાં ભણતા હતા ત્યારથી જ તેમને ઇતર વાચનનો શોખ લાગ્યો હતો. એમના કેટલાક સહાધ્યાયી મિત્રો પણ વાચનના શોખીન હતા. એટલે સૌ અવારનવાર મળીને આ બાબતમાં ચર્ચા–વિચારણા પણ કરતા. જ્યાં નિશાળ હતી એની બાજુમાં વ્રજભુખણદાસની ખડકી આવેલી હતી, એના દીવાનખાનામાં પુસ્તકોનો એક મોટો સંગ્રહ હતો. વિદ્યાર્થીઓ ત્યાં જાય, વાંચે, વિચારે અને ચર્ચા કરે. તેમાંથી ઈ. સ. ૧૮૮૮ માં આ સાહિત્ય શોખીન મંડળીએ 'વિદ્યાર્થી સમાજ'ની સ્થાપના કરી. એમાં સારું વાચન, નિબંધ વાચન, ચર્ચા–વિચારણા વગેરે પ્રવૃત્તિઓ થવા માંડી.

પછી મોતીભાઈ આગળ ભણવા વડોદરા ગયા. પરંતુ એમનો વાચનશોખ, સાહિત્યભૂખ અને સંસ્કારપ્રેમ વિકસતાં જ ગયાં. એટલે એમને ત્યાં રહીને થયું કે, 'વસોમાં વિદ્યાર્થી સમાજ તરફથી એક પુસ્તકાલય કાઢ્યું હોય તો ? મોતીભાઈમાં એક ખાસિયત હતી કે, મનમાં જે સદ્વિચાર ઉદ્ભવે એને વહેલામાં વહેલી તકે કાર્યમાં મૂકયા વિના એમને ચેન પડતું નહિ. એટલે મોતીભાઈ એક વાર વસો ગયા, ત્યારે તેમણે 'વિદ્યાર્થી સમાજ'ની પોતાની મિત્રમંડળી સમક્ષ આ વાત રજૂ કરતાં કહ્યું :

'મિત્રો, આપણે બહારગામ રહી ભણવામાં ખર્ચ કરીએ છીએ. તેમાં દર વરસે એક રૂપિયો બચાવી તે વડે પુસ્તકો ખરીદીએ અને 'વિદ્યાર્થી સમાજ'ની લાયબ્રેરી ઊભી કરીએ. ઉપરાંત જે ભાઈઓ પાસે પોતાનાં સારાં સારાં પુસ્તકો હોય તેઓ એ પુસ્તકો ભેટ આપે.'

સૌ મિત્રોએ આ પ્રસ્તાવ વધાવી લીધો અને ઈ. સ. ૧૮૮૯ માં 'વિદ્યાર્થી સમાજ પુસ્તકાલય'ની સ્થાપના કરવામાં આવી.

આગળ જતાં મોતીભાઈ પાટણમાં શિક્ષક તરીકે કામ કરતા હતા ખરા, પણ પુસ્તકોના વાચનથી જીવનઘડતરમાં જે પ્રેરણા મળતી હોય છે એ તેમના ધ્યાન બહાર જરાયે નહોતું. ત્યાંની 'ફત્તેહસિંહરાવ લાયબ્રેરી'નો વિદ્યાર્થીઓ વધારેમાં વધારે લાભ ઉઠાવે એ માટે મોતીભાઈ જાતજાતની તરકીબો અજમાવતા હતા.

સૌ પ્રથમ કોઈ પણ વિદ્યાર્થીને જે પુસ્તક વાંચવાની ભલામણ કરવાની હોય તે પુસ્તક તેઓ પોતે અગાઉ વાંચી જતા. એ પછી તક ઝડપીને વિદ્યાર્થી પાસે એ પુસ્તકનાં ભારોભાર વખાણ કરતા. એ રીતે તેઓ એ પુસ્તકને વિદ્યાર્થીના આકર્ષણનું કેન્દ્ર બનાવતા. એ પછી બીજા પગલા તરીકે, પુસ્તકના વાચન તરફ ધીમે ધીમે ગતિ કરતા રહી વિદ્યાર્થીઓને છાપું વાંચતા પણ કર્યા. એ માટે છાપામાં વાંચવા જેવા સમાચારો અને લેખો ઉપર નિશાનીઓ કરતા. આ નિશાનીઓ બે જાતની કરતા. એક લાલ અને બીજી ભૂરી. લાલ નિશાનીવાળું લખાણ વિદ્યાર્થીએ ફરજિયાતપણે વાંચવાનું રહેતું અને ભૂરી નિશાનીવાળું લખાણ વિદ્યાર્થીની પોતાની મરજી પર છોડતા. પછી અઠવાડિયા દરમિયાન જે કંઈ વાચન થતું તેની દર રવિવારે વિદ્યાર્થીઓની સામૂહિક ચર્ચા ગોઠવવામાં આવતી. પાટણના અન્ય લોકો પણ આ પ્રવૃત્તિનો લાભ ઉઠાવે એ માટે 'આનંદપ્રિય લાયબ્રેરી કલબ' પણ તેમણે સ્થાપી હતી.

હવે પેટલાદમાં આવીને પણ મોતીભાઈએ એકલે હાથે ગુજરાતમાં 'મિત્રમંડળ પુસ્તકાલય' એ નામથી કેટલાંય પુસ્તકાલયો સ્થાપવાની પ્રવૃત્તિ હાથ ધરી. એમની આ પ્રવૃત્તિની સચોટ છાપ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના દિલ પર ઈ. સ. ૧૯૦૮ માં પેટલાદની લીધેલી મુલાકાત વખતે પડી હતી.

## સયાજીરાવે મોતીભાઈને ઝડપી લીધા

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ અમેરિકાના પ્રવાસે ગયા હતા. ત્યાં તેમણે સાર્વજનિક પુસ્તકાલયો જોયાં. સયાજીરાવે વડોદરા રાજ્યમાં ફરજિયાત કેળવણી દાખલ કરી હતી. હવે આ પુસ્તકાલયો જોઈને તેમને થયું કે, ભણેલું ભૂલી ન જવાય એ માટે મફત સાર્વજનિક પુસ્તકાલયોની ખાસ જરૂર છે. ફરજિયાત કેળવણીની પૂર્તિરૂપે પુસ્તકાલયો ન હોય, તો કેળવણી પાછળ ખર્ચેલો પૈસો નકામો જ જવાનો. એટલે તેમણે વડોદરા રાજ્યમાં પણ પુસ્તકાલય પ્રવૃત્તિ વિકસાવવાનો વિચાર કર્યો.

આ કામ માટે અમેરિકાથી બોર્ડન નામના એક અનુભવી ગ્રંથપાલને લઈ આવ્યા. બોર્ડન પરદેશી હતા, એટલે એમને મદદ કરી શકે એવા મદદનીશની જરૂર

હતી. સયાજીરાવ માણસપારખુ હતા. મોતીભાઈએ પુસ્તકાલય અંગે જે પ્રવૃત્તિ વસો, પાટણ અને પેટલાદમાં ચલાવી હતી એ એમના ખ્યાલમાં હતી. એટલે મોતીભાઈને ખાસ તાર દ્વારા બોર્ડના મદદનીશ તરીકે નીમવામાં આવ્યા.

હુકમ મળતાં મોતીભાઈ વડોદરા હાજર થયા અને ૪થી જાન્યુઆરી ૧૯૧૧થી તેઓ શિક્ષક મટીને પુસ્તકાલય ખાતાના મદદનીશ વ્યવસ્થાપક તરીકે જોડાયા.

ગામડે ગામડે પુસ્તકાલયની પરબો માંડવી અને લોકોને શિષ્ટવાચનનું અમૃત પાવું, એ જ ધૂન મોતીભાઈને લાગી હતી. વડોદરા રાજ્યની 'સેન્ટ્રલ લાયબ્રેરી'ની સ્થાપના થઈ. મોતીભાઈ ગામેગામ ફરીને સાર્વજનિક પુસ્તકાલયો અને વાચનાલયો સ્થાપવાની ભારે જહેમત ઉઠાવવા લાગ્યા.

વડોદરાની 'સેન્ટ્રલ લાયબ્રેરી'માંથી કીમતી પુસ્તકો વાંચવા મેળવવા વાચકોને વડોદરા રાજ્યના ગેઝેટેડ અમલદારો કે સદ્દગૃહસ્થોની જામીનગીરી લઈ આવવી પડતી હતી. વાચકો તરફથી પુસ્તક પરત ન થાય, તો તેની કિંમત જામીન આપનારને ભરવી પડતી. તેથી જામીન થવા કોઈ એકદમ તૈયાર થતું નહિ. એટલે ખાસ ઓળખાણ હોય એવા વાચકો જ આ યોજનાનો લાભ લઈ શકતા.

પરંતુ મોતીભાઈ પાસે ગમે તેવો અજાણ્યો કે ગરીબ વાચક જામીન માટે જાય, તો તેઓ તરત જ તેના જામીન થતા. વળી ગુજરાતના સાહિત્યકારોને, લેખકોને જરૂરી એવાં પુસ્તકો વગેરે સેન્ટ્રલ લાયબ્રેરીમાંથી પોતાની જવાબદારી અને જોખમે મોતીભાઈ પૂરાં પાડતા. તેમની જામીનદારી સ્વીકારવામાં મોતીભાઈ આનંદ અનુભવતા. જામીનદાર થઈ શકે તેવા બીજા તેમના સાથીઓને અને પ્રશંસકોને પણ મોતીભાઈ કહેતા :

'તમારી પાસે વાચક જામીનદારી માટે આવે તો તમારે તેને ના ન પાડવી. ઘણા વાચકોમાંથી કોઈક જ વાચકની જામીનગીરી અંગે પૈસા ભરવાનો વારો આવે છે. અને એટલી રકમથી તમે જ્ઞાનપ્રચાર કરવામાં ઘણા સહાયક નીવડો છો. કોઈની વાચનભૂખ સંતોષવા જામીન થવું એ એક મોટું દાન છે. જો તમે જામીન થાઓ અને કદાચ કોઈના પૈસા તમારે ભરવાનો વારો આવશે, તો તે હું આપી દઈશ.'

ગામડે ગામડે પુસ્તકાલયો તો સ્થપાયાં. પરંતુ તેટલા માત્રથી કામ પૂરું થતું નહોતું. વ્યવહારકુશળ અને દીર્ઘદર્શી મોતીભાઈ બધી મુશ્કેલીઓના જાણકાર હતા. દરેક પુસ્તકાલયને યોગ્ય કમિશનથી જોઈતાં પુસ્તકો મળી રહે, તેને ખપનાં માસિકો, વર્તમાનપત્રો વગેરે મળી શકે, એ બધાં પુસ્તકાલયોનો હિસાબ ચોખ્ખો

રહે તેમ જ વહીવટ વ્યવસ્થિત ચાલે — આ બધી બાબતોનું બરોબર માર્ગદર્શન આપવા અને જરૂરી નિયંત્રણ કરવા મોતીભાઈએ ઈ. સ. ૧૯૨૪ માં ' પુસ્તકાલય સહાયક સહકારી મંડળ 'ની સ્થાપના કરી. આ મંડળ ત્યારથી આજ લગી સુંદર અને વ્યવસ્થિત રીતે કામ કરી રહ્યું છે.

વળી ચાલુ કરેલાં પુસ્તકાલયો ભવિષ્યમાં આર્થિક મુશ્કેલીને કારણે બંધ ન થાય એ માટે મોતીભાઈએ ગ્રામ–સહાયની કાયમી ફંડની યોજના કરી. ઉપરાંત, પુસ્તકાલયોમાં પ્રાણ રેડી શકાય, તેમને નવું દિશાસૂચન સદા મળતું રહે, નવાં પ્રગટ થતાં પુસ્તકોની યાદીથી તેઓ માહિતગાર રહે એ માટે ઈ. સ. ૧૯૨૫ માં ' પુસ્તકાલય ' માસિક પ્રગટ કર્યું જે હજુ સુધી ચાલી રહ્યું છે.

પુસ્તકાલય પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવતાં મોતીભાઈ કહેતા : ' અજ્ઞાન ટાળવા માટે એકલી શાળાપ્રવૃત્તિ નહિ ચાલે, પુસ્તકાલય–પ્રવૃત્તિની પણ જરૂર છે. ચાર છ ચોપડીઓના ભણતરથી જ્ઞાનાર્જનનો હેતુ સધાતો નથી. એંશી વર્ષના બુઢ્ઢાને પણ જ્ઞાનાર્જનનું કાર્ય ચાલુ રાખવાની જરૂર છે. એમ ન થાય તો આત્મોન્નતિ માટેનું બળ ન જ આવે. '

## ગુજરાતમાં બાળમંદિર

વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીમાં બાળકો માટે બાલવિભાગ શરૂ કરવામાં આવ્યો. બાળકો માટે રમતગમતનાં સાધનોની સગવડ પણ એ બાલવિભાગ સાથે આપવામાં આવી. મોતીભાઈએ વસો પુસ્તકાલયમાં પણ એ પ્રમાણે બાલવિભાગ ખોલ્યો અને અઠવાડિયામાં બે દિવસ રમતગમતનાં સાધનો વાપરવાનું પણ ગોઠવ્યું.

આ જ અરસામાં સેન્ટ્રલ લાયબ્રેરીમાં મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો આવ્યાં. વળી મોતીભાઈના એક સહાધ્યાયી મિત્ર ભલાભાઈએ એમને ' મોન્ટેસોરી હેન્ડબુક ' નામનું પુસ્તક મોકલ્યું. મોતીભાઈએ એ પુસ્તકનો અભ્યાસ કર્યો. એમને લાગ્યું કે, એ પદ્ધતિ અનુસાર બાળશિક્ષણ આપવાની શાળા શરૂ કરવામાં આવે તો સારું.

વસોના રહીશ તથા ઢસા–રાય સાંકળીના દરબારશ્રી ગોપાળદાસ મોતીભાઈના એક વખતના શિષ્ય હતા. દરબારસાહેબનાં પ્રથમ પત્ની નાનકડા પુત્રને મૂકીને અવસાન પામ્યાં. એ બાળકની કેળવણીનો સવાલ ઉકેલવાનો માર્ગ મોતીભાઈએ બતાવ્યો. તેમણે દરબાર ગોપાળદાસને મોન્ટેસોરી પદ્ધતિનો ખ્યાલ આપ્યો અને મુંબઈથી મોન્ટેસોરી સાધનો મંગાવવાનું સૂચવ્યું. એ રીતે ૧ લી જાન્યુઆરી ૧૯૧૫ માં ગુજરાતનું પ્રથમ બાળમંદિર વસો ગામમાં મોતીભાઈની રાહબરી હેઠળ શરૂ થયું.

'મૂછાળી મા' તરીકે જાણીતા થયેલા બાળકેળવણીકાર ગિજુભાઈને પણ વકીલાતનો ધંધો છોડાવીને બાળશિક્ષણમાં રસ લેતા કરનારા મોતીભાઈ જ હતા. દરબારશ્રીના સૂચનથી ગિજુભાઈએ વસોનું બાળમંદિર જોયું હતું અને એમાંથી પ્રેરણા મેળવીને તેમણે બાળશિક્ષણની પોતાની નૂતન યોજના વિકસાવી હતી.

૧૯૩૫માં વસોમાં બાળમંદિરનું પોતાનું મકાન થયું, ત્યારે એનું ઉદ્‌ઘાટન કરવા ગિજુભાઈને આમંત્રણ આપવામાં આવ્યું હતું. એ પ્રસંગે ગિજુભાઈએ કહ્યું હતું :

'વસોએ જે ચિનગારી આપી તેમાંથી બાળમંદિરની જ્યોત પ્રગટી છે. એ જ્યોત આખા જગતમાં પ્રગટશે એવી આશા હું સેવી રહ્યો છું. ક્યાંના ગોપાળદાસ, ક્યાંના મોતીભાઈ અને ક્યાંનો હું? એ ત્રણેના મેળાપમાં પ્રભુનો સાથ છે એમ હું માનું છું. મોતીભાઈએ કહ્યું તેમ હું બાળકોની વકીલાત કરી રહ્યો છું. પરંતુ સાચી વાત તો એ છે કે, મોતીભાઈ સરસ્વતીનું તોરણ બાંધી રહ્યા છે અને બાળમંદિરની ધજા રોપવાનું કાર્ય હું કરી રહ્યો છું.'

## દીવે દીવા પ્રગટ્યા

મહારાષ્ટ્રના પૂના શહેરમાં ભારતસેવક ગોખલેજીએ 'ડેક્કન એજ્યુકેશન સોસાયટી' દ્વારા જ્ઞાનની જ્યોત બધે ફેલાવી હતી. એને લક્ષમાં રાખીને મોતીભાઈએ ચરોતર પ્રદેશમાં 'સોસાયટી' સ્થાપવાનું વિચાર્યું. તેમણે કૉલેજોમાં છેલ્લા વરસમાં બધે અભ્યાસ કરતા પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ ચરોતર કેળવણી મંડળની યોજના રજૂ કરી. આ બધા વિદ્યાર્થીઓ મોતીભાઈ પાસે રહીને ઘડાયેલા હોવાથી એ સૌએ આ યોજનાને ઉમંગભેર વધાવી લીધી.

હવે આ સંસ્થા સ્થાપવાના નિર્ણય પછી તેના સ્થળની પસંદગીનો સવાલ આવ્યો. આણંદ અને બોરસદે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. વસોમાંથી દરબાર સાહેબે વસો માટે આગ્રહ કર્યો અને આવી સંસ્થા વસોમાં થાય તો તે માટેની જમીન અને નાણાં આપવાની પણ તૈયારી બતાવી.

મોતીભાઈ પોતે પણ વસોના હતા. એમની જગ્યાએ બીજું કોઈ હોત તો તરત જ દરબાર સાહેબની આવી ઉદાર માગણીને સ્વીકારી લીધી હોત. પરંતુ મોતીભાઈ આવો પક્ષપાત કરે એવા નહોતા; વ્યક્તિ કરતાં સંસ્થાના હિતનો જ સદા વિચાર કરનારા હતા. બીજી રીતે પણ વિચાર કરતાં વસો ભૌગોલિક દૃષ્ટિએ અનુકૂળ સ્થળ નહોતું. જ્યારે આણંદ ચરોતરનો મધ્યમાં હતું અને રેલવેની દૃષ્ટિએ

અનુકૂળ હતું. એટલે મોતીભાઈએ આણંદની પસંદગી કરી અને ત્યાં તા. ૧૬–૪–૧૯૧૬ના રોજ 'ચરોતર એજ્યુકેશન સોસાયટી'ની શુભ શરૂઆત થઈ.

આ સોસાયટી અત્યંત સુંદર કામ કરી રહી છે. બાલમંદિરથી માંડીને હાઈસ્કૂલો, કૉલેજ, છાત્રાલયો, આશ્રમો, વ્યાયમશાળાઓ અને આવાં પ્રકાશનો સુધી એનું કાર્યક્ષેત્ર વિસ્તર્યું છે. બાળકો માટે 'બાલમિત્ર' નામનું માસિક હજીય ચાલી રહ્યું છે. એ સોસાયટીનું કાર્ય કરતાં કરતાં ભાઈકાકાને પણ વિદ્યાનગરની ભવ્ય યોજના કરવાની પ્રેરણા મળી હતી.

આ ઉપરાંત સમાજસુધારણાની ઇચ્છાથી મોતીભાઈએ 'ચરોતર યુવક મંડળ' સ્થાપીને બાળલગ્ન, બારમું, લગ્નના ખૂબ મોટા ખોટા ખર્ચાઓ વગેરે બંધ કરાવ્યાં. બધે સારું સાહિત્ય વંચાય, તેમાં પણ ખાસ જીવનચરિત્રો વંચાય ને વિચારાય એ માટે 'શિષ્ટ વાચન પરીક્ષા' પણ તેમણે શરૂ કરી હતી જે હજીય ચાલે છે.

## વિદ્યાર્થીઓના પ્રેરણા–ગુરુ

મોતીભાઈના વિદ્યાર્થીઓ સાથેના સંબંધોનું મધુરું સ્મરણ કરતાં કવિશ્રી નાનાલાલના આ શબ્દો યાદ આવી જાય છે:

'છાયા તો વડલા જેવી;
ભાવ તો નદના સમ.'

મોતીભાઈ વિદ્યાર્થીઓના સાચા ચાહક હતા, તેઓ જાગ્રત શિક્ષક હતા, વિદ્યાર્થીઓના ભીડભંજક વિદ્યાગુરુ હતા. એટલે જ તેઓ ગરીબ, અસહાય, મૂંઝાયેલા વિદ્યાર્થીઓને શોધી કાઢી તેમને યથાયોગ્ય સહારો કે પ્રોત્સાહન આપીને સક્રીય મદદ કરવા સદા તત્પર રહેતા હતા. એવા વિદ્યાર્થીઓને તો મોતીભાઈ માસ્તર સાહેબ 'ખારા સાગરમાં એક મીઠી વીરડી' સમા જ લાગતા. આવા કેટલાય દાખલાઓ એમના જીવનમાં જોવા મળે છે. અહીં એમાંના કેટલાક જોઈએ.

એક વિદ્યાર્થી પેટલાદ બોર્ડિંગમાં રહીને ભણતો હતો. તે એક વર્ષે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં નાપાસ થયો. એટલે તેના પિતા નારાજ થયા. અને તેને તેડી જવા ત્યાં આવ્યા. પિતાએ પુત્રને કહ્યું: 'હવે તારે ભણવાનું નથી. મહિને નવ–દશ રૂપિયાનો ખર્ચ આવે છે તે મને પોષાય એમ નથી. પાસ થયો હોત તો આગળ ભણાવત. આજે સાંજે જ ઘેર જવા નીકળીશું. માટે તારો બિસ્તરો બાંધીને બધું તૈયાર રાખજે. હું હમણાં જ બજારમાં જઈ આવું છું. પછી આપણે સ્ટેશને જઈશું.'

છોકરો બાપડો હતાશ થઈ ગયો ! પિતા હતા બહુ કડક, એટલે હવે તેને ઘેર ગયા વિના છૂટકો નહોતો. તેને ભણવાની હોંશ હતી, પણ શું થાય ? તેણે બિસ્તરો બાંધ્યો અને પિતાની રાહ જોતો તે બૉર્ડિંગના ચોગાનને બાંકડે રડતો રડતો બેઠો.

એવામાં ત્યાં થઈને મોતીભાઈ નીકળ્યા. પેલા વિદ્યાર્થીને આમ એકલો બેઠો બેઠો રડતો જોઈને તેને મોતીભાઈએ ઑફિસમાં બોલાવ્યો અને રડવાનું કારણ પૂછ્યું. એટલે પેલા છોકરાએ ડૂસકાં ભરતાં ભરતાં બધી વાત એમને કહી.

મોતીભાઈએ પૂછ્યું : 'બોલ, તારે શું કરવું છે ?'

છોકરાએ જવાબ આપ્યો : 'સાહેબ, મારે તો ભણવું જ છે. હવે ફરીથી નાપાસ નહિ થાઉં. મારે તો મોટા થઈને ડૉક્ટર થવું છે.'

મોતીભાઈ છોકરાનો રણકો પારખી ગયા તે છોકરો મહત્ત્વાકાંક્ષી અને ઉત્સાહી જણાયો. મોતીભાઈએ તેને કહ્યું : 'સારું, તારા બાપુજી આવે તો એમને મારી પાસે મોકલજે.'

થોડી વારમાં એમની ઑફિસમાં છોકરાના પિતા આવ્યા. મોતીભાઈએ તેમને કહ્યું : 'તમારા દીકરાને ભણવું છે, તો ભણવા દો ને ! પાસ-નાપાસ જુદી વાત છે. હું ભણતો હતો ત્યારે દર વરસે નાપાસ થતો. દરેક વર્ગમાં બબ્બે વખત બેઠેલો. તમારો દીકરો એક વખત નાપાસ થયો, એટલે હવે તે ભણી જ નહિ શકે એવું ન માનશો. બોલો, તમારે આ બાબતમાં શું કહેવું છે ?'

પિતાએ કહ્યું : 'સાહેબ, તમારી વાત સાચી છે. નાપાસ થયો એટલે તે ન જ ભણી શકે એમ હું નથી કહેતો. પણ મને જે દર મહિને ખર્ચ આપવું પડે છે તે પોષાય એમ નથી ! પાસ થયો હોત તો મુશ્કેલી વેઠીને પણ ભણાવત પણ આ તો બાર મહિને સો-સવાસોની ઊઠે ! ઘેર આવશે તો ખેતીના કામે લાગશે.'

મોતીભાઈએ પૂછ્યું : 'પણ જો તે તમારી પાસે બિલકુલ પૈસા જ ન માગે તો ?'

પિતા કહે : 'તે ન માગે તો જે પૈસા આપે એ તો માગે ને ! મારે દેવું કરવું પાલવે એમ નથી.'

મોતીભાઈએ પૂછ્યું : 'તમારી પાસે આપનાર પણ ન માગે તો ?'

પિતા બોલ્યા : 'તો મને કશી હરકત નથી. ભલે ભણે. એ સારી રીતે ભણે-ગણે એ તો મને ગમે છે જ. તેથી તો એને અહીં ભણવા મોકલેલો.'

આમ મોતીભાઈએ છોકરાના પિતાને ધરપત આપીને પાછા મોકલી દીધા. છોકરો બૉર્ડિંગમાં જ રહ્યો. મોતીભાઈએ પેલા છોકરાને કહ્યું : 'તારાથી જેટલું ભણાય એટલું આગળ ભણજે. પૈસા માટે કદીય ઘેર ન લખવું. તું તારે નિશ્ચિંત બની ભણ્યા કર.'

છોકરાને આવા પ્રોત્સાહનથી ભણવાની ચાનક લાગી. મોતીભાઈની મદદથી તે વિલાયત પણ ગયો અને ડૉકટર બનીને દેશમાં આવ્યો. આ છોકરો તે અમદાવાદના જાણીતા સર્જન ડૉ. મોતીભાઈ પટેલ.

એક દિવસ એક હરિજન વિદ્યાર્થી હતાશ થઈને મોતીભાઈ પાસે આવ્યો. એ વિદ્યાર્થીને આર્થિક મદદ મળતાં વિલંબ થતો હતો અને પરીક્ષાની ફી પણ વખતસર ભરવાની હતી.

મોતીભાઈએ તેને એ મદદ વેળાસર મેળવી આપવાની ખાતરી આપી વળી સમયસર મદદ ન મળે તો ઘટતું બધું તેઓ કરશે એવું આશ્વાસન આપ્યું અને એને પ્રોત્સાહન આપતાં તેમણે કહ્યું : 'તારે અભ્યાસ સિવાય બીજો કશો વિચાર જ કરવો નહિ. મારે તો તને ગ્રેજ્યુએટ બનાવવો છે.'

એ વિદ્યાર્થી નિશ્ચિંત બની ગયો. પછી મોતીભાઈએ જ્યાંથી મદદ મળવાની હતી ત્યાં તરત જ તાકીદનો પત્ર લખી મદદ જેમ બને તેમ જલદી મોકલી આપવા જણાવ્યું અને એ મદદ વખતસર મળી પણ ખરી.

મોતીભાઈ આમ ઘણા વિદ્યાર્થીઓને ભીડના સમયે મદદ કરવા તત્પર રહેતા. આવા વિદ્યાર્થીઓને પૂરેપૂરી ખાતરી હતી કે આપણે મોતીભાઈ સાહેબ પાસે જઈશું તો આપણી મુશ્કેલી દૂર જ થઈ જશે. એટલો અચળ વિશ્વાસ સૌને મોતીભાઈમાં હતો. પરંતુ એ બાબતનું મોતીભાઈમાં લગારે અભિમાન કે મમત્વ નહોતું. તેઓ તો પોતાનું કર્તવ્ય જ છે એમ સમજતા. કોઈ કોઈ પ્રસંગ એવા બનતા કે કોઈ સામી વ્યક્તિ એના પર કરેલા ઉપકારને વીસરી જઈ એમના પ્રત્યે અવિવેકી વર્તન પણ દાખવે, તો મોતીભાઈ મોટું મન રાખી એના પ્રત્યે ક્ષમાભાવ જ બતાવતા અને એની ઊજળી બાજુ જ જોતા. 'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ।' — છોરુ કછોરુ ભલે થાય, પણ માવતર કમાવતર નહિ થાય, એ ન્યાયે મોતીભાઈ પોતાના આ પરોપકારી કાર્યમાં લગારે ઓટ આવવા દેતા નહિ.

ચરોતરનો એક તેજસ્વી વિદ્યાર્થી હતો. એને લોન ફંડમાંથી મોતીભાઈએ આર્થિક સહાય આપીને કૉલેજનો અભ્યાસ કરવાની સગવડ કરી આપી હતી. એ

યુવાને ભૂસ્તરશાસ્ત્રમાં ઘણી ઉપાધિઓ મેળવી હતી. આ વિષયમાં તે કેટલીય સંસ્થાઓનો સલાહકાર નિમાયો હતો. એની કમાણી પણ સારી હતી.

મોતીભાઈએ એ યુવાનને પત્રો લખી લોન ભરી આપવા વખતોવખત જણાવ્યું હતું. પરંતુ એ ભાઈસાહેબ એનો કશો જવાબ જ આપતા નહિ! એટલે એ યુવાનના નિવાસની પાસે રહેતા એક ગૃહસ્થને મોતીભાઈએ એની પાસે રૂબરૂ જઈને આ બાબત અંગે યાદ આપવા લખી જણાવ્યું.

પેલા ગૃહસ્થે એને ત્યાં જઈને વાત કરી. એટલે પેલો યુવાન જરા ઉદ્ધતાઈથી બોલ્યો : 'મોતીભાઈ સાહેબે નાણાંની સગવડ કરી આપી કેટલાય વિદ્યાર્થીઓને આગળ ભણાવી તેમનાં જીવન બરબાદ કર્યાં છે! અને હવે મને આપેલી લોન પાછી વાળીને મારા જેવા બીજા વિદ્યાર્થીઓનાં જીવન બરબાદ કરવામાં હું પરોક્ષ રીતે ભાગીદાર થવા ઇચ્છતો નથી.'

પેલા ગૃહસ્થ તો આ યુવાનનો આવો ઉદ્ધત જવાબ સાંભળીને ખૂબ નવાઈ પામ્યા! કરેલા ઉપકારનો બદલો ન વાળવો હોય તો ભલે, પરંતુ આ રીતે આક્ષેપ કરવો એ બરોબર ન જ કહેવાય. પેલા ભાઈએ દુઃખી થઈને મોતીભાઈને બનેલી હકીકત લખી જણાવી.

થોડા દિવસ પછી મોતીભાઈ પેલા ગૃહસ્થને સાથે લઈને યુવાનને ઘેર ગયા. મોતીભાઈએ એનો વૈભવવિલાસ જોયો; એની સાથે સુખદુઃખની વાતો કરી. વાતવાતમાં પેલા યુવાને મોતીભાઈને જણાવ્યું કે, લાયક વિદ્યાર્થીઓને તે પુસ્તકોની અને નાણાંની મદદ કરે છે. કોઈ કોઈ વાર વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં આવી પડે ત્યારે તે એ લોકોને યોગ્ય માર્ગદર્શન પણ આપે છે.

આ બધું જાણીને મોતીભાઈએ એ યુવાનને ધન્યવાદ આપ્યો અને એના સુખી જીવન પ્રત્યે સંતોષ વ્યક્ત કરી તેઓ પાછા ફર્યા.

રસ્તામાં પેલા ગૃહસ્થે મોતીભાઈને જરા અકળાઈને કહ્યું : 'મોતીભાઈ, તમે પણ ખરા છો! આટલી બધી વાતો તમે એની સાથે કરી, તો સાથેસાથ લોન ભરપાઈ કરવાની વાત પણ કહી દેવી હતીને! તમારાથી શરમાઈને તે લોનની રકમ આપવા તૈયાર થઈ જાત. તમે હાથ આવેલી તક ગુમાવી!'

મોતીભાઈનો એ સ્વભાવ હતો કે, તેઓ કોઈ વખત મોઢામોઢ નાણાંની ઉઘરાણી કરતા નહિ અથવા દાન માગતા નહિ. સામી વ્યક્તિને શરમાવીને લોન પાછી માગવાનું કે દાન મેળવવાનું તેમને પસંદ ન હતું. જેમ બને તેમ તેઓ પત્રવ્યવહારથી જ આવું કામ પતાવતા.

એ ગૃહસ્થની વાત સાંભળીને મોતીભાઈ બોલ્યા : 'ભાઈ, એક વ્યક્તિને સુખી જોઈને આપેલી લોન સાર્થક થયાનો હું આનંદ અનુભવું છું. અને એ સુખી યુવાને લોન પાછી આપી હોત, તો હું એ રકમનો જે ઉપયોગ કરવાનો હતો એ જ કામમાં તે પોતાની સંપત્તિનો ઉપયોગ કરી રહ્યો છે. લાયક વિદ્યાર્થીઓને મદદ, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાનું તે કરે છે એ મારું જ કામ થાય છે. એટલે મને લોન પાછી ન મળવા બદલ દુઃખ થતું નથી. પણ મારું જ કામ તે એમની રીતે કરી રહ્યા છે એ જોઈ મને આનંદ થાય છે.'

## રેલવે સાથે પણ શુદ્ધ વ્યવહાર

આપણે છાપામાં ઘણીવાર ખુદાબક્ષ મુસાફરોની સંખ્યા વાંચીએ છીએ, ત્યારે આપણને થઈ આવે છે કે આવા વગર ટિકિટે મુસાફરી કરનારા મુસાફરો દેશની રેલવેને કેટલું બધું નુકસાન પહોંચાડે છે! આપણે ત્યાં હજી એવી દેશહિતકારી ભાવના ઘણામાં પેદા થઈ નથી. મોતીભાઈના જીવનના બેત્રણ પ્રસંગો એ માટે આપણને બોધપાઠરૂપ થઈ પડે એવા છે. એમાં મોતીભાઈની પ્રામાણિકતા અને સચ્ચાઈનો આપણને વધારે પરિચય થાય છે.

એક વાર મોતીભાઈ અમુક કામ માટે સુરત ગયા હતા. ત્યાંથી વસો જવા નીકળ્યા. સુરત સ્ટેશને આવતાં ગાડી ઊપડવાની તૈયારીમાં જ હતી એટલે મોતીભાઈ ગાડીમાં બેસી ગયા. ટિકિટ કાઢવા જાત તો ગાડી ઊપડી ગઈ હોત. તેથી તેઓ ટિકિટ લીધા વગર જ બેસી ગયા. રસ્તામાં ટિકિટ જોનાર રેલવે અધિકારી આવશે, તો એમની પાસેથી ટિકિટનાં નાણાં ભરીને રસીદ લેવાની ગણતરી રાખી હતી.

પરંતુ વસો સુધી કોઈ ટિકિટ જોનાર આવ્યો જ નહિ. એટલે વસો ઊતરીને મોતીભાઈ સીધા ટિકિટ બારીએ ગયા અને સ્ટેશન માસ્તર પાસે વસોથી સુરત સુધીની ટિકિટ લીધી.

મોતીભાઈએ ટિકિટના પૈસા ચૂકવી દઈને ત્યાં ને ત્યાં જ ટિકિટના ટુકડેટુકડા કરી નાખ્યા. આ જોઈને સ્ટેશન માસ્તર બોલી ઊઠયા : 'અરે, અરે, અમીન સાહેબ, આ શું?'

મોતીભાઈએ એમને બધી વાત કરીને કહ્યું : 'મારે ટિકિટની રકમ તો ચૂકવી દેવી જોઈએને? એટલે અહીંથી સુરત સુધીની ટિકિટ લઈને ફાડીને કટકા કરી નાખ્યા. આપણાથી મફત મુસાફરી થાય? એ તો ગુનો કહેવાય.'

એક દિવસ મોતીભાઈ બહારગામથી વડોદરા પોતાની ઑફિસમાં આવ્યા અને ત્યાંની ઑફિસનું કામ સંભાળનાર નાજુકલાલ ચોકસીને બોલાવીને તેમણે કહ્યું :

'હું મારા કામ અંગે બહારગામ ગયો હતો. આમ તો મેં ત્રીજા વર્ગની ટિકિટ લીધી હતી. પરંતુ વચમાં મારા એક મિત્ર સેકંડ કલાસમાં મુસાફરી કરતા હતા એમની સાથે ખાસ વાત કરવા હું સેકંડ કલાસના ડબ્બામાં બેઠો અને ઠેઠ વડોદરા સુધી સેકંડમાં મુસાફરી કરી. માટે એ બે વર્ગના તફાવતની રકમ રેલવે ખાતાની હેડ ઑફિસમાં મનિઑર્ડરથી મોકલી આપજો અને એ અંગેની ચોખવટ કરતો પત્ર પણ લખી નાખજો.'

આ સાંભળીને નાજુકલાલે કહ્યું: 'પણ સાહેબ, તમને રસ્તામાં કોઈએ રોકયા નથી. તો પછી આમ વિના કારણ જાણી જોઈને શા માટે કરવું જોઈએ? તમે રકમ નહિ મોકલશો તો ચાલશે.'

મોતીભાઈએ નિખાલસપણે કહ્યું: 'ના, ભાઈ, ના. એમ કરવું ઠીક નહિ. પ્રામાણિકતા પહેલી, પછી બીજી વાત.'

એટલે મોતીભાઈનો આગ્રહ જોઈને નાજુકલાલે રકમ મોકલી આપી. એ ચાર દિવસમાં જ રેલવે ખાતાનો આભારદર્શક જવાબ આવ્યો.

આ પ્રસંગની સાથોસાથ એમના જીવનનો બીજો એક પ્રસંગ પણ વિચારવા જેવો છે. આવી હિંમત તો બહુ ઓછા માણસો બતાવી શકે.

એક વાર મોતીભાઈએ સેકંડ કલાસની ટિકિટ લીધી હતી. એવામાં થર્ડ કલાસમાં ઠક્કરબાપાને જોઈને તેમણે એમની સોબતનો લાભ મેળવવા સેકંડને બદલે થર્ડમાં વડોદરા સુધી મુસાફરી કરી.

ઑફિસમાં આવીને મોતીભાઈએ નાજુકલાલને બોલાવીને કહ્યું: 'જુઓ, આ બીજી વાર પણ તમારે જ રેલવે ખાતાને લખવાનું રહ્યું. સેકંડ અને થર્ડ કલાસનાં ભાડાં વચ્ચેનું વળતર માગવાનું છે.'

નાજુકલાલ તો મોતીભાઈની વાત સાંભળીને વિમાસણમાં પડી ગયા. તેમને થયું, 'પેલી વાત જુદી હતી. તે વખતે રેલવે ખાતાને પૈસા મળવાના હતા. જ્યારે આ પ્રસંગે તો રેલવે ખાતાને સામેથી પૈસા પાછા આપવાના થાય છે! તેથી આ વખતે રેલવે ખાતું દાદ નહિ આપે.'

પરંતુ મોતીભાઈની વાતને માન આપીને તેમણે મોતીભાઈનાં સહીસિક્કા સાથે પત્ર લખી રેલવે ખાતાને મોકલ્યો. અને ખૂબીની વાત તો એ બની કે, આઠદસ દિવસમાં પત્રની પહોંચ અને વળતરની રકમ આવી પહોંચ્યાં!

આ રીતે મોતીભાઈની સચ્ચાઈની સુવાસ ઠેઠ રેલવે ખાતા સુધી ફેલાયેલી હતી.

## મોતીભાઈનું સુખી દામ્પત્યજીવન

તે જમાનાના રિવાજ મુજબ છ વર્ષના મોતીભાઈનાં લગ્ન સાત વર્ષનાં રૂપબા સાથે થઈ ગયાં હતાં. રૂપબા દેખાવડાં નહોતાં, ભણેલાં પણ નહોતાં. વળી એમને પુત્ર પણ નહોતો, એક પુત્રી હતી.

મોતીભાઈની ઉંમર પાંત્રીસેક વર્ષની થઈ. પણ તેમને ત્યાં પુત્રનું પારણું ન બંધાયું. એટલે એમનાં માતા, બીજા વડીલો વગેરે આ અંગે ચિંતા કરવા લાગ્યાં. પાટીદારોમાં તે જમાનામાં એક સાથે બે ત્રણ પત્નીઓ રાખી શકાતી. એટલે એક દિવસ એક વડીલે મોતીભાઈને કહ્યું: 'બધું તો જાણે ઠીક, પણ તમારી બા માટે તમને લાગણી છે, એ કોણ નથી જાણતું? માટે તમે તમારી બાની આ એક ઇચ્છાને માન આપી બીજું લગ્ન કરો તો સારું.'

મોતીભાઈએ તરત જ રોકડો જવાબ આપી દીધો; 'આ સિવાય બીજી કોઈ પણ વાત હોય તો એ મને કબૂલ છે. પરંતુ આ બાબતમાં બાને સંતોષ આપવાને હું લાચાર છું!'

બીજી એક વાર એક વયોવૃદ્ધ વડીલે મોતીભાઈને બોલાવીને લગ્ન સંબંધી પ્રસ્તાવ મૂકીને આગ્રહપૂર્વક કહ્યું: 'ભાઈ, મને લાગે છે કે તારે અમારું આટલું તો જરાયે આનાકાની વિના માનવું જોઈએ.'

મોતીભાઈએ આ વાતને જુદી રીતે નકારી. તેમણે કહ્યું: 'જુઓ કાકા, આપણે બંને આ બાબતમાં સરખા છીએ. આપણને બંનેને પુત્ર નથી વળી તમે ઉંમરમાં મારાથી મોટા છો. એટલે તમે જો બીજી વાર લગ્ન કરવામાં પહેલ કરો તો તમારી પાછળ પાછળ હું પણ પરણવા વિચાર કરું!'

કાકા તો મોતીભાઈની વાત સાંભળીને ચૂપ જ થઈ ગયા.

વળી એક વાર મોતીભાઈના પિતરાઈભાઈઓ આ બાબતમાં એમની પાછળ પડયા. તેઓ કહે: 'પુત્ર વિના બધે અંધારું!'

મોતીભાઈ પાસે જવાબ હાજર જ હતો. પોતાના વિદ્યાર્થીઓને યાદ કરીને મોતીભાઈ બોલ્યા: 'કોણ કહે છે કે મારે પુત્ર નથી? તમને બધાને તો એક બે હશે, જ્યારે મારે તો સેંકડો પુત્રો છે.'

આમ, મોતીભાઈ રૂપબાને એકનિષ્ઠાથી વળગી રહ્યા. મોતીભાઈ સ્ત્રીઓ પ્રત્યે શુભ લાગણી ધરાવતા હતા અને એકપત્નીવ્રતના પ્રખર હિમાયતી હતા. મોતીભાઈ રૂપબાને શિક્ષણ અને સંસ્કાર આપવા દરરોજ બે કલાક ગાળતા.

રૂપબાને જ્યારે ખબર પડી કે, એમના પતિ બીજી વાર લગ્ન કરવાની ચોખ્ખી ના પાડે છે, ત્યારથી મોતીભાઈ ઉપર એમની ભક્તિ અને શ્રદ્ધા ઘણાં જ વધી ગયાં. રૂપબા પણ મોતીભાઈને અનુકૂળ બની એમનાં સુખદુઃખમાં સહભાગી થવા લાગ્યાં.

છેવટે તા. ૨૯–૧૨–૧૯૩૮ ને રોજ મોતીભાઈની હાજરીમાં રૂપબાએ દેહ છોડયો. પત્ની સાથેનાં ઘણાં ઘણાં વર્ષના દીર્ઘ સહવાસથી ટેવાયેલા મોતીભાઈ રૂપબા જતાં જાણે એકલા પડી ગયા! મોતીભાઈએ રૂપબાને યાદ કરીને આ દુઃખદ પ્રસંગે કહ્યું હતું :

'હું આ જીવનમાં જે નિર્દોષ અને સેવામય જીવન જીવી શકયો છું તેનું એક કારણ મારી પત્નીની ઉદારતા, સેવાપરાયણતા અને ધાર્મિક ભાવના હતી, જેનો હું સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કરું છું.'

એ પછી એક વાર સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના ભિક્ષુ અખંડાનંદજી એમને મળવા આવ્યા હતા. તેઓ બંને વચ્ચે મૈત્રીભાવ હતો. અખંડાનંદજી આગળ પોતાનું દિલ ઠાલવતાં મોતીભાઈએ કહેલું :

'મને એકમાત્ર ચિંતા મારાં પત્નીની હતી. પણ તે મારી આગળ ચાલતાં થયાં છે.... હું મારા જીવનમાં જે કાંઈ કરી શકયો છું, તેમાં મારાં પત્ની રૂપબાનો મોટો હિસ્સો છે. મને કહેવાતા અર્થમાં રૂપાળી પત્ની નહોતી મળી, છતાં સાચા અર્થમાં ખરી પત્ની –– અર્ધાંગના મળી હતી. મારાં તમામ કાર્યોમાં તેણે હરેક રીતે સાથ આપ્યો છે. પોતે ચુસ્ત વૈષ્ણવ હોવા છતાં હરિજનને અડીને હું ઘરમાં પેસું, ત્યારે પણ તેણે એ બાબતનું જરાપણ સૂચન કર્યું નથી. અનેક મહેમાનોની સરભરા તેણે હસતે મોંએ કરી છે.'

## અંતિમ દિવસો

રૂપબાના અવસાનનો આઘાત મોતીભાઈના સ્નેહાળ દિલ પર ઊંડો પડયો. થોડા દિવસ પછી એમની તબિયત બગડવા લાગી. ખોરાક લેવામાં અડચણ પડતી. જે કંઈ ખાતા એ બધું તરત જ ઊલટી દ્વારા નીકળી જવા લાગ્યું !

રૂપબાના અવસાનના અને મોતીભાઈની નાજુક તબિયતના સમાચાર બધે ફેલાઈ જતાં, ઘણાં સ્નેહીઓ, મિત્રો, હિતેચ્છુઓ વગેરે વસો આવવા લાગ્યા. મોતીભાઈના સાધુચરિત અને ત્યાગી જીવનની અસર અસંખ્ય લોકો ઉપર પડી હતી. આચાર અને વિચારમાં તેમણે સુભગ સુમેળ સાધ્યો હતો. 'त्यागाय संभृतार्थानाम् !' સંગ્રહેલું બધું સમર્પણ કરવા માટે જ — એ ઉચ્ચ આદર્શ તેમણે જીવી બતાવ્યો

હતો. એમણે પોતાના વસિયતનામામાં જે લખ્યું છે એ એનો જીવતો પુરાવો છે :

'હું એકપત્નીવ્રતનો ચુસ્ત હિમાયતી છું, એટલે મને બીજી વખત લગ્ન કરવાનો વિચાર સરખો આવ્યો નથી. ભાણેજ કે ભત્રીજાને દત્તક લઈ બારણું ઉઘાડું રાખવાનો સિદ્ધાંત પણ મને માન્ય નથી. પોતાની મિલકત ભાણેજ વા દીકરીને આપી દેવાની વાત પણ મને પસંદ નથી. કેળવણી આપી પુત્ર વા ભાણેજને તૈયાર કરવો એ વડીલની ફરજ છે. એ ધર્મકાર્ય મેં કર્યું છે. હવે મારી મિલકત કેળવણી અંગે જ વપરાય તેવી છે.'

અને મોતીભાઈએ અવસાન પહેલાં પાઈએ પાઈ તેમ જ મકાન સુધ્ધાં એ કાર્યોને અર્પણ કરી દીધાં હતાં.

આવા ત્યાગી મોતીભાઈને હવે વસુધૈવ કુટુંબકમ્ !— આખું વિશ્વ કુટુંબ જેવું બની ગયું હતું. એટલે એમની નાદુરસ્ત તબિયતના સમાચાર મળતાં ઠેર ઠેરથી એમના ચાહકો, મિત્રો વગેરે દોડી આવ્યા. એમના શિષ્યગણમાંના સંખ્યાબંધ ડૉક્ટરોમાંથી ડૉ. મોતીભાઈ પટેલ અને ડૉ. ભાસ્કરભાઈ પટેલ વસો આવી પહોંચ્યા. સૌએ સંપૂર્ણ આરામ અને હળવો ખોરાક લેવાની ભલામણ કરી. પરંતુ એથી કશો ફાયદો જણાયો નહિ !

એટલે મોતીભાઈને સારવાર માટે અને દાકતરી નિદાન કરવા માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા. અમદાવાદની વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં તેમને રાખ્યા. નિદાન કરતાં આંતરડાનું કેન્સર જણાયું ! આખરે તા. ૩૦-૧-૧૯૩૯ના રોજ ડૉ. મોતીભાઈ પટેલને હાથે એ જ હૉસ્પિટલમાં ઑપરેશન કરવાનું નક્કી થયું.

પહેલે દિવસે ભિક્ષુ અખંડાનંદજી મોતીભાઈને મળવા આવ્યા. મોતીભાઈએ તો અંતિમ વિદાયની તૈયારી મનથી કરી નાખી હતી. તેમણે ભિક્ષુજી સાથે પેટ ભરીને વાતો કરતાં હૃદય ઠાલવ્યું : 'હું પરમ શાંતિ અનુભવું છું.'

બીજે દિવસે એમના બીજા પરમ સ્નેહી મિત્ર ઠક્કર બાપા દિલ્હીથી આવી પહોંચ્યા. તેમની આગળ દિલ ખોલીને વાત કરતાં મોતીભાઈએ કહ્યું : 'મારી જિંદગીના છેવટના ભાગમાં પછાત વર્ગની હું કંઈક સેવા કરી શક્યો છું, તેથી મને ખૂબ શાંતિ છે.'

છેવટે ત્રીસમી જાન્યુઆરીને રોજ ઑપરેશન કરવામાં આવ્યું. પરંતુ ઑપરેશન પછી મોતીભાઈની તબિયતે એકાએક ઊથલો ખાધો અને પહેલી ફેબ્રુઆરી ૧૯૩૯-ના રોજ સવારે ૭ વાગે મોતીભાઈએ શાંતિથી દેહ છોડ્યો.

આ દુઃખદ સમાચાર બધે પહોંચી જતાં અસંખ્ય લોકો ઊંડું દુઃખ અનુભવવા લાગ્યા.

આ પ્રસંગે પૂજ્ય ઠક્કરબાપાએ મોતીભાઈને શ્રદ્ધાંજલિ આપતાં યોગ્ય જ કહ્યું હતું :

'આજે આપણે એક પુણ્યશાળી જીવનનો અંત જોઈ રહ્યા છીએ. એમણે જીવનની પળેપળ સેવામાં ગાળી છે. વિદ્યાર્થીઓ, ગરીબો, હરિજનો તથા ગામડાંના હિતાર્થે એમણે જીવનભર પ્રયત્ન કર્યો છે. અતિવૃષ્ટિ થાય, દુષ્કાળ પડે, આગ લાગે, રોગ ફાટી નીકળે, સંકટની કે દુઃખની બૂમ સંભળાય કે તરત જ એના નિવારણ અર્થે દોડી જનાર અને બીજાને દોડાવનાર આ દિવ્ય દયાધર્મીની ચરોતરને અને સમસ્ત ગુજરાતને સદા ખોટ પડશે.

'શું ચરોતરમાં કે શું બિહારમાં, શું ખેડામાં કે શું પેટલાદમાં, મેં જ્યારે જ્યારે સ્વયંસેવકોની માગણી કરી છે, ત્યારે ત્યારે મોતીભાઈએ તે મને પૂરા પાડ્યા છે. હરિજન, ભીલ, ભંગી જેવા પછાત વર્ગોને સહાય કરવાની જ્યારે જ્યારે મેં સૂચના આપી છે, ત્યારે ત્યારે તેમણે તે ધગશથી ઉપાડી લઈ પાર પાડી છે.

'ગુજરાત આજે એના એક મહાન પુત્રને ગુમાવે છે. એમના જવાથી આપણે ગરીબ બની જઈએ છીએ.'

જાણીતા સમાજસેવક ડૉ. હરિપ્રસાદભાઈએ મોતીભાઈને અંજલિ આપતાં કહ્યું હતું :

'મોતીભાઈ તો ગુજરાતનું નૂર હતા. એકલા ચરોતરના જ નહિ, એકલા ગાયકવાડી રાજ્યના નહિ, પણ આખા ગુજરાતના એ મૂક સેવક હતા. એટલે આ પવિત્ર સાબરમતીના તટે, ગુજરાતના પાટનગર અમદાવાદમાં એમનો દેહ પડયો તે એમના જેવા સાચા ગુજરાતીને માટે યોગ્ય જ બન્યું છે.'

ઠક્કરબાપાએ મોતીભાઈના દેહના અંતિમ સંસ્કાર વેળાએ જે ભાવસભર શબ્દો ઉચ્ચાર્યા હતા એ આજે પણ એ પ્રસંગનું સ્મરણ કરતાં દિલમાં ગુંજી ઊઠે છે :

'આજે ચરોતરના પ્રાણ અદૃશ્ય થાય છે !

'સમાજસેવા વિદાય લે છે !

'કેળવણી રંડાય છે !

'ગરીબો નિરાધાર બને છે !

'વિદ્યાર્થીવર્ગ છત્રહીન બને છે !

'આજે ગુજરાત શું ગુમાવે છે તે તો હવે પછી સમજાશે !'

મોતીભાઈના અમર આત્માના પ્રેરક ઉદ્‌ગારો એમનું સ્મરણ કરતાં આજે પણ સંભળાય છે :

'મારા સાચા મિત્રો એટલું તો જરૂર કરે કે મારી પ્રવૃત્તિઓ મરી ન જાય એ જુએ.'

'મને ચાહતા હો તો મારા કામને ચાહજો.'

# દાદાભાઈ નવરોજી

'દાદાભાઈને આપણે હેતે હિંદના દાદા તરીકે ઓળખતા હતા. દાદાભાઈએ પોતાની જિંદગી હિંદને બક્ષી હતી. હિંદની સેવાને દાદાભાઈએ ધર્મ કરી મૂક્યો હતો. ગરીબોના તેઓ મિત્ર હતા.

'હું દાદાભાઈનો સાચો પૂજારી છું.. દાદાભાઈએ મને એ વાત શીખવી છે કે, મારે મારા આરાધ્ય પ્રત્યે કોઈ પણ જાતના અપવાદ સિવાય સંપૂર્ણ પ્રેમ રાખવો જોઈએ. જો મારે હિંદુસ્તાનની સેવા કરવી હોય, તો મારે ગરીબથી પણ ગરીબ બનવું જોઈએ, હલકાથી પણ હલકા બનવું જોઈએ. મારે હિંદુ, મુસ્લિમ અને પારસી પણ બનવું જોઈએ, કેમ કે દાદાભાઈને મન બધા હિંદીઓ સરખા હતા. તેમને અન્ય કોમ પ્રત્યે તિરસ્કાર નહોતો તેઓ અંગ્રેજોને માન આપતા હતા. આખી દુનિયાને ભોગે એકલા હિંદુસ્તાને મહાન થવું જોઈએ એમ દાદાભાઈએ કદી કહ્યું નથી. જગતના કલ્યાણ માટે હિંદુસ્તાનને હોમી દેવા તેઓ તૈયાર હતા.'

હિંદના દાદા તરીકે જાણીતા થયેલા દાદાભાઈ નવરોજી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પણ પ્રેરણામૂર્તિ વડીલ સમા હતા. ગાંધીજી બૅરિસ્ટર થવા વિલાયત ગયા તે વખતનો પ્રસંગ યાદ કરીને ગાંધીજી દાદાભાઈને અંજલિ આપતાં લખે છે :

'સને ૧૮૮૮માં મને દાદાભાઈને ચરણે બેસવાનો અવસર સાંપડ્યો હતો. ...એક મહારાષ્ટ્રી ભાઈએ પોતાને ઓળખાણ ન હોવા છતાં મને દાદાભાઈ ઉપર ઓળખપત્ર લખી આપ્યો હતો. જ્યારે એ પત્ર લઈ હું તેમને ઇંગ્લૅંડમાં મળ્યો, ત્યારે પોતે પેલા પત્રલેખકને ઓળખતા ન હતા છતાં દાદાભાઈએ મને છાતી સરસો ચાંપ્યો અને કહ્યું કે જો તમે કોઈ વાર કશી મુશ્કેલીમાં આવો તો મને મળજો...'

આવા સૌના દાદા જેવા દાદાભાઈ સૌના આદરપાત્ર કેવી રીતે બન્યા એ એમના ઉદાત્ત જીવન ઉપરથી જાણી શકાય છે.

## દૂધમાં સાકર

ઘણાં વરસો પહેલાં, ગુજરાતમાં આવેલા સંજાણ બંદરે એક વહાણ આજથી અંદાજે ૧૨૦૦ વર્ષ પહેલાં લાંગરવામાં આવ્યું. તેમાં બેઠેલા લોકો ઊતરીને કિનારે આવ્યા. એ લોકો ઈરાન દેશના પારસીઓ હતા. ઈરાનમાં તેમણે પરાણે વટલાવવામાં આવતા હતા તેથી એ લોકોએ પોતાનો દેશ છોડયો હતો.

સંજાણમાં તે વખતે જાદે રાણા નામના એક હિંદુ રાજાનું રાજ્ય હતું. પારસીઓએ તેના રાજ્યમાં રહેવાની રજા માગવા પોતાના એક માણસને મોકલ્યો.

રાણાએ તેના જવાબમાં દૂધથી છલોછલ ભરેલો પ્યાલો આપ્યો અને કહ્યું: 'તમારા આગેવાનને આ આપજો.'

દૂધનો ભરેલો પ્યાલો લઈને તે માણસ પાછો આવ્યો. પ્યાલો જોઈ બધા પારસીઓ વિચારમાં પડ્યા, 'દૂધના પ્યાલાનો શો અર્થ ?'

પારસીઓના આગેવાને પ્યાલો હાથમાં લીધો. તેમાં તેણે ધીરે ધીરે થોડી સાકર નાખી. દૂધ ઢળ્યા વગર સાકર તેમાં ભળી ગઈ. પછી એ સાકરવાળા દૂધનો પ્યાલો તેણે રાણા પાસે પાછો મોકલ્યો.

રાણાએ પ્યાલો લીધો. દૂધ ચાખી જોયું રાણો ખુશ થયો. તેને પોતાના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. પારસીઓને સંજાણમાં માનભેર આશરો મળ્યો.

રાણાને શો ઉત્તર મળ્યો ? રાણાએ શું પૂછ્યું હશે ?

રાણાએ ભરેલો પ્યાલો મોકલ્યો, એનો અર્થ એ હતો કે, 'પ્યાલાના દૂધ પેઠે મારા રાજ્યમાં વસ્તી છલોછલ ભરી છે, તેમાં તમને કેવી રીતે સમાવું ?'

પારસીઓના આગેવાને તે પ્યાલામાં થોડી સાકર ઉમેરીને જવાબ આપ્યો: 'દૂધમાં જેમ સાકર ભળી જાય છે તેમ, હે રાણા, અમે તમારી વસ્તીમાં સમાઈ જઈશું.'

અને ખરેખર, ત્યારથી પારસીઓ ગુજરાતમાં ગુજરાતી થઈને રહે છે. તેમણે ગુજરાતીને પોતાની માતૃભાષા કરી છે. તેઓ કોઈ પણ ગુજરાતીની જેમ વહાલથી ગુજરાતને ચાહે છે અને સૌની સાથે સંપથી રહે છે.

એ કોમમાંથી જ દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, જમશેદજી તાતા જેવા મહાન દેશભક્તો ઉત્પન્ન થયા.

## દાદાભાઈનો જન્મ

દાદાભાઈનો જન્મ ઈ. સ ૧૮૨૫ ના સપ્ટેમ્બરની ૪ થી તારીખે સંવત ૧૮૮૧ ના શ્રાવણ વદ સાતમને રોજ થયો હતો.

એમના પિતાશ્રીનું નામ હતું નવરોજી પાલનજી દોરડી અને માતુશ્રીનું નામ હતું માણેકબાઈ.

નવરોજી પોતે પારસીઓના ધર્મગુરુ દસ્તૂર હતા. તેમની સ્થિતિ સાધારણ હતી. ગરીબાઈમાં એ કુટુંબ દિવસો પસાર કરતું હતું. જૂના મુંબઈ શહેરના ખડક નામના એક પરા વિભાગમાં એક નાના, સાદા મકાનમાં દાદાભાઈનો જન્મ થયો હતો.

દાદાભાઈ નવસારીમાં આવીને વસેલા પહેલા પારસી મોબેદ ઝરસ્થોસ્ત મોબેદના વંશજ છે. એટલે એમના પૂર્વજો મૂળ નવસારીના વતની હતા. પરંતુ દાદાભાઈના પિતા નવરોજીએ તો મુંબઈમાં કાયમી વસવાટ કર્યો હતો.

'નવસારી' નામની પાછળ પણ ઇતિહાસ છે ઇરાનમાં 'સારી' નામનું એક ગામ છે. એના જેવાં જ હવાપાણી આ નવા સ્થળમાં લાગવાથી પારસીઓએ એને નવું સારી — નવસારી એવું નામ આપ્યું.

'દોરડી' અટક અંગે પણ રસિક ઇતિહાસ છે. એક વખતે જમણવારમાં કેટલાક પારસી દસ્તૂરો ગયા હતા. દાદાભાઈના એક પૂર્વજ બહેરામજી મોડા પડયા, એટલે બેસવાની જગ્યા મેળવવા માટે તે આમતેમ દોડાદોડી કરવા લાગ્યા. આ જોઈને એક દસ્તૂરજીએ ગમ્મતમાં કહ્યુ : 'અરે, દોરડીની જેમ આમતેમ આડાઅવળા શું ફરો છો?' એ દિવસથી 'દોરડી' નામ એ કુટુંબને લાગી ગયું અને આગળ જતાં અટક બની ગઈ.

એ જમાનામાં એવો રિવાજ હતો કે, દસ્તૂરજીનો પુત્ર પણ દસ્તૂર જ બને. આને તેઓ ધાર્મિક ફરજ જ સમજતા હતા. એ રીતે દાદાભાઈ પણ મોટપણે મોબેદ જ બનત. પરંતુ એક દુઃખદ પ્રસંગને લીધે એમ થઈ શકયું નહિ. દાદાભાઈના પિતાશ્રી નવરોજી એમને ચાર વર્ષના મૂકીને અવસાન પામ્યા હતા !

## માતાની શીળી છાયામાં

દાદાભાઈ નાના બાળક હતા, ત્યારે એમના પિતાશ્રી અવસાન પામ્યા, એટલે એમને ઉછેરીને મોટો કરવાની જવાબદારી એમનાં માતુશ્રી માણેકબાઈને શિરે આવી પડી.

માતુશ્રી માણેકબાઈ કરકસરવાળાં અને મહેનતુ હોઈ ઘર સરસ રીતે ચલાવવાની એમનામાં આવડત હતી. આવી અણધારી આફત વેળાએ માણેકબાઈ હિંમત હાર્યાં નહિ. પોતાના એકના એક પુત્રરત્નને પાળવા–પોષવાનો અને ભણાવવા–ગણાવવાનો બધો ભાર તેમણે એકલે હાથે ઉપાડી લીધો. આ ફરજ બજાવવામાં તેઓ પૂરતાં કાબેલ નીવડયાં.

માણેકબાઈ પોતે કશું ભણ્યાં નહોતાં. પરંતુ પોતાના પુત્રને સારામાં સારી કેળવણી મળે એમ તે પ્રચ્છતાં હતાં. કુટુંબની આર્થિક સ્થિતિ સાવ કંગાળ હતી,

તોયે મહેનત-મજૂરી કરીને, પોતે દુઃખ અને મુશ્કેલીઓ વેઠીને માતાએ દાદાભાઈને કેળવણી આપવામાં પાછી પાની કરી નહિ.

દાદાભાઈ મોટપણે એટલે જ માતુશ્રીને ભક્તિભાવથી યાદ કરીને લખે છે:

'આ નિરૂપણમાં જે છેલ્લે આવે છે, પણ જેનું સ્થાન પ્રથમ છે એવાં મારાં માતા હતાં. હું જ્યારે સાવ નાનો હતો ત્યારે એ વિધવા થયાં અને મને જીવન-સર્વસ્વ માનીને સ્વેચ્છાએ વિધવા રહ્યાં. પોતાના ભાઈની મદદ લઈને એમણે પોતાના એકના એક સંતાન માટે ભારે શ્રમ વેઠયો.

'એ અભણ હતાં અને મારે માટે અપાર વાત્સલ્ય હતું, તોપણ એ ભારે સમજદાર હતાં. મારા ઉપર એ સખત જાપ્તો રાખતાં.

'આડોશપાડોશમાં એ પૂછવાનું ઠેકાણું મનાતાં. સ્ત્રીકેળવણીના મારા કાર્યમાં મારાં માતાએ પૂરા દિલથી મને સાથ આપ્યો હતો. સામાજિક સુધારાના કામમાં પણ એમણે મને સહકાર આપ્યો હતો.

'હું જે છું તે મારાં માતાએ મને બનાવ્યો છે.'

નાનપણના એક મધુરા સંસ્મરણ તરીકે દાદાભાઈએ નોંધ્યું છે: 'નાના બાળક તરીકે મારા મનમાં એક વાતે ઘર કર્યું હતું કે, મારા બાપુજી ગુજરી ગયા છે, તેથી બીજાં સ્વજનોની માફક ચાંદામામા પણ મારા તરફ સહાનુભૂતિ રાખે છે. અને હું ઘરની આગળના કે પાછળના ભાગમાં જાઉં, ત્યારે ચાંદામામા મારી સાથે ને સાથે આવે છે.'

તે વખતના રિવાજ મુજબ, માતા માણેકબાઈએ અગિયાર વર્ષના દાદાભાઈનાં લગ્ન સાત વર્ષનાં ગુલબાઈ સાથે કરી નાખ્યાં.

## શાળામાં ઝળકી ઊઠયા

'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ', એ સિદ્ધાંત ઉપર ચાલતી જૂની ધૂડી નિશાળનો એ જમાનો હતો. દાદાભાઈએ એવી શાળામાં ભણવાનું શરૂ કર્યું. દાદાભાઈ નાનપણથી જ ભણવામાં તેજસ્વી હતા. એટલે શાળાના મહેતાજી એમની પ્રત્યે ખાસ ધ્યાન આપતા હતા.

દાદાભાઈ બાળક હતા એ દરમિયાન મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને શિક્ષણપ્રચાર માટેનું આંદોલન શરૂ કર્યું હતું. તેઓ શિક્ષણના પ્રખર

હિમાયતી હતા. તેમની પ્રેરણાથી 'નેટિવ એજ્યુકેશન સોસાયટી' નામની સંસ્થા સ્થાપવામાં આવી. એ સંસ્થાએ એક અંગ્રેજી અને બાજી ગુજરાતી એમ બે શાળાઓની સ્થાપના કરી.

ધૂડી શાળાના મહેતાજીએ પોતાના દીકરાને અંગ્રેજી સરકારી શાળામાં મૂક્યો અને માણેકબાઈને પણ દાદાભાઈને એ શાળામાં ભણવા મૂકવા સલાહ આપી.

તે વખતે કેળવણી મફત હતી. તેથી દાદાભાઈને મફત કેળવણીનો લાભ મળ્યો હતો. એટલે જ તેઓ મોટપણે મફત કેળવણીના હિમાયતી બન્યા હતા. ગરીબ કે તવંગર સૌને પોતાની બુદ્ધિશક્તિ પ્રમાણે પૂરેપૂરું ભણવાની તક મળવી જોઈએ, એમ તેઓ આગ્રહપૂર્વક કહેતા હતા.

દાદાભાઈ ભણવામાં ખૂબ હોશિયાર હતા. તેઓ દર વરસે ઇનામ જીતવા લાગ્યા. એક વખત એવું બન્યું કે, શાળાની પરીક્ષામાં એમનો સહાધ્યાયી વિદ્યાર્થી ઇનામ જીતી ગયો. પરંતુ એ જમાનામાં ઇનામ જીતનારને સામાન્ય જ્ઞાનના સવાલો પૂછવામાં આવતા. એ વિદ્યાર્થી એવા સવાલોના જવાબ આપી શક્યો નહિ. તે વેળાએ દાદાભાઈ આગળ આવીને એ સવાલોના જવાબ આપવા લાગ્યા. એ મેળાવડામાં એક અંગ્રેજ ગૃહસ્થ આવ્યા હતા. દાદાભાઈની વિચક્ષણ બુદ્ધિશક્તિ જોઈને તે રાજી થયા અને તેમણે દાદાભાઈને ઇનામ આપ્યું.

આ મેળાવડામાં શ્રીમતી પોસ્ટન્સ નામની એક અંગ્રેજ બાઈ પણ હતી. તે હિંદના પ્રવાસે આવી હતી. તેણે પોતે લખેલી 'પશ્ચિમ ભારત' નામની ચોપડીમાં આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે. તેણે દાદાભાઈ વિશે લખ્યું છે: 'એક વિશાળ કપાળવાળો અને ચમકતી આંખોવાળો છોકરો સૌનું ખાસ ધ્યાન ખેંચતો હતો. તેને પૂછવામાં આવેલા સવાલોના તે તરત જ જવાબો આપતો હતો. એ છોકરો મહત્ત્વાકાંક્ષી દેખાતો હતો. તેની તેજસ્વી બુદ્ધિપ્રતિભા એની સફળ કારકિર્દીની સાક્ષીરૂપ હતી. એનું ભાવિ ઉજ્જ્વળ બનશે એમ લાગતું હતું.'

શાળાનું ભણતર પૂરું કરી દાદાભાઈ મુંબઈની આજની એલ્ફિન્સ્ટન કૉલેજ, કે જે ત્યારે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામથી ઓળખાતી, તેમાં દાખલ થયા. કૉલેજમાં પણ દાદાભાઈ ઝળકી ઊઠ્યા. એક અંગ્રેજ પ્રોફેસર ઓર્લેબાર એમની તેજસ્વી બુદ્ધિમત્તાથી ખુશ થઈ એમને 'હિંદની આશા'—'ધી પ્રોમિસ ઑફ ઇન્ડિયા' કહેતા. અને ખરેખર આગળ જતાં આશાસ્પદ દાદાભાઈએ હિંદના ઉજ્જ્વળ ભાવિને ઘડવામાં બહુ મોટો ફાળો આપ્યો છે.

## જીવન-ઘડતર

નાનપણથી દાદાભાઈને અપશબ્દો બોલવા પ્રત્યે સહજ રીતે અણગમો હતો. જ્યારે કોઈ છોકરો એમને ગાળ કે અપશબ્દ કહેતો, તો કિશોર દાદાભાઈ બોલી ઊઠતા : 'તારા એ શબ્દો તારા મોંમાં જ રહેશે.' ખરાબ બોલનારનું જ મોં ગંધાય!

પંદર વર્ષની વયે એમનામાં આત્મભાન જાગવા માંડ્યું હતું. એક દિવસે રસ્તે ચાલતાં ચાલતાં તેમણે મક્કમ નિર્ણય કર્યો કે, કદાપિ અપશબ્દ કે કટુવચન બોલવાં નહિ.

આ પ્રસંગ મોટપણે યાદ કરતાં દાદાભાઈ કહેતા : 'જાણે ગઈ કાલે જ આ પ્રસંગ બન્યો હોય એમ, કયા રસ્તા પર, કઈ જગ્યાએ મેં આ નિર્ણય લીધો હતો એ મને બરોબર યાદ છે. અને જેમ જેમ મારું શિક્ષણ અને સમજણ વધતાં ગયાં, તેમ તેમ અમુક કામ કરવું અને અમુક કામ ન કરવું એવા નિશ્ચયો હું કરતો. અને એવા બધા નિશ્ચયોને સચ્ચાઈથી પાળતો હતો.'

નાનપણમાં એમના કુટુંબમાં બાળકોને પણ જમતી વખતે દારૂ આપવાનો રિવાજ હતો. નાનકડા દાદાભાઈ પણ દારૂ પીતા હતા. એક દિવસે ઘરમાં દારૂ નહોતો. તેથી ઘર સામેના દારૂના પીઠામાંથી દારૂ લેવા બાળક દાદાભાઈને મોકલવામાં આવ્યા. દારૂના પીઠામાં જઈને દારૂ વેચાતો લેતાં એમને એવી તો શરમ અને નાનમ લાગી કે, તેમણે ત્યાં ને ત્યાં નિરધાર કર્યો કે, દારૂ કદી લેવા જવું નહિ અને દારૂ પીવો પણ નહિ. ત્યાર પછી તેમણે દારૂના પીઠામાં કદી પગ મૂક્યો નથી. મોટપણે દાદાભાઈ દારૂનિષેધના પ્રખર હિમાયતી બન્યા હતા.

## સદ્‌વાચનની અસર

કૉલેજજીવન દરમિયાન દાદાભાઈએ અંગ્રેજી સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ કર્યો. ખાસ કરીને મહાન પુરુષોનાં જીવન અને કાર્યો વર્ણવતાં જીવનચરિતોએ એમના જીવનને વધારે જાગ્રત બનાવ્યું. એ ઉંમરે એમને સ્પષ્ટ સમજાયું કે, વ્યક્તિના જીવન-ઘડતરમાં સમાજનું બહુ મોટું ઋણ છે. એ ઋણમાંથી છૂટવા માટે આપણે પણ સમાજને ઉપયોગી એવાં કાર્યો કર્તવ્ય સમજીને કરવાં જોઈએ.

દાદાભાઈએ એ સમય દરમિયાન ઇરાન દેશના મહાન પુરાણ તરીકે ગણાતા ફિરદોસીના 'શાહનામા'નો અભ્યાસ કર્યો હતો. 'જરથોસ્તીઓની ફરજો' એ નામનું ગુજરાતી ધર્મપુસ્તક દાદાભાઈ પોતાની પાસે હંમેશાં રાખતા. અષો જરથુષ્ટ્રના આ ઉપદેશની દાદાભાઈના જીવન ઉપર ઊંડી અસર પડી હતી અને જીવનભર ટકી હતી :

'માણસે પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર આચરણ એ ત્રણેને જીવનમાં ઉતારવાં જોઈએ.'

જગતમાં, પારસી ધર્મ અનુસાર, એક પરમ શક્તિ અહુરમઝ્દ (ઈશ્વર) છે. એ સૌને પેદા કરે છે, પોષે છે અને સંહારે છે. જગતમાં કળિયુગની કે સેતાનની જે પાપી શક્તિ જણાય છે, તેને પારસી ધર્મમાં અહ્રિમાન કહે છે. પવિત્ર, મહેનતુ અને નીતિમય જીવન ગાળી અહ્રિમાનને હરાવવો જોઈએ અને અહુરમઝ્દનું શરણું લેવું જોઈએ.

દાદાભાઈના જીવનમાં અષો જરથુષ્ટ્રના આ પરમ ઉપદેશને મૂર્તિમંત થયેલો જોવા મળે છે.

કૉલેજજીવન દરમિયાન તેમણે અંગ્રેજ લેખક વૉટ્સનું 'ઇમ્પ્રુવમેન્ટ ઑફ ધ માઇન્ડ' – (માનવમનની ખિલવણી) નામનું પુસ્તક વાંચ્યું હતું. એ પુસ્તકની એમના મન પર ઊંડી છાપ પડી હતી. 'જ્યાં એક શબ્દ પૂરતો હોય ત્યાં બે શબ્દ કદી વાપરવા નહિ', આ વાક્યે એમના જીવન ઉપર ભારે અસર કરી. વિચારોને અને લખાણને સ્પષ્ટ દર્શાવવા માટે આ નિયમ બહુ જરૂરી છે. આને લીધે તેમણે ભભકભરી, શબ્દાળુ શૈલીનો ત્યાગ કર્યો અને સાદી, સરળ શૈલીમાં પોતાના વિચારો દર્શાવવાનો પ્રારંભ કર્યો. એથી એમનું લખાણ વધારે અસરકારક અને ચોટદાર બન્યું.

## પ્રોફેસર દાદાભાઈ

ઈ. સ. ૧૮૪૫માં વીસ વર્ષની ઉંમરે તેમણે કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો. તેજસ્વી વિદ્યાર્થી તરીકે દાદાભાઈ કૉલેજમાં પણ પ્રોફેસરો અને વિદ્યાર્થીઓમાં માનીતા થઈ ગયા હતા. એટલે જ તેમને એક અંગ્રેજ પ્રોફેસરે 'ધ પ્રોમિસ ઑફ ઇન્ડિયા' કહીને નવાજ્યા હતા. દાદાભાઈ ચારિત્ર્ય અને વર્તનમાં પ્રામાણિક અને વિવેકશીલ હતા. એટલે એમના ઉજ્જ્વળ ભાવિ માટે સૌ કોઈ બનતું કરવા તૈયાર રહેતું.

મુંબઈની હાઈકોર્ટના વડા ન્યાયાધીશ સર અર્સ્કિન પેરીની પણ આ પ્રતિભાશાળી વિદ્યાર્થી ઉપર નજર ઠરી હતી. તેઓ શિક્ષણ સમિતિના અધ્યક્ષ હતા. એટલે દાદાભાઈ વિશે અધ્યાપકો પાસેથી સાંભળ્યું હતું. તેમણે સૂચવ્યુ કે, દાદાભાઈને બૅરિસ્ટરનો અભ્યાસ કરવા ઇંગ્લૅન્ડ મોકલવા જોઈએ.

પરંતુ દાદાભાઈનાં માતા માણેકબાઈ પાસે સો રૂપરડી પણ માંડ હતી! તો પછી દીકરાને વિલાયત ભણવા મોકલવાની વાત જ શી કરવી? દાદાભાઈના મામા

આમ થોડી ઘણી મદદ કરતા હતા ખરા પરંતુ આ બાબતમાં કોઈ પણ સ્વજન મદદ કરવા કે એટલી રકમ ઉધાર આપવા તૈયાર થયું નહિ !

આ જોઈને ભલા અંગ્રેજ પેરીસાહેબે સૂચવ્યું કે, જો પારસી કોમના આગેવાનો દાદાભાઈને ભણવા મોકલવાનો અડધો ખર્ચ ઉપાડી લેવા તૈયાર હોય, તો એ પોતે બાકીનો ખર્ચ આપશે

પારસી કોમે શરૂઆતમાં ઉત્સાહ બતાવ્યો ખરો. પરંતુ એ લોકોને ભય લાગ્યો કે, દાદાભાઈ વિલાયત જઈને ત્યાંની સુખસાહેબી અને જાહોજલાલીથી લોભાઈને ખ્રિસ્તી બની જાય તો ! એવા બે ત્રણ કિસ્સા એ કોમમાં તાજેતરમાં જ બન્યા હતા. તેથી એ કોમે આ બાબતમાં હાથ ધોઈ નાખ્યા અને દાદાભાઈ બૅરિસ્ટર થવા વિલાયત જઈ શક્યા નહિ !

આ વિચાર પડતો મુકાતાં દાદાભાઈએ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં મદદનીશ હેડમાસ્તરની જગ્યા સ્વીકારી લીધી. તે સંસ્થા તરફથી ગણિતમાં પ્રવીણતા મેળવવા માટે તેમને સુવર્ણ ચંદ્રક આપવામાં આવ્યો.

અહીં દાદાભાઈએ મન દઈને એવું અસરકારક શિક્ષણકાર્ય કર્યું કે, એ સંસ્થામાં ગણિતના યુરોપિયન પ્રોફેસરના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર એમને નીમવામાં આવ્યા.

પ્રોફેસર તરીકે નિમાનાર હિંદીઓમાં દાદાભાઈ સૌ પ્રથમ હતા.

દાદાભાઈને પ્રોફેસરનું સ્થાન ગૌરવવંતું લાગતું હતું. મોટપણે તેઓ કહેતા : 'બધાં માન-અકરામોમાં પ્રોફેસર પદનું માન મને સૌથી વહાલું છે. હજી પણ મારા વિદ્યાર્થીઓ મને "પ્રોફેસર દાદાભાઈ" કહીને બોલાવે છે, ત્યારે મારું દિલ આનંદથી ભરાઈ જાય છે.'

દેશની યુવાન પેઢીને ઘડવાનું કાર્ય પ્રોફેસરો સરળતાથી કરી શકે એમ છે. દાદાભાઈએ 'સાદું જીવન અને ઉદાત્ત વિચારો' એ સિદ્ધાંત અનુસાર જીવન જીવીને યુવાન વિદ્યાર્થીઓના જીવનમાં 'ગુરુ'નું ગૌરવભર્યું સ્થાન મેળવ્યું હતું. ડૉ. રામકૃષ્ણ ભાંડારકર જેવા મહાપ્રતિભાશાળી એમના વિદ્યાર્થીઓ એમને જીવનભર યાદ કરતા હતા. ડૉ. ભાંડારકર કહેતા : 'દાદાભાઈની જ્ઞાનસંપન્ન શિક્ષણપદ્ધતિ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની માયાળુતા અમને હંમેશાં યાદ રહી ગયાં છે.'

દાદાભાઈના જીવનની સાદાઈ, અણીશુદ્ધ ચારિત્ર્ય, પ્રેમાળ વર્તન અને પ્રતિભા-સંપન્ન છતાં નમ્ર અધ્યાપનકળાથી મુગ્ધ બની કેટલાય વિદ્યાર્થીઓએ પોતાના જીવનને સ્વચ્છંદતાથી અને નબળાઈઓથી બચાવી લીધું હતું. આવા મહાન વિદ્યાગુરુ પાસે ભણવા મળ્યું એને તેઓ પોતાનું પરમ સદ્ભાગ્ય માનતા હતા.

## જનસેવાની દીક્ષા

દાદાભાઈ કૉલેજમાં ભણતા હતા, તે વખતથી જ એમના મનમાં જન-સમાજે એમના જેવા સાવ ગરીબ વિદ્યાર્થીને ભણાવવા જે કંઈ સહાય કરી, એનું ઋણ સમાજની એક યા બીજી રીતે કંઈક સેવા કરીને વાળી આપવાની ભાવના દૃઢ થતી જતી હતી. આ વાતનો ઉલ્લેખ કરીને દાદાભાઈએ મોટપણે લખ્યું છે :

'હું જેમ જેમ આગળ ભણતો ગયો, તેમ તેમ જુદી જુદી દિશામાં મારા વિચારો ઘડાતા ગયા. મને સમજાયું કે, હું જે કેળવણી લઈ રહ્યો છું એ મારા જેવા કેટલાય ગરીબોને ભોગે છે. વળી શ્રીમંત કામા કુટુંબના એક સુપુત્ર મારા સહાધ્યાયી હતા. એ મને જોઈતાં પુસ્તકોની સહાય કરતા હતા.

'પછી સમય જતાં મારા મનમાં આ વિચાર વધારે ને વધારે મજબૂત બનતો ગયો. મને થયું, હું જે શિક્ષણ પામ્યો છું અને એ શિક્ષણ દ્વારા મને જે બધા લાભો મળવા લાગ્યા છે, એ બધાનું શ્રેય જનસમાજને ફાળે જાય છે. તેથી જનસમાજનું જે કંઈ ઋણ મારા ઉપર ચડેલું છે, એ મારે સારામાં સારી રીતે અદા કરવું જોઈએ. જનસેવા અર્થે મારે મારું જીવન સમર્પણ કરવું જોઈએ.'

અને વિદ્યાર્થીકાળ દરમિયાન જ દાદાભાઈએ એ દિશામાં ઝુકાવ્યું. સાહિત્ય અને વિજ્ઞાનનો અભ્યાસ તથા ચર્ચાવિચારણા કરવા માટે તેમણે એક વિદ્યાર્થી-મંડળ સ્થાપ્યું. આ 'સ્ટુડન્ટ્સ સોસાયટી'ને લોકો 'સિસોટી' કહેતા.

એ મંડળમાં એક વાર 'સ્ત્રી-કેળવણી' વિશે નિબંધ વંચાયો. તે સમયે સ્ત્રી-કેળવણી જેવું કશું હતું જ નહિ. એટલે આ નિબંધ વાંચનારે છેવટે પ્રશ્ન પૂછ્યો : 'આપણે ઘણું બોલ્યા. હવે બોલવાની નહિ, પણ કામ કરવાની જરૂર છે. તમે બધા તૈયાર છો ?'

બધાએ એકી અવાજે હા કહી. એટલે એવો નિર્ણય કરવામાં આવ્યો કે, 'અહીં હાજર રહેલા એકેએક વિદ્યાર્થીએ એક એક કન્યા કે મોટી ઉંમરની સ્ત્રીને ભણાવવાનું કબૂલ કરવું.'

ત્યારથી દાદાભાઈ વગેરે મિત્રોએ સ્ત્રી-કેળવણીની ઝુંબેશ ઉઠાવી અને આપણ દેશમાં સ્ત્રી-કેળવણીનો પ્રારંભ થયો.

આગળ જતાં દાદાભાઈએ 'ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળ' સ્થાપ્યું. તેએ એના પ્રમુખ હતા. એ મંડળે 'રાસ્ત ગોફ્તાર' એટલે કે સત્યવક્તા નામનુ અઠવાડિક પણ શરૂ કર્યું. આ પત્ર દ્વારા દાદાભાઈએ 'બાળલગ્ન' તેમ જ બીજા ખોટા વહેમો અને રિવાજો સામે ઝુંબેશ ઉઠાવી હતી.

## વેપારમાં પણ સચ્ચાઈ પહેલી

થોડાં વર્ષો પછી દાદાભાઈના કામા વગેરે મિત્રોએ લંડનમાં વેપારી પેઢી કાઢવાનો વિચાર કર્યો. આ પહેલાં વિલાયતમાં કોઈ હિંદી પેઢી નહોતી. દાદાભાઈને એ મિત્રોએ પેઢીમાં જોડાવાનું અને લંડનની પેઢીનું કામ સંભાળવાનું કહ્યું. એટલે દાદાભાઈ 'કામા એન્ડ કંપની'માં જોડાયા અને ઈ. સ. ૧૮૫૫માં ત્રીસ વર્ષની વયે વિલાયત ગયા.

વિલાયતની આ પેઢી મારફત મુંબઈની એક પેઢી સીવવાના દોરાની રીલ મગાવતી હતી. એક વાર દાદાભાઈને વહેમ ગયો કે, આ કારખાનું રીલમાં શરત પ્રમાણે નક્કી કરેલી લંબાઈ જેટલો દોરો આપતું નથી. એટલે દાદાભાઈએ એની ચોકસાઈ કરવા કેટલીક રીલ ઘેર લઈ જઈને મોડી રાત સુધી જાગીને એમાંના દોરાને માપી જોયા. એમને જણાયું કે કેટલીક રીલમાં સો વારને બદલે એંશી વાર દોરો છે! એની જાણ થતાં દાદાભાઈએ પોતાના બીજા ભાગીદારને આ વાત જણાવીને કહ્યું: 'આપણે આ બધી રીલનો ઑર્ડર રદ કરવો જોઈએ.'

ભાગીદારે કહ્યું: 'એની આપણે શી પંચાત? દોરો ઓછો માલૂમ પડે તો મગાવનારો કારખાના પર ફરિયાદ કરશે.'

દાદાભાઈ બોલ્યા: 'પણ એ આપણા વિશ્વાસે મગાવે છે ને? દોરો ઓછો ભરાય છે એની ખાતરી થયા પછી એવી રીલ આપણાથી કેમ મોકલાય?'

પરંતુ કંપનીને દાદાભાઈ અવ્યવહારુ લાગ્યા! દાદાભાઈને આ ગમ્યું નહિ.

## નફો લેવાની ના પાડી

વળી આ કામા કંપની બીજી ચીજો સાથે દારૂનો અને અફીણનો પણ વેપાર કરતી હતી. એ વેપાર ધમધોકાર ચાલતો હતો અને એમાં નફો પણ ખૂબ થતો હતો.

દાદાભાઈને આ વાતની ખબર પડી, ત્યારે તેમને અત્યંત દુઃખ થયું. અફીણ અને દારૂ જેવી કેફી વસ્તુઓ માણસોને ઇન્સાનમાંથી સેતાન બનાવનારી, આખા કુટુંબની બરબાદી નોતરનારી કહેવાય. આવી ચીજોનો વેપાર કરી, એ ચીજો લોકોને વેચી, તેમની જિંદગી પાયમાલ કરી એમાંથી થતો નફો પોતાના ખીસામાં નાખવા દાદાભાઈનો જીવ શી રીતે ચાલે?

દાદાભાઈએ તરત જ ખુરશેદજી કામાને ગુજરાતીમાં પત્ર લખી આ બાબતનો ઉલ્લેખ કરી જણાવ્યું: 'આવા સોદાઓમાંથી થનારો નફો ન લેવાનો મેં નિર્ણય કર્યો છે.'

કામા શેઠ તો આ વાંચીને નવાઈ પામ્યા. તેમને થયું, ખરેખર દાદાભાઈ તો ઓદાયના માણસ છે! દુનિયામાં આવું બધું ચાલ્યા જ કરે. તેમણે તરત જ દાદાભાઈને વ્યવહાર સમજાવતાં લખ્યું :

'કૉલેજના પ્રોફેસરોને અને બીજા અમલદારોને સરકાર પગારો આપે છે, તેનાં નાણાં કયાંથી આવે છે, તે જાણો છો? દારૂ-અફીણના વેપારમાંથી.

'સરકારની આ આવકમાંથી પ્રોફેસર તરીકે તમે પગાર નહોતા લેતા? વેપાર છોડીને સરકારી નોકરીમાં પાછા જશો તો જે વેપાર સામે અત્યારે નાકનું ટીચકું ચડાવો છો તે જ બદીની આવક ઉપર વળી પાછા નહિ જીવો શું? આપણી પેઢી અફીણનો વેપાર નહિ કરે, તો એ બંધ થોડો જ થવાનો છે? તમને જે ન ખપે તેનો વેપાર બીજાઓ કર્યા વગર થોડા જ રહેવાના?'

પરંતુ દાદાભાઈ પોતાના નિર્ણયને વળગી રહ્યા. છેવટે આ તેમ જ બીજા વિચારભેદોને કારણે દાદાભાઈ કામા કંપનીમાંથી છૂટા થઈ ગયા. પરંતુ કામા કુટુંબ સાથે પહેલાંના જેવો જ મીઠો અને ગાઢ સંબંધ રહ્યો.

## દાદાભાઈની દાનાઈ

કામાની પેઢીમાંથી છૂટા થઈ દાદાભાઈએ પોતાની સ્વતંત્ર પેઢી કાઢી.

એક વાર ચીન સાથે વેપાર કરતી હિંદની એક પેઢીએ દાદાભાઈ મારફત ચાર મોટાં જહાજો વેચાતાં લીધાં.

જહાજ બનાવનારી કંપનીએ દાદાભાઈને પાંચ ટકા કમિશન આપવાની વાત મૂકી.

દાદાભાઈએ કહ્યું : 'જહાજો ખરીદનાર મને કમિશન આપે છે; જહાજ વેચનારની પાસેથી મારાથી કમિશન ન લેવાય. તમે એટલી રકમ માલની કિંમતમાંથી કાપી નાખો.'

કંપનીના સંચાલકે જણાવ્યું : 'આ રીતે કમિશન આપવાનો અમારો રિવાજ છે.'

એ સાંભળી દાદાભાઈ કહે : 'એ કમિશન નથી, લાંચ છે! અને લાંચ લેવાનો મારો રિવાજ નથી.'

જહાજ બનાવનારી કંપનીના સંચાલકો દાદાભાઈનો જવાબ સાંભળી મુગ્ધ બની ગયા. આ રીતે સાચનો વેપાર કરનાર માણસ એ લોકોને ફિરસ્તા જેવો

જ લાગ્યો. સંચાલકોએ દાદાભાઈના કહેવા મુજબ જહાજોની કિંમત પાંચ ટકા ઓછી કરી નાખી. આમ દાદાભાઈએ જહાજ ખરીદનાર પેઢીને ફાયદો કરી આપ્યો.

લંડનમાં દાદાભાઈનો એક મિત્ર વેપાર કરતો હતો. તેને સટ્ટો રમવાની બૂરી ટેવ પડી હતી. એક વાર તે સટ્ટામાં ભારે ખોટમાં આવી પડ્યો. દાદાભાઈને આ વાતની જાણ થતાં તે તરત જ મિત્રની વહારે દોડી ગયા. તે એના જામીન થયા.

તેથી દાદાભાઈને પેલા મિત્રનું દેવું ભરવું પડ્યું. લેણદારો ચોપડા લઈને દાદાભાઈને ત્યાં આવી પહોંચ્યા. દાદાભાઈએ પાઈએ પાઈ ચૂકવી આપી. એથી દાદાભાઈની પેઢીને ખોટ સહન કરવી પડી.

એક વાર મુંબઈનો એક વેપારી નાણાંની ભીડમાં આવી પડ્યો. આ વાતની જાણ થતાં મિત્રોએ દાદાભાઈને ચેતવ્યા કે, 'એની હૂંડી સ્વીકારશો નહિ. નહિ તો તમને ભારે ખોટ સહન કરવી પડશે.'

દાદાભાઈએ એની હૂંડીઓ સ્વીકારવાનું એ વેપારીને ક્યારનું વચન આપી દીધું હતું. તેમણે એ મિત્રોની વાત સ્વીકારી નહિ અને વચનને દાદાભાઈ વળગી રહ્યા. તેમણે એ વેપારીની હૂંડી સ્વીકારી લીધી.

પરિણામે દાદાભાઈની પેઢીને ભારે ખોટ સહન કરવી પડી! દાદાભાઈએ પોતાના લેણદારો આગળ હિસાબ વગેરે નિખાલસતાથી રજૂ કરી દીધા. એમની સચ્ચાઈ અને પ્રામાણિકતામાં સૌને વિશ્વાસ હતો. દાદાભાઈએ મિત્રોની મદદથી અને લોનથી બચ્યાનું દેવું ભરપાઈ કરી આપ્યું. પછી બધું કામકાજ સમેટીને દાદાભાઈ મુંબઈ પાછા ફર્યા.

## દાદાભાઈનો ઘરસંસાર

દાદાભાઈ અગિયાર વર્ષના હતા, ત્યારે તેમનાં માતુશ્રીએ એમનાં લગ્ન સાત વર્ષનાં ગુલબાઈ સાથે કર્યાં હતાં. પોતાનો એકનો એક દીકરો આ રીતે ઠેકાણે પડી ગયો, તેથી તે વખતે માતા માણેકબાઈના જીવને નિરાંત વળી હતી. પરંતુ આગળ જતાં પોતે આવું ઉતાવળિયું પગલું ભરીને કેવી ભારે ભૂલ કરી હતી, એનું ભાન થતાં માતાને ખૂબ પસ્તાવો થવા લાગ્યો.

વાત એમ હતી કે, દાદાભાઈ ભણીગણીને પ્રોફેસર થયા હતા, પરંતુ એમનાં પત્ની ગુલબાઈ તો સાવ અભણ હતાં! વળી ગુલબાઈ દેખાવડાં પણ નહોતાં. કદાચ આ બધું નભાવી લેવાય. રૂપ ન હોય, શિક્ષણ ન હોય, પણ સંસ્કારી સ્ત્રી હોય, પ્રેમાળ હોય, ઘરનો બધો કારભાર શાંતિથી અને મિલનસાર રીતે ચલાવતી

હોય, તો માણસનું જીવનનાવ સંસારસાગરમાં સરળતાથી વહી શકે. પરંતુ અધૂરામાં પૂરું ગુલબાઈ બોલવામાં તથા રીતભાતમાં કઢંગાં હતાં. વાતવાતમાં તે છંછેડાઈ જતાં અને એલફેલ બોલીને ભલભલાનું અપમાન કરી નાખતાં!

દાદાભાઈ તો દરિયાવ દિલના હતા. સાચા અર્થમાં શિક્ષક હતા. સ્ત્રી-કેળવણીના પ્રખર હિમાયતી હતા. એટલે આમ હિંમત હારે એવા નહોતા. અંગ્રેજીમાં પેલી કહેવત છે ને! 'ચેરિટી બિગિન્સ એટ હોમ'—કોઈ પણ સારા કામની શરૂઆત ઘરઆંગણેથી જ કરવી. ઘરમાં અંધારું હોય અને બહાર બીજાને ત્યાં અજવાળું કરવા દોડવું, પોતાના ઘરનાં માણસો અભણ હોય અને બહાર કેળવણીની ઝુંબેશ ચલાવવી, એ દાદાભાઈને આત્મવંચના લાગતી. એટલે દાદાભાઈએ ખૂબ ધીરજથી અને પ્રેમથી ગુલબાઈને અક્ષરજ્ઞાન આપવા અને કેળવવા તનતોડ પ્રયાસો કર્યા. પરંતુ ગુલબાઈએ અભ્યાસ માટે જરાસરખીય રુચિ દાખવી નહિ! તે વાંચતાં લખતાં શીખ્યાં જ નહિ!

દાદાભાઈએ પડ્યું પાનું નિભાવી લીધું. આ કજોડાની સ્થિતિએ તેમના મનની શાંતિને કોઈ રીતે ક્ષુબ્ધ થવા દીધી નહિ. તેમણે ગુલબાઈને નિષ્ઠાપૂર્વક જીવનસંગિની તરીકે જાળવી રાખવામાં જરાયે કચાશ આવવા દીધી નહિ; પ્રસન્ન દાંપત્યની અધૂરી રહી ગયેલી ઇચ્છાને પૂર્ણ કરવા તેમણે પોતાના સ્નેહને અન્ય પાત્ર તરફ વળવા દીધો નહિ. આ બાબતમાં તેઓ પૂરેપૂરા સભાન રહેતા હતા.

પરંતુ માતાજી માણેકબાઈના મનમાં ભારે વસવસો હતો. પ્રોફેસર પુત્રની આવી અભણ પત્ની કંઈ શોભે ખરી? પોતે સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા બાળવયે પોતાના પુત્રને જ્યાં ત્યાં પરણાવી દઈને કેવી ભારે ભૂલ કરી નાખી છે, એનું માણેકબાઈને ખૂબ મનદુઃખ થતું હતું.

એટલે માણેકબાઈ ઘણીવાર દાદાભાઈને કહેતાં કે, એમની ઇચ્છા હોય તો એમને અનુકૂળ એવી કન્યા સાથે એમનાં બીજાં લગ્ન ગોઠવીએ. પરંતુ દાદાભાઈ આ બાબતમાં નામરજી બતાવતા.

એક વાર માતાજીએ આ બાબતમાં ખૂબ દબાણ કર્યું. દાદાભાઈના મામા દ્વારા પણ પ્રયત્ન કરી જોયો. એટલે દાદાભાઈ માણેકબાઈ પાસે જઈને શાંત અવાજે બોલ્યા:

'માયજી, એક વાત સાંભળી લો. તમે મને ભણાવ્યો ગણાવ્યો ને આજે મારી પત્ની અભણ છે. પરંતુ ઘડીભર વિચારો કે, એથી ઊલટી સ્થિતિ હોત: મારી સ્ત્રી ભણેલીગણેલી હોત ને હું સાવ અભણ ગમાર પતિ હોત, તો શું તમે મારી

પત્નીને બીજા કોઈ ભણેલાગણેલા માણસ સાથે લગ્ન કરવા છૂટ આપત ખરાં કે?'

માયજી શો જવાબ આપે? તે દિવસથી માણેકબાઈએ આગ્રહ કરવાનું છોડી દીધું.

હવે દાદાભાઈ ઇંગ્લેંડ હતા, ત્યારે તેમના નિવાસની સામે ડૉ. આર્ચર નામના અંગ્રેજ તબીબનું ઘર હતું. તેમને ત્રણ સુશિક્ષિત અને સુસંસ્કારી પુત્રીઓ હતી. દાદાભાઈ વખતોવખત એ કુટુંબમાં જતા.

આ પરિચય દાદાભાઈના કેટલાક ઓળખીતા પારસીઓને ન ગમ્યો. ઇંગ્લેંડમાં એવી અફવાઓ ફેલાઈ કે દાદાભાઈ વટલાઈને ખ્રિસ્તી બની જવા માગે છે અને ડૉ. આર્ચરની એકાદ દીકરી સાથે પરણવાનું ગોઠવે છે!

આ અહેવાલ મુંબઈમાં દાદાભાઈનાં માતાને કાને પહોંચ્યો. માતા ખૂબ વ્યથિત થયાં અને ખૂબ ગુસ્સે પણ થયાં. તેમણે દાદાભાઈને તરત જ કાગળ લખીને ઊધડો લેતાં લખ્યું:

'બીજી પત્ની કરી લેવા તને સમજાવવા મેં ઓછો પ્રયત્ન નથી કર્યો, પણ તેં તોરીમાં ને તોરીમાં મારી વાત કાને ધરી નહિ. હવે એક અંગ્રેજ છોકરીને પરણવાનું તું વિચારે છે! અને એમ કરીને આપણા કુટુંબને તારે કલંક લગાડવું છે?'

ઇંગ્લેંડમાં માતાજીનો આ પત્ર મળતાં દાદાભાઈને ભારે આઘાત લાગ્યો. તેમનું ગૌરવ હણાતું હતું, એટલું જ નહિ પણ પોતાની પત્ની તેમ જ માતાનાં સુખ અને મનની શાંતિ હોડમાં મુકાતાં હતાં. આ વેળા તેમની ઉમર ૩૮ વર્ષની હતી.

દાદાભાઈ સીધા પી. ઍન્ડ ઓ. આગબોટ કંપનીની ઑફિસે ગયા અને મુંબઈની ટિકિટ કઢાવી.

૧૮૬૩ની ૯મી સપ્ટેમ્બરનો દિવસ, રાતના બાર વાગ્યા હતા.

મુંબઈમાં દાદાભાઈ પરિવારના ઘરને બારણે એક આગંતુકે ટકોરા માર્યા.

માણેકબાઈ અને ગુલબાઈ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં. કુટુંબના કારભારીએ ટકોરા સાંભળ્યા.

'કોણ છો?' કારભારીએ પૂછ્યું.

'હું દાદાભાઈ છું.' જવાબ મળ્યો.

'શું ?' અંદરથી કારભારી ગર્જી ઊઠ્યો, 'પાજી ! ઇંગ્લેંડમાં બેઠેલા દાદાભાઈનું નામ લેવાની તું હિંમત કરે છે? ચાલ્યો જા, નહિતર તારાં હાડકાં ખોખરાં કરી નાખીશ !'

'માકુ!' આવનારે મૃદુભાવે પેલા કારભારીને એના નામથી બોલાવ્યો, 'મહેરબાની કરીને બારણું ખોલ !'

'માકુ' શબ્દ કાને પડતાં જ કારભારીએ જલદી જલદી બારણાં ખોલી નાખ્યાં અને હર્ષઘેલા બનીને દાદાભાઈને બાથમાં લઈ લીધા.

પછી માતા–પુત્રનું મિલન થયું અને એ બાદ પતિ અને પત્નીનું. બધાંની આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસવા લાગ્યો.

થોડી મિનિટમાં જ દાદાભાઈએ બધી ગેરસમજણ દૂર કરી દીધી.

દાદાભાઈ હજીય એમનાં વહાલાં માયજીના એના એ જ નિષ્કલંક પુત્ર હતા અને પોતાની દુભાયેલી પત્નીના એના એ જ વફાદાર પતિ હતા.

સૌનાં દિલ હળવાં થઈ ગયાં.

× × ×

અહીં આપણે દાદાભાઈના પરિવારમાં જરા ડોકિયું કરી લઈએ. પછી એમનું જાહેર જીવન એવું વિસ્તરતું ગયું કે એની વાતોમાં આ અંગે વચ્ચે વિચારવું બરોબર નહિ ગણાય.

દાદાભાઈને ત્યાં ઈ. સ. ૧૮૫૯ માં પુત્રનો જન્મ થયો હતો. ત્યાર પછી એક દીકરીનો જન્મ થયો હતો.

ઈ. સ. ૧૮૬૫ની ૨૯ મી એપ્રિલે દાદાભાઈ ઇંગ્લેંડ ગયા, ત્યારે પોતાનાં માતુશ્રીને, પત્નીને અને અરદેશર તથા શિરીન એ બે સંતાનોને પણ પોતાની સાથે લઈ ગયા હતા.

દાદાભાઈ પોતાનાં સંતાનો ઉપર ખૂબ હેત રાખતા હતા. બાળકો સાથે તેઓ ગમ્મત કરતા હતા, રમતા હતા, મજાની વાર્તાઓ કહેતા હતા અને એમનાં જીવનને કેળવવાની પણ કાળજી લેતા હતા.

અરદેશર આગળ જતાં ડૉકટર થયો હતો.

દાદાભાઈને ત્યાં શિરીન પછી બીજી દીકરીનો પણ જન્મ થયો હતો. એનું નામ માકી પાડ્યું હતું.

ત્રણે બાળકો મોટાં થતાં લગ્ન કરીને પોતાના સંસારમાં ગોઠવાઈ ગયાં હતાં.

ડૉ. અરદેશરને ત્રણ પુત્રો અને પાંચ દીકરીઓ હતાં. આમ દાદાભાઈ સાચા અર્થમાં પણ 'દાદા' બન્યા હતા.

ઈ. સ. ૧૮૭૫ માં દાદાભાઈનાં વહાલસોયાં માતુશ્રી માણેકબાઈનું અવસાન થયું હતું. ઈ. સ. ૧૮૯૫ માં એમના એકના એક દીકરા ડૉ. અરદેશરનું અવસાન થયું. એથી દાદાભાઈને ભારે આઘાત લાગ્યો હતો. છતાં તેમણે દેશસેવાનું કામ એટલી જ ધગશથી ચાલુ રાખ્યું હતું.

## ઇંગ્લૅંડમાં સ્વદેશ–સેવા

દાદાભાઈ હિંદમાં હતા ત્યારથી ૧૮૫૨થી રાજકારણમાં રસ લેતા હતા. તે વખતે તેઓ કૉલેજમાં પ્રોફેસર હતા, તોપણ તેમને રાજકારણમાં રસ લેતાં સંકોચ થયો નહિ.

૧૮૫૩માં હિંદ ઉપર પોતાનું શાસન જમાવી બેઠેલી ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો પટો પૂરો થતો હતો. એની મુદત વધારવાની વાત થતી હતી. તેથી દેશમાં એની સામે આંદોલન ચલાવવાનું ગોઠવાઈ રહ્યું હતું. ૧૮૩૩માં કંપનીને છેલ્લો પટો અપાયો, ત્યારે તેમાં એક કલમ હતી કે, કોઈ પણ ભારતવાસીને એના રંગ, ધર્મ કે બીજા કારણે સરકારી અધિકારીના કોઈ સ્થાનથી વંચિત રાખી શકાશે નહિ. પરંતુ આ કલમનો અમલ થતો ન હતો.

આ પરિસ્થિતિમાં લોકોની માગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવાના હેતુથી ૧૮૫૨ના ઑગસ્ટની ૨૬મી તારીખે મુંબઈમાં એક સભા મળી એ સભામાં મુંબઈ એસોસિયેશન નામની સંસ્થા સ્થાપવામાં આવી.

રાજકીય પ્રશ્ન ઉપર દાદાભાઈનું પહેલું ભાષણ આ સભામાં અપાયું હતું. એમાં એમણે જે રાજકીય વિચારણા રજૂ કરી એ એમની જીવનભરની રાજકીય શ્રદ્ધા રહી. આ સભા ઐતિહાસિક છે, કારણ કે આપણા દેશમાં મળેલી એ પહેલી રાજકીય જાહેર સભા હતી.

ઇંગ્લૅન્ડમાં દાદાભાઈ વેપાર અર્થે ગયા હતા ખરા, પરંતુ ત્યાં પણ ભારતની પ્રજાની ફરિયાદ રજૂ કરવાની એક પણ તક તેઓ ગુમાવતા નહિ. ઇંગ્લૅન્ડમાં જે વિદ્યાર્થીઓ ભારતથી અભ્યાસ કરવા જતા, તેમને દાદાભાઈ પૂરી મદદ કરતા. એમની ફરિયાદોનો ઉકેલ લાવવામાં તેઓ હંમેશાં મદદરૂપ થતા. પછી વેપાર વગેરે બધું છોડીને દાદાભાઈ પોતાનો બધો વખત દેશસેવામાં આપવા લાગ્યા.

તે વખતનું ગાંધીજીએ આપેલું ચિત્ર દાદાભાઈને સમજવામાં ઉપયોગી નીવડે એવું છે. ગાંધીજી જણાવે છે :

‘દાદાભાઈ ઇંગ્લૅન્ડમાં મોજ કરવા, રમતો રમવા કે નાટકો જોવા નહિ, પણ હિંદની સેવા કરવા રહ્યા હતા. ત્યાં તેમની દેખરેખ હેઠળ હિંદી વિદ્યાર્થીઓ ઘણી મોટી સંખ્યામાં હતા, અને તેમના વાલી તરીકે તેમના પર ધ્યાન આપતા હતા.

'પણ જો દાદાભાઈએ એટલું જ કામ કર્યું હોત, તો હિંદીઓ તેમને કદી યાદ કરત નહિ. દાદાભાઈ પોતે કદી ગામડાંમાં ગયા નહોતા. પરંતુ તેમનું હૃદય એવું વિશાળ હતું કે તેમાં ગરીબ ગામડિયાને પણ સ્થાન મળ્યું હતું. એમના એ વિશાળ હૈયામાં હિંદની તમામ કોમોને સ્થાન હતું, એટલું જ નહિ પરંતુ ગરીબમાં ગરીબને પણ તેઓ યાદ કરતા હતા.

'તેઓ જાણતા હતા કે, ગરીબ ગામડિયાઓ બોલી શકે એમ નથી. અને એમનો અવાજ આ દેશના રાજકર્તાઓના કાન સુધી તેઓ પહોંચાડવા માગતા હતા. તેઓ એ પણ જાણતા હતા કે, ગરીબ ગામડિયાઓ એક ટંકનું પેટ પૂરતું ભોજન પણ પામતા નથી, ત્યાં ઘી અને દૂધની તો વાત જ શી કરવી ? દાદાભાઈએ ૩૦ કે ૪૦ વરસ પહેલાં જે કહ્યું હતું તે આજે પણ એટલું જ સાચું છે. તેઓ જાણતા હતા કે, હિંદીઓનો મોટો ભાગ જ્યાં સુધી હાડપિંજર જેવો અને કેવળ હાડકાંના માળખા જેવો હશે ત્યાં સુધી તેઓ કશું મેળવી શકવાના નથી.'

વિલાયતમાં રહીને દાદાભાઈએ જોયું કે, હિંદ પર રાજ્ય કરતી અંગ્રેજ પ્રજા હિંદની ખરી હાલત વિષે કશું જ જાણતી નથી ! તેથી તેમણે 'ઇસ્ટ ઇંડિયા એસોસિયેશન' નામની સંસ્થા સ્થાપી એ સંસ્થામાં વિલાયતમાં વસતા હિંદીઓ અને હિંદના ભલામાં રસ લેતા નિવૃત્ત અંગ્રેજ અમલદારો તથા ગવર્નરો ભાગ લેતા. ઉપરાંત, દાદાભાઈએ વિલાયતમાં ફરીને, વ્યાખ્યાનો દ્વારા પણ લોકોને હિંદની ખરી સ્થિતિ વિશે પરિચિત કરવા માંડયા.

દાદાભાઈએ હિંદની ગરીબાઈ ઉપર અભ્યાસપૂર્ણ પુસ્તક લખી પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકે ભારે ખળભળાટ મચાવી દીધો. દાદાભાઈએ કરેલી આપણા દેશની મોટામાં મોટી સેવા એ જ છે. ત્યાર સુધી લોકો તો એમ જ માનતા કે હિંદમાં અંગ્રેજી રાજ થવાથી લોકો પૈસેટકે આબાદ થયા છે. દાદાભાઈએ સરકારી જમા-ખર્ચના હિસાબો તથા આખી રાજનીતિનું બારીક અધ્યયન કર્યું, અને તે પરથી તેમણે શોધી કાઢ્યું હતું કે, દુનિયામાં આપણો દેશ અતિ ગરીબ છે; આપણી માથાદીઠ સરાસરી વાર્ષિક આવક (એ દિવસોમાં) માત્ર વીસ રૂપિયા જ છે ! ઉપરથી રૂડારૂપાળા લાગતા આ રાજ્યમાં આપણો દેશ ધોવાતો જાય છે; અને એમ જો ચાલ્યા કરશે, તો થોડાંક વર્ષોમાં આપણે ધોળા પૂણી જેવા થઈ જઈશું !

દાદાભાઈની આ એક ભારે શોધ હતી. એ વાત આજે સૌ સ્વીકારે છે. પરંતુ જ્યારે દાદાભાઈએ ઈ. સ ૧૮૭૬માં અંગ્રેજીમાં એ વિશે લખીને એ વાત પહેલવહેલી જગત આગળ રજૂ કરી, ત્યારે સ્વાભાવિક રીતે અંગ્રેજ સરકારને તે ખૂંચી અને તેણે એનો વિરોધ કર્યો.

દાદાભાઈએ એની સત્યતા ખૂબ ધીરજથી સિદ્ધ કરી બતાવી. તેમને અંગ્રેજ પ્રજાનાં ન્યાયબુદ્ધિ અને સત્યપ્રેમ પર શ્રદ્ધા હતી. દાદાભાઈ માનતા કે, અંગ્રેજોને જો દલીલો દ્વારા વસ્તુસ્થિતિ સમજાવીએ, તો તેઓ સમજે અને સુધારવા મથે એવા છે. આ શ્રદ્ધાથી કામ કરતાં તેઓ, હિંદ દેશ ગરીબ થતો જાય છે, એ વસ્તુ બરોબર બતાવી શક્યા.

બ્રિટનની પાર્લામેન્ટમાં ચૂંટાઈ આવવાનો યશ દાદાભાઈને મળ્યો હતો. આ પહેલાં ત્યાંની પાર્લામેન્ટમાં કોઈ ભારતીય નાગરિક ચૂંટાયો ન હતો. આ માન સૌથી પ્રથમ દાદાભાઈને મળ્યું હતું.

વચગાળામાં દાદાભાઈ વડોદરાના મહારાજા મલ્હારરાવ ગાયકવાડના સમયમાં દીવાન તરીકે હતા. પરંતુ ત્યાંની ગંદી રાજખટપટથી કંટાળીને છૂટા થયા હતા.

## રાષ્ટ્રીય મહાસભામાં જીવનદાન

ઈ. સ. ૧૮૮૫માં મુંબઈમાં હિંદની રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. દાદાભાઈ તેના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા અને આ અખિલ હિંદ કોંગ્રેસ સંસ્થા દ્વારા જ તેમણે બાકીની આખી જિંદગી પોતાનું સેવાકાર્ય કર્યું.

ઈ. સ. ૧૮૮૬માં મહાસભાની બીજી બેઠક કલકત્તામાં મળી. દાદાભાઈને તેના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા. હિંદી મહાસભાનું પ્રમુખપદ એ દેશની પ્રજા તરફથી તેના સેવકને મળતું મોટામાં મોટું માન ગણાય.

છેલ્લું પ્રમુખપદ દાદાભાઈને ઈ. સ. ૧૯૦૬માં કલકત્તા કોંગ્રેસ વખતે મળ્યું હતું. આ વરસ હિંદના પ્રજાકીય ઇતિહાસમાં બંગભંગને કારણે અમર થયું છે.

લોર્ડ કર્ઝન તે વખતે હિંદના વાઈસરોય હતા. તેમણે રાજ્યવ્યવસ્થા બરોબર જાળવવાના બહાના હેઠળ બંગાળના બે ભાગલા પાડવાનું વિચાર્યું હતું. એમના આ પગલાથી લોકોમાં ભારે ખળભળાટ મચ્યો હતો. કોંગ્રેસમાં આ મુદ્દા પર મતભેદથી ભંગાણ પડે એવી પરિસ્થિતિ હતી. જો આમ થાય તો દેશની આ મહાન સંસ્થા તૂટી જાય. તેથી એમ થતું કોઈ પણ રીતે અટકાવવું જોઈએ. આ અઘરું અને અગત્યનું કામ દાદાભાઈ ઉપર નાખવામાં આવ્યું. દેશના સૌ લોકો એમની વરણીથી રાજી થયા. કેમ કે સૌને દાદાભાઈમાં પૂરી શ્રદ્ધા હતી.

## 'સ્વરાજ'નો પહેલો મંત્ર આપ્યો

દાદાભાઈએ લોકોની પસંદગીને સાચી ઠેરવી બતાવી. કલકત્તા કોંગ્રેસના મંચ પરથી જ પહેલવહેલો 'સ્વરાજ' શબ્દ એ મહર્ષિને મોઢેથી નીકળ્યો અને એ જાદુઈ શબ્દે આજ સુધી આપણને મંત્રમુગ્ધ રાખ્યા છે.

પ્રમુખ તરીકેનું દાદાભાઈનું વ્યાખ્યાન જીવનભરના પોતાના અનુભવોના નિચોડ સમાન, અથવા તો તેમણે નિવૃત્ત થતા પહેલાં દેશને માટે મૂકેલા આખરી વસિયતનામા સમાન છે.

એ ઐતિહાસિક વ્યાખ્યાનના અંતમાં દાદાભાઈએ ઉચ્ચારેલા શબ્દો આજે પણ આપણને પ્રેરણા આપી શકે એવા ભાવભર્યા અને દેશભક્તિથી ધબકતા છે. દાદાભાઈએ કહ્યું :

'હવે મારા આયુષ્યનાં જે થોડાં વર્ષો બાકી રહ્યાં છે, તેમાં હું કઈ કઈ શુભ વાતો જોવા પામવાનો છું, એ તો હું કાંઈ જાણતો નથી. પણ મારી માતૃભૂમિ અને મારા દેશબંધુઓ પ્રત્યે સ્નેહ અને ભક્તિના બે બોલ હું મૂકી જઈ શકું એમ હોય, તો કહું કે, એકતા સાધો, મંડયા રહો અને સ્વરાજ મેળવો, કે જેથી આજે જે લાખો માણસો દારિદ્રયથી, ભૂખમરાથી અને મહામારીથી મરણ પામે છે અને જે કરોડો માણસો અન્નને અભાવે ભૂખમરો વેઠે છે, તેઓ બચવા પામે, અને હિંદ ફરી એક વાર જગતની સર્વશ્રેષ્ઠ સુસંસ્કૃત પ્રજાઓમાં પોતાનું પુરાણકાળનું ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરે.'

## અંતિમ દિવસો

કોંગ્રેસની આ બેઠક પછી એમનું શરીર લથડતું ચાલ્યું. દાકતરોએ સલાહ આપી કે, હવે આરામ લેવો જોઈએ. એટલે હિંદની સેવામાં વયોવૃદ્ધ થયેલા આ મહાપુરુષ ૧૯૦૭માં ૮૨ વર્ષની ઉંમર બાદ, એક સુવિશાળ દેશવ્યાપી કુટુંબના દાદાને શોભે એ રીતે મુંબઈ પાસે આવેલા વરસોવામાં નિવૃત્તિપરાયણ જીવન ગાળવા લાગ્યા. પછી તો એ સ્થળ હિંદના દેશભક્તોનું યાત્રાસ્થાન બની ગયું. જ્યારે કંઈ મુશ્કેલી આવે કે ગૂંચ ઊભી થાય, ત્યારે દાદાભાઈ પાસે બધાં દોડતાં જાય. દાદાભાઈ પણ પોતાના અનુભવપૂત જ્ઞાનને આધારે સલાહસૂચનો આપતા.

જનસમાજ દાદાનો એકેએક જન્મદિવસ ઉમંગ ઉત્સાહથી ઊજવવા લાગ્યો.

દાદાભાઈની ૮૬ મી વર્ષગાંઠનો આ પ્રસંગ છે. જયંતીની ઉજવણીના માનમાં એક મોટો મેળાવડો ગોઠવવામાં આવ્યો હતો. દાદા પણ તેમાં હાજર હતા.

વાતચીત નીકળતાં 'સંત્સંગ' નામના એક પત્રના તંત્રીએ દાદાભાઈને પૂછ્યું :

'દાદાજી, આપ આટલા વૃદ્ધ હોવા છતાં હજી એક જુવાન જેટલા જ જોમવાન દેખાઓ છો. આપ શરીરનું આટલું સારું જતન કરવા કેવા નિયમો પાળો છો, એ અમને કહો તો સારું. કારણ કે, અમે પણ એ પરથી થોડુંઘણું શીખીએ.'

દાદાભાઈ મીઠું હસતા હસતા બોલ્યા :

'હું કદી દારૂ પીતો નથી; તમાકુ તથા માંસને કદી અડતો નથી; મસાલા કે અથાણાં કદી ખાતો નથી. વળી તમોગુણને ઉશ્કેરે એવી સંગતને તેમ જ આચારવિચારને મેં નાનપણથી જ તિલાંજલિ આપી છે.'

દાદાભાઈની ૯૧મી વર્ષગાંઠ આખા હિંદમાં ભારે દબદબા સાથે ઊજવાઈ. તે પછી દાદાભાઈએ પોતાનું અતિસમૃદ્ધ વિશાળ પુસ્તકાલય મુંબઈને અર્પણ કર્યું. પચાસ વર્ષ સુધી વિલાયતમાં રહીને ભેગાં કરેલાં અતિકીમતી અને ઉપયોગી પુસ્તકો એમાં હતાં.

એ વર્ષમાં જ મુંબઈ યુનિવર્સિટીએ જાહેર સમારંભ ગોઠવી દાદાભાઈને 'ડૉક્ટર ઑફ લૉઝ'ની માનદ પદવી અર્પણ કરી.

પછી તો ધીમે ધીમે દાદાભાઈની તબિયત કથળવા લાગી. અને ૩૦મી જૂન ૧૯૧૭ને રોજ ૯૨ વર્ષની વયે હિંદના દાદા દાદાભાઈ આ દુનિયા છોડીને ગયા!

વાયુવેગે દાદાભાઈના અવસાનના દુઃખદ સમાચાર બધે ફેલાઈ ગયા. સૌને ભારે દુઃખ થયું. દાદાભાઈ તો કહેતા: 'હું હિંદુ છું, હું મુસલમાન છું, હું પારસી છું; પણ એ બધા ઉપરાંત હું હિંદી છું.'

અને ખરેખર, દાદાભાઈને છેલ્લી વિદાય આપવા માટે હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી બધી જ કોમો અને ધર્મોના લોકો ઊમટી આવ્યા. મુંબઈની મલબાર ટેકરી પર આવેલા દખમા સુધી દાદાભાઈને વળાવવા આખા મુંબઈના લોકો ગયા હતા. હજારો લોકોનો એ શાંત-સમૂહ દાદાભાઈ પ્રત્યેનાં પ્રેમ અને કૃતજ્ઞતાનો મૂંગો એકરાર હતો.

લોકમાન્ય ટિળક મહારાજ, કાયદે આઝમ મહમદઅલી ઝીણા, શ્રીનિવાસ શાસ્ત્રી, સર ચંદ્રવાકર વગેરે મુંબઈના અગ્રગણ્ય દેશસેવકો દાદાભાઈની ભવ્ય સ્મશાનયાત્રામાં જોડાયા હતા.

આખા દેશે દાદાભાઈની પાછળ શોક કર્યો. આ અવસરે મહાત્મા ગાંધીજીના શબ્દો ગુંજી ઊઠે છે:

'જે પુરુષ અગર સ્ત્રીએ પોતાની ફરજ બજાવી હોય અને તે બજાવતાં મૃત્યુને શરણ થઈ હોય તેવી વ્યક્તિનું નામ કદી મરવાનું નથી. આપણે દાદાભાઈને આપણી વચ્ચે સદેહે જોતા નથી. અગર તો તેમનો મધુર અવાજ હવે આપણે સાંભળી શકીએ તેમ નથી, છતાં તેમનો આત્મા તો આપણી વચ્ચે જ છે.

'એ પવિત્ર પુરુષના જીવનમાંથી નિયમિતપણું, અનન્ય દેશભક્તિ, સાદાઈ, ગરીબાઈ અને અથાગ ઉદ્યોગનો પાઠ હું શીખ્યો છું અને મારા જેવા ઘણાયે શીખ્યા છે.

'જ્યાં સુધી હિંદુસ્તાનની હયાતી રહેશે, ત્યાં સુધી હિંદુસ્તાનની પ્રજા દાદાભાઈને પ્રેમપૂર્વક યાદ રાખશે, એ વિશે મને જરાયે શંકા નથી.'

'નામે દાદા, કામે દાદા, ભારતદાદા દાદાભાઈ;
નાનાંમોટાં સૌના દાદા, નામ અમર રહો દાદાભાઈ!'

*

# શ્રીમદ્ રાજચંદ્ર

'મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે. પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય, તો તે કવિશ્રીના જીવનમાંથી છે...ઘણા ધર્માચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં...તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે, તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.'

મહાત્મા ગાંધીજીએ પોતાની 'આત્મકથા'માં શ્રીમદ્ રાજચંદ્ર વિશે મુક્ત મને અને અહોભાવથી લખ્યું છે. ગાંધીજીના જીવન ઉપર પ્રભાવ પાડનાર શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન આપણને પણ ખરેખર પ્રેરણા આપનારું છે.

## જન્મ અને બાળપણના સંસ્કાર

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા વવાણિયા નામના ગામમાં સંવત ૧૯૨૪ (સને ૧૮૬૮)ના કારતક સુદ પૂર્ણિમાને સુમંગળ દિને થયો હતો. એમનું બાળવયનું નામ રાયચંદભાઈ હતું. એમના પિતાશ્રીનું નામ રવજીભાઈ પંચાણભાઈ મહેતા હતું અને માતુશ્રીનું નામ હતું દેવબાઈ.

શ્રીમદ્ બાળપણમાં વૈષ્ણવ તેમ જ જૈન ધર્મના સંસ્કારો પામ્યા હતા. એમના દાદાજી શ્રીકૃષ્ણના ભક્ત હતા. તેમની પાસે નાનપણમાં શ્રીમદે કૃષ્ણભક્તિનાં પદો સાંભળ્યાં હતાં. તેથી તેમને એ વયથી જ ઈશ્વર અને અવતારો પ્રત્યે ભક્તિ અને પ્રીતિ ઉત્પન્ન થયાં હતાં. રામદાસજી નામના એક સાધુ પાસે તેમણે કંઠી પણ બંધાવી હતી.

પરંતુ માતૃપક્ષે જૈન સંસ્કારોનું પ્રાબલ્ય હતું. માતુશ્રી દેવબાઈ આથી જૈન સંસ્કારો લાવ્યાં હતાં. વળી વવાણિયા ગામનાં બીજાં વણિક કુટુંબો પણ જૈન-ધર્મી હતાં. તેઓ બધાં વારંવાર બાળક રાજચંદ્રની સાથે ચર્ચા કરતાં અને કોઈ કોઈ વાર તેમની કંઠીની તથા ભક્તિ વગેરેની ઠેકડી પણ કરતાં. પરંતુ બાળક રાજચંદ્ર એ સૌ લોકોને પોતાના બુદ્ધિબળે યોગ્ય સમજણ આપવા મથતા.

એ અરસામાં જૈનોનાં 'પ્રતિક્રમણસૂત્ર' વગેરે ધર્મ–પુસ્તકો તેમના જોવામાં આવ્યાં. તેમાં બહુ વિનયપૂર્વક સર્વ જગત અને જીવથી મિત્રતા ઇચ્છી છે. તેથી તેમાં એમની પ્રીતિ થઈ. છતાં સ્વચ્છ રહેવાના તેમ જ બીજા આચાર–વિચાર તેમને વૈષ્ણવના પ્રિય હતા; અને તેમાં જગત્કર્તાની શ્રદ્ધા પણ ભળી હતી.

પરંતુ નાનપણથી જ વૈરાગ્યપ્રધાન એવું શ્રીમદ્ રાજચંદ્રનું ચિત્ત ભોગપ્રધાન વૈષ્ણવ સંપ્રદાય કરતાં ત્યાગપ્રધાન જૈન ધર્મ તરફ વધારે ને વધારે ખેંચાતું ગયું. તેમને ભોગપ્રધાન વૈષ્ણવ રીતરિવાજો જોઈને થઈ આવતું :

'જ્યાં સ્ત્રીઓ ભોગવવાનો ઉપદેશ કર્યો હોય; લક્ષ્મીલીલાની શિક્ષા આપી હોય; રંગરાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય, ત્યાંથી આપણા આત્માની સત્ શાંતિ નથી.'

આમ, તેર વર્ષની વય સુધીમાં શ્રીમદ્ રાજચંદ્ર જૈન ધર્મના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા હતા.

## જાતિ–સ્મરણ જ્ઞાન

સાત વર્ષની વયે શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં એક મહત્ત્વની ઘટના બની. વવાણિયામાં અમીચંદ નામના એક ગૃહસ્થ હતા. તે શ્રીમદ્ પર વહાલ રાખતા હતા. એક વખત તેમને સાપ ડસ્યો, તેથી તે તત્કાળ ગુજરી ગયા.

આ વાત સાંભળતાં બાળક રાજચંદ્ર દાદાજી પાસે ગયા. ગુજરી જવું એટલે શું એનો ખ્યાલ બાળકને નહોતો. એટલે તેમણે પૂછ્યું : 'દાદાજી, અમીચંદ ગુજરી ગયા કે?'

દાદાજીએ વિચાર્યું કે, એ વાતની બાળકને ખબર પડશે તો ભય પામશે. એ કારણથી તેમણે બાળકનું ધ્યાન બીજે દોરવા સારુ જમવા બેસવા કહ્યું અને બીજી આડી અવળી વાતો કરવા માંડી.

પરંતુ બાળકે ગુજરી જવા વિશે આ પહેલી જ વખત સાંભળેલું હોવાથી એ સમજવાની તીવ્ર જિજ્ઞાસા તેમને થઈ હતી; એટલે ફરી ફરી એ જ સવાલ તે કરતા રહ્યા. દાદાજીએ છેવટે થાકીને કહ્યું : 'હા, એ વાત ખરી છે.'

બાળકને એટલાથી કાંઈ ઓછો સંતોષ થાય? તેમણે પૂછ્યું : 'દાદાજી, ગુજરી જવું એટલે શું?'

દાદાજી કહે : 'તેમાંથી જીવ નીકળી ગયો, અને હવે તે હાલી, ચાલી કે બોલી શકે નહિ; વળી ખાવું, પીવું કશું કરી શકે નહિ. માટે તેને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે.'

પછી બાળક રાજચંદ્ર થોડી વાર ઘરમાં આમતેમ ફરીને છાનામાના તળાવે ગયા. ત્યાં પાળ ઉપરના બે શાખાવાળા બાવળ ઉપર ચડીને જોયું તો ખરેખર, ચિતા બળતી હતી! કેટલાક માણસો આસપાસ બેઠા હતા.

તે વખતે બાળકને વિચાર થયો કે, આવા સારા માણસને બાળી દેવો એ કેટલી ક્રૂરતા! આવું શા માટે થયું? આમ બાળક રાજચંદ્ર તીવ્રતાથી વિચારમાં ડૂબી ગયા હતા, એવામાં તેમના અંતરનો કશોક પડદો ખસી ગયો. તેમને માણસના જન્મજન્માંતરનું કાંઈક દર્શન થયું અને તે થોડા શાંત થયા.

આવો જ બીજો અનુભવ તેમને જૂનાગઢનો કિલ્લો જોવા ગયા હતા, ત્યારે ફરી વાર થયો હતો; અને ત્યારથી તેમને પુનર્જન્મ વિશે દૃઢ ખાતરી થઈ હતી.

## તેજસ્વી વિદ્યાર્થી

સાત વર્ષ પૂરાં થયા પછી બાળક રાજચંદ્રને નિશાળે બેસાડવામાં આવ્યા. તેમની સ્મરણશક્તિ એટલી તીવ્ર હતી કે, એક જ વાર પાઠ વાંચી જવાથી તેમને એ તદ્દન યાદ રહી જતો. તેમની એ યાદશક્તિને કારણે સામાન્ય બાળકોની પેઠે તેમને ઘેર વાંચી જવાની કાંઈ જરૂર પડતી નહિ. તેથી બહારથી તે અભ્યાસમાં પ્રમાદી લાગતા. શાળામાં શિખવાડતી વખતે શિક્ષક પાઠ વાંચી જાય તેટલાથી જ તેમને ચાલી જતું અને એ કારણે એક માસ જેટલો સમય પણ વીત્યો નહિ એટલામાં તો તેમણે આંક પૂરા કર્યા અને બે વરસ જેટલી મુદતમાં સાતે ચોપડી પૂરી કરી!

એટલી નાની ઉંમરથી જ રસિક વાતો અને કથાઓ જોડી કાઢી રસિક રીતે કહી બતાવવાની તેમનામાં શક્તિ હતી. આઠ વર્ષની વયથી કવિતા રચવાની તેમણે શરૂઆત કરી હતી જે પાછળથી તપાસતાં તેમને સમાપ લાગી હતી. આઠમા વર્ષની ઉંમર દરમ્યાન તેમણે ૫૦૦૦ કડીઓ રચેલી કહેવાય છે. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારત સંક્ષેપમાં પદ્યમાં રચ્યાં હતાં.

પહેલેથી જ શ્રીમદ્ સ્વભાવે બહુ સરળ અને પ્રેમાળ હતા. આવો પ્રખર બુદ્ધિશાળી, તેજસ્વી અને પ્રેમાળ વિદ્યાર્થી શિક્ષકો તેમ જ સહાધ્યાયીઓને પ્રિય થઈ પડયા વિના ન જ રહે. વિદ્યાર્થીઓનો તેમના ઉપર એટલો બધો પ્રેમ હતો કે, એક વખત કાંઈ કારણસર એક શિક્ષકે રાજચંદ્રને જરા ઠપકો આપ્યો. એટલે

બાજે દિવસે રાજચંદ્ર નિશાળે આવ્યા નહિ. વિદ્યાર્થીઓ રાજચંદ્રને શાળામાં ન જોતાં તેમને ઘેર ગયા અને તેમની સાથે દૂર ખેતરમાં ચાલ્યા ગયા. આ બાજુ શિક્ષક જ્યારે શાળામાં આવ્યા, ત્યારે કોઈને ન આવેલું જોઈ, તપાસ કરી, ખેતરમાં જ્યાં બધા બેઠા હતા ત્યાં આવ્યા અને રાજચંદ્રને સમજાવી નિશાળમાં પાછા લઈ ગયા.

નાનપણથી જ રાજચંદ્રમાં નવું જાણવાની, નવું સાંભળવાની અને નવું શીખવાની તથા તેના ઉપર મનન કરવાની ભારે ટેવ હતી. દશમે વર્ષે તો તે ઘણા વિષયો ઉપર છટાદાર રસિક ભાષણો આપતા. અગિયાર વર્ષની વયથી તેમણે ચોપાનિયામાં લેખ લખવા માંડયા હતા અને ઇનામી નિબંધો લખી યોગ્ય પારિતોષિકો પણ મેળવ્યાં હતાં. તે જ વર્ષે સ્ત્રી–કેળવણીની ઉપયોગિતા વિશે એક નિબંધ પણ તેમણે લખ્યો હતો.

તેર વર્ષની વયે રાજચંદ્ર અંગ્રેજીનો અભ્યાસ કરવા રાજકોટ ગયા. તેમણે અંગ્રેજી અભ્યાસ કેટલા વખત સુધી તથા કયાં સુધી કર્યો તેની કશી માહિતી મળી શકતી નથી. વળી આ જ વયમાં તેમણે નિયમથી ખાનગીમાં નવા નવા વિષયોનો અભ્યાસ કરવા માંડયો હતો અને પંદર વર્ષની વય સુધીમાં ઘણા વિષયો સંબંધી અદ્‌ભુત જ્ઞાન તેમણે મેળવ્યું હતું.

તેર વર્ષ પૂરાં થયા બાદ શ્રીમદ્દે પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું. ત્યાં પણ તેમણે ગમે તેમ રમતમાં કે પ્રપંચમાં વખત ગાળવાને બદલે પોતાનું વાચન–મનન ચાલુ જ રાખ્યું. એ સમય દરમ્યાન એમના અક્ષરની છટાથી કચ્છ–દરબારને ઉતારે તેમને લખવા માટે બોલાવતા હતા.

વળી નાનપણથી જ વ્યવહારમાં નીતિધર્મ ઉપર ભાર મૂકવાની તેમની નિર્મળ વૃત્તિ હતી. શ્રીમદ્ પોતે જણાવે છે :

'પિતાની દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે; અનેક પુસ્તકો વાંચ્યાં છે, રામ ઇત્યાદિનાં ચરિત્રો ઉપર કવિતાઓ રચી છે...છતાં કોઈને મેં ઓછો અધિકો ભાવ કહ્યો નથી કે કોઈને મેં ઓછું અદકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.'

## બાળકની અદ્‌ભુત સમજશક્તિ

શ્રીમદ્ રાજચંદ્ર દશ વર્ષની વયના હતા તે વેળાએ એક વાર મોરબી ગયા હતા. ત્યાંથી પોતાના મોસાળ રાજકોટ જવાના હતા. તેથી મોરબીમાં કોઈ સારા સાથની તપાસ કરી.

તે વખતે મોરબીના ન્યાયાધીશ ધારસીભાઈ રાજકોટ જવાના છે, એવી માહિતી મળી. એટલે તેમને પૂછવામાં આવ્યું કે, 'તમે આ રાયચંદને રાજકોટ સંગાથે તેડી જશો?' ધારસીભાઈએ હા પાડી અને તે એમને પોતાની સાથે લઈ ગયા.

રાજકોટ જતાં રસ્તે ધારસીભાઈએ એમની સાથે વાતચીત કરી. રાજ્યચંદ્રની મનનીય વાતો સાંભળીને તેમને ખૂબ આશ્ચર્ય થયું કે, આટલી લગભગ દશ વર્ષની વયમાં આ છોકરો કેવો હોશિયાર છે!

રાજ્યચંદ્ર રાજકોટ પહોંચ્યા, એટલે પોતાના મામાને ત્યાં ગયા. મામાએ પૂછ્યું: 'કોની સાથે આવ્યો?' શ્રીમદે કહ્યું: 'ધારસીભાઈ સાથે આવ્યો છું.'

બંને મામાએ જાણ્યું કે, ધારસીભાઈ અત્રે છે. એટલે એ બંને જણા મળીને તેમને ઠેકાણે પાડી દેવા માટેની પ્રપંચની વાતો માંહોમાંહે કરવા લાગ્યા.

જમતાં જમતાં રાજ્યચંદ્રે આ બધું સાંભળ્યું. તેથી તેમણે અનુમાન કર્યું કે, 'આ બંને ભાઈઓને ધારસીભાઈ સાથે અણબનાવ હોવો જોઈએ અને તેથી તેઓ બંને એમને મારી નાખવાનો પ્રપંચ ગોઠવે છે. તો મારે તેમને ત્યાં જઈ આ મોટો ઉપકાર કરવાનો અવસર ચૂકવો નહિ. તેમને ચેતાવી દેવા જોઈએ.' આવો વિચાર કરીને જમ્યા પછી શ્રીમદ્ ધારસીભાઈને ત્યાં ઝડપથી ગયા. શ્રીમદે તેમને પૂછ્યું: 'ધારસીભાઈ, તમારે મારા મામાઓ સાથે કંઈ સંબંધ છે?'

ત્યારે ધારસીભાઈએ કહ્યું: 'એમની સાથે સગપણ-સંબંધ નથી. પણ રાજ-સંબંધી ખટપટ ચાલે છે ખરી.'

શ્રીમદ્ કહે: 'તેમ છે, તો તમારે સાવચેતીમાં રહેવું. કેમ કે તમારે માટે તેઓ ઉપાય શોધતા હતા. લાગ ફાવે તો ઠેકાણે કરી દેવાની વાત કરતા હતા. માટે તે વિશે પ્રમાદી ન થવું.'

ધારસીભાઈએ નવાઈ પામીને પૂછ્યું: 'પણ તમે એ કેમ જાણ્યું કે, મારે માટે તેઓ આમ કરવા ધારે છે?'

એટલે શ્રીમદે બધી વાત કરી. ધારસીભાઈએ પૂછ્યું: 'પણ તમારા દેખતા તેવી વાત તે કેમ કરે?'

શ્રીમદે ઉત્તર આપ્યો: 'આ નાનો બાળક છે, આને એ બાબતની શી સમજણ પડવાની છે? એમ જાણી તે વાતો કરતા હતા. એટલે તમને કહેવા-ચેતવવા આવ્યો છું.'

ધારસીભાઈને મનમાં થયું કે, 'અહો ! આ બાળકમાં કેટલી ઉપકારબુદ્ધિ ! મોટા માણસને પણ ન સૂઝે તેવો મહાઉપકાર આ બાળક કરે છે ! ધન્ય મારાં ભાગ્ય કે આ બાળ મહાત્માનો મને સંગ થયો !' એમ વિચારી ધારસીભાઈએ રાજચંદ્રનો ખૂબ આભાર માન્યો.

## આત્માની અનંત શક્તિનો પ્રભાવ

શ્રીમદ્ રાજચંદ્ર રાજકોટ હતા, એ અરસામાં એવું બન્યું કે, કચ્છ-કોડાયના રહીશ શા. હેમરાજભાઈ અને નલિયાના રહીશ શા. માલસીભાઈ રાજચંદ્રને મળવા વવાણિયા જવા નીકળ્યા. એ ભાઈઓએ સાંભળ્યું હતું કે, વવાણિયાનિવાસી કવિરાજ રાયચંદભાઈ મહાબુદ્ધિશાળી છે. તેઓ એમની ખ્યાતિથી આકર્ષાયા અને સાંઢણી ઉપર સવાર થઈને વવાણિયા તરફ રવાના થયા.

વવાણિયામાં તપાસ કરતાં જણાયું કે, રાજચંદ્ર તો મોરબી ગયા છે. એટલે એ બંને ભાઈઓ મોરબી તરફ રવાના થયા. ત્યાં એવા સમાચાર મળ્યા કે, રાયચંદભાઈ એમને મોસાળ રાજકોટ ગયા છે. એટલે તેઓ મોરબીથી રાજકોટ તરફ ઊપડયા.

આ તરફ શ્રીમદ્ રાજચંદ્રનું જ્ઞાન નિર્મળ હોવાથી તેમને જ્ઞાનમાં જણાયું કે, એ કચ્છી ભાઈઓ સાંઢણી ઉપર બેસી તેમને મળવા આવી રહ્યા છે. એટલે રાજચંદ્ર ધારસીભાઈ પાસે ગયા અને બોલ્યા : 'બે જણ કચ્છથી આવનાર છે. તેમનો ઉતારો તમારે ત્યાં રાખશો ?'

ધારસીભાઈએ હા પાડી, એટલે નિશ્ચિંત બનીને શ્રીમદ્ એ કચ્છી ભાઈઓના આવવાના માર્ગ તરફ સામા ગયા. બંને નજીક આવ્યા, એટલે શ્રીમદે તેમને નામ દઈને બોલાવ્યા : 'કેમ હેમરાજભાઈ ? કેમ માલસીભાઈ ?'

એ સાંભળીને બંને ભાઈઓ વિચારમાં પડી ગયા કે, આપણાં નામ તે કયાંથી જાણે છે ? કોઈને આપણે આગળથી ખબર તો આપી નથી ! આ તો ભારે અદ્ભુત કહેવાય ! એટલે બંનેએ નવાઈ પામીને પૂછ્યું ; 'તમે કેમ જાણ્યું કે, અમે અત્યારે આ જ માર્ગે આવીએ છીએ ?'

શ્રીમદ્ કહે : 'આત્માની અનંત શક્તિઓ છે, તે વડે અમે જાણીએ છીએ.'

એ ભાઈઓ આ સાંભળીને મનમાં સમજી ગયા કે, 'આપણે એમને વધુ અભ્યાસ માટે કાશીએ મોકલવાની ઇચ્છા કરીને આવ્યા છીએ ખરા, પણ આવી અજબ શક્તિવાળા નિર્મળ આત્માને શું ભણવાનું બાકી હશે ? તોય આપણે પ્રયત્ન તો કરી જોઈએ.'

જમી રહ્યા પછી એ ભાઈઓએ શ્રીમદ્ રાજચંદ્રને કહ્યું : 'તમને ભણાવવા માટે કાશી લઈ જવાની વિનંતી કરવા અમે અહીં ખાસ આવ્યા છીએ. તમારે માટે ત્યાં ખાવાપીવાની, રહેવાકરવાની બધી સગવડ અમે કરી આપીશું.' આમ અનેક લાલચો આપીને એ લોકોએ એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શ્રીમદે ખૂબ સ્વસ્થપણે કાશીએ ભણવા જવાની ના પાડી.

બધી વાત એ ભાઈઓએ ધારસીભાઈને કહી. એટલે ધારસીભાઈને થયું કે, 'જે વ્યક્તિ આટલી નાની ઉંમરમાં આવી અજબ શક્તિ ધરાવે છે તેને ભણવું પણ શું હોય? વળી એમની ગંભીરતા પણ કેટલી છે કે સાગરની પેઠે બધું સમાવી શકે છે, લગાર માત્ર પણ છલકાતા નથી!'

આ રીતે શ્રીમદ્ રાજચંદ્રમાં નાની વયમાં જ ભવિષ્યમાં બનનાર પ્રસંગનું તથા સામી વ્યક્તિના મનમાં શું ચાલે છે એ જાણવાનું અદ્ભુત જ્ઞાન હતું. આવો જ બીજો પ્રસંગ જાણીતો છે.

સોભાગ્યભાઈના પિતા લલ્લુભાઈને એક વાર એક સાધુએ 'બીજજ્ઞાન' આપ્યું હતું અને જણાવ્યું હતું કે, આ સાધના તમને ઉપયોગી થાય એમ નથી, પરંતુ કોઈ યોગ્ય પુરુષ મળે તો તેને આપજો અને તેને જ્ઞાનપ્રાપ્તિ થશે. એ બીજજ્ઞાન શેઠે બીજા કોઈ યોગ્ય પુરુષને આપવાનું કહીને પોતાના પુત્ર સોભાગ્યભાઈને બતાવ્યું હતું.

સોભાગ્યભાઈને શ્રીમદ્ બહુ લાયક માણસ લાગ્યા. એટલે તેમણે પોતાના પિતાની સંમતિ લઈને મોરબી ભણી પ્રયાણ કર્યું. મોરબી આવીને શ્રીમદ્ને મળવા ગયા.

પરંતુ સોભાગ્યભાઈને આવતા દેખી શ્રીમદે બધું કાપલી ઉપર લખી નાખ્યું અને તેમને વંચાવ્યું. સોભાગ્યભાઈ તો તેમની આ અદ્ભુત શક્તિ જોઈ મુગ્ધ બની ગયા!

## મોટા માણસ જેવી સૂઝ

રાજકોટમાં થોડા દિવસ રહ્યા પછી રાજચંદ્ર વવાણિયા જવા નીકળ્યા. તેમ સારુ મોસાળમાંથી મીઠાઈનો એક ડબો રસ્તામાં ભાતા માટે ભરી આપ્યો. લઈને તથા બધાની રજા લઈને રાજચંદ્ર વવાણિયા જવા નીકળ્યા. ધારસીભાઈ પણ મળીને તેમની રજા લીધી.

પરંતુ તે વખતે રાજચંદ્ર પાસે ગાડીભાડાના પૈસા ન હતા. એમની પા પૈસા હશે એમ સમજીને મોસાળમાંથી પણ કોઈને આ બાબત વિશે પૂછવા

વિચાર આવ્યો ન હતો. વળી ધારસીભાઈ સાથે પણ નિકટનો સંબંધ થયો હતો, છતાં રાજચંદ્ર એમની પાસે પણ કશું માગ્યું નહિ કે ઉછીના પૈસા લીધા નહિ.

આટલી નાની વય હોવા છતાં સમજુ ગૃહસ્થની માફક એમનામાં સમજશક્તિ હતી કે,

'મર જાઉં માગું નહિ, અપને તનકે કાજ;
પરમારથકે કારણ માગું, ના મૈં સમજું લાજ.'

પેલા કચ્છથી આવેલા એ ભાઈઓની સગવડ યથાયોગ્ય થાય એ માટે શ્રીમદ્દે ધારસીભાઈને ત્યાં જઈને વિનંતી કરી હતી અને એ લોકોની આગતાસ્વાગતા સાચવી હતી. પરંતુ પોતાને થોડા ભાડાના પૈસા જોઈતા હતા, તોપણ એ માટે હાથ લાંબો કરી તેમણે દીનતા દાખવી નહિ.

રાજચંદ્રે મોસાળમાંથી ભાતા તરીકે બાંધી આપેલી મીઠાઈ એક કંદોઈને ત્યાં વેચી દીધી અને ભાડા જેટલા પૈસા મેળવી લીધા.

## અવધાન-શક્તિ

સને ૧૮૮૪ના અરસામાં શ્રીમદ્‌માં બીજી એક અદ્‌ભુત શક્તિનું દર્શન થાય છે. વવાણિયા ગામ નાનું હોવાથી અને સુજ્ઞ પુરુષોનો સમાગમ થોડો હોવાથી એમનું મન પ્રવાસ તરફ રહ્યા કરતું. ઈ. સ. ૧૮૮૪ના અરસામાં શ્રીમદ્‌ મોરબી ગયા હતા. ત્યાં તે વખતે શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટ જાહેરમાં અષ્ટાવધાનના પ્રયોગો કરી બતાવતા. એ જ અરસામાં મુંબઈમાં શ્રી ગટુલાલજી મહારાજ અષ્ટાવધાન કરતા. એ વખતે જાણવા પ્રમાણે હિંદભરમાં એ જ પુરુષો આવી ચમત્કારી સ્મરણશક્તિવાળા ગણાતા હતા.

શ્રીમદ્‌ મોરબીમાં હતા તે વખતે શાસ્ત્રીજીનાં અષ્ટાવધાન થયાં. રાજચંદ્ર ત્યાં હાજર હતા. તેમની સ્મરણશક્તિ અદ્‌ભુત તો હતી જ. એટલે તેમણે વસંતબાગમાં પ્રથમ ખાનગીમાં મિત્રમંડળ સમક્ષ નવા નવા વિષયો લઈ અવધાન કરી બતાવ્યાં. ત્યાર પછી જાહેરમાં બે હજાર પ્રેક્ષકો સમક્ષ બાર અવધાન કરી બતાવ્યાં! ત્યાર બાદ શ્રીમદ્‌ પોતાના કામ અંગે જામનગર ગયા હતા, ત્યાં તેમણે વિદ્વાનોની બે સભાઓમાં બાર અને સોળ અવધાનો કરી બતાવ્યાં. પછી એક વાર શ્રીમદ્‌ બોટાદ ગયા હતા, ત્યાં તેમણે બાવન અવધાન કાંઈપણ ખાસ પરિશ્રમ કે અભ્યાસ કર્યા વિના જ કરી બતાવ્યાં!

એ બાવન અવધાનોનો થોડોઘણો ખ્યાલ નીચેની હકીકત પરથી સહેજે આવશે :

| | | |
|---|---|---|
| ૧. | ત્રણ જણ સાથે ચોપાટે રમ્યા જવું | ૧ |
| ૨. | ત્રણ જણ સાથે ગંજીફે રમ્યા જવું | ૧ |
| ૩. | એક જણ સાથે શેતરંજ રમ્યા જવું | ૧ |
| ૪. | ઝાલરના પડતા ટકોરા ગણતા જવું | ૧ |
| ૫. | સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર ગમે તે મોટી રકમના મનમાં ગણ્યા જવું | ૪ |
| ૬. | માળાના પારામાં લક્ષ આપી ગણતરી કરવી | ૧ |
| ૭. | આઠેક ગમે તે સમસ્યાઓ પૂર્ણ કરવી | ૮ |
| ૮. | સોળ નવા સૂચવેલા વિષયો ઉપર મધ્યસ્થોએ માગેલા છંદમાં કવિતા રચતા જવું | ૧૬ |
| ૯. | ગ્રીક, અંગ્રેજી, સંસ્કૃત, અરબી, લેટિન વગેરે કોઈ પણ સોળ ભાષાના ચારસો અનુક્રમવિહીન શબ્દો પાછા કર્તા, કર્મના અનુક્રમ સહિત કહી આપવા અને વચ્ચે બીજાં કામ પણ કર્યે જવાં | ૧૬ |
| ૧૦. | વિદ્યાર્થીને સમજાવવો | ૧ |
| ૧૧. | કેટલાક અલંકારના વિચાર | ૨ |
| | | ૫૨ |

એમ બાવન કામની શરૂઆત એકસાથે કરવી; એક કામનો કંઈક ભાગ કરી, બીજા કામનો કંઈક ભાગ કરવો, પછી ત્રીજાનો, પછી ચોથાનો....વળી પાછા પહેલા કામ ઉપર આવવું... એમ સઘળાં કામ પૂર્ણ થતાં સુધી કર્યાં કરવાં; લખવું નહિ કે ફરી પૂછવું નહિ.

સને ૧૮૮૭ માં શ્રીમદ્‌ની મુંબઈમાં સ્થિતિ હતી અને ત્યાં તેમણે શતાવધાન કરવાની અદ્‌ભુત શક્તિનો પરિચય ફરામજી ઇન્સ્ટિટ્યૂટ તેમ જ અન્ય સ્થળોએ કરાવ્યો હતો. તેમની સો અવધાનો કરવાની શક્તિથી લોકો મુગ્ધ બની ગયા હતા. અને તેમને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો તથા 'સાક્ષાત્ સરસ્વતી'નું માનવંતું બિરુદ આપવામાં આવ્યું. ઠેર ઠેર એમની પ્રશંસા થવા લાગી. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', 'પાયોનિયર' વગેરે અગ્રગણ્ય છાપાંઓએ મુક્ત કંઠે તેમની પ્રશસ્તિ કરી. ઓગણીસ વર્ષના એક યુવાન હિંદીની આવી અદ્‌ભુત માનસિક શક્તિ જોઈને ડૉ. પિયરસન વગેરે પાશ્ચાત્ય વિદ્વાનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

વીસ વર્ષની વય પછી શ્રીમદે આ અવધાનો કરવાનું એકદમ બંધ કરી દીધું. કારણ કે સ્મરણશક્તિના પ્રતાપરૂપ આ અવધાન પ્રવૃત્તિનો વધતો ચમત્કાર આત્મોન્નતિકર શ્રીમદ્‌ને પ્રિય ન લાગ્યો. તેથી આત્મોન્નતિ અને આ ચમત્કાર બંને ભિન્ન ભાસવાથી, સન્માર્ગરોધક પ્રતીત થવાથી તેમની અંતરંગ વૈરાગ્યમય, ઉદાસીન, સત્સુખશોધક ભાવના આ પ્રવૃત્તિને વિસ્તારવા ન દેતાં વિરામ પમાડી દે છે.

આમાં શ્રીમદ્‌ની મહત્તાનું આપણને દર્શન થાય છે. પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય સુખલાલજી કહે છે એમ, ' એટલી અદ્‌ભુત અવધાનશક્તિ, કે જેના દ્વારા હજારો અને લાખો લોકોને ક્ષણમાત્રમાં આંજી દઈ અનુગામી બનાવી શકાય, અસાધારણ પ્રતિષ્ઠા અને અર્થલાભ સાધી શકાય, તે હોવા છતાં તેમણે તેનો પ્રયોગ યોગ-વિભૂતિઓની પેઠે ત્યાજ્ય ગણી, તેનો ઉપયોગ અંતર્મુખ કાર્ય ભણી કર્યો; જેમ બીજા કોઈ સાધારણ માણસથી થવું શક્ય નથી.'

## ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

સને ૧૮૮૮ માં શ્રીમદ્‌નું જીવન ગૃહસ્થાશ્રમ ભણી વળે છે. તેમના જેવા મૂળથી વિચારવાન પુરુષે, પુખ્ત વયે પહોંચી લગ્નની જવાબદારી સ્વીકારી એ કઈ મનોદશામાં, એ એમની જીવનસાધનાની દૃષ્ટિએ જાણવા મળે, તો સૌ જીવોને એ હકીકત ખૂબ ઉપયોગી થઈ પડે. પરંતુ એ બાબત વિશે તેમણે જે થોડુંઘણું લખ્યું છે એ ઉપરથી પૂરેપૂરું તારણ કાઢવું શક્ય નથી.

લગ્ન પહેલાંના વર્ષમાં શ્રીમદે લખ્યું છે : ' કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, એનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું ( મલિન વૃત્તિઓનું ) તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. '

અને સંવત ૧૯૪૪ના મહા સુદ બારશને રોજ (ઈ. સ. ૧૮૮૮)તેમનાં લગન થાય છે અને શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે. તેમનાં ધર્મપત્નીનું નામ હતું ઝબકબાઈ.

આમ તો શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા, પરંતુ સાથે સાથે તે તીવ્ર આત્મ-મંથનમાંથી પણ પસાર થતા હતા. ત્યાગ, વૈરાગ્ય તથા તત્ત્વજિજ્ઞાસા તેમનામાં એટલા જ જોરથી જાગ્રત થતાં હતાં. તેમની વેદના પોતાની જીવનિકામાં દર્શાવતાં શ્રીમદે લખ્યું છે :

'ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે!'

આ સ્થિતિમાં તેમનું આત્મમંથન પરાકાષ્ઠાએ પહોંચે છે. આમ તો ઉદયકર્મ ભગવાન મહાવીરને પણ ભોગવવાં પડયાં, તેમ સર્વને વેદવાં જ પડે છે. અજ્ઞાનીઓ મોહભાવે, બંધ ભાવે વેદે છે ત્યાં જ્ઞાનીઓ નિર્જરાભાવે વેદે છે.

પરંતુ એટલું તો આપણે જોઈ શકીએ છીએ કે, લગ્ન કરીને શ્રીમદે પોતા પર કારમું માર્યુદ્ધ નોતર્યું હતું. પણ થોડા જ વખતમાં શ્રીમદ્ એમાંથી વિજયી અને વધુ તેજસ્વી થઈ બહાર નીકળે છે. તેવીસમા વર્ષમાં તો રણસંગ્રામની ધૂળને બદલે એક શાંત, સમાહિત અને આત્મલક્ષી પુરુષનું એમનામાં દર્શન થાય છે. એમની આંતર દશા એક વિશિષ્ટ પ્રકારની તીવ્રતા પકડતી જાય છે.

## વેપારમાં પણ આદર્શશીલ

આ સમય દરમિયાન શ્રીમદ્ હીરામોતીના વેપારમાં જોડાયા હતા. વેપારમાં પણ તે પોતાનો ધર્મ બરોબર સાચવતા હતા. એમનું આત્મચિંતન સાથેસાથ ચાલ્યા જ કરતું. ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જોઈએ, એમ તેમણે પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ અથવા મંદિરોમાં દહેરાઓમાં જ પાળવાનો, પણ દુકાનમાં કે દરબારમાં નહિ, એ ધર્મને ન ઓળખવા બરોબર છે, એમ શ્રીમદ્ કહેતા, માનતા અને પોતાના આચારમાં બતાવી આપતા.

પોતે હજારો ને લાખોના વેપાર ખેડતા, હીરામોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પરંતુ એ વસ્તુ તેમનો વિષય નહોતો. તેમનો વિષય હતો આત્મઓળખ. તેમની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. એ નોંધપોથીમાં પોતાના મનમાં જે વિચાર આવે તે શ્રીમદ્ લખી નાખતા. કોઈ વેળા ગદ્યમાં તો કોઈ વેળા પદ્યમાં. તેમના લેખોનો જે સંગ્રહ 'શ્રીમદ્ રાજચંદ્ર' નામે પ્રગટ થયો છે, તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલો છે.

શ્રીમદ્‌માં વ્યવહાર-કુશળતા અને ધર્મ-પરાયણતાનો સુંદર મેળ જોવા મળતો. ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ શ્રીમદે ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. એમનો વેપાર પણ બહુ મોટી જવાબદારીવાળો હતો, તેમનો વેપાર હીરા-મોતીનો હતો. પોતાના વેપારમાં શ્રીમદ્ પૂરી કાળજી ને હોશિયારી બતાવતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. જોકે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું, છતાં પારિસ વગેરેના તેમના

આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો શ્રીમદ્ તરત સમજી જતા. આટલી કાળજી ને હોશિયારી છતાં તે વેપારની ચિંતા કે ધાલાવેલી ન રાખતા.

તે વખતના બે એક મનનીય પ્રસંગો જોઈએ.

એક વાર એક વેપારી સાથે શ્રીમદે હીરાના સોદા કર્યા. એવું નક્કી કરવામાં આવ્યું કે, અમુક સમયે નક્કી કરેલા ભાવ પ્રમાણે એ વેપારીએ શ્રીમદને અમુક હીરા આપવા. આ બાબતનો ખતપત્ર પણ એ વેપારીએ લખી આપ્યો હતો.

હવે એવું બન્યું કે, સમય પાકતાં એ હીરાની કિંમત ખૂબ જ વધી ગઈ! એ વેપારી ખતપત્ર પ્રમાણે હીરા આપે તો એ બાપડાને બહુ ભારે નુકસાનીમાં ઊતરવું પડે, પોતાની બધી જ માલમિલકત વેચી દેવી પડે! હવે શું થાય?

આ બાજુ શ્રીમદ્દને જ્યારે હીરાની કિંમતના બજાર-ભાવની ખબર પડી, ત્યારે તે તરત જ પેલા વેપારીની દુકાને ગયા.

શ્રીમદને દુકાને આવેલા જોઈને પેલો વેપારી ગભરાઈ ગયો! તે બાપડો કરગરીને બોલી ઊઠયો :'રાયચંદભાઈ, આપણી વચ્ચે થયેલા હીરાના સોદા અંગે હું ખૂબ જ ચિંતામાં પડી ગયો છું. મારું જે થવાનું હોય એ ભલે થાઓ, પણ તમે આટલી ખાતરી રાખજો કે હું તમને આજના બજાર-ભાવે સોદો ચૂકવી આપીશ. તમે જરાયે ચિંતા કરશો મા.'

એ સાંભળીને શ્રીમદ્ કરુણાભર્યા અવાજે બોલ્યા : 'વાહ, ભાઈ, વાહ! હું ચિંતા શા માટે નહિ કરું? તમને સોદાની ચિંતા થતી હોય તો મને શા માટે ચિંતા ન થવી જોઈએ? પરંતુ આપણા બંનેની ચિંતાનું મૂળ કારણ તો આ કાગળિયું જ છે ને? એનો જ નાશ કરી દઈએ, તો આપણા બંનેની ચિંતા મટી જશે.'

એમ કહીને શ્રીમદ્ રાજચંદ્રે સહજ ભાવે પેલો દસ્તાવેજ ફાડી નાખ્યો.

પછી શ્રીમદે કહ્યું : 'ભાઈ, આ ખતપત્રને કારણે તમારા હાથપગ બંધાયેલા હતા. બજાર-ભાવ વધી જવાથી તમારી પાસે મારા સાઠ-સીતેર હજાર* લેણા નીકળે. પરંતુ હું તમારી પાસેથી લઉં તો તમારી શી વલે થાય? પરંતુ રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહિ.'

પેલો વેપારી કૃતજ્ઞભાવે શ્રીમદ્ તરફ આભો બની જોઈ જ રહ્યો.

બીજો પ્રસંગ જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર હીરામોતીના બધા વેપારીઓમાં સૌથી વિશેષ વિશ્વાસપાત્ર વેપારી તરીકે જાણીતા થયા હતા.

---

* ૧૯૭૪ ની સાલમાં તો રૂ. ૧૦ થી ૧૫ લાખ રૂપિયા થાય.

એક આરબ વેપારી પોતાના નાના ભાઈ સાથે મુંબઈમાં મોતીની આડતનો વેપાર કરતો હતો. એક દિવસ નાના ભાઈને વિચાર આવ્યો કે, આજે આપણે પણ મોટા ભાઈની પેઠે મોતીનો વેપાર કરીએ. તેથી જે માલ બહાર પરદેશથી આવેલો એ લઈને તે બજારમાં ગયો.

ત્યાં એક દલાલને તેણે કહ્યું : 'કોઈ સારા પ્રામાણિક શેઠ મને બતાવ.'

દલાલ તેને શ્રીમદ્‌ની દુકાને લઈ ગયો.

શ્રીમદે બધો માલ બરોબર કસી જોયો અને તેની વાજબી કિંમત ગણી આપી. પેલો નાનો ભાઈ નાણાં લઈને ખુશ થતો પોતાને ઘેર ગયો.

મોટાભાઈ ઘેર આવ્યા, એટલે તેણે વેપારની વાત કહી સંભળાવી. મોટાભાઈએ જોયું કે, નાનોભાઈ સોદો કરવામાં જરાયે છેતરાયો નથી. શ્રીમદે બરોબર કિંમત આંકી આપી હતી. પરંતુ વાત એમ હતી કે, જે માણસનો એ માલ હતો એનો તે જ દિવસે કાગળ આવ્યો હતો. એમાં તેણે તાકીદથી લખ્યું હતું કે, 'અમુક કિંમત ઊપજ્યા વગર માલ વેચશો નહિ.' એ કિંમત ચાલુ બજાર–ભાવ કરતાં ખૂબ વધારે હતી ! તે અકળાઈને બોલી ઊઠ્યો : 'અલ્યા, આ તેં શું કર્યું ? મારે તો દેવાળું જ કાઢવું પડશે !'

તે વેપારી હાંફળોફાંફળો શ્રીમદ્‌ની પાસે દોડી ગયો. તેણે શ્રીમદ્‌ને પેલા માણસનો કાગળ વંચાવીને કરગરીને કહ્યું : 'સાહેબ, મારા પર રહેમ કરો ! નહિ તો હું ગરીબ માણસ પાયમાલ થઈ જઈશ !'

બાજુમાં આમ ને આમ અકબંધ પડેલો માલ બતાવીને શ્રીમદે કહ્યું : 'ભાઈ, તમારો માલ આ રહ્યો. તમે ખુશીથી લઈ જાઓ.' એમ કહીને શ્રીમદે પેલા આરબને એનો માલ પાછો સોંપી દીધો અને નાણાં ગણી લીધાં. જાણે કંઈ સોદો કર્યો જ નથી એમ માની, ઘણો નફો થવાનો હતો પણ શ્રીમદે તે જતો કર્યો.

## શ્રીમદ્‌ના સમાગમમાં ગાંધીજી

સંસ્કૃતમાં એક સુવચન છે : सतां सद्‌भि : संग : कथमपि हि पुण्येन भवति । સારા માણસનો સજ્જનો સાથે સંગ પુણ્યના બળે જ થાય છે. ગાંધીજી પણ શ્રીમદ્ રાજચંદ્રના સમાગમમાં આવીને ધન્યતા અનુભવવા લાગ્યા.

ઈ. સ. ૧૮૯૧ના જુલાઈ માસમાં ગાંધીજી જ્યારે વિલાયતથી બૅરિસ્ટર થઈને દેશમાં પાછા ફર્યા, ત્યારે મુંબઈમાં તેમનો ઉતારો ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો.

રાજચંદ્ર એ ડૉ. પ્રાણજીવનદાસના વડીલ બંધુ શ્રી પોપટલાલના જમાઈ થાય. એટલે દાક્તરે રાજચંદ્રની સાથે ગાંધીજીની ઓળખાણ પ્રથમ વાર કરાવી અને કહ્યું :

'કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે; શતાવધાની છે'

કોઈએ તે વખતે ગાંધીજીને સૂચવ્યું કે, 'તમે રાયચંદભાઈને કેટલાક શબ્દો સંભળાવો. એ શબ્દો ગમે તે ભાષાના હશે તોપણ એ જ ક્રમમાં રાયચંદભાઈ પાછા કહી જશે.'

ગાંધીજીને આ સાંભળીને આશ્ચર્ય થયું. એ પ્રસંગ વેળાની પોતાની સ્થિતિનો ખ્યાલ આપતાં ગાંધીજીએ કહ્યું છે :

'હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા. કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો ? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા.

'હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિશે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય.

શ્રીમદ્‌ને અંગ્રેજી જ્ઞાન બહુ ન હતું. તે વખતે તેમની ઉંમર પચીસ વર્ષથી ઉપર નહિ હોય. તેમની અને ગાંધીજીની ઉંમરમાં એક વરસ અને દશેક મહિનાનો જ ફરક હતો. આમ, પોતાનાથી થોડાક જ મોટા અને ગુજરાતી શાળામાં થોડોક જ અભ્યાસ કરેલો હતો એવા શ્રીમદ્‌માં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને તેમની આસપાસના લોકો તથા સંબંધીઓ તરફથી આટલું માન, એ બધું જોઈને ગાંધીજી તેમના પર મુગ્ધ બની ગયા.

આ પ્રસંગથી એક વાતની ગાંધીજીને પ્રતીતિ થઈ કે, સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી; જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય, જિજ્ઞાસા હોય, તો મળે અને માન પામવાને સારુ વિલાયત કે ક્યાંય જવું નથી પડતું.

પરંતુ અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, શ્રીમદ્‌ની માત્ર તીવ્ર સ્મરણશક્તિ જોઈને ગાંધીજીને તેમના તરફ આદરભાવ ઉત્પન્ન નહોતો થયો. સ્મરણશક્તિ તો ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને હોય. પણ એ તે સંસ્કારી ન હોય, તો તેમની પાસેથી ફૂટી બદામ પણ

નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે.

ગાંધીજીએ તો પહેલી મુલાકાતે જ જોઈ લીધું હતું કે, શ્રીમદ્ ચારિત્ર્યવાન અને સાચા જ્ઞાની હતા. તેમનું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર્ય અને તેમની આત્મદર્શન કરવાની ઉત્કટ લગની જોઈને જ ગાંધીજી તેમના પ્રત્યે આકર્ષાયા હતા.

## શ્રીમદ્‌ની વીતરાગ-અવસ્થા

સંસાર અને વ્યવહારમાં રહ્યા છતાં શ્રીમદ્ રાજચંદ્રની સ્થિતિ જનકવિદેહીના જેવી વીતરાગયુક્ત હતી. એ વખતનું વર્ણન કરતાં મહાત્મા ગાંધીજીએ યોગ્ય જ કહ્યું છે :

'ખાતાં, બેસતાં, સૂતાં પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિશે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું. ...વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી... મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું હોય ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? આંતર વૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. એવી વૈરાગ્યલગની કવિની હતી.'

શ્રીમદ્‌ની તે સમયની અંતઃસ્થિતિનો ખ્યાલ નીચેનાં બે ઉદાહરણો ઉપરથી સહેજે આવી શકે એમ છે :

શ્રી લલ્લુજી મહારાજ શ્રીમદ્‌ના ગાઢ પરિચયમાં આવ્યા હતા. તેમના એક શિષ્ય શ્રી દેવકરણજી કુશળ વ્યાખ્યાતા હતા. તે એક વાર શ્રીમદ્‌ને મળવા આવ્યા. વાતચીત કરતાં શ્રીમદે દેવકરણજીને પૂછ્યું : 'વ્યાખ્યાનમાં કેટલાં માણસો આવે છે?'

દેવકરણજીએ કહ્યું : 'હજારેક માણસો ભરાય છે.'

શ્રીમદ્—'સ્ત્રીઓને વ્યાખ્યાનમાં દેખી વિકાર થાય છે?'

દેવકરણજી—'કાયાથી નથી થતો, મનથી થાય છે.'

શ્રીમદે કહ્યું : 'મુનિએ તો મન, વચન અને કાયા એ ત્રણે યોગથી સાચવવાં જોઈએ.'

એટલે દેવકરણજીએ આક્ષેપ કરતાં કહ્યું: 'તમે ગાદીતકિયે બેસો છો અને હીરામાણેક તમારી પાસે પડેલાં હોય છે, ત્યારે તમારી વૃત્તિ નહિ ડહોળાતી હોય?'

શ્રીમદ્ શાંત સ્વરે બોલ્યા: 'મુનિ, અમે તો તેમાં કાળકૂટ વિષ દેખીએ છીએ.' પછી તેમણે મુનિને પૂછ્યું: 'તમે કોણ છો?'

દેવકરણજી કહે: 'જેટલો વખત વૃત્તિ સ્થિર રહે છે, તેટલો વખત સાધુ છીએ.'

શ્રીમદે પૂછ્યું: 'તેવી રીતે સંસારીને પણ સાધુ કહેવાય કે નહિ?'

દેવકરણજી મૌન રહ્યા.

પછી શ્રીમદ્ બોલ્યા: 'નાળિયેરનો ગોળો જેમ જુદો રહે છે, તેમ અમે રહીએ છીએ.'

એક બીજું ઉદાહરણ લઈએ:

એક વખત શ્રીમદ્ ફરવા ગયા હતા. સ્મશાનની જગા આવી, ત્યારે તેમણે તેમની સાથે હતા એ ભાઈને પૂછ્યું: 'આ શું છે?'

તે ભાઈએ જવાબ આપ્યો: 'સ્મશાન.'

શ્રીમદ્ બોલ્યા: 'અમે તો આખી મુંબાઈને સ્મશાન સમાન જોઈએ છીએ.'

આમ, બહારથી ગૃહસ્થ છતાં અંતરથી વીતરાગી એવી દશા શ્રીમદ્જીની હતી.

## એકાંતમાં જીવનસાધના

શ્રીમદ્જી હીરામોતીનો લાખોનો વેપાર કરતા હતા, પરંતુ એમનું સાચું જીવન તો ધર્મલાભને અનિવાર્ય સમજી એમાં જ ઓતપ્રોત રહેતું હતું. વળી એમના વધતા જતા વ્યાપારની ઉપાધિમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનના પોતાના પ્રિય અભ્યાસમાં તેમણે ખલેલ આવવા દીધી નહોતી. પોતાના ઉદ્યોગરત જીવનમાં ચુપકીદીથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા. તે હમેશાં ધર્મગ્રંથોના વાચન–મનનમાં ગૂંથાયેલા રહેતા હતા.

વળી વર્ષમાં કેટલાક મહિનાઓ તો પોતે મુંબઈ છોડી ચાલ્યા જતા અને પોતાની પેઢીએ કહી જતા કે જ્યાં સુધી પોતે લખે નહિ, ત્યાં સુધી કોઈએ એમની સાથે પત્રવ્યવહાર પણ ચલાવવો નહિ. તે સમયે ચરોતર, સૌરાષ્ટ્ર, ઈડર વગેરે પ્રદેશોમાં એકાંત સ્થળોમાં, વનોમાં કે પહાડોમાં ઘણો વખત આત્મચિંતનાર્થે રહેતા. તે રખેને પોતે ઓળખાઈ જાય અથવા પોતાના સ્થળની ખબર પડી જાય તેવા ભયે ઘણા ગુપ્ત રહેવાનો હમેશાં પ્રયાસ કરતા; છતાં તે વારંવાર ઓળખાઈ

જતા અને લોકોની મોટી સંખ્યા તેમનાં ઉપદેશ અને બોધવચનો શ્રવણ કરવાની જિજ્ઞાસાથી તેમની પાછળ પડતી.

આમ, શ્રીમદ્ રાજચંદ્રમાં સાચી જિજ્ઞાસા ઉદય પામતાં જ શ્રી લલ્લુજી મહારાજ વગેરે સાધુઓ તથા અંબાલાલભાઈ, સોભાગ્યભાઈ વગેરે સદ્‌ગૃહસ્થો તેમ જ અન્ય માણસો તેમના તરફ ખેંચાવા લાગ્યા.

પોતે સંપૂર્ણતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી પ્રસિદ્ધિમાં ન આવવાની શ્રીમદ્‌ની તીવ્ર ઇચ્છા હોવા છતાં આગળ જતાં તેમનો પ્રબળ પુરુષાર્થ અને ઉજ્જવળ જ્ઞાનપ્રકાશ ઢાંકયા ઢંકાઈ ન રહ્યા. પરિણામે તેમનું ભક્તમંડળ વધતું જ ગયું. એ સૌની સાથે શ્રીમદ્ જે તાત્ત્વિક ચર્ચાઓ કરતા હતા અને પત્રવ્યવહાર કરતા હતા, એ પણ તેમનો સાચો પરિચય મેળવવા ઇચ્છનારને ઉપયોગી થઈ પડે એમ અવશ્ય છે.

પરંતુ એટલું લક્ષમાં રાખવું ઘટે કે, જેને જીવનને ઉન્નત કરવાની તાલાવેલી જાગી છે, આત્માની ઓળખ કરવાની જેને તીવ્ર ઝંખના છે એવા જિજ્ઞાસુ લોકો સાથે જ શ્રીમદ્ આવી વાતો કરતા; માત્ર ચર્ચા કરવા ખાતર કે બુદ્ધિની કસરત ખાતર તે કદી વાર્તાલાપ કરતા નહિ. આ અંગે એક રસિક પ્રસંગ નોંધવા જેવો છે.

એક દિવસ કેટલાક જિજ્ઞાસુ ભાઈઓ શ્રીમદ્ સાથે ધર્મચર્ચા કરતા હતા. તે વખતે દામનગરના એક વણિક શેઠ આરામખુરશી પર પડ્યા પડ્યા બીડી પીતા હતા. તેમણે ત્યાં બેઠાં બેઠાં કંઈ તુક્કો સૂઝતાં શ્રીમદ્‌ને પૂછ્યું: 'રાયચંદભાઈ, મોક્ષ કેમ મળે?'

શ્રીમદ્ બોલ્યા: 'તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો એ જ સ્થિતિમાં હાથ કે પગ કંઈપણ હલાવ્યા ચલાવ્યા વગર સ્થિર થઈ જાઓ તો તમારો અહીંથી સીધો મોક્ષ થઈ જશે!'

આ સાંભળીને પેલા શેઠસાહેબ સફાળા ઊભા થઈ ગયા અને બીડી બહાર નાખી દઈ શ્રીમદ્ પાસે આવીને ધર્મચર્ચા સાંભળવા બેસી ગયા.

## શ્રીમદ્‌ની ઉપદેશ પદ્ધતિ

પછી તો શ્રીમદ્‌નો સમાગમ કરવા જિજ્ઞાસુ, મુમુક્ષુ લોકો આવવા લાગ્યા અને પોતાને મુંઝવતા પ્રશ્નો એમની આગળ નિરાકરણ માટે મૂકવા લાગ્યા.

શ્રીમદ્ સીધો ઉપદેશ આપવાને બદલે અમુક પ્રશ્નો પૂછીને એમાંથી જ સામા માણસના મનનું સમાધાન કરતા. ગ્રીક દેશના મહાન ફિલસૂફ સોક્રેટિસ પણ એવી જ પદ્ધતિ અજમાવતા હતા. શ્રીમદ્‌ના જીવનમાંથી એવા થોડાક પ્રસંગો જોઈએ.

શ્રીમદ્ એક વાર કાવિઠા પધાર્યા હતા. એક દિવસ ઝવેરશેઠને મેડે પ્રાગજીભાઈ નામના એક ગૃહસ્થે શ્રીમદ્‌નો બોધ સાંભળીને કહ્યું: 'ભક્તિ તો ઘણીયે કરવી છે. પણ પેટ ભગવાને આપ્યું છે તે ખાવાનું માગે છે. તેથી શું કરીએ? લાચાર છીએ!'

શ્રીમદે પૂછ્યું: 'તમારા પેટને અમે જવાબ દઈએ તો?'

એમ કહીને શ્રીમદે ઝવેરશેઠને ભલામણ કરતાં કહ્યું:

'તમો જે ભોજન કરતા હો, તે એમને એ વખત આપજો ને પાણીની મટકી આપજો, અને એ આ અપાસરાના મેડા ઉપર બેઠા બેઠા ભક્તિ કરે, પણ શરત એટલી કે નીચે કોઈનો વરઘોડો જતો હોય અથવા બૈરાં ગીત ગાતાં જતાં હોય તોપણ બહાર જોવું નહિ. સંસારની વાતો ન કરવી. કોઈ ભક્તિ કરવા આવે તો ભલે આવે, પણ બીજી કંઈ વાતચીત કરવી નહિ તેમ જ સાંભળવી નહિ.'

પ્રાગજીભાઈ એ સાંભળીને બોલી ઊઠયા: 'એ પ્રમાણે તો અમારાથી રહેવાય નહિ!'

એટલે શ્રીમદ્ કહે:

'આ જીવને ભક્તિ કરવી નથી, એટલે પેટ આગળ ધરે છે. ભક્તિ કરતાં કોણ ભૂખે મરી ગયો? જીવ આમ છેતરાય છે!'

એક વાર એક ભાઈએ કંઈ વસ્તુનો ત્યાગ કરવો અને એ રીતે જીભ ઉપર કાબૂ લાવવો એ વિષે શ્રીમદ્‌ને પૂછ્યું.

શ્રીમદે સામો પ્રશ્ન પૂછ્યો: 'તમને કયું શાક વધારે ભાવે છે?'

એ ભાઈએ જવાબ આપ્યો: 'વાલપાપડી.'

શ્રીમદે કહ્યું: 'વાલપાપડી આખી જિંદગી ખાવી નહિ.'

ઈડરના પહાડ ઉપર શ્રીમદ્ સાત મુનિઓને જ્ઞાનવાર્તા કહેતા હતા. એક દિવસ શ્રીમદ્‌નો ઉત્કટ વૈરાગ્યપ્રેરક ઉપદેશ સાંભળીને દેવકરણજી મુનિ બોલી ઊઠયા: 'હવે અમારે ગામમાં જવાની જરૂર જ શી છે?'

શ્રીમદે પૂછ્યું: 'તમને કોણ કહે છે કે ગામમાં જાઓ?'

મુનિએ કહ્યું: 'શું કરીએ? પેટ પડ્યું છે!'

એ સાંભળીને શ્રીમદ્ બોલ્યા : 'મુનિઓને પેટ છે તે જગતના કલ્યાણ અર્થે છે. મુનિને પેટ ન હોત, તો ગામમાં નહિ જતાં પહાડની ગુફામાં વસીને કેવળ વીતરાગ ભાવે રહી જંગલમાં ફર્યા કરતાં. તેથી જગતના કલ્યાણરૂપ તેઓ થઈ શકત નહિ. તેથી મુનિનું પેટ જગત હિતાર્થે છે.'

ગુજરાતના એક અગ્રગણ્ય સમાજસુધારક શ્રી મહીપતરામ રૂપરામ એમ માનતા હતા કે, જૈનધર્મથી ભારતવર્ષની અધોગતિ થઈ છે.

એક વાર શ્રીમદ્ સાથે તેમનો મેળાપ થયો.

શ્રીમદે પૂછ્યું : 'ભાઈ, જૈનધર્મ અહિંસા, સત્ય, સંપ, દયા, સર્વ પ્રાણીહિત, પરમાર્થ, પરોપકાર, ન્યાય, નીતિ, આરોગ્યપ્રદ આહારપાન, નિર્વ્યસન, ઉદ્યમ આદિનો બોધ કરે છે?'

મહીપતરામ કહે : 'હા'

શ્રીમદ્ : 'ભાઈ, જૈનધર્મ હિંસા, અસત્ય, ચોરી, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થ-પરાયણતા, અનીતિ, અન્યાય, છળકપટ, વિરુદ્ધ આહારવિહાર, મોજશોખ, વિષય લાલસા, આળસ, પ્રમાદ આદિનો નિષેધ કરે છે?'

મહીપતરામ— 'હા.'

શ્રીમદ્—'કહો, દેશની અધોગતિ શાથી થાય? અહિંસા, સત્ય, સંપ, દયા, પરોપકાર આદિથી કે તેથી ઊલટાં હિંસા, અસત્ય, કુસંપ, ક્રૂરતા, અનીતિ, વ્યસન, પ્રમાદ આદિથી?'

મહીપતરામ—'બીજાંથી અર્થાત્ અહિંસા, સત્ય આદિથી ઊલટાં એવાં હિંસા, અસત્ય આદિથી.'

શ્રીમદ્—'ત્યારે દેશની ઉન્નતિ એ બીજાંથી ઊલટાં એવાં અહિંસા, સત્ય આદિથી થાય?'

મહીપતરામ—'હા.'

શ્રીમદ્ બોલ્યા : 'ત્યારે જૈનધર્મ દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો?'

મહીપતરામે નમ્ર ભાવે કહ્યું : 'હું કબૂલ કરું છું કે, જૈનધર્મ જેથી દેશની ઉન્નતિ થાય એવાં સાધનોનો બોધ કરે છે. આવી સૂક્ષ્મતાથી વિવેકપૂર્વક મેં કદી વિચાર કર્યો ન હતો! અમને તો નાનપણમાં પાદરીની શાળામાં શીખતાં સંસ્કાર થયેલા, તેથી વગર વિચારે અમે કહી દીધું; લખી માર્યું!'

એક વખતે કાવિઠા ગામના વિદ્યાર્થીઓ વગડામાં શ્રીમદ્‌નો બોધ સાંભળવા આવ્યા હતા.

શ્રીમદે તેઓને સામેથી પૂછ્યું : 'છોકરાઓ, એક પ્રશ્ન પૂછું, તેનો જવાબ તમે આપશો ?'

વિદ્યાર્થીઓએ કહ્યું : 'હા જી.'

શ્રીમદ્ બોલ્યા : 'તમારા એક હાથમાં છાશનો ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘી ભરેલો લોટો હોય; અને તમને માર્ગે જતાં કોઈનો ધક્કો વાગે, તો તે વખતે તમે કયા હાથના લોટાને જાળવશો ?'

ગીરધર નામના વિદ્યાર્થીએ જવાબ આપ્યો : 'ઘીનો લોટો સાચવીશું.'

શ્રીમદે પૂછ્યું : 'કેમ ? ઘી અને છાશ તો એકમાંથી જ ઉત્પન્ન થાય છે ને?'

વિદ્યાર્થી કહે : 'છાશ ઢળી જાય તો ઘણાયે ફેરા કોઈ ભરી આપે; પણ ઘીનો લોટો કોઈ ભરી આપે નહિ.'

એ પરથી શ્રીમદ્ સાર સમજાવતા બોલ્યા :

'છાશના જેવો આ દેહ છે, તેને આ જીવ સાચવે છેઃ અને ઘીની માફક આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે. પણ જો આત્માને ઘીની માફક મૂલ્યવાન જાણે તો આત્માને પણ સાચવે; અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરે. કારણ દેહ તો એની મેળે જ મળવાનો છે. કર્મ ઉપાર્જન થયાં એટલે તે ભોગવવા રૂપે દેહ તો મફતનો જ મળવાનો છે.'

## શ્રીમદ્‌નાં પ્રેરક લખાણો

શ્રીમદ્ રાજચંદ્રનું આખું જીવન આપણને પ્રેરણા આપનારું છે જ. પરંતુ તેમની આંતરિક અવસ્થાનો નિચોડ તો તેમનાં પ્રેરક લખાણોમાં જ જળવાયેલો આપણી પાસે સદાસર્વદા છે.

શ્રીમદ્‌નાં લખાણોને 'શ્રીમદ્ રાજચંદ્ર' નામના બૃહદ્ ગ્રંથમાં વયાનુક્રમે સંગ્રહેલાં છે. એમાં 'મોક્ષમાળા', 'ભાવનાબોધ', 'પુષ્પમાળા' અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવી કૃતિઓ તો મનનીય છે.

શ્રીમદ્‌નાં આ બધાં લખાણોની એક અસાધારણતા એ છે કે, તેમણે પોતે જે કંઈ અનુભવ્યું એ જ તેમણે લખ્યું છે. એમનાં લખાણો એટલે આંતર-બાહ્ય જીવનના ઉત્કટ અનુભવોનો નિચોડ. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનુ

કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણો ઘણાં ઉપયોગી થઈ પડે એમ અવશ્ય છે.

તેત્રીસ વર્ષની નાની વયમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ જે ઊંડું તત્ત્વજ્ઞાન પોતાનાં લખાણમાં નિરૂપ્યું છે એનો અભ્યાસ કરીએ તો જ એનું માહાત્મ્ય આપણને સમજાય એમ છે.

'પુષ્પમાળા' શ્રીમદે ૧૬ વર્ષની વયે લખેલી હતી. શ્રીમદ્‌ની આ કૃતિ વિશે મહાત્મા ગાંધીજીએ પંડિત સુખલાલજી સાથે વાતચીત કરતાં કહ્યું હતું : 'અરે, એ "પુષ્પમાળા" તો પુનર્જન્મની સાક્ષી છે.' 'મોક્ષમાળા' શ્રીમદે ૧૬ વર્ષ અને પાંચ માસની વયે લખેલી. એમની સર્વોત્તમ અમર કૃતિ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રીમદ્‌જીએ ૨૯ વર્ષની વયે એક જ બેઠકે લખી હતી.

એમનાં લખાણો 'શ્રીમદ્ રાજચંદ્ર' નામના મોટા ગ્રંથમાં સંગ્રહેલાં છે. એમનાં એ લખાણો વિશે આપણા એક મોટા સાહિત્યકાર અને તત્ત્વચિંતક આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે જે કહ્યું છે એ ધ્યાનમાં લેવા જેવું છે :

'આજકાલ ભણેલાઓમાં એવી ઘેલછા ચાલી છે કે, દરેક મોટા લેખકના ગ્રંથો વાંચી લેવા જ જોઈએ. ખૂબ વાંચવું, ખૂબ લખવું અને ખૂબ છપાવવું એવો રોગ આજકાલ ફાટી નીકળ્યો છે. પણ હું તેને વાજબી માનતો નથી.

'પૂર્વકાળે માત્ર એક બે ગ્રંથનાં વાચન અને મનનથી જે ફળ મળતું તે આજે સેંકડો અને હજારો ગ્રંથોના વાચનથી મળતું નથી. વિવિધ મહાત્માના ગ્રંથોમાં વિવિધ આદર્શો આપણે પ્રત્યક્ષ કરીએ છીએ અને એ આદર્શોની છાપ આપણા અંતઃકરણ ઉપર સ્થાયીરૂપે રહી શકતી નથી. દરેક ગ્રંથની અમુક એક બાજુ હોય છે. આવી અનેક બાજુઓનું પ્રતિબિંબ આપણે આપણા જીવનમાં પાડી શકીએ એ અસંભવિત છે.

'અંગ્રેજ વિદ્વાનોમાં અનેકોને એક ચોક્કસ ગ્રંથકાર કે મહાત્મા પ્રત્યે ખાસ હૃદયભાવ હોય છે. તેઓ પોતાના આખા જીવન દરમિયાન એ એક જ આદર્શને કેળવવા મથે છે. આથી તેમને ઘણો લાભ મળે છે. આપણે એ વિષયનું અનુકરણ કરવું જોઈએ અને બની શકે તો, એક જ મહાપુરુષના ગ્રંથને દૃષ્ટિ સન્મુખ રાખી તેનું મનન અને નિદિધ્યાસન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

'હું જો કે કોઈ ખાસ પ્રકારનો મતાગ્રહ ધરાવતો નથી, તો પણ મધુકરભાવે જે કંઈ ગ્રહણ કરવામાં આવે તેને હું વાજબી માનતો નથી.

'ગુજરાતના જાહેર જીવનમાં મારું જે અલ્પ સ્થાન છે તેને લક્ષમાં લઈ અને મારે શિરે જે જવાબદારી રહેલી છે તેનો વિચાર કરી મારે કહેવું જોઈએ કે, "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી તેના ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહે નહિ. એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણો વહ્યાં કરે છે. એ ગ્રંથ કોઈ ધર્મનો વિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે. હું આ ગ્રંથ વાંચવાની અને વિચારવાની સૌને વિનંતી કરું છું.'

છેવટે, શ્રીમદ્ રાજચંદ્રજીનાં લખાણોની મહત્તા દર્શાવતો પંડિતવર્ય પ્રજ્ઞાચક્ષુ સુખલાલજીનો અભિપ્રાય આપવો યોગ્ય થશે :

'બંગાળી, મરાઠી, હિન્દી અને ગુજરાતી આદિ પ્રાંતિક ભાષાઓ, જેમાં ગૃહસ્થ કે ત્યાગી જૈન વિદ્વાન અને વિચારક વર્ગની લેખનપ્રવૃત્તિ થાય છે અને વિશેષ સંભવે છે, તેમાંથી પ્રસિદ્ધ જૈન આચાર્ય આત્મારામજીની હિન્દી કૃતિઓને બાદ કરતાં એકે ભાષામાં વીસમી શતાબ્દિમાં લખાયેલું એક પણ પુસ્તક મેં એવું નથી જોયું કે, જેને "શ્રીમદ્ રાજચંદ્ર"નાં લખાણો સાથે ગંભીરતા, મધ્યસ્થતા અને મૌલિકતાની દૃષ્ટિએ અંશથી પણ સરખાવી શકાય

'તેથી આધુનિક સમગ્ર જૈન સાહિત્યની દૃષ્ટિએ, વિશેષે કરીને જૈન તત્ત્વજ્ઞાન અને ચારિત્રવિષયક ગુજરાતી સાહિત્યની દૃષ્ટિએ શ્રીમદ્દનાં લખાણોનું ભારે મૂલ્ય છે.

'છેલ્લા ત્રણ ચાર દશકા થયાં જૈન સમાજમાં નવીન પ્રજાને નવીન કેળવણી સાથે ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી જૈન શિક્ષણ આપી શકે એવાં પુસ્તકોની ચોમેરથી સતત માંગણી થતી જોવામાં આવે છે. અનેક સંસ્થાઓએ પોતપોતાની શક્યતા પ્રમાણે આવી માંગણીને પહોંચી વળવા કાંઈ ને કાંઈ પ્રયત્ન સેવ્યા છે, તેમ જ નાનાંમોટાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. પણ જ્યારે નિષ્પક્ષ ભાવે એ બધા પ્રયત્નો અને લગભગ એ બધું સાહિત્ય શ્રીમદ્દનાં લખાણો સામે બાલીશ અને કૃત્રિમ જેવું છે.

'એમનાં લખાણોમાંથી જ અક્ષરે અક્ષર અમુક ભાગો તારવી, અધિકારીની યોગ્યતા અને વય પ્રમાણે પાઠયક્રમ ઘડી કાઢવામાં આવે, કે જેમાં કોઈ પણ જાતનાં ખર્ચ, પરિશ્રમ આદિનો બોજ નથી, તો ધાર્મિક સાહિત્ય વિષેની જૈન સમાજની માંગણીને આજે પણ એમનાં લખાણોથી બીજાં કોઈ પણ પુસ્તકો કરતાં વધારે સારી રીતે સંતોષી શકાય એમ છે. એમાં કુમારથી માંડી પ્રૌઢ ઉંમર સુધીના અને પ્રાથમિક અભ્યાસીથી માંડી ઊંડા ચિંતક સુધીના જિજ્ઞાસુ માટેની સામગ્રી મોજૂદ છે. અલબત્ત એ સામગ્રીનો સદુપયોગ કરવા વાસ્તે અસંકુચિત અને ગુણ-ગ્રાહક માનસચક્ષુ જોઈએ'

## શ્રીમદ્‌ની અંતિમ ચર્યા

હવે આપણે શ્રીમદ્‌ રાજચંદ્રની અંતિમ ચર્યા ભણી વળીએ.

ધીમે ધીમે શ્રીમદ્‌નું ચિત્ત અસંગતા તરફ વળતું જતું હતું. છતાં પણ હાથ ધરેલા કામકાજને, વ્યાપારને તે નિષ્કામભાવે અદા કરવાની શુભ નિષ્ઠા પણ જાળવતા હતા. પોતે કયા લક્ષ પર પહોંચવાનું છે એ બાબતની સજાગતા પણ તેમનામાં એટલી જ મક્કમપણે હતી. તેમનું નિશ્ચયબળ પણ એટલું જ અડગ હતું.

આમ, શ્રીમદ્‌ સર્વસંગપરિત્યાગ ભણી પ્રયાણ કરવા લાગ્યા. પછી તો બાહ્ય વ્યવહારો અને ઉપાધિઓ પણ તેમણે ઓછી કરવા માંડી. વ્યાપાર કર્યાને દશ વર્ષ પૂરાં થયાં હતાં. એટલે તેમને લાગ્યું કે, હવે ધંધાનો હેતુ પૂરો થયો છે. માટે હવે સંસારનો ત્યાગ કરી બધો સમય આત્માની ઉન્નતિ કરે એવી સાધનામાં પસાર કરવો. એ માટે શ્રીમદ્‌ રાજચંદ્રે તૈયારી પણ કરવા માંડી.

તે વખતે શ્રીમદ્‌ની આસપાસ બહોળો કુટુંબ-પરિવાર વિસ્તરેલો હતો. તેમનાં માતાપિતા હયાત હતાં; પત્ની હતી; બે પુત્રો અને બે પુત્રી હતાં; એક ભાઈ અને ચાર બહેનો હતાં. કુટુંબ પૈસેટકે સુખી હતું. બધે શ્રીમદ્‌ની કીર્તિ પણ ઘણી ફેલાઈ હતી. આવી સુખદ અવસ્થામાં પણ શ્રીમદ્‌ વિરક્ત અવસ્થા ભણી જ પ્રયાણ કરતા હતા.

અને સને ૧૯૦૦ માં ૩૨ વર્ષની વયે શ્રીમદ્‌ સ્ત્રીપુત્રાદિ અને લક્ષ્મીનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. વળી આ વર્ષ દરમિયાન સંપૂર્ણ સંન્યાસ લેવા માટે પણ તત્પર થાય છે. પરંતુ દિનપ્રતિદિન એમનું શરીર લથડતું જતું હતું. એટલે એમનાં માતુશ્રી વચ્ચે પડીને એટલી મહેતલ માગે છે કે, શ્રીમદ્‌ બીમારીમાંથી સાજા થાય, ત્યારે તેમને રાજીખુશીથી રજા આપું.

પરંતુ શરીર તો વધારે ને વધારે બગડતું ગયું. છેલ્લી અવસ્થાએ તેમને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડયો. છેવટે એ દર્દમાં સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમે (ઈ. સ. ૧૯૦૧) તેત્રીસ વર્ષનું ટૂંકું પણ સમૃદ્ધ આયુષ્ય ભોગવી શ્રીમદ્‌ રાજચંદ્ર નાશવંત દેહનો ત્યાગ કરીને પરમપદ પામ્યા.

શ્રીમદ્‌ રાજચંદ્રે પોતાની જીવનલીલા સંકેલી લીધી. પરંતુ તેમણે વીસ વર્ષની વયે જે આદેશ ઉચ્ચાર્યો હતો એ સૌનાં દિલને એમનો અમર સંદેશ આપતો જાય છે :

'આત્મભાવમાં સત્રળું રાખજો.

'ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો.

'જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષશોક કરવા યોગ્ય જ નથી.

'પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસંમત ધર્મ છે; અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો...'

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આત્માને પ્રણામ કરી આપણે ભક્તિભાવે પ્રાર્થીએ :

'પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.'

# શ્રી પ્રભાશંકર પટ્ટણી

સંસ્કૃતમાં એક સુભાષિત છે :

**पापात् निवारयति, योजयते हिताय,**
**गुह्यं च गुह्यति, गुणान् प्रकटीकरोति ।**
**आपद्गतं न च जहाति, ददाति काले,**
**सन्मित्रलक्षणं इदं प्रवदन्ति सन्तः ॥**

—'પાપ કરનારને પાપ કરતાં અટકાવે છે અને તેનું હિત થતું હોય એવા કામમાં તેને યોજે છે. તેને કશું નુકસાન થતું હોય એવી તેની છાની રાખવા જેવી વાતો કોઈની આગળ કહી દેતો નથી અને તેનામાં રહેલા સદ્ગુણોને જ સૌની આગળ રજૂ કરે છે. કોઈ દુઃખમાં કે સંકટમાં આવી પડે તો તેને છોડી દેતો નથી અને પોતાનાથી જે કંઈ બને તે આપીને દુઃખમુક્ત કરે છે. આ સારા મિત્રનાં લક્ષણો છે એમ સંતો કહે છે.'

ભાવનગર રાજ્યના એક વખતના રાજપ્રિય તેમ જ પ્રજાપ્રિય દીવાન સર પ્રભાશંકર પટ્ટણીનું સ્મરણ કરતાં ભર્તૃહરિનો આ શ્લોક યાદ આવ્યા વિના રહેતો નથી.

આ શ્લોક પ્રભાશંકરભાઈને બહુ પ્રિય હતો. તેઓ કહેતા : 'એ શ્લોકમાં કહ્યા પ્રમાણે સૌના મિત્ર તરીકે વર્તવા હું બાળપણથી મથું છું. હવે તો એ સ્વભાવ થઈ ગયો છે. મિત્રના તખલ્લુસથી હું કવિતાઓ લખું છું તેનું પણ કારણ એ છે.'

સન્મિત્ર તરીકેનું એમનું આચરણ દર્શાવતો એક પ્રસંગ અહીં યાદ આવી જાય છે.

એક વાર એમના એક સ્વજને એમને પૂછ્યું : 'પેલા અંગ્રેજ, જે આપને પોતાના દુશ્મન ગણીને વર્તતા હતા તે હવે આપને મિત્ર ગણીને કેમ વર્તે છે? આપે તેનું એવું શું કરી આપ્યું?'

પટ્ટણી સાહેબ કહે : 'મેં કશું કર્યું નથી.'

સ્વજને કહ્યું : 'ના, ના; એવું તે કંઈ હોય ? પણ જો આપ કહો તો એક નોંધવા લાયક પ્રસંગ બને.'

પ્રભાશંકરભાઈ હસતા હસતા બોલ્યા : 'કાગળ પરની નોંધ નકામી છે, અને જે કામમાં સામાના દોષો ઢાંકી તેના સદ્ગુણો વિકસાવવા પ્રયત્ન કર્યા હોય તે કામ જો કોઈ જાણે તો પ્રયત્નનો હેતુ નિષ્ફળ જાય છે. માણસ પોતે માણસ પેઠે જીવીને સમાજવિરોધી કે ધર્મ વિરુદ્ધ આચરણ કરનાર બીજાને માણસ પેઠે જીવતા કરે એ મુખ્ય વાત છે. અને એ વાત છાની રહે તેમાં જ શ્રેય રહેલું છે.'

આવા ગુણજ્ઞ પ્રભાશંકર પટ્ટણીનું જીવન આપણને પ્રેરણાદાયી થઈ પડે એવું છે.

## અકિંચન બ્રાહ્મણને ત્યાં જન્મ

પ્રભાશંકર પટ્ટણીનો જન્મ ઈ. સ. ૧૮૬૨ની ૧૪ મી એપ્રિલને રોજ, સંવત ૧૯૧૮ના ચૈત્ર સુદ પૂર્ણિમા એટલે કે હનુમાન જયંતીના શુભ દિવસે સૌરાષ્ટ્રમાં આવેલા મોરબીમાં એમને મોસાળ થયો હતો.

એમના પિતાશ્રીનું નામ દલપતરામભાઈ હતું. માતુશ્રીનું નામ હતું મોતીબહેન. પ્રભાશંકરભાઈના દાદા હરિરામભાઈ ભટ્ટ શાસ્ત્રજ્ઞ, ધર્મનિષ્ઠ અને શંકર ભગવાનના પરમ ઉપાસક હતા. ગમે તેવા કઠિન સંજોગોમાં પણ તેઓ ભગવાન શંકરને અભિષેક કર્યા વિના ભોજન લેતા નહિ.

હરિરામદાદાને જોશ જોતાં આવડતું હતું. દાદાએ નાનકડા બાળક પ્રભાશંકરના જન્માક્ષર માંડયા અને જન્મકુંડળીનું ભાવફળ જોઈને પોતાનાં ધર્મપત્નીને કહ્યું :

'ડોશી, તારો આ પૌત્ર મોટો થશે ત્યાં સુધી આપણે તો બેઠાં નહિ હોઈએ. પણ આ પુણ્યાત્માનો આપણે ત્યાં જન્મ થયો એ આપણું અહોભાગ્ય ! આ દીકરો રાજા જેવો સંપત્તિવાન થશે. પણ એ દીનગરીબનો બેલી થશે. એને હાથે સૌનું ભલું થશે અને સ્વભાવે સાવ અકિંચન બ્રાહ્મણ રહેશે.'

ઘરની સ્થિતિ આમ તો સાવ ગરીબ હતી. પરંતુ આવા પુત્રરત્નનો પોતાને ત્યાં જન્મ થયેલો હોવાથી દાદીમા ઝવેરબા એ બાળકને ખોળામાં લઈ, છાતીએ લગાડી, માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં અને છોકરો ઘોડિયામાં ઊંઘતો હોય ત્યારે ભવિષ્યવાણી યાદ કરી હેતથી પગે પણ લાગતાં. દાદા–દાદી નાનકડા પ્રભાશંકરને 'કુંકો' કહી બોલાવતાં.

પ્રભાશંકરનાં માતુશ્રી મોતીબહેન બાળકને દોઢ વર્ષનો મૂકીને દેવલોક પામ્યાં ! પિતાશ્રી દલપતરામભાઈએ એથી બીજી વાર લગ્ન કર્યાં. પછી તેમને સોરઠમાં માણાવદર ગામે નોકરી મળતાં તે ત્યાં રહેવા કુટુંબ સાથે ગયા. એટલે નાનકડા પ્રભાશંકરનો ઉછેર દાદા-દાદીમાની શીળી છાયા હેઠળ થયો.

પ્રભાશંકરની પાંચ-છ વર્ષની વયે હરિરામદાદા ચાર ધામની યાત્રાએ ગયા હતા. ત્યાં તેમણે પોતાની બચેલી થોડીઘણી કમાણી સાધુસંતો તથા ગરીબોને જમાડવામાં ખરચી નાખી. યાત્રામાંથી ઘેર પાછા આવીને પોતાને ત્યાં એક ગાય હતી તે પણ કૃષ્ણાર્પણ કરી દીધી.

એ જ વરસે કરજ કરીને એમણે પોતાના પુત્રો કાનજીભાઈ અને કેશવલાલનાં લગ્ન કર્યાં. આથી ઘરની સ્થિતિ વધારે નબળી થઈ ગઈ.

પ્રભાશંકરના કાકા કાનજીભાઈનાં પત્ની અવલકુંવરને એક નાની બહેન હતી. એનું નામ હતું દયાકુંવર. પિયરમાં દયાકુંવરની સંભાળ રાખે એવું કોઈ ન હતું. એટલે તે અવલકુંવરબા સાથે જ સાસરે રહેવા આવી હતી.

દયાકુંવર અને પ્રભાશંકર સરખેસરખી ઉંમરનાં હતાં. એટલે એ બંને એક-બીજા સાથે ખૂબ હળી ગયાં હતાં. હરિરામદાદા એ બંને બાળકોને આંગળીએ વળગાડી નદીએ તથા કુબેરનાથ દર્શને લઈ જતા, તેમને ભણાવતા, રમાડતા અને વાર્તાઓ કહેતા.

પ્રભાશંકર નાની ઉંમરે પણ પોતાને જે ભાગ મળે તેમાંથી બીજાને ભાગ આપ્યા વિના એકલા કદી ખાતા નહિ. દાદા-દાદીને પણ પોતાના ભાગમાંથી ખવરાવવામાં તેમને આનંદ આવતો. દયાકુંવર પ્રત્યે તેમને પોતાની સગી બહેન જેવું હેત હતું. કોઈ વાર મંદવાડને કારણે દયાકુંવર જમતાં નહિ, ત્યારે નાનકડા પ્રભાશંકરને પરાણે જમવા બેસાડવા પડતા. તે વખતે ગળે કોળિયો ન ઊતરવાથી પ્રભાશંકર જમ્યા વિના ઊભા થઈ જતા.

## દાદાજી ખાતર દાદાનો માર ખાધો

દાદા હરિરામ ભટ્ટના ઘરની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. રાતે એકલા બાજરાના રોટલા અને તે મીઠે દાબીને ખવાતા !

આવી વિકટ સ્થિતિનું કોઈને મનદુઃખ ન હતું. પરંતુ હરિરામદાદાની અવસ્થા થઈ હતી, એટલે એમને સૂકો રોટલો ગળે ઉતારતાં મુશ્કેલી પડતી હતી. નાનકડા પ્રભાશંકર દાદાજી જોડે જ જમવા બેસતા. પ્રભાશંકર હતા નાના, પણ સમજદાર હતા. તેમની ચકોર આંખ દાદાની મુશ્કેલી પામી જતી.

એક વખત સાંજે દાદાજી બહારથી આવ્યા. તે વખતે ઝવેરબા ઓશરીમાં બેઠાં બેઠાં ઉપરવટણે કંઈ વાટી રહ્યાં હતાં. એ જોઈને દાદાએ પૂછ્યું : 'શું વાટો છો ?'

ઝવેરબાએ કહ્યું : 'કુંકો નિશાળેથી આવ્યો. ત્યારે આંબલીનો કોર લેતો આવ્યો છે. તેની ચટણી વાટું છું.'

એ સાંભળી દાદા બોલી ઊઠ્યા : 'કુંકો લાવ્યો છે ? ક્યાં છે કુંકો ?'

દાદાએ પ્રભાશંકરને બોલાવી પૂછ્યું : 'કુંકા, આ આંબલીનો કોર તું ક્યાંથી લાવ્યો ?'

પ્રભાશંકર—'નિશાળના ચોગાનમાંથી.'

દાદાએ પૂછ્યું : 'કોર કોણે ઉતારી દીધો ?'

પ્રભાશંકરે કહ્યું : 'દાદાજી, મેં ઉતાર્યો.'

આ સાંભળીને દાદા ગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું : 'તું ઝાડે ચડ્યો હતો ? કેમ ચડ્યો હતો ?'

આમ કહીને દાદાએ ઓશરીની થાંભલીએ વર્ષોથી બાંધી રાખેલું વેતરું છોડ્યું ને બેવડું વાળી પ્રભાશંકરના વાંસામાં ફટકાર્યું. કહ્યું : 'મારે તું ખોટનો દીકરો છે. ઝાડે ચડે તે ન પોસાય. કંઈ કશું થઈ જાય તો ? જો ફરીવાર ચડ્યો તો આમ મારીશ.' એમ કહીને ફરી વાર વેતરું પ્રભાશંકરના વાંસા પર વીંઝ્યું.

દાદીમાએ વચ્ચે પડી દીકરાને છોડાવ્યો અને ગોદમાં હેતથી ચાંપ્યો.

તે રાતે રોજની માફક દાદાજી જમવા બેઠા. એમની એક બાજુએ પ્રભાશંકર અને બીજે પડખે દયાકુંવર બેઠાં.

અવલકુંવરકાકી લાજ કાઢી રોટલા ઘડતાં હતાં. દાદીમા પાસે જમવા માટે બેઠાં હતાં.

સામી ભીંતે ચાડા પર દીવેલનો દીવો ટમકતો હતો.

આજે થાળીમાં રોટલા અને મીઠાની સાથે ચટણી હતી.

દાદાએ ચટણી સાથે રોટલો ખાધો અને ગળગળા થઈને તે બોલ્યા : 'આજે ખાધું ભાવે છે. મારે ગળે રોટલો ઊતરે છે.' બોલતાં દાદાની આંખમાંથી આંસુ ટપકી થાળીમાં પડ્યાં.

બાજુમાં બેઠેલો કુંકો દાદાજી તરફ જોઈ રહ્યો. કાકી ઘૂંઘટામાંથી આ દૃશ્ય જોઈ રહ્યાં.

બીજો દિવસ થયો. ફરી કુંકો આંબલીનો મોર લઈ આવ્યો.

કાકીએ ચટણી વાટી.

સાંજે દાદા ઘેર આવ્યા. દાદાને આ વાતની ખબર પડી. એટલે વધારે ગુસ્સે થઈ તેમણે કુંકાને વેતરથી ઝૂડતાં ઝૂડતાં કહ્યું: 'ના પાડી હતી તોયે ઝાડે ચડયો હતો કે?'

પ્રભાશંકરે હા કહી. એટલે દાદાએ વધુ ફટકાર્યો. કહ્યું: 'ચડીશ ઝાડે?'

પ્રભાશંકરે જવાબ ન આપ્યો. એટલે વળી વધુ માર માર્યો.

આજે કુંકાને બચાવનાર દાદીમા હાજર ન હતાં. તે પડોશમાં ગયેલાં.

દાદા બોલ્યા: 'ઝાડે ચડી તારે મારું મોત બગાડવું છે?'

ધોંધાટ સાંભળી દાદીમા દોડી આવ્યાં. તેમણે દીકરાને છોડાવી લીધો. દૂર જઈ ગોદમાં લઈને દાદીમાએ પૂછ્યું: 'દીકરા, તારા દાદા તને આટલું મારે છે, તો ઝાડે ન ચડતો હોય તો!'

પ્રભાશંકરે કહ્યું; 'મોટીબા, દાદાનું હું માનત. પણ દાદાને કાલે રોટલો ભાવ્યો. એટલે હું લાવ્યો. દાદાને લૂખો રોટલો ગળતાં કેવું થાય છે?'

રાતે હરિરામદાદા જમવા બેઠા. કુંકો હંમેશની માફક પડખે જમવા બેઠો હતો. દાદાને ગળે કોળિયો અટકયો અને તેમણે પાણી પીધું.

એ જોઈને દાદીમાએ કહ્યું: 'ચટણી મૂકી છે.'

દાદા કહે: 'જોઈ છે. પણ મારે એ ખાવી નથી. દીકરો કશું ન માને તો તેનો દાદો કેમ ખાઈ શકે?'

દાદીમાએ પ્રભાશંકર તરફ જોઈને કહ્યું: 'પણ કુંકા, તું કેમ ચટણી નથી ખાતો? તું તો ખા.'

દાદા કહે: 'એ નહિ ખાય. એણે મારા માટે કરાવી છે.'

કુંકાએ કહ્યું: 'દાદાજી, તમે ચટણી ખાઓ તો મોટીબા પણ ખાય. હવેથી હું આંબલીએ નહિ ચડું.'

અને દાદાએ ચટણી ખાધી.

પછીથી જ્યારે જ્યારે પ્રભાશંકર આંબલીનો કોર લાવે, ત્યારે કોઈ ભરવાડના વાંસડેથી પડાવીને લાવતા.

# શિવુકાકાની સારસંભાળ

દાદા અને દાદી બંને અવસાન પામ્યાં હતાં. એક વરસ પછીની આ વાત છે.

તે વખતે પ્રભાશંકરના પિતાશ્રી દલપતરામભાઈ માણાવદર હતા. કાનજીકાકા કોટડા–સાંગાણીમાં નોકરી કરતા હતા અને કેશવલાલકાકા જામનગર હતા.

ઘરમાં પુરુષવર્ગમાં બાર–તેર વર્ષના એકલા પ્રભાશંકર જ હતા. પ્રભાશંકરનાં સાવકાં માતુશ્રી અને બંને કાકીઓને સુવાવડ આવે તેમ હતી. અધૂરામાં પૂરું તે વરસે દુકાળ પણ પડયો.

એ દિવસોમાં કાનજીકાકાના મિત્ર શિવશંકરભાઈ આ કુટુંબને મદદકર્તા થઈ પડયા. પ્રભાશંકર વગેરે ઘરનાં બાળકો તેમને શિવુકાકા કહીને જ બોલાવતાં.

શિવુકાકા કુટુંબીજન જેવા જ બની ગયા હતા. પ્રભાશંકરને તે સંસ્કૃત શીખવતા. સાંજે ત્રણેય ભાઈઓની સગર્ભા પત્નીઓ પાસે ભાગવત વાંચી સંભળાવતા.

હરિરામ દાદા કે ઝવેરદાદીમા ઘરમાં હવે ન હતાં અને ઘરની આર્થિક સ્થિતિ ખરાબ હતી. કાનજીકાકા નોકરી કરતા હતા, પણ હજી પગાર આવતો ન હતો.

એમાં દુકાળનું વરસ આવ્યું. તેથી ઘરમાં સીધું આવતું બંધ થયું હતું. અનાજની તંગીને લીધે લોકો બ્રાહ્મણોને લોટ આપી શકતા ન હતા.

શિવુકાકાને ઘેર કોઈ ન હતું. એટલે સવારમાં તે તાંબડી લઈને નીકળે અને હરિરામ ભટ્ટના ઘર માટે લોટ માગી લાવે. કોઈવાર પ્રભાશંકરને પણ તે સાથે લઈ જતા.

ત્યારપછી શિવુકાકા પોતા માટે લોટ માગવા જતા. જો કંઈ મળે તો રાંધી ખાતા, નહિ તો લાંઘણ ખેંચી કાઢતા.

પ્રભાશંકરે આ જોયું. તેમણે અવલકુંવરકાકીને આ વાત કહી. એટલે શિવુકાકાને આ કાકી ઘણીવાર આગ્રહ કરી કહેતાં : 'શિવુભાઈ, કુંકાને એકલું ખાવાનુ ગમતું નથી. માટે તમે સાથે જમો' એમ કહીને જમવા બેસાડતા.

પ્રભાશંકરનાં સાવકાં મા અને કાકીઓની સુવાવડના સમય નજીક આવવા લાગ્યા. પરંતુ એ દિવસોમાં પ્રભાશંકરના પિતાશ્રી કશી આર્થિક મદદ મોકલી શકે એમ ન હતું. એટલે અવલકુંવરકાકીએ શિવુભાઈ પાસે કાનજીભાઈ પર પત્ર લખાવ્યો.

તે વખતે પ્રભાશંકર ત્યાં જ બેઠા હતા. શિવુકાકાએ કવર બંધ કરી સરનામું કર્યું, ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'શિવુકાકા, એ પરબીડિયું મને આપો. હું ટપાલમાં નાખી દઈશ.'

કાનજીકાકાને એ કવર મળ્યું. એના પર પ્રભાશંકરે લખ્યું હતું : 'કાકા, આપણે ત્યાં કંઈ પણ મોકલો તો પહેલાં શિવુકાકાને ચોક્કસ કંઈક મોકલશો. એમની હાલત આપણા કરતાં ઘણી ખરાબ છે, જોવાતી નથી!—પ્રભાશંકર.'

કાનજીભાઈએ ચડત પગારમાંથી બે માસનો પગાર મેળવી, અગિયાર રૂપિયા શિવુકાકાને અને અગિયાર રૂપિયા પોતાને ત્યાં મનિઑર્ડરથી મોકલ્યા.

પરંતુ એ દિવસોમાં જ દુઃખદ બનાવ બની ગયો! શિવુકાકા રોજના નિયમ મુજબ આવ્યા નહિ, એટલે પ્રભાશંકર પૂજાપાઠ કરીને એમને ઘેર ગયા. જુએ છે તો શિવુકાકા સખત ઝાડા-ઊલટીમાં સપડાયા હતા!

પ્રભાશંકર દોડતા જઈને વૈદરાજને તેડી લાવ્યા. ઉપચાર કર્યા. પણ કૉલેરા અસાધ્ય નીવડયો! છેવટ સુધી પ્રભાશંકરે વહાલસોયા શિવુકાકાના પગ દાબ્યા કર્યા. શિવુકાકા અવસાન પામ્યા!

કાનજીકાકાએ કરેલો પેલો મનિઑર્ડર પાછો ફર્યો. તે પર પોસ્ટ ઑફિસનું લખાણ હતું :

'આસામી ગુજરી જવાથી પરત.'

## વિદ્યાભ્યાસ

મોરબીમાં રહીને પ્રભાશંકરે ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યારપછી તે રાજકોટ ગયા. ત્યાં એક સંબંધીને ત્યાં રહીને ત્યાંની હાઈસ્કૂલમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો.

મહાત્મા ગાંધીજી પણ તે દિવસોમાં એ જ હાઈસ્કૂલમાં ભણતા હતા. તે વખતથી સહાધ્યાયી તરીકે ગાંધીજી અને પ્રભાશંકરની મિત્રતા બંધાઈ હતી, જે છેવટ સુધી કાયમ રહી.

પ્રભાશંકર મૅટ્રિકની પરીક્ષામાં પહેલે વરસે અમુક સંજોગોને કારણે નાપાસ થયા. પરંતુ બીજે વરસે સૌરાષ્ટ્રમાં તે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા.

રાજકોટમાં અભ્યાસ દરમિયાન પ્રભાશંકર રમત-ગમતમાં આગળ પડતો ભાગ લેતા. ક્રિકેટ અને ફૂટબૉલની રમતમાં તે ઘણા કુશળ હતા.

મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ પ્રભાશંકર મુંબઈની મેડિકલ સ્કૂલમાં દાખલ થયા. શરૂમાં તે પોતાના એક સંબંધીને ત્યાં રહ્યા હતા. પરંતુ પછીથી ગોકળદાસ તેજપાલ બોર્ડિંગની સ્થાપના થતાં તે એમાં દાખલ થયા.

મુંબઈના નિવાસ દરમિયાન પ્રભાશંકરની તબિયત સારી ન રહી. વારંવાર પેટનો દુખાવો થઈ આવતો. તેથી મેડિકલ સ્કૂલમાં બે વર્ષ અભ્યાસ કર્યા પછી તે ૧૮૮૬ ના અરસામાં દેશમાં માણાવદર એમના પિતાશ્રી પાસે આવ્યા

માણાવદરમાં રહીને તેમણે કાયદાનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. પરંતુ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે અભ્યાસ છોડી દઈ થોડો વખત રાજકુમાર કૉલેજમાં તેમણે કંપાઉંડર તરીકે અને પછી મોરબી પાસે માળિયા સ્ટેટમાં પાંત્રીસ રૂપિયાના પગારે દાક્તર તરીકે નિમાયા.

## યુવરાજની પરિચર્યામાં

ભાવનગરના મહારાજા ભાવસિંહજી યુવરાજ પદે હતા, ત્યારે ઈ. સ. ૧૮૯૦થી ૧૮૯૩ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણવા રહ્યા હતા. તે વખતે યુવરાજની સાથે હરેફરે અને તેમનું કામકાજ સંભાળે એવા કમ્પેનિયનની–સાથીની જરૂર ઊભી થઈ. આ કામ માટે પ્રભાશંકરભાઈને નીમવામાં આવ્યા.

એ જમાનામાં ઘણાખરા દેશી રાજાઓ આપખુદ, ઉડાઉ, વ્યસની અને ખોટે માર્ગે વળેલા જોવા મળતા. કેટલાક તો સાવ મૂર્ખ જેવા જ હતા, 'રાજા, વાજાં ને વાંદરાં' એ કહેવતને સાચી પુરવાર કરે તેવા હતા. તે વખતના ભાવનગરના મહારાજા તખ્તસિંહજી સમજુ અને ગુણસંપન્ન હતા. પોતાનો વારસ બીજા દેશી રાજાઓ જેવો નાલાયક ન બને એની તેઓ ખાસ કાળજી લેતા હતા. તેથી શિસ્તપાલનના અતિ આગ્રહી અને કડક શ્રી ગણપતરામ ત્રવાડીને તેમણે યુવરાજના ટ્યુટર તરીકે નીમ્યા હતા.

ગણપતરામભાઈની કડકાઈ બહુ ભારે હતી. યુવરાજ ભાવસિંહજીને ઘેર પત્ર લખવો હોય, તોયે એમને બતાવ્યા વિના તે લખી શકતા નહિ. આવી કડકાઈ ભાવસિંહજીને કઠતી હતી. એવી વેળાએ પ્રભાશંકરભાઈ એમના પ્રત્યે સહાનુભૂતિ રાખીને મિત્રભાવે સમજાવતા. તેથી પ્રભાશંકરભાઈ એમને 'પોતાના' માણસ જેવા લાગવા માંડ્યા. એ બંને વચ્ચે એવો ગાઢ સંબંધ બંધાઈ ગયો કે, ભાવસિંહજીને એમના વિના ગમતું નહિ આવો પક્ષપાત ઉપરીઓની નજરે ચડ્યા વિના રહે ખરો ? એટલે તેઓ પ્રભાશંકરભાઈની અદેખાઈ કરવા લાગ્યા.

## રાજખટપટના ભોગ બન્યા !

થોડા વખત પછી યુવરાજ ભાવસિંહજીને મિ. ફ્રેઝરના હાથ નીચે તાલીમ આપવાનું વિચારવામાં આવ્યું મિ. ફ્રેઝર કોલ્હાપુરના યુવરાજના ટ્યુટર હતા અને મૈસુર રાજ્યના રેસિડેન્ટ હતા. તે ઘણા રાજકુમારોના ટ્યુટર તરીકે ખૂબ માન પામ્યા

હતા. હિંદના ગવર્નરો અને વાઇસરોય પણ દેશી રાજ્યોના વ્યવહારમાં તેમની સલાહ લેતા અને એમની દોરવણી અનુસાર અમલ પણ કરતા.

એ દિવસોમાં મિ. ફ્રેઝર મારવાડમાં હતા. એટલે ભાવસિંહને ત્યાં રહેવા જવું પડયું. યુવરાજની ઇચ્છાથી પ્રભાશંકરભાઈને પણ એમની સાથે જવાનું થયું.

મિ. ફ્રેઝર સાહેબ આગળ કેટલાક ખટપટી અધિકારીઓએ પ્રભાશંકરભાઈની વિરુદ્ધ કાનભંભેરણી કરી હતી. પરંતુ પ્રભાશંકરભાઈની નિખાલસ રહેણીકરણી, વિદ્વત્તા અને કાર્યકુશળતા જોઈને ફ્રેઝર સાહેબ પણ એમનાથી પ્રભાવિત થયા હતા. તેથી પ્રભાશંકરભાઈને ત્યાંથી છૂટા કરવામાં કોઈ ફાવ્યું નહિ.

પ્રભાશંકરભાઈ તો કવિહૃદય હતા. એમના મિત્રો એમના મનને સારી રીતે પિછાનતા હતા. એટલે એમના એક બાળમિત્ર હરિલાલભાઈ ઝીણાભાઈને એમની આવી સ્થિતિ જોઈને એમને લખવાનું મન થયું. તેમણે પત્રમાં લખ્યું :

‘રાજાઓની નિકટ વસવું, સર્વ સમ્માન ખોવું,
રંગે ભોગે રમણ કરતાં અંતરે ગુપ્ત રોવું;
‘હા જી હા’નાં કપટવચને લોક થોકે નમે છે,
શું એવી હે સુહૃદ ! તુજને જિંદગાની ગમે છે ?’

પરંતુ પ્રભાશંકરભાઈ જલકમલવત્ ન્યાયે પોતાનું કર્તવ્ય સ્વસ્થતાથી બજાવ્યે જતા હતા. એટલે તેમણે પણ પોતાના બાળગોઠિયાને જવાબ કાવ્યમાં જ લખી મોકલ્યો :

‘જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,
ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકુરોની;
ઠંડાં વારિ નદી સર તણાં પી નિરાંતે ભમે છે,
સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.’

થોડા વખત પછી ફ્રેઝરસાહેબની સાથે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદના પ્રવાસે નીકળ્યા. પ્રભાશંકરભાઈ તો ભાવસિંહજી સાથે હોય જ.

રેલવે સલૂનમાં એક વખત વાસણકૂસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટયું. હજૂર ખાનગી ખાતાના ઉપરી અને તેના સાગરીતોને આ મજાનું બહાનું મળી ગયું. એ લોકોએ એ છાલિયું પ્રભાશંકરભાઈએ જ કયાંક દાબી દીધું હશે એવો આરોપ મૂકીને સાથે સાથે કહ્યું : ‘યુવરાજને પોતાના હાથમાં રાખવા પ્રભાશંકર એમની આગળ મીઠી મીઠી વાતો કરીને વહાલો થાય છે. એમને બગાડનાર અને

આવી બધી ગડબડ ઊભી કરનાર પ્રભાશંકર જ છે. માટે આ બાબતમાં સાવચેત રહેવાની જરૂર છે. નહિ તો એને કાબૂમાં લેવો ભારે પડશે!'

પોતાને કાઢવાની ખટપટ ક્યારની ચાલતી હતી એનો અણસારો પ્રભાશંકરભાઈને ઘણા વખતથી મળી ગયો જ હતો. પરંતુ છાલિયા જેવી મામૂલી વસ્તુનો આરોપ મૂકી એમને હલકો પાડવા સુધી તે લોકો જશે એની પ્રભાશંકરભાઈને કલ્પના ન હતી!

સ્વમાની પ્રભાશંકરભાઈએ તરત જ રાજીનામું લખી નાખ્યું અને યુવારાજશ્રીને બતાવીને કહ્યું: 'હું આ દઈને જાઉં છું.'

## ખમીર જાળવી રાખ્યું

યુવરાજને આ સાંભળીને દુઃખ થયું. તેમને પ્રભાશંકરભાઈમાં પૂરેપૂરો વિશ્વાસ હતો. તેમણે એમને ખૂબ સમજાવ્યા. પરંતુ પ્રભાશંકરભાઈનું મન ઊઠી ગયું હતું. તેમણે નમતું ન આપ્યું.

એટલે ભાવસિંહજીએ ફ્રેઝર સાહેબને કહ્યું: 'તમે પ્રભાશંકરને સમજાવો. એ કદાચ તમારું માનશે.'

ફ્રેઝરે કહ્યું: 'રાજીનામું આપીને છૂટા થવાની જરૂર નથી. હું દીવાન વિઠ્ઠલદાસને આપની તરફેણમાં લખું છું. તમને જરાયે મુશ્કેલી નહિ આવે.'

પ્રભાશંકરભાઈ આવા ખટપટી વાતાવરણમાં રહેવા માગતા નહોતા. તેમણે કહ્યું: 'મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તોયે દોષિત ઠરાવનાર માણસોની સાથે મારે નોકરી કરવી નથી.'

પછી પ્રભાશંકરભાઈએ બધી વાત વિગતથી એમને સમજાવી. એ સાંભળીને ફ્રેઝર સાહેબ બોલ્યા: 'જો એમ જ હોય, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ અને આગળ આવો એવી મારી ઉમેદ છે. એટલે ચાલો, હું તમને મુંબઈના ગવર્નર પર ભલામણપત્ર લખી આપું. તે મારા મિત્ર છે. તમારા માટે તે જરૂર કોઈને કોઈ જગ્યાએ વ્યવસ્થા કરી આપશે. અથવા તમને ઇચ્છા હોય એમના પર હું ભલામણપત્ર લખી આપું.'

પ્રભાશંકરભાઈ બોલ્યા: 'આભાર.'

ફ્રેઝરે પૂછ્યું: 'કેમ, પ્રભાશંકર? તો તમે કરશો શું?'

પ્રભાશંકરભાઈએ સહજ જવાબ આપ્યો: 'ભાવનગરની નોકરીમાં ન હોત તો જે કરત તે કરીશ.'

ફ્રેઝર પ્રભાશંકરભાઈની ખુમારી જોઈને ખુશ થઈ ગયા. તેમણે એમના બે હાથ પોતાના હાથમાં લઈને ઉમળકાથી હલાવીને કહ્યું : 'વહાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.'

પછી ફ્રેઝરે રાતે પોતાના એક મિત્રને ઇંગ્લેંડ પત્ર લખ્યો. એમાં તેમણે લખ્યું :

'આજે મેં સ્વમાની, પોતાની શક્તિનો જાણનાર, ડાહ્યો દેશી માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં કયારેક જ જોવા મળે છે. એ ભાવનગરના મિ. પ્રભાશંકર, જે મને ખાતરી છે કે ખૂબ આગળ આવશે.'

પ્રભાશંકરભાઈ તે જ દિવસે રાજીનામું આપી છૂટા થયા.

## ભાવનગરે એમને ન છોડયા

ત્યાર પછી પ્રભાશંકરભાઈ ૧૮૯૧–૯૨માં બારૈયા સ્ટેટના ફોરેસ્ટ ઑફિસર નિમાયા. ત્યાં બે વરસ રહી પોતાના વતન મોરબીમાં કેળવણી ખાતામાં અધિકારી તરીકે નિમાયા. ત્યાં લગભગ ત્રણેક વર્ષ રહ્યા.

એવામાં ભાવનગરના મહારાજા તખ્તસિંહજી દેવલોક પામ્યા. ભાવસિંહજી ગાદી પર આવ્યા.

મહારાજા ભાવસિંહજીએ તાર કરીને પ્રભાશંકરને મોરબીથી તેડાવ્યા. પ્રભાશંકરભાઈએ એમને લખ્યું : 'હું મોરબી બાવાનો નોકર છું. મને તેઓ સારી રીતે રાખે છે. એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી છોડાય નહિ'

એટલે ભાવસિંહજીએ મોરબીના વાઘજી ઠાકોરને પત્ર લખી તેમની મંજૂરી મેળવીને પ્રભાશંકરભાઈને ભાવનગર બોલાવ્યા.

એટલે ઈ. સ. ૧૮૯૫માં મોરબી રાજ્યના કેળવણી ખાતાના નિરીક્ષકના પદેથી પ્રભાશંકરભાઈ ભાવનગરના ભાવસિંહજી મહારાજાના હજૂર સેક્રેટરી તરીકે નિમાયા.

મહારાજા એમને જાહેરમાં પણ માનઆદર આપતા હતા. એટલે ઘણાને લાગતું હતું કે, થોડાક જ વખતમાં મહારાજા ભાવસિંહજી એમને દીવાન બનાવી દેશે. એટલે ફરીને અંદરોઅંદર રાજખટપટ થવા લાગી. તે વખતમાં કોઈનું કાસળ કાઢી નાખવું એ રમત વાત હતી. દેશી રાજરજવાડામાં એવું બન્યા જ કરતું.

એટલે પ્રભાશંકરભાઈનો પણ કાંકરો કાઢી નાખવા કેટલાક દ્વેષીલા અધિકારીઓ છાનામાના ષડ્યંત્ર ગોઠવવા લાગ્યા. એમનું ખૂન કરવા સુધી તેઓ ગોઠવણ કરવા લાગ્યા ! એવા એક પ્રયત્નમાં પ્રભાશંકરભાઈએ પોતે મારાને પકડયો. પરંતુ

પ્રભાશંકરભાઈમાં 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એ સદ્ગુણ સહજ હતો. તેઓ જાણતા હતા કે, પોતાને મારવા આવેલા મારાને પોતાની સાથે કશો દ્વેષભાવ નથી, એ તો ચિઠ્ઠીનો ચાકર છે. એટલે તેમણે ઉદાર દિલે મારાને ક્ષમા આપી જતો કર્યો. એ વાતનો તેમણે કોઈને અણસાર પણ આવવા દીધો નહિ. તેમણે એ વાતને ત્યાં ને ત્યાં દબાવી દીધી.

પછી તો પ્રભાશંકરભાઈનાં સૌજન્યશીલતા, નિઃસ્પૃહતા, નિરભિમાનતા અને પરહિતપરાયણતાની સુવાસ બધે ફેલાવા લાગી. એટલે એમના વિરોધીઓ પણ એમના ચાહક બની ગયા. વળી વિનમ્રભાવે પ્રભાશંકરભાઈ પોતે પણ પ્રભુને સદા પ્રાર્થતા હતા કે—

'મારી આખી અવનિ પરની જિંદગાની વિષે મેં,
રાખી હૈયે મુજ રિપુ પર દૃષ્ટિ જે રીતની મેં;
તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારી!
તોયે તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'

## રાજ્યની કામગીરી

ઈ. સ. ૧૯૦૨ની સાલમાં મહારાજા ભાવસિંહજીએ પ્રભાશંકરભાઈને રાજ્યના દીવાન તરીકે નીમ્યા. હજૂર સેક્રેટરી તરીકે તે હતા ત્યારથી તેમણે ભાવનગર રાજ્યના વિકાસનું કામ હાથમાં લીધું.

જ્યારે પ્રભાશંકરભાઈ હજૂર સેક્રેટરી તરીકે નિમાયા, ત્યારે રાજ્યની આર્થિક સ્થિતિ સારી ન હતી. એ માટે રાજ્યનાં બધાં ખાતાંઓની પુનઃવ્યવસ્થા કરવાની જરૂર હતી. તેથી પ્રભાશંકરભાઈની સલાહ લઈને મહારાજા ભાવસિંહજીએ મિ પરસિવલ, મિ સિમ્સ અને પ્રભાશંકરભાઈ એ ત્રણ અધિકારીઓની એક કમિટી નીમી. એ કમિટીનું બધું કામ પ્રભાશંકરભાઈએ જ કર્યું. તેમણે નિર્ણય કરી જે ઉપાયો સૂચવ્યા એ કમિટીના બંને યુરોપિયન સભ્યોએ માન્ય રાખ્યા.

આ જ અરસામાં રાજ્યમાં દુકાળ પડ્યો. દુકાળમાં લોકોની હાડમારી દૂર કરવા પ્રભાશંકરભાઈ હંમેશાં ૪૦ થી ૫૦ માઈલ ઘોડા પર મુસાફરી કરીને ગામે ગામ ફર્યા. આ મુસાફરી દરમ્યાન એક વખત ઘોડા ઉપરથી પડી જવાથી તેમને ભારે અકસ્માત થયો હતો. પણ તે બચી ગયા હતા.

મહારાજા ભાવસિંહજી ગાદીએ આવ્યા, ત્યારે રાજ્ય ઉપર વીસ લાખનું કરજ હતું. એમાં દુષ્કાળ આવ્યો, એટલે બીજા ત્રીસ લાખની જરૂર ઊભી થઈ.

કોઈ પણ નવા અધિકારીને આ સ્થિતિ મૂંઝવે તેવી હતી. પરંતુ ભાવનગરના અગ્રણી પ્રજાજનોના ઉમળકાભર્યા સહકારથી રાજ્ય સફળતાથી તે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ શક્યું.

પછી પણ ઉપરાઉપરી ખરાબ વરસો આવ્યાં છતાં બહુ જ થોડાં વર્ષોમાં બધું કરજ વાળી દઈ પ્રભાશંકરભાઈએ રાજ્યની શાખ વધારી દીધી. થોડાં વર્ષોમાં જ સારા કુશળ રાજપુરુષ તરીકે પ્રભાશંકરભાઈની કીર્તિ દેશવિદેશમાં પ્રસરી ગઈ. એમની સેવાની કદર કરીને ઈ. સ. ૧૯૦૯માં અંગ્રેજ સરકારે એમને 'સર'નો ખિતાબ પણ આપ્યો.

## મહારાજાની સાન ઠેકાણે આણી

પ્રભાશંકરભાઈ હજૂર સેક્રેટરી હતા, ત્યારનો એક પ્રસંગ નોંધવા જેવો છે.

એક વાર મહારાજા ભાવસિંહજીએ એક આગળ પડતા અમલદારને રાજીનામું આપી ચોવીસ કલાકમાં ભાવનગર છોડી જવાનો હુકમ કર્યો. પછી પ્રભાશંકરભાઈને બોલાવી તેમણે મંજૂરીનો હજૂર હુકમ લખવા આજ્ઞા કરી.

પ્રભાશંકરભાઈએ ભાવસિંહજીને આવું કડક પગલું ભરવા વિશે શાંતિથી પૂછ્યું. મહારાજા રોષમાં હતા. તેમણે એ જ મિજાજમાં પ્રભાશંકરભાઈને બધી વાત કરી.

એ સાંભળીને પ્રભાશંકરભાઈએ પોતાનું જ રાજીનામું લખીને મહારાજાને આપ્યું.

એ વાંચીને ભાવસિંહજી સડક જ થઈ ગયા! તેઓ બોલી ઊઠ્યા: 'આ શું?'

પ્રભાશંકરભાઈએ વિનયપૂર્વક છતાં નીડરપણે સ્વસ્થતાથી કહ્યું:

'રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાનો બાપ પણ છે. અને નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ અમલદારની અને એથી વધુ અમલદારોના પણ અમલદાર જેવા રાજાની છે.

'એને બદલે જો રાજા ઘડીમાં કોપે, અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજાની સેવા કરી જીવન આપ્યાં હોય એવા કુટુંબના એક માણસે રાજાના નોકર તરીકે કંઈ ભૂલ કરી હોય, તો તે બદલ તત્કાલ આકરી સજા કરે, તો એવા મનસ્વી

રાજાની નોકરી કરવા કોણ સારો માણસ ઇચ્છા રાખે? માટે મેં મારું રાજીનામું આપ્યું છે.'

પ્રભાશંકરભાઈની નિખાલસ વાત સાંભળીને મહારાજા ભાવસિંહજીનો રોષ શાંત થઈ ગયો. તેમણે બગડેલી બાજી સુધારવા પ્રભાશંકરભાઈને બધી છૂટ આપી.

## ઘરના નોકરની વહારે

પ્રભાશંકરભાઈનાં લગ્ન અંગે અહીં જરા વાત કરી લઈએ. નાનપણમાં એમનાં લગ્ન સૌરાષ્ટ્રના જાણીતા વૈદરાજ ઝંડુ ભટ્ટજીના ભાઈ રસેશ ધર્માચાર્ય મણિશંકર વિઠ્ઠલજીનાં દીકરી સાથે થયાં હતાં. પરંતુ એમનું થોડા વખતમાં અવસાન થયું હતું. ત્યાર પછી પ્રભાશંકરભાઈનાં બીજી વારનાં લગ્ન મોરબીના રાજવૈદ્ય વિશ્વનાથ વિઠ્ઠલજીનાં સુપુત્રી રમાબહેન સાથે થયાં હતાં. એમની સાથેનો સુખી સંસાર દીર્ઘકાળ પર્યંત ચાલુ રહ્યો હતો.

જે વખતે પ્રભાશંકરભાઈ ભાવનગરના દીવાન હતા, ત્યારે એક વાર તેઓ બહારગામ ગયા હતા. એ દિવસોમાં એમના ઘરમાં ચોરી થઈ. સોનાનાં કીમતી ઘરેણાં કોઈ ઉપાડી ગયું હતું.

રમાબહેને તરત જ પોલીસખાતાને એની જાણ કરી. પોલીસે શક લાવીને દીવાન સાહેબના ઘરના એક જૂના નોકરને અટકમાં લીધો.

થોડા દિવસ પછી પ્રભાશંકરભાઈ ઘેર આવ્યા. એટલે પેલા નોકરની પત્ની એમની પાસે આવી અને એમના પગ પકડી કરગરવા લાગી, 'સાહેબ, અમ ગરીબ પર દયા કરો, માબાપ! એ સાવ નિર્દોષ છે. મહેરબાની કરીને એમને પોલીસના હાથમાંથી છોડાવો! અમે આપનો ઉપકાર કદી નહિ ભૂલીએ.'

પ્રભાશંકરભાઈએ નોકરને છોડી દેવા પોલીસખાતાને સૂચના મોકલી આપી. એટલે પેલા નોકરને છોડી દઈને પોલીસ અમલદાર તેની સાથે દીવાન સાહેબ પાસે આવ્યો.

પ્રભાશંકરભાઈએ પોલીસ અમલદારને કહ્યું : 'મારી પત્નીનાં ઘરેણાં ચોરાયાં એ ખરેખર દુઃખની વાત છે. પરંતુ શક લાવીને મારા ઘરના એક જૂના નોકરને જ પકડવામાં આવ્યો એ એના કરતાં પણ વધારે દુઃખની વાત છે! મારે મન સોનાનાં ઘરેણાં કરતાં મારા માણસની કિંમત વધારે છે. માટે આ જે કંઈ થયું એ ખરેખર ખેદજનક છે!'

પોલીસ અમલદારે પોતે આવું ઉતાવળિયું પગલું ભર્યું એ બદલ દીવાન સાહેબની ક્ષમા માગી અને તે ત્યાંથી ચાલ્યો ગયો.

આ બધું પેલો નોકર ત્યાં ઊભો ઊભો જોતો સાંભળતો હતો.

પોલીસ અમલદાર ચાલ્યો ગયો. એટલે પ્રભાશંકરભાઈ પેલા નોકરને પાસે બોલાવી, જાણે પોતે જ કંઈ દોષ કર્યો હોય એવા ભાવથી બોલ્યા : 'ઘરમાં ચોરી થાય, એટલે પોલીસને તારા ઉપર વહેમ આવે એ સ્વાભાવિક છે. તેઓને આવાં કેટલાંય કામ કરવાં પડે. તેથી તેઓ તો જેના તેના પર શક લાવીને શોધ કરવા મંડી પડે. એમાં એ લોકોને દોષ દેવો ઠીક નહિ ગણાય.

'પરંતુ તું આથી માઠું જરા પણ લગાડતો નહિ. મને તારા પર રજ માત્ર પણ વહેમ નથી. ઊલટું મારે તારી માફી માગવી જોઈએ કે, તને આમ વિના કારણ સહન કરવું પડ્યું !'

આ સાંભળીને નોકર એકદમ દીવાન સાહેબના પગમાં પડીને રડતો રડતો બોલી ઊઠ્યો, 'સાહેબ, સાહેબ, મારા જેવો પાપી માણસ આપ સાહેબના વિશ્વાસને પાત્ર નથી ! હું જ ચોર છું ! મેં જ ઘરેણાં ચોર્યાં છે ! હું આપ સાહેબને એ ઘરેણાં લાવીને અબઘડી પાછાં સોંપી દઉં છું. આપ પોલીસને પાછી બોલાવો અને આ પાપિયાને બરોબર સખત સજા કરો. મેં આપ સાહેબનો વિશ્વાસઘાત કર્યો !'

એ સાંભળીને પ્રભાશંકરભાઈ ધીર શાંત અવાજે બોલ્યા : 'મને તારા ઉપર વહેમ ન હોવા છતાં તેં સાચેસાચું કહી દેવાની હિંમત કરી, એટલે હવે તને સજા કરવાની હોય જ નહિ. ફરી કદી આવી લાલચને વશ થતો નહિ. નેકીથી ચાલજે. તું તંગીમાં હોઈશ તેથી જ કદાચ તને આવું કરવાની કુબુદ્ધિ સૂઝી હશે.'

એમ કહીને પ્રભાશંકરભાઈએ એને સો રૂપિયા આપતાં કહ્યું : 'લે, આ સો રૂપિયા. તને ખપ લાગશે.'

પેલો નોકર તો આભારવશ થઈ એમની સામું આભો બની જોઈ જ રહ્યો. પછી તો વર્ષો સુધી એ અને એની પત્ની પ્રભાશંકરભાઈને ઘેર 'અનંતવાડી'માં કામ કરતાં રહ્યાં.

## ભાવનગર બંદરના હક માટે લડત

પ્રભાશંકરભાઈ ભાવનગરના દીવાન પદે હતા, તે વખતે હિંદના વાઇસરોય તરીકે લોર્ડ કર્ઝન હતા. તેનું વર્તન જરા મનસ્વી હતું. તેણે મહારાણી વિક્ટોરિયાના ૧૮૫૮ના [illegible]થી કેટલીક બાબતો માન્ય રાખી હતી એનું ઉલ્લંઘન કરવા માંડ્યું હતું.

ભાવનગર રાજ્યને અંગ્રેજી હકૂમત નીચેનાં બધાં બંદરોની માફક જ સમાન બંદરી હક મળ્યા હતા. પરંતુ લૉર્ડ કર્ઝને ભાવનગર સહિત સૌરાષ્ટ્રનાં બીજાં બંદરોનો વિકાસ રૂંધવા માટે સૌરાષ્ટ્ર અને બ્રિટિશ હિંદની વચ્ચે જકાતની લાઈન-દોરી નાખી અને ભાવનગર બંદર તથા સૌરાષ્ટ્રનાં બીજાં બંદરોનો વેપાર બ્રિટિશ હિંદમાં જતો રોકયો.

ભાવનગર સાથેના કરારનો આ રીતે ભંગ થયેલો જોઈને રાજ્યના દીવાન પ્રભાશંકરભાઈએ કર્ઝન સરકારને અને તે પછી મિન્ટો સરકારને ઘણી અરજીઓ કરી. પરંતુ સરકાર તરફથી કશી દાદ ન મળી!

એટલે ભાવનગર રાજ્યે ઇન્ડિયા કાઉન્સિલ સુધી અરજ કરી અને તે કામ ઈંગ્લૅન્ડમાં શ્રી ભાવનગરી નામના પારસી ગૃહસ્થને સોંપ્યું. પરંતુ ઈ. સ. ૧૯૧૦ સુધી એનું કશું ધાર્યું પરિણામ ન આવ્યું.

છેવટે પ્રભાશંકરભાઈ પોતે ઈંગ્લૅન્ડ ગયા. તેમણે તે વખતના સેક્રેટરી ઑફ ધ સ્ટેટ ફૉર ઇન્ડિયા લૉર્ડ મોર્લીને મળી બધી વાત વિગતથી સમજાવી.

ન્યાયપ્રેમી લૉર્ડ મોર્લીએ આખો કેસ બરોબર તપાસી જોયો. તેમને જણાયું કે લૉર્ડ કર્ઝનનું પગલું અન્યાયભરેલું હતું. એટલે તેમણે ચુકાદો આપ્યો કે, 'ભાવનગરનાં બંદરો બ્રિટિશ બંદરોના અધિકાર ભોગવે છે. એટલે તેમની સામે લાઇનદોરી પડી શકે નહિ'

પછી લૉર્ડ મોર્લીએ પ્રભાશંકરભાઈને અભિનંદન આપતાં કહ્યું: 'અભિનંદન, શ્રી પ્રભાશંકર, તમે તમારો કેસ જીતી ગયા છો.'

પરંતુ સૌજન્યશીલ પ્રભાશંકરભાઈ વિવેક ચૂકે એવા ન હતા. તેમણે આભાર માનતાં લૉર્ડ મોર્લીને કહ્યું: 'ના, આભાર. આ વિજય પ્રભાશંકરનો નથી, પરંતુ બ્રિટિશ રાજ્યમાં રહેલી ન્યાયની ભાવનાનો વિજય છે.'

આ વિજયના સમાચાર તારથી ભાવનગર આપતાં પ્રભાશંકરભાઈએ લખેલું કે, 'આ બધી સફળતાનો જશ શ્રી ભાવનગરીને આભારી છે.'

આ ચુકાદાના શુભ સમાચાર સાંભળીને ભાવનગરના મહારાજા તેમ જ પ્રજાજનો હર્ષમાં આવી ગયા. આ તાર વાંચીને ભાવનગરના માજી દીવાન સાહેબ વિઠ્ઠલદાસભાઈએ મહારાજા ભાવસિંહજીને કહ્યું: 'પટ્ટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે. છતાં પટ્ટણી ભાવનગરીને જશ દે છે તે એની મોટાઈ છે. એ પટ્ટણીથી જ થઈ શકે. બીજાનું એ ગજું નહિ.'

## પ્રભાશંકરભાઈની કર્તવ્યનિષ્ઠા

ધીમે ધીમે પ્રભાશંકરભાઈની કાર્યકુશળતા અને સૂઝ-સમજની વાતો બધે ફેલાવા લાગી. બીજાં દેશી રાજ્યો પણ પોતાની મૂંઝવણ વખતે કે રાજ્યમાં ઊભી થતી મડાગાંઠનો ઉકેલ લાવવા માટે પ્રભાશંકરભાઈની સલાહસૂચના માગવા લાગ્યાં. બ્રિટિશ સલ્તનત પણ એમની કર્તવ્યનિષ્ઠાને પામી ગઈ હતી.

ઈ. સ. ૧૯૦૯ના મોર્લી-મિન્ટો સુધારાથી પ્રાંતના ગવર્નરની કારોબારી કાઉન્સિલમાં હિંદીઓને કારોબારી સભ્ય તરીકે નીમવાનો હક આપવામાં આવ્યો. ૧૯૧૨માં મુંબઈ પ્રાંતના ગવર્નરની કારોબારી કાઉન્સિલના હિંદી સભ્યની જગ્યા ખાલી પડતાં તે વખતના ગવર્નર લોર્ડ સિડનહામે એ જગ્યાએ પ્રભાશંકરભાઈની નિમણૂક કરી.

આ પહેલાં એવો રિવાજ હતો કે, દેશી રાજ્યોમાંથી કોઈ ને બ્રિટિશ હિંદના વહીવટમાં લેવામાં આવતા ન હતા. પ્રથમ વાર જ પ્રભાશંકરભાઈને આ રીતે સ્થાન પામવાનું માન મળ્યું હતું. અહીં તેઓ ત્રણ વર્ષ રહ્યા હતા.

ત્યાર બાદ ૧૯૧૭ના ફેબ્રુઆરીમાં વડી ધારાસભાના વધારાના સભ્ય તરીકે હિંદી સરકારે તેમની નિમણૂક કરી પછી વિલાયતની હિંદી પ્રધાનની કાઉન્સિલમાં ૧૯૧૭ના જૂન માસમાં બે વધારાના હિંદી સભ્યો નીમવાનું નક્કી થયું. એમાં પ્રભાશંકરભાઈની પસંદગી કરવામાં આવી.

આ પ્રસંગે તે વખતના વાઈસરોય લોર્ડ ચેમ્સફર્ડે વડી ધારાસભાના પોતાના ભાષણમાં પ્રભાશંકરભાઈને અભિનંદન આપતાં કહ્યું હતું : 'સર પ્રભાશંકર પટ્ટણીને દેશી રાજ્યો સાથે લાંબો પરિચય છે. એટલે તેઓ રાજ્યોના દૃષ્ટિબિંદુથી હિંદી વજીરને સપ્રમાણ સલાહ આપી શકશે... એમના સમાગમમાં આવનારા ઉપર એમની કાર્યનિષ્ઠાની છાપ પડ્યા વિના રહેતી નથી.'

લગભગ ત્રણ વર્ષ સુધી પ્રભાશંકરભાઈ હિંદી પ્રધાનની કાઉન્સિલમાં રહ્યા હતા. એ દરમિયાન ૧૯૧૯માં ભાવનગરના મહારાજા ભાવસિંહજી અવસાન પામ્યા. તે વખતે યુવરાજશ્રી કૃષ્ણકુમારસિંહજી સાડાસાત વર્ષની સગીર વયના હતા, એટલે ભાવનગરનાં પ્રજાજનોએ અને રાજ્યકુટુંબે બાળ મહારાજાની સંભાળ રાખવા તથા રાજ્યોનો વહીવટ કરવા પ્રભાશંકરભાઈને નીમવા માટે સરકારમાં તાર અને પત્રથી અરજી કરી.

એ દરમિયાન જ સરકાર પ્રભાશંકરભાઈને હિંદના કોઈ પ્રાંતના ગવર્નર પદે નીમવા વિચારતી હતી. એટલે સત્તા અને વૈભવ-પ્રતિષ્ઠા-ભર્યું ઊજળું ભાવિ છોડી પ્રભાશંકરભાઈ ભાવનગરની માગણી સ્વીકારશે નહિ એમ સરકાર માનતી હતી.

આ બે વચ્ચે પસંદગી કરવાનું પ્રભાશંકરભાઈને કહેવામાં આવ્યું. તેમણે ભાવનગર જવાનું પસંદ કર્યું. એ જાણીને સરકારને બહુ નવાઈ લાગી. સરકારે એનું કારણ પૂછ્યું.

પ્રભાશંકરભાઈ સહજપણે બોલ્યા : 'ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે, તેમના પાટવીકુંવર મારા હાથ તળે ઊછરે. હમણાં જ્યારે એ મહારાજાસાહેબની હયાતી નથી, ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે આ જ સ્વીકારવું જોઈએ.'

પછી પ્રભાશંકરભાઈ ભાવનગરના એડ્મિનિસ્ટ્રેટરના પદે આવ્યા. વળી તેઓ હિંદભરનાં દેશી રાજ્યોના એકમાત્ર ઉત્તમ સલાહકાર તરીકે બધે માન પામવા લાગ્યા.

ઈ. સ. ૧૯૩૦–૩૧ના અરસામાં કાશ્મીરના મહારાજાએ રાજ્યના કોઈ કૂટ પ્રશ્ન અંગે સર પ્રભાશંકરભાઈને બોલાવી સલાહ માગી. પ્રભાશંકરભાઈએ એ પ્રશ્નનો ઉકેલ ખૂબ સારી રીતે કરી આપ્યો.

આથી રાજી થઈને મહારાજાએ કહ્યું : 'ભાવનગર ખાબોચિયા જેવું નાનું છે. આપની શક્તિ જોતાં એ બહુ નાનું ક્ષેત્ર ગણાય. આપ કાશ્મીરને પોતાનું કરો, તો હું માસિક પાંચ હજારથી ઓછા નહિ આપું. વળી આપની યોગ્ય કદર કરીશ.'

પ્રભાશંકરભાઈ સ્વસ્થતાથી બોલ્યા : 'મારા ઉપર આપ વિશ્વાસ ન રાખો તો આવું.'

મહારાજા એ સાંભળી બોલી ઊઠ્યા : 'એવી શરત શા માટે મૂકો છો ?'

પ્રભાશંકરભાઈએ નમ્રપણે સાચી વસ્તુ સમજાવતાં કાશ્મીરનરેશને કહ્યું :

'ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ મને આગળ આણ્યો. એ દેવ થયા ત્યારે તેનાં સંતાનો મને સોંપતા ગયા છે. જો હું સત્તા કે ધનના લોભમાં પડી એ બધું ભૂલી, ફગાવીને કાશ્મીર આવું, તો પછી હું આપને કે કાશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં રાખવો ન જોઈએ. આપ જે પ્રલોભન બતાવો છો એના કરતાં મોટા પ્રલોભનમાં પડીને હું આપને પણ છોડીને કોઈ દિવસ ચાલ્યો જાઉં એની શી ખાતરી ?'

કાશ્મીરનરેશે એમની શુદ્ધ ભાવના સમજીને વધુ આગ્રહ ન કર્યો.

## વાલીપણું દીપાવ્યું

પ્રભાશંકરભાઈના વાલીપણા નીચે રાજવહીવટ લગભગ બાર વર્ષ સુધી ચાલ્યો. યુવરાજને યોગ્ય શિક્ષકની વ્યવસ્થા કરી આપી. એમને રાજ્યકર્તા તરીકે

લાયક બનાવ્યા. રાજ્યની આવકમાં પણ સારો એવો વધારો થયો હતો. ભાવનગરને પહેલી કક્ષાનું દેશી રાજ્ય બનાવ્યું હતું.

છેવટે મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો રાજ્યાભિષેક ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. પ્રભાશંકરભાઈએ રાજ્યની સીલ મહારાજાને અર્પણ કરતાં કહ્યું :

'આ સીલ પેશ કરતાં જે બધું સંભાળવાની ફરજ મારા ઉપર હતી તે બધું આપ નામદારને હું સુપરત કરું છું. સુવ્યવસ્થિત રીતે ચાલેલું રાજ્ય સોંપું છું. અને આપ નામદાર સાથેના આપનાં મિત્ર રાજ્યોના સ્નેહ ભરેલા સંબંધોને માત્ર અવિરત નહિ પણ વધારે ગાઢ થયેલા, મિત્રતા ભરેલા સંબંધો સોંપું છું. અને આપને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું તથા ફતેહમંદ રાજ્યનીતિ માટે અનેક શુભેચ્છા દર્શાવું છું.'

એડ્‌મિનિસ્ટ્રેશનનો વહીવટ આમ પૂરો થયા છતાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ થોડાં વર્ષ કાઉન્સિલ દ્વારા વહીવટ ચલાવવાનું ઉચિત માન્યું. પ્રભાશંકરભાઈને કાઉન્સિલના વડા તરીકે ચાલુ રાખ્યા.

## પ્રભાશંકરભાઈની પ્રતિભા

પ્રભાશંકરભાઈને એક ગીતાવચનમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી : 'न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात! गच्छति।' કલ્યાણ કરનાર માણસનું કદી અહિત થતું નથી. આ નિષ્ઠાને બળે જ પ્રભાશંકરભાઈ નિર્ભયપણે સત્યને માર્ગે પોતાને ભાગે આવેલું કર્તવ્ય કર્મ કર્યે જતા હતા.

પ્રભાશંકરભાઈની એકેએક પ્રવૃત્તિ પરહિતસાધક હતી. એમનાં સૌજન્ય, નિઃસ્પૃહતા; નિરભિમાનતા અને પરહિતપરાયણતા કોઈની પણ નજરે ચડયા વિના ન રહે.

પ્રભાશંકરભાઈ તો મહાત્મા ગાંધીજીના શાળાસહાધ્યાયી હતા. છેવટ પર્યંત એ બંને વચ્ચે મૈત્રી જળવાઈ રહી હતી. પરંતુ પ્રભાશંકરભાઈ પોતાના કર્તવ્યને વધારે નિષ્ઠાથી જાળવી રાખતા હતા. તે વખતે પ્રભાશંકરભાઈ બીજા બધા મીઠા અને નિકટના સંબંધોને વિવેકપૂર્વક ગૌણ ગણતા હતા.

ઈ. સ. ૧૯૨૪ની આ વાત છે. એ સાલમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ ભાવનગરમાં ભરવાની વાત જોરશોરથી ચાલતી હતી. પ્રભાશંકરભાઈને કાને આ વાત આવી. સૌને એમ કે, તેઓ તો ગાંધીજીના પરમ મિત્ર છે. એટલે આ બાબતમાં કદી ના નહિ પાડે.

પરંતુ પ્રભાશંકરભાઈ તો અમદાવાદ જઈને ગાંધીજીને મળ્યા અને શાંતિથી બોલ્યા : 'ભાવનગરમાં હાલ બાળ મહારાજા છે. મહારાજાને બીજાં રાજ્યો સાથે રાજકીય તેમ જ કૌટુંબિક સંબંધ છે. એ ભાવનગરને આંગણે પરિષદ મળે ને

પરિષદમાં બીજાં રાજ્યો વિરુદ્ધ ઠરાવ થાય, તો તે તે રાજ્યોનો ભાવનગર સાથે સંબંધ બગડે. તે માટે હું ના પાડું છું. પણ જો બીજાં રાજ્યોની વિરુદ્ધમાં ઠરાવ ન કરવાના હોય ને આપ પોતે પ્રમુખ થવાના હો, તો ખુશીથી ભાવનગરમાં પરિષદ ભરો. હું બધી સગવડ અપાવીશ. અને આ પરિષદમાં ભાવનગરની વિરુદ્ધ જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ છે.'

ગાંધીજીની આસપાસ ઘણા માણસો તે વખતે બેઠા હતા. પ્રભાશંકરભાઈના આવા વિચારોનો ગાંધીજી કેવો જવાબ આપે છે એ સાંભળવા બધા ઉત્સુક હતા. ગાંધીજીએ હસતાં હસતાં પ્રભાશંકરભાઈને પૂછ્યું : 'ધારો કે મારા પ્રમુખપદે ત્યાં પરિષદ ભરાય ને તેમાં બીજા કોઈ રાજ્ય વિરુદ્ધ ઠરાવ થાય, તો તમે શું કરો ?'

પ્રભાશંકરભાઈએ પણ હસતાં હસતાં કહ્યું : 'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું ને હું આપની સામે બેસું.'

ગાંધીજીએ પરિષદનું પ્રમુખપદ સ્વીકાર્યું. પરિષદ ભાવનગરમાં જ મળી. પણ કોઈ અયોગ્ય ઠરાવ પસાર થયો નહિ.

આવા કર્તવ્યપરાયણ અને રાજ્યનિષ્ઠ પ્રભાશંકરભાઈ પોતાનું કર્તવ્ય બજાવતા જ દેવલોક પામ્યા. રાજ્યના કામ માટે તેઓ ઘોડે બેસીને ગામેગામ ફરતા હતા. સિહોર મહાલની મુસાફરીમાં તા. ૧૬–૨–૧૯૩૮ને રોજ સવારે નવ વાગે તેમણે દેહત્યાગ કર્યો! પોતાની પાછળ પોતાનો વારસો જાળવે એવા સુપુત્ર અનંતરાયભાઈને તેઓ રાજ્યની ભાવિની સેવા માટે આપતા ગયા.

આવા કર્તવ્યનિષ્ઠ, સૌજન્યમૂર્તિ અને પ્રજાવત્સલ પ્રભાશંકરભાઈ જતાં સૌને ભારે ખોટ સાલ્યા વિના રહી નહિ. અંગ્રેજ મિત્રોએ પણ એમને અંજલિ આપતાં યોગ્ય જ કહ્યું હતું : 'The best known and respected man in India among all opinions. — સૌના જાણીતા અને સૌના આદરપાત્ર એવા એ હિંદી હતા. દેશમાં તેમ જ વિદેશમાં એમની બહુવિધ પ્રતિભાની મુક્ત કંઠે પ્રશસ્તિ થઈ.

પરંતુ સ્વર્ગમાંથી પણ નમ્રમૂર્તિ પ્રભાશંકરભાઈ (તેમણે પોતાના મિત્રોને એક વાર કહ્યું હતું એ મુજબ) જાણે કહેતા હોય એમ લાગ્યા વિના રહેતું નથી :

'ના રે ના, મારામાં એવું કશું નથી! ખરી હકીકત તો એ છે કે, મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઈને મારામાં જે શક્તિઓ હતી તે બહાર આવી. હું માનું છું કે, મારા જેવા ઘણાય છે; માત્ર એમને મહારાજા ભાવસિંહજી જેવા શોધનાર મળ્યા નથી.'

# સરદાર વલ્લભભાઈ પટેલ

'ગુજરાતની પ્રજાને હું તેજસ્વી જોવા ઇચ્છું છું. કોઈ એમ ન કહી શકે કે કંગાળ કે ખોટી વણિક વૃત્તિનો ગુજરાતી શું કરી શકે? બીજા કોઈ પણ જેટલા બહાદુર થઈ શકે તેટલો ગુજરાતી પણ થઈ શકે. માત્ર તેણે પોતાના સ્વમાન ખાતર મરતાં શીખવું જોઈએ.

'હું ગુજરાતીઓને કહું છું કે, શરીરે તમે ભલે દૂબળા હો, પણ કાળજું વાઘ–સિંહનું રાખો; સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. કોઈ તમને અંદર અંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો.'

ઈ. સ. ૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહ વેળાએ જેમની વીરવાણીએ ગુજરાતના લોકોમાં અજબ અભૂતપૂર્વ શૂરાતન પ્રેર્યું હતું એવા સરદાર વલ્લભભાઈ પટેલને કોણ ઓળખતું નહિ હોય? તેઓ તો ગુજરાતના શિરછત્ર હતા સરદારનું પ્રેરક, વીરતાભર્યું જીવન આપણને પ્રેરણા આપે એવું છે.

## જન્મ અને માતાપિતા

ગુજરાતના ફળદ્રુપ ચરોતર પ્રદેશના મધ્ય ભાગમાં આવેલા આણંદ તાલુકાનું કરમસદ ગામ વલ્લભભાઈ પટેલનું વતન. કરમસદ ગામમાં મુખ્ય વસ્તી પાટીદારની છે. ત્યાંના પાટીદાર સ્વતંત્ર સ્વભાવના, નિખાલસ અને તેજદાર ગણાય છે. આવા તેજદાર ગણાતા ગામનાં તેજદાર માતાપિતાને ત્યાં આપણા દેશનાં એ મહાન નર-રત્નો વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ પટેલનો જન્મ થયો હતો. એ બંને સગા ભાઈઓ હતા.

વલ્લભભાઈ પટેલની જન્મ તારીખ ૩૧ મી ઑક્ટોબર ૧૮૭૫ ગણાય છે. તે જમાનામાં ઘરમાં કોઈને એમની જન્મ તારીખની બરોબર ખબર નહિ. એટલે એમના મૅટ્રિકના સર્ટિફિકેટમાં જે તારીખ મળી એ જ માન્ય કરવામાં આવી.

સરદારનું મોસાળ છે નડિયાદ. તેમનો જન્મ ત્યાં જ થયો હતો.

સરદારના પિતાશ્રીનું નામ ઝવેરભાઈ. પિતાશ્રી બહુ સ્વતંત્ર મિજાજના અને કડક સ્વભાવના હતા. આમ તો તેમના ઘરની સ્થિતિ સાધારણ હતી; છતાં કોઈ પણ બાબતમાં કોઈથી દબાય તો શાના જ? ઝવેરભાઈએ નાનપણમાં ૧૮૫૭ ની ક્રાંતિમાં ઝાંસીની રાણીના પ્રદેશમાં ભાગ લીધેલો. એત્રણ વર્ષ સુધી ઘેર એમનો પત્તો લાગ્યો નહોતો. એવી વાત છે કે મલ્હારરાવ હોલકરે ઝવેરભાઈને કેદ કર્યા હતા.

કેદ કરી પોતાની સામે બાંધી રાખતા. એક વાર મલ્હારરાવ શેતરંજ રમતા હતા. શેતરંજમાં રાજા ખોટી ચાલ ચાલતા જાય ત્યાં ઝવેરભાઈ કહેતા જાયઃ 'રાજા, ફલાણું મહોરું આમ ચલાવો.' મલ્હારરાવ એમનું કૌશલ્ય જોઈને ચકિત થઈ ગયા. તેમણે ઝવેરભાઈને છોડી દીધા અને પોતાના મિત્ર તરીકે રાખ્યા.

ઝવેરભાઈ સ્વામીનારાયણના મહાભક્ત હતા. પંચાશી વર્ષની વયે ગુજરી ગયા ત્યાં સુધી દર પૂનમે વડતાલ જવાનું એકેય વાર ચૂક્યા નથી. સરદાર પણ પિતાજીના સાથે અનેક વાર વડતાલ ગયેલા. વલ્લભભાઈ સત્તર વર્ષના થયા ત્યાં સુધી પિતાશ્રી પાસે કરમસદમાં રહેલા અને ત્યાંસુધી તેમની નિરાહારી અથવા કોઈ કોઈ વાર નિર્જળા એકાદશી વિનાની ભાગ્યે જ કોઈ એકાદશી ગઈ હશે.

વલ્લભભાઈનાં માતા લાડબાઈ નરમ અને સુશીલ સ્વભાવનાં હતાં. ઘર ચલાવવામાં બહુ કુશળ હતાં. સ્થિતિ ગરીબ હતી, છતાં મહેમાન પરોણા સારી રીતે સાચવતાં. કોઈ સાથે તકરારમાં ઊતરવાનું એમના સ્વભાવમાં જ નહોતું. સેવાભાવી વૃત્તિનાં હતાં. પાડોશીનું કામ કરી છૂટે.

સરદારને ચાર ભાઈઓ અને એક બહેન હતાં : સોમાભાઈ, નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ, વલ્લભભાઈ, કાશીભાઈ અને ડાહીબા. સરદારને સૌથી નાની બહેન ડાહીબા પર સવિશેષ પ્રેમ હતો.

## પ્રાથમિક વિદ્યાભ્યાસ

વલ્લભભાઈએ મૅટ્રિક સુધીનો અભ્યાસ કરમસદ, પેટલાદ, વડોદરા એમ જુદાં જુદાં સ્થળોએ કર્યો હતો.

તે વખતનો એક પ્રસંગ સરદારમાં મોટપણે ખાસ તરી આવતા એક સ્વભાવની ઝાંખી કરાવે છે. તે જમાનામાં કરમસદમાં અંગ્રેજી શાળા નહિ હોવાથી અંગ્રેજી ભણતા કેટલાક છોકરાઓ ત્યાંથી ૭ સાત માઈલ દૂર આવેલા પેટલાદ ગામે રોજ ચાલીને જતા આવતા.

ગરમીના દિવસોમાં શાળાનો સમય સવારનો હતો. શાળા ૭ સાત માઈલ દૂર હતી; તેથી કરમસદથી વિદ્યાર્થીઓ પરોઢ થતાં પહેલાં ઘેરથી નીકળી જતા. ખેતરાળ રસ્તો–પગથી પડેલી. તે રસ્તે થઈને તેઓ બધા રોજ જાય આવે.

એક દિવસ પાંચ–૭ વિદ્યાર્થીઓ વહેલી સવારે કરમસદથી નીકળ્યા. પગથી પર ચાલતાં ચાલતાં એક વિદ્યાર્થીનું ધ્યાન ખેંચાયું કે, તેમનામાંથી એક ઓછો છે ! એ આજુબાજુ જોઈને બોલી ઊઠયો : 'અલ્યા, વલ્લભભાઈ ક્યાં અલોપ થઈ ગયો ?'

બીજાએ દૂર જોઈને કહ્યું : 'એ પેલો જણાય ! કાંઈક ગડમથલ કરે છે.'

ત્રીજાએ બૂમ પાડી : 'વલ્લભભાઈ, તું શું કરે છે ? કેમ પાછળ રહી ગયો ?'

વલ્લભભાઈએ વળતો જવાબ આપ્યો : 'જરા થોભો. આ આવ્યો.' એમ કહીને ખેતરની હદ માટે દાટેલો પથ્થરનો ખૂંટો જોરથી હચમચાવી ખેંચી કાઢીને એક બાજુ ફેંકી દીધો. પછી તે દોડતા દોડતા સાથીઓ પાસે પહોંચી ગયા.

એક જણે પૂછ્યું : 'કેમ પાછળ રહ્યો' તો ?'

વલ્લભભાઈએ સહજ જવાબ આપ્યો : 'રસ્તા વચ્ચે પથ્થરનો ખૂંટ વારંવાર નડતો હતો. આપણા જેવા અનેકને નડ્યો હશે. કોઈના પગ પણ અંધારે ભાંગ્યા હશે ! તેને હચમચાવી કાઢવામાં રોકાયો હતો.'

એકે પૂછ્યું : 'કાઢ્યો કે રહેવા દીધો ?'

વલ્લભભાઈ મક્કમ અવાજે કહે : 'રહેવા દે એ બીજા ! જેને તેને વાગે અને હરકત કરે તેને કાઢયે જ છૂટકો. કેટલાયને અંધારે વાગતો હશે. છતાં કોઈ એ કાઢતું નહોતું એટલે બધાનું દુઃખ ઊભું ને ઊભું રહેતું. ગઈ કાલનો મેં નિશ્ચય કર્યો હતો કે, આજે તો તે કાઢી જ નાખવો. તેથી એને કાઢી નાખવાના કામે રોકાયો હતો. એને કાઢ્યો ત્યારે જ મને નિરાંત વળી.'

પોતાના વિદ્યાભ્યાસનો કાળ સરદારે કેવી ગરીબાઈ અને સાદાઈમાં ગાળ્યો હતો એનો એક દાખલો ધ્યાન ખેંચે એવો છે. સરદારે જ એ વિશે કહ્યું છે :

'હું નડિયાદમાં જ્યારે મોસાળમાં ભણવા રહેતો, ત્યારે કોઇ વાર કરમસદ જાઉં, ત્યારે મારાં દાદીમા મને અહીં (નડિયાદના રેલવે ક્રોસિંગ) સુધી મૂકવા આવતાં. નડિયાદથી આણંદ રેલવે હતી. પણ કરમસદ જવામાં અમે કદી રેલવેગાડીનો ઉપયોગ ન કરતા. ઘેરથી નીકળું ત્યારે ખાવાનું લેવા માટે બે-ચાર આના આપે, પણ તે અમે ગાડીભાડામાં ન વાપરી નાખીએ એટલા માટે દાદીમા અહીં સુધી મૂકી જતાં.'

જ્યારે વલ્લભભાઈ પેટલાદ ભણતા હતા, ત્યારે ત્યાં એક નાનું ઘર ભાડે રાખી સાતેક વિદ્યાર્થીઓ સાથે રહેતા. દરેક જણ પોતાને ઘેરથી અઠવાડિયાનું સીધું દર રવિવારે લઈ આવે અને વારાફરતી હાથે કરી બધા જમે.

વલ્લભભાઈ પોતાના બાળપણના દિવસો યાદ કરીને કહેતા :

'મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઈ જાય. ખેતરમાં કામ કરવા નહિ, પણ આવતાં જતાં રસ્તે આંક અને પલાખાં ગોખાવવાં.'

બાળપણમાં તેમના એક શિક્ષક એવા હતા જેમને કશું પૂછવા કોઈ વિદ્યાર્થી જાય તો તે પાંચ શેરની સંભળાવીને કહેતા :

‘મને શું પૂછ પૂછ કર્યા કરો છો ? માંય માંય ભણો.’

અને આ સૂત્ર વલ્લભભાઈના જીવનની જાણે ગુરુકિલ્લી સમાન બની ગયું હતું. તેમણે પોતાનું બધું ભણતર ‘માંય માંય ભણીને’ જ કરેલું. તેમણે આપબળે જ પોતાના જીવનનું ઘડતર કરેલું.

વલ્લભભાઈ મૅટ્રિક સુધી ખૂબ તોફાની હતા. તેમનાં તોફાન, નીડરતા અને હિંમતથી શિક્ષકો પણ સાવધ બની જતા અને પોતાનાથી ખોટો પક્ષપાત કે ગફલત ન થઈ જાય એની ખાસ કાળજી રાખતા. અહીં એક બે ઉદાહરણો જોઈએ.

નડિયાદની હાઈસ્કૂલના છઠ્ઠા ધોરણના એક શિક્ષક બહુ કડક હતા. નેતરની સોટીનો તે ખૂબ છૂટથી ઉપયોગ કરતા. વળી વિદ્યાર્થીની ઘરની સ્થિતિનો જરા પણ વિચાર કર્યા વિના મન ફાવે તેમ દંડ કરતા. એક દિવસ એક ગરીબ વિદ્યાર્થીને દંડ કર્યો અને એ દંડ ન લાવ્યો, એટલે એને વર્ગ બહાર કાઢ્યો.

વલ્લભભાઈને થયું કે, આનો કંઈ ઇલાજ કરવો જ જોઈએ. તેથી તેમણે શાળામાં હડતાલ પડાવી. એક પણ વિદ્યાર્થી શાળામાં ન જાય, એટલા માટે તેમણે બરોબર ચોકી ગોઠવી. વિદ્યાર્થીઓને ભણવા–કરવા માટે એક ધર્મશાળામાં બેસવાની ગોઠવણ કરી. ત્યાં પીવાના પાણી વગેરેની પણ વ્યવસ્થા કરી.

હડતાલ ત્રણ દિવસ ચાલી. શાળાના મુખ્ય શિક્ષકે મામલાની ગંભીરતા જાણી અને સરદારને બોલાવી સમજાવ્યા. કોઈપણ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારે પડતી સજા ભવિષ્યમાં નહિ થાય એવી બાંયધરી આપી. એટલે વલ્લભભાઈએ સમાધાન કરી હડતાલ પાછી ખેંચી લીધી.

એક શિક્ષક પોતાના વર્ગમાં વપરાતી ચોપડીઓનો તથા વિદ્યાર્થીઓએ વાપરવાનાં કાગળ, પેન્સિલ, નોટબુક વગેરે વસ્તુઓનો વેપાર કરતા! વળી વર્ગનો એકેએક વિદ્યાર્થી આ બધી વસ્તુઓ પોતાની પાસેથી જ ખરીદે, એવી તે સૌને ફરજ પણ પાડતા.

વલ્લભભાઈને આ વાતની જાણ થઈ. એટલે તેમણે વિદ્યાર્થીઓ પાસે એ શિક્ષકનો એવો બહિષ્કાર કરાવ્યો કે આખરે પેલા શિક્ષકને પોતાનો વેપાર છોડી દેવો પડ્યો.

## મૅટ્રિક પછી શું ?

વલ્લભભાઈ નડિયાદ હાઈસ્કૂલમાંથી સને ૧૮૯૭ માં મૅટ્રિક થયા. તે વખતે એમની ઉંમર લગભગ બાવીસ વર્ષની હતી.

મૅટ્રિક પાસ થયા પછી શું કરવું એ પ્રશ્ન સામે આવીને ઊભો. ગુજરાતી સાત ચોપડી પાસ થયા પછી જેમ સીનિયર ટ્રેન્ડ શિક્ષક થવાની સલાહ તેમને મળી હતી, તેમ આ વખતે પણ ઘરની સ્થિતિ સાધારણ છે અને કાંઈ નોકરીધંધે લાગી જાય તો સારું, એમ વિચારીને મામાએ એમને કહ્યું કે, 'અમદાવાદ આવે તો મ્યુનિસિપાલિટીમાં મુકાદમની જગ્યા અપાવું. જેમ કામ શીખીશ તેમ આગળ વધવાનો સારો ચાન્સ મળશે'

મામા અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મુખ્ય ઇજિનેર હતા અને સારી લાગવગ ધરાવતા હતા. એટલે વલ્લભભાઈને ઝટ 'ચાન્સ' મળે એમ હતો. પરંતુ આવી નોકરીથી સ્વતંત્ર મિજાજના આ સાહસિક યુવાનને સંતોષ થાય એમ નહોતો. એમના મગજમાં નાનપણથી જ મોટી મોટી મહત્ત્વાકાંક્ષાઓ ભરેલી હતી. એ કાળના પોતાના મનોરાજ્યનું ચિત્ર સરદારે ૧૯૨૧ માં મોડાસામાં આપેલા એક ભાષણમાં સુરેખ રીતે આંક્યું છે :

'ભાઈ મોહનલાલે મારી ઓળખાણ આપતાં કહ્યું કે, હું પહેલાં અંગ્રેજની આબેહૂબ નકલ કરતો હતો, એ સત્ય છે. વળી હું નવરાશનો સમય રમતગમતમાં ગાળતો હતો, એ વાત પણ ખરી છે.

'મારી માન્યતા તે વખતે એવી હતી કે, આ અભાગી દેશમાં પરદેશીની નકલ કરવી એ જ ઉત્તમ કાર્ય છે. મને શિક્ષણ પણ એવું જ આપવામાં આવ્યું હતું કે આ દેશના માણસો હલકા અને નાલાયક છે, અને આપણા ઉપર રાજ્ય કરનાર પરદેશી માણસો જ સારા છે અને આપણો ઉદ્ધાર કરવા સમર્થ છે. આ દેશના માણસો તો ગુલામગીરીને જ લાયક છે. આવું ઝેર આ દેશનાં તમામ બાળકોને પિવડાવવામાં આવે છે.

'હું નાનપણથી જ જે લોકો સાત હજાર માઈલ દૂર પરદેશથી રાજ્ય કરવા આવે છે તેમનો દેશ કેવો હશે એ જોવા અને જાણવાને તડફડિયાં મારતો હતો. હું તો સાધારણ કુટુંબનો હતો. મારા બાપ મંદિરમાં જિંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઇચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન ન હતું.

'મને માલૂમ પડ્યું કે, દસ પંદર હજાર રૂપિયા મળે તો વિલાયત જવાય. મને કોઈ એટલા રૂપિયા આપે એમ ન હતું. મારા એક મિત્રે કહ્યું કે, ઈડર સ્ટેટમાં

દરબાર પાસેથી રૂપિયા વ્યાજે મળે એવો સંભવ છે. એ મિત્રના કાકા ઈડરમાં રહેતા. તે ઉપરથી એ મારો મિત્ર અને હું બંને ઈડર ગયા અને શેખચલ્લીના વિચારો કરી ગામની પ્રદક્ષિણા ફરીને પાછા આવ્યા.

'છેવટે નક્કી થયું કે, વિલાયત જવું હોય, તો પૈસા કમાઈને જવું. પછી વકીલાતનો અભ્યાસ કર્યો ને વકીલાતનો ધંધો કરી ખર્ચ જેટલી કમાણી કરી વિલાયત જવાનો નિશ્ચય કર્યો.'

## વકીલાતનો રંગ

સરદારે વકીલ તરીકે સારી નામના મેળવી હતી. કેવો પણ ગૂંચવણભર્યો કેસ વલ્લભભાઈના હાથમાં આવે, તો એમાંથી તેઓ બરાબર રસ્તો કાઢતા. ભલભલા અંગ્રેજ ન્યાયાધીશો પણ તેમનાથી સાવધ રહેતા. અહીં એક એવો કિસ્સો જોઈએ.

એક અંગ્રેજ મેજિસ્ટ્રેટની તુમાખીનો પાર ન હતો. અમદાવાદના મોટા મોટા વકીલોનું પણ તે અપમાન કરતો. તેની પાસે જતાં સૌ ડરતા. એક ખૂનનો કેસ એ મેજિસ્ટ્રેટ પાસે ચલાવવાનું વલ્લભભાઈના હાથમાં આવેલું.

સાક્ષીઓને શરમાવવા અને દબાવવા ખાતર એ મેજિસ્ટ્રેટ દરેક સાક્ષીની સામે મોટો અરીસો મુકાવતો.

વલ્લભભાઈની પાસે જે કેસ આવ્યો હતો એમાં એક પટેલ આરોપી હતો. તેની સામે પણ મેજિસ્ટ્રેટે અરીસો મુકાવ્યો અને અરીસામાં જોતાં જોતાં જુબાની આપવા હુકમ કર્યો.

વલ્લભભાઈએ તુરત જ મેજિસ્ટ્રેટને કહ્યું : 'આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે એ વાતની નોંધ કરો.'

મેજિસ્ટ્રેટે કહ્યું : 'એવી નોંધ કરવાની કશી જરૂર જણાતી નથી.'

વલ્લભભાઈ બોલ્યા : 'એ અરીસો તો પુરાવામાં રજૂ થયેલો ગણાશે અને કેસના કાગળો સાથે સેશન્સ કોર્ટમાં પહોંચશે.'

એ સાંભળીને પેલો મેજિસ્ટ્રેટ કાંઈક ગભરાયો! કારણ આવી રીતે પડકારનાર કોઈ માથાનો વકીલ એને આજ સુધી મળ્યો નહોતો. તોપણ એણે વલ્લભભાઈની વાત માની નહિ અને સામસામે ગરમાગરમ બોલાચાલી થઈ.

છેવટે, 'મારે આ કેસ તમારી પાસે ચલાવવો નથી,' એમ કહીને વલ્લભભાઈએ આ કેસ બીજી કોર્ટમાં ચલાવવો જોઈએ એવી અરજી આપવા માંડી. એટલે પેલો મોળો પડયો અને વલ્લભભાઈને બચાવના સાક્ષીઓ લાવવા કહ્યું.

સરદારે કહ્યું : 'એકે સાક્ષી હું અહીં રજૂ કરવા માગતો નથી. પણ આ બંધ પાકીટમાં હું સાક્ષીઓનાં નામ લખું છું તે સાક્ષીઓ હું સેશન્સ કોર્ટમાં રજૂ કરીશ.' પછી એ પાકીટ સેશન્સ કોર્ટમાં જ ફોડવામાં આવે એવી એના પર નોંધ કરીને કોર્ટને આપ્યું.

મેજિસ્ટ્રેટ હવે વધારે ગભરાયો. તેણે પાકીટ ત્યાંને ત્યાં ફોડયું, તો એમાં સાક્ષી તરીકે પહેલું નામ એ મેજિસ્ટ્રેટનું જ હતું! જે સ્ત્રીનું ખૂન થયાનો આરોપ હતો તે જ સ્ત્રીને સાક્ષી તરીકે ટાંકી હતી! અને બીજી કેટલીક બાબતો પણ પેલા તુમાખી મેજિસ્ટ્રેટને ગભરાટમાં અને વિમાસણમાં નાખે એવી હતી.

આ બધું જોઈને મેજિસ્ટ્રેટ પાણીથીય પાતળો થઈ ગયો. પોલીસના ઘણા સાક્ષીઓ ઉપર ભરોસો કરવાની તેણે ના પાડી અને એ કેસ સેશન્સ કોર્ટમાં મોકલવાની રજા આપી.

આમ, સરદારની વકીલાતની બધે હાક વાગતી હતી. વકીલાતમાં તેમનું ઊંડું વ્યવહારજ્ઞાન, માનવસ્વભાવની સૂક્ષ્મ પરખ, સાક્ષીની ઊલટ તપાસની અજબ કુનેહ અને પુરાવાને છણવાની ભારે શક્તિ એ ગુણોએ વધારે ભાગ ભજવ્યો હતો.

ઘણા ફોજદારી વકીલો, મેજિસ્ટ્રેટનો મિજાજ સાચવીને તથા પોલીસ અધિકારીઓ સાથે દોસ્તી રાખીને પોતાનું કામ ચલાવતા હોય છે. પણ સરદારની એ રીત ન હોતી. મેજિસ્ટ્રેટની કે પોલીસ અધિકારીઓની રજ પણ પરવા કરતા નહિ અને એ લોકોની શેહમાં દબાઈ જતા નહિ.

## બૅરિસ્ટર થવાનો વિચાર

દશ વરસ સુધી વકીલાત કર્યા પછી વલ્લભભાઈએ વિલાયત જઈ બૅરિસ્ટર થઈ આવવાનો વિચાર કર્યો. એ માટે તેમણે વકીલાત કરતાં કરતાં રકમ એકઠી કરવા માંડી હતી.

પૂરતી રકમ એકઠી થતાં તેમણે વિલાયત જવા માટે સ્ટીમર વગેરેની બધી ગોઠવણ પણ કરી દીધી. ત્યાંથી છેવટનો જવાબ આવ્યો, ત્યારે અણધારી ઘટના બની!

બધું નક્કી થયાનો છેલ્લો જે જવાબ વિલાયતથી આવ્યો તે 'વી. જે. પટેલ'ને નામે હતો.

હવે વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈનું પણ અંગ્રેજીમાં ટૂંકું નામ 'વી. જે. પટેલ' જ થાય.

એવું બન્યું કે 'વી. જે. પટેલ' એ નામનો વલ્લભભાઈનો એ પત્ર અકસ્માત્ વિઠ્ઠલભભાઈના હાથમાં આવ્યો અને તેમણે એ પત્ર પોતાના ઉપરનો સમજીને ફોડીને વાંચ્યો.

પત્ર વાંચ્યા પછી વિઠ્ઠલભાઈએ વલ્લભભાઈને સમજાવતાં કહ્યું: 'હું તારાથી મોટો છું. માટે મને વિલાયત પ્રથમ જવા દે. મારા આવ્યા પછી તને જવાની તક મળશે. પણ તારા આવ્યા પછી મારાથી નહિ જવાય.'

વડીલબંધુની આ વાત વલ્લભભાઈએ તરત જ માન્ય રાખી, એટલું જ નહિ પણ એમનું વિલાયતનું ખર્ચ મોકલવાનું પણ માથે લીધું.

એટલે વિઠ્ઠલભાઈ વિલાયત જવા તૈયાર થયા. પરંતુ બંને ભાઈઓએ આ વાત ઘરમાં કોઈને જણાવી નહોતી.

વિઠ્ઠલભાઈને મૂકીને વલ્લભભાઈ પાછા બોરસદ આવ્યા. ત્યારે બધાંને આ વાતની ખબર પડી. એટલે વિઠ્ઠલભાઈનાં ધર્મપત્નીએ તો ભારે કંકાસ માંડ્યો!

વલ્લભભાઈએ એ તરફ ધ્યાન ન આપ્યું. અત્યાર સુધી બોરસદમાં બંને ભાઈઓ ભેગા રહેતા હતા. પણ વિઠ્ઠલભાઈ વિલાયત ગયા, એટલે વલ્લભભાઈએ ભાભીને પોતાને ત્યાં રહેવા બોલાવ્યાં. ભાભીનાં ભાઈભાભી પણ વિઠ્ઠલભાઈને ત્યાં રહેતાં હતાં એમને પણ વલ્લભભાઈએ પોતાને ઘેર રાખ્યાં.

થોડા દિવસ પછી દેરાણી-જેઠાણીને રોજ ઝઘડા થવા માંડ્યા અને જબરો ક્લેશ પેઠો. ભાઈ પરદેશ ગયા હોઈ વલ્લભભાઈએ ભાભીને કશું ન કહેતાં પોતાનાં પત્ની ઝવેરબાને પિયર મોકલી દીધાં. ઝવેરબા વિઠ્ઠલભાઈ પાછા આવ્યા ત્યાં સુધી, એટલે એક વરસ પિયર જ રહ્યાં.

## વલ્લભભાઈનો ગૃહસ્થાશ્રમ

હિંદુ સમાજમાં અને તે જમાનામાં વિદ્યાભ્યાસના કાળ દરમિયાન છોકરાંનાં લગ્ન થઈ જાય એમાં કશી નવાઈ નહોતી. વલ્લભભાઈનાં લગ્ન એમની અઢાર વર્ષની ઉંમરે થઈ ગયેલાં. એ તો કંઈક મોટી ઉંમરે થયાં ગણાય. વલ્લભભાઈનાં ધર્મપત્ની ઝવેરબા તે વેળાએ બાર-તેર વર્ષનાં હશે.

તે જમાનામાં પરણ્યા પછી પાંચ-સાત વર્ષે સ્ત્રીઓ સાસરે આવે એવો રિવાજ હતો. તેથી વલ્લભભાઈનો ગૃહસ્થાશ્રમ વકીલ થયા પછી અથવા થોડો વખત પહેલાં શરૂ થયો.

વલ્લભભાઈ બોરસદમાં વકીલાત કરતા હતા, ત્યારે મણિબહેનનો જન્મ ૧૯૦૪ના એપ્રિલમાં અને ડાહ્યાભાઈનો જન્મ ૧૯૦૫ના નવેમ્બરમાં થયેલો.

વિઠ્ઠલભાઈ ૧૯૦૮ના મધ્યમાં બૅરિસ્ટર થઈ પાછા આવ્યા અને તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી.

એવામાં ઝવેરબા માંદાં પડયાં. આંતરડાનો વ્યાધિ હતો. એટલે વિઠ્ઠલભાઈ ૧૯૦૮ ની આખરમાં તેમને ઉપચાર કરવા મુંબઈ લઈ ગયા.

ઝવેરબાને ઑપરેશન કરવાની જરૂર જણાતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં. તે વખતે વલ્લભભાઈ ત્યાં ગયેલા. પણ દાક્તરે જણાવ્યું કે, બીજી રીતે તબિયત કાંઈક સુધરે, ત્યારે પંદરેક દિવસ પછી ઑપરેશન કરી શકાશે.

તે અરસામાં વલ્લભભાઈના હાથમાં એક ખૂનનો બહુ અગત્યનો કેસ હતો. એટલે તેમણે કહ્યું, 'ઑપરેશન કરવાનું નક્કી થાય ત્યારે મને બોલાવજો.' એમ કહીને તેઓ આણંદ ગયા.

પરંતુ એ દિવસો દરમિયાન દાક્તરનો વિચાર ફર્યો. એકદમ ઑપરેશન કરવાની તેમને જરૂર જણાઈ. એટલે દાક્તરે વલ્લભભાઈને ખબર આપ્યા વિના ઑપરેશન કરી નાખ્યું.

ઑપરેશન થઈ ગયા પછી સરદારને તાર મળ્યો કે, 'ઑપરેશન સફળ થયું છે.'

પરંતુ બીજે જ દિવસે ઝવેરબાની સ્થિતિ બગડી અને વલ્લભભાઈ કોર્ટમાં કેસ ચલાવતા હતા ત્યાં ઝવેરબા ગુજરી ગયાના કારમા સમાચારનો તાર આવ્યો!

વલ્લભભાઈને માટે આ પ્રસંગ અતિશય દુઃખનો અને સાથોસાથ ધર્મસંકટનો હતો. હાથ ઉપર ખૂનનો કેસ હતો. આરોપી પ્રતિષ્ઠિત માણસ હતો. મહત્ત્વના સાક્ષીની વલ્લભભાઈ ઊલટ તપાસ ચલાવી રહ્યા હતા. તે જ દિવસે એ કાળજીપૂર્વક પૂરી ન થાય, તો કેસ કથળી જાય અને આરોપીને જીવનું જોખમ આવી પડે, કારણ ફાંસીની સજા થવાનો સંભવ હતો.

એટલે વલ્લભભાઈએ આવો દુઃખદ તાર મળ્યો, છતાં અતિશય દૃઢતા રાખી કાળજું કઠણ કરી કામ પૂરું કર્યું. સાંજે કોર્ટનું કામ પૂરું થયું, ત્યારે સરદારે તારના માઠા સમાચાર સૌને આપ્યા.

તે વખતે સરદારની ઉંમર તેત્રીસ વર્ષની હતી. ઝવેરબા પોતાની પાછળ બે સંતાનોને નાનાં મૂકી ગુજરી ગયાં હતાં.

સરદારની ઉંમર બહુ મોટી ન હોવાને કારણે સગાંસંબંધીઓ તથા મિત્રો તરફથી વલ્લભભાઈને બીજી વાર લગ્ન કરવાનો ખૂબ આગ્રહ કરવામાં આવ્યો. પરંતુ નાનાં બાળકોનું હિત ધ્યાનમાં લઈને વલ્લભભાઈ ફરી નહિ પરણવાના વિચારમાં ખૂબ મક્કમ રહ્યા.

પછી બૅરિસ્ટર થવા વલ્લભભાઈ વિલાયત ગયા. ત્યાં પણ મિત્રો સારી કન્યાઓનાં નામ સાથે કાગળો લખતા અને તેમના તરફથી કન્યાઓના ફોટા પણ વલ્લભભાઈને મોકલવામાં આવેલા. પરંતુ વલ્લભભાઈ જવાબમાં બીજી બધી વાતો લખે, પણ આ વાતનો જવાબ જ ખાઈ જતા!

## વિલાયતમાં વિદ્યાભ્યાસ

વલ્લભભાઈ સને ૧૯૧૦માં વિલાયત બૅરિસ્ટર થવા ગયા. તેઓ પુખ્ત ઉંમરે અને જીવનનો અનુભવ લઈને વિલાયત ગયેલા હોવાથી, આપણા કેટલાક જુવાનોની ત્યાં જે દશા થાય છે તેવી થવાનો તેમને ભય નહોતો.

જ્યારે વલ્લભભાઈ દેશમાં શાળા–હાઈસ્કૂલમાં ભણતા હતા, ત્યારે તેઓ જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા વિલાયતમાં બન્યા. એમને તો બૅરિસ્ટર થઈને બને તેટલા વહેલા પાછા આવવું હતું. મા વિનાનાં બે બાળકોને દેશમાં મૂકીને તેઓ ગયા હતા. એટલે વિલાયતમાં બીજી કશી પ્રવૃત્તિમાં માથું માર્યા વિના એકાગ્ર ચિત્તે પરીક્ષાની જ તૈયારી તેમણે કરવા માંડી

વલ્લભભાઈ જ્યાં રહેતા હતા ત્યાંથી લાઈબ્રેરી અગિયાર બાર માઈલ દૂર હતી. પોતાની પાસે તો અભ્યાસને લગતી થોડી જ ચોપડીઓ હતી અને ત્યાં નવી ખરીદવી નહોતી. એટલે દરરોજ એટલું ચાલીને ત્યાંની લાઈબ્રેરીમાં જઈને જ વાંચવાનું રાખ્યું. દરરોજ સવારે નવ વાગ્યે ત્યાં પહોંચતા અને છેક છ વાગ્યે ગ્રંથાલય બંધ થાય, બધા ચાલ્યા જાય અને પટાવાળો આવીને કહે કે, 'સાહેબ, હવે બધા ગયા', ત્યારે વલ્લભભાઈ ત્યાંથી ઊઠતા.

બપોરનું ખાણું તથા સાંજનો ચા–નાસ્તો વગેરે ત્યાં જ મગાવીને વલ્લભભાઈ ખાતા. આ દિવસોમાં તેમણે રોજ દસથી બાર કલાક વાંચ્યું હશે. સાંજે પાછા ચાલતા જ ઘેર જતા એટલે રોજ બાવીસેક માઈલ ચાલવાનું થતું અને ઠીક વ્યાયામ મળતો.

સાધારણ રીતે ત્રણ વર્ષે બૅરિસ્ટર થવાય. પણ જો કોઈ વિદ્યાર્થી છ સત્ર પૂરેપૂરાં ભરે, તો દોઢ વરસ પછી એને પરીક્ષા આપવી હોય તો આપી શકે. આ પૂરી પરીક્ષામાં જે ઓનર્સમાં પાસ થાય તેને બે સત્રની માફી મળે.

વલ્લભભાઈને તો જેમ બને તેમ વહેલા દેશમાં આવવું હતું. પિતા તરીકેની તેમની ફરજનું તેમને પૂરેપૂરું ભાન હતું એટલે છ સત્ર પૂરેપૂરાં ભરીને આખી પરીક્ષામાં બેસીને તેઓ પહેલા વર્ગ ઑનર્સમાં પહેલે નંબરે પાસ થયા અને તેમને પચાસ પાઉંડનું ઇનામ પણ મળ્યું.

આમ, આખી પરીક્ષા ખૂબ માનભેર પસાર કરી અને છ મહિનાની માફી મેળવી. પણ હજી બે સત્ર બાકી હતાં, તે દરમિયાન ભોજન લેવા ઉપરાંત કશું જ કામ કરવાનું તેમને બાકી રહ્યું નહોતું. એમને વહેલા દેશમાં આવવાની ઇચ્છા હતી. એ માટે પ્રયત્ન કરી જોયા, અરજી પણ કરીને પોતાના ઘરની પરિસ્થિતિ સમજાવી. પરંતુ એમને રજા ન મળી અને પરાણે રહેવું પડ્યું.

પછી જ્યારે પદવીદાન સમારંભ પૂરો થયો, ત્યારે વલ્લભભાઈ પહેલા નંબરે માનભેર પાસ થયેલા હોવાથી એમને જમવાનાં આમંત્રણો ઉપરાઉપરી મળવા લાગ્યાં.

પરંતુ બીજે જ દિવસે ત્યાંથી ઊપડી જવા માટે તેમણે સ્ટીમરની ટિકિટ ક્યારની લઈ રાખી છે એમ જણાવીને, વલ્લભભાઈ જમવાના નિમંત્રણનો અસ્વીકાર કરવા લાગ્યા. આવી ઉતાવળ કરવાનું કારણ કોઈ પૂછે, તો કારણમાં માવિહોણાં બે નાનાં સંતાનોને અઢી વર્ષ થયાં ઘેર મૂકીને આવ્યો છું, એમ તેઓ કહેતા.

પછી પોતાની ગોઠવણ મુજબ બીજે જ દિવસે તેમણે ઇંગ્લૅંડનો કિનારો છોડ્યો અને ૧૯૧૩ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખે વલ્લભભાઈ ભારતને કિનારે મુંબઈ બંદરે ઊતર્યા.

## સરદારની અજબ સહનશક્તિ

વલ્લભભાઈ વિલાયતમાં બૅરિસ્ટરનો અભ્યાસ કરતા હતા ત્યારનો એક પ્રસંગ નોંધવા જેવો છે. ત્યાં એક દિવસ વલ્લભભાઈ નહાતી વેળાએ ચક્કર ખાઈને પડી ગયા. પછી તો ખૂબ તાવ ચડ્યો અને પગમાં વાળાનું દરદ માલૂમ પડ્યું. એટલે તેમને એક નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં ઑપરેશન કરવું પડ્યું.

પરંતુ ત્યાંના સર્જનને આ દરદની બરાબર ખબર નહિ. એટલે વાળો પૂરેપૂરો બહાર ન નીકળ્યો. સર્જને બીજી વાર ઑપરેશન કર્યું, તેથી દરદ ઊલટું વધ્યુ અને ધનુર થયું! સ્થિતિ ગંભીર થઈ પડી!

પેલા સર્જને કહ્યું: 'જીવ બચાવવો હોય તો પગ તરત કાપી નાખવો પડશે.'

વલ્લભભાઈને આ વાત ન ગમી. દેશમાં પાછા જઈને બૅરિસ્ટરી કરવી હતી તે લંગડા પગે કરવાની કાંઈ શોભે? એટલે તેમણે પોતાના ઓળખીતા ડૉક્ટર મિત્રના એક પ્રોફેસરને હાથે ફરીને ઑપરેશન કરાવવાનું વિચાર્યું.

એ પ્રોફેસરે સૂચવ્યું : 'ક્લોરોફોર્મ ન લો તો સારા થવાનો વધારે સંભવ છે. બોલો, છો તૈયાર ?'

એ સાંભળીને વલ્લભભાઈ કહે : 'મારે તો ક્લોરોફોર્મ લેવાની જરૂર નથી. ગમે તેટલી પીડા કે દુઃખ થાય તે હું સહન કરીશ.'

અને ખૂબીની વાત એ થઈ કે, ઑપરેશન પૂરું થયું ત્યાં સુધી એક ઊંહકારો સરખો તેમણે ન કાઢ્યો!

સર્જન પ્રોફેસર અને તેના મદદનીશો આ જોઈને તાજુબ થયા અને બોલી ઊઠયા : 'આવો દરદી અમને પહેલી જ વાર મળ્યો છે!'

આવો જ બીજો પ્રસંગ વલ્લભભાઈ વકીલાતનો અભ્યાસ કરતા હતા ત્યારે બન્યો હતો. તે વખતે તેઓ તેમના એક મિત્રની સાથે વાંચવા બે મહિના બાકરોલ રહ્યા હતા. ત્યાં એમને કાખબિલાડી થઈ.

ગામડા ગામમાં બીજા ઉપાયો તો શેના જડે ? કોઈ કે કહ્યું : 'ગામમાં વાળંદ છે. તે નસ્તર મૂકીને ગમે તેવું ગૂમડું ફોડી નાખવામાં બહુ હોશિયાર છે, તેને બોલાવી જુઓ.'

એટલે એ વાળંદને બોલાવવામાં આવ્યો. તેણે નસ્તર મૂકવા માટે સળિયો ધગધગતો કરીને કાખબિલાડીને લગાડયો. પણ અંદર એકઠું થયેલું બધું પરુ કાઢી નાખવાની તેની હિંમત ન ચાલી.

આ જોઈને વલ્લભભાઈએ કહ્યું : 'આમ જોયા શું કરે છે ? લાવ, તારાથી ન થાય તો હું કરું.'

એમ કહીને તેમણે સળિયો હાથમાં લઈ તરત અંદર ખોસી દીધો અને અંદર ચારે બાજુ ફેરવી બધું પરુ કાઢી નાખ્યું !

## બૅરિસ્ટર વલ્લભભાઈ

બૅરિસ્ટર થયા પછી વલ્લભભાઈએ અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરી. બાહોશ અને નીડર વકીલ તરીકે વલ્લભભાઈએ ક્યારનીય ખ્યાતિ મેળવેલી હતી જ. એટલે બૅરિસ્ટર તરીકે પણ તેઓ ચમકવા લાગ્યા. જ્યારે વલ્લભભાઈ કેસ ચલાવતા હોય ત્યારે ઘણા વકીલો અને બૅરિસ્ટરો પણ એ જોવા બેસતા. એટલે તે દિવસે કોર્ટ વકીલોથી ચિકાર ભરાઈ જતી.

તે વખતના વલ્લભભાઈનું આબેહૂબ શબ્દચિત્ર દાદાસાહેબ માવળંકરે દોર્યું છે :

'ફાંકડો જુવાન, છેક છેલ્લી ઢબનાં કટવાળાં કોટ–પાટલૂન પહેરેલાં, ઊંચામાં ઊંચી જાતની બનાતની હેટ માથા ઉપર કંઈક વાંકી પહેરેલી, સામા માણસને જોતાં જ માપી લેતી તેજસ્વી આંખો, બહુ ઓછું બોલવાની ટેવ, મોઢું સહેજ મલકાવીને આવનારનું સ્વાગત કરે પણ તેની સાથે ઝાઝી વાતચીતમાં ન ઊતરે, મુખમુદ્રા દૃઢતાસૂચક અને ગંભીર, કંઈક પોતાની શ્રેષ્ઠતાના ભાન સાથે દુનિયાને નિહાળતી તીણી નજર, જ્યારે પણ બોલે ત્યારે એમના શબ્દોમાં આત્મવિશ્વાસથી અને પ્રભાવથી ભરેલી દૃઢતા, દેખાવ કડક અને સામા માણસને પોતાની આમન્યા રાખવાની ફરજ પાડે એવો — આવા આ નવા બૅરિસ્ટર અમદાવાદમાં વકીલાત કરવા આવ્યા……'

વલ્લભભાઈની પ્રૅક્ટિસ મોટે ભાગે ફોજદારી બાજુની હતી. સાક્ષીઓની ઊલટતપાસ ટૂંકી પણ મુદ્દાસરની રહેતી. જોતાંવેંત જ સાક્ષી કેવા પ્રકારનો છે એ તેઓ કળી જતા અને ઊલટતપાસમાં એ રીતે પોતાનો મારો ચલાવતા.

કોર્ટ સાથેનો તેમનો વ્યવહાર સંપૂર્ણ નીડરપણાનો રહેતો. અંગ્રેજ જજને પણ કશી ભૂલ કરતો કે પોતાના અંગ્રેજપણાનો મિજાજ બતાવતો જુએ તો વલ્લભભાઈ તે સાંખી લેતા નહિ. અને જે હોય તે તડ ને ફડ કહી દેતા. કોઈ જજના તોરીપણાની કે તરંગીપણાની ટીકા કરવાથી અથવા તે ઉઘાડી પાડવાથી એ જજ આગળની પોતાની પ્રૅક્ટિસને ધોખો પહોંચશે, એવો ડર તેઓ કદી રાખતા નહિ. તેથી લોકોના તેમ જ વકીલોના સ્વમાનના તેઓ મોટા રક્ષક બની રહેતા.

## મહાત્મા ગાંધીજીના રંગે રંગાયા

વલ્લભભાઈએ અમદાવાદમાં બૅરિસ્ટરી શરૂ કરી તે વખતે વિઠ્ઠલભાઈએ જાહેર સેવાકાર્યમાં ઝંપલાવી દીધું હતું. એટલે એમનો ખર્ચ પણ પૂરો પાડવાનું વલ્લભભાઈએ માથે ઉપાડી લીધું હતું. આ બાબતમાં વલ્લભભાઈ કહેતા :

'સ્વતંત્રતા જોઈતી હોય તો આ દેશમાં સંન્યાસી જોઈએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરવી જોઈએ. માટે અમે બંનેએ નિશ્ચય કર્યો કે, એમાંથી એકે દેશસેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી. ત્યારથી મારા ભાઈએ પોતાનો ધીખતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. આથી પુણ્યકામ તેમને નસીબે આવી પડ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું. પણ તેમના પુણ્યમાં મારો હિસ્સો છે એમ સમજી મન વાળતો.'

એ જ દિવસોમાં આપણા રાષ્ટ્રજીવનને નવો પલટો અપાવનાર મહાત્મા ગાંધીજીનું આપણા દેશમાં પુનરાગમન થઈ ચૂક્યું હતું. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં વિજય મેળવીને ગાંધીજી ૧૯૧૫માં દેશમાં આવ્યા.

ભારતસેવક ગોપાળકૃષ્ણ ગોખલેજીના આદેશથી દેશભ્રમણ કરીને છેવટે અમદાવાદમાં કોચરબ મુકામે આશ્રમ સ્થાપીને ગાંધીજી વસ્યા. ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રમાં કામ કરવાની ઇચ્છાવાળા માણસો કૌતુક અને જિજ્ઞાસાને કારણે ગાંધીજીના આશ્રમમાં વારંવાર જતા અને કાંઈ ને કાંઈ વાતો લાવી ગુજરાત ક્લબમાં વલ્લભભાઈને કહેતા.

એટલે વલ્લભભાઈ તો એ બધાને મશ્કરીમાં ઉડવતા. વલ્લભભાઈને થતું. આ વળી કોઈ બૅરિસ્ટર નવું ગાંડપણ લઈને આવ્યા છે! તે બ્રહ્મચર્ય પાળે, જાજરૂ સાફ કરે, વાળે, દળે, ઘઉંમાંથી કાંકરા વીણે એવા દેશસેવકો પેદા કરવાનું કારખાનું ઊભું કરવા માગે છે. એમ કાંઈ દેશસેવકો પેદા થતા હશે?

આવી જાત જાતની મશ્કરી વલ્લભભાઈ કરે અને ગાંધીજી પાસે જેઓ જાય તેમની ઠેકડી ઉડાવે કે, 'ત્યાં જઈને શું કરી આવ્યા? મારી સાથે બેસી પાનાં રમ્યા હોત તો કંઈ બુદ્ધિનો પણ વિકાસ થાત.

ગાંધીજી કોઈ વાર ગુજરાત ક્લબમાં જાય અને બધા વકીલો તેમની આજુબાજુ ભેગા થાય, ત્યારે વલ્લભભાઈ બ્રિજ રમનારા પોતાના સાથીને ગાંધીજી પાસે જતાં રોકે અને કહે: 'ત્યાં જઈને શું સાંભળવાનું છે? એ તો ઘઉંમાંથી કાંકરા વીણવાની વાત કરશે. એમ કરવાથી દેશ સ્વતંત્ર થવાનો છે?'

એક બાજુ દેશમાં નેતા ગણાતી વ્યક્તિઓની જીવનચર્યા, તેમની અસ્પષ્ટ વિચારસરણી, તેમનું કેટલીક વાર ન સમજી શકાય તેવું વર્તન જોઈને એવા અધકચરા અને મિથ્યાભિમાની લોકો તરફ વલ્લભભાઈને ઘૃણા ઉત્પન્ન થયેલી. તેમને નવો પ્રકાશ જોઈતો હતો.

એટલે વલ્લભભાઈ બેઠા બેઠા મશ્કરી ઉડાવતા ખરા અને ગાંધીજી ગુજરાત ક્લબમાં વાતો કરવા આવે ત્યારે દૂર બેઠા બેઠા પાનાં રમ્યા કરતા ખરા, પરંતુ એમના કાન તો ગાંધીજીની વાતો તરફ જ મંડાયેલ હોવા જોઈએ. કાંઈક ત્રાંસી નજર કરીને વખતોવખત એમના તરફ જોતા પણ હશે. અને ગાંધીજીની સરળતા, સાદાઈ, નિઃસ્વાર્થતા અને સચ્ચાઈની કંઈક ને કંઈક છાપ એમના ઉપર ધીમે ધીમે પડવા લાગી હતી.

તેવામાં ગાંધીજીએ ગુજરાત સભામાં દાખલ થવા માટે પોતે જે શરત મૂકી તે જાણીને વલ્લભભાઈ સતેજ થયા. તે શરતનો સાર હતો: ગુજરાત સભાએ પ્રજાને અંગ્રેજ સત્તા પાસે ભીખ માગવાની સલાહ ન આપવી, પણ પોતાના વાજબી હક સરકાર પાસે મેળવવાની તાકાત પ્રજા મેળવે એવી રીતે પ્રજાને કેળવવી.

વળી એ જ અરસામાં હોમરૂલ લીગે લાખો સહીઓ સાથે મૉન્ટેગ્યુને મોકલેલી અરજી ગાંધીજીએ ઘડી હતી. તેના ટૂંકા લખાણમાં વલ્લભભાઈને નવી શક્તિનાં દર્શન થયાં.

એ પછી ગાંધીજી સાથે વલ્લભભાઈને થોડો પરિચય થયો. તેમને થયું કે, 'આ ગામડિયા જેવો માણસ પ્રજાને સત્તા પાસે ભીખ માગવા જવાની સાફ ના પાડે છે. પણ પ્રજા તરીકેના પોતાના હક મેળવવાની શક્તિ કેળવવાનું કહે છે.'

વલ્લભભાઈ સમજી ગયા કે, આ પુરુષ સત્ય વાત કહે છે. તેમની પાસે દંભ નથી, આળપંપાળ નથી, સુફિયાણી વાતો નથી. પણ પ્રજાને શક્તિશાળી બનાવવાની વાત છે.

ત્યાર બાદ ૧૯૧૭ માં ગોધરામાં ગુજરાત રાજકીય પરિષદની બેઠક થઈ. ત્યાં ગાંધીજીએ મૂકેલા અમલી કાર્યના ઠરાવો જોઈને વલ્લભભાઈ સવિશેષ આકર્ષાયા.

## ખેડા સત્યાગ્રહમાં હીર બતાવ્યું

પછી ગાંધીજીને ખેડા જિલ્લાની સત્યાગ્રહની લડત વેળાએ વલ્લભભાઈનો પૂરેપૂરો પરિચય થયો. એ બેત્રણ માસના સહવાસથી વલ્લભભાઈને પણ ગાંધીજીની સત્યાગ્રહની કાર્યપ્રણાલી સમજાતી ગઈ અને તેમાં તેઓ પાવરધા થયા અને શ્રદ્ધાવાન બન્યા ખેડા સત્યાગ્રહમાં વલ્લભભાઈએ પોતાનું હીર બતાવ્યું અને ત્યારથી લોકહૃદયમાં હંમેશનું સ્થાન મેળવી લીધું.

તેથી ખેડા સત્યાગ્રહની પૂર્ણાહુતિ વેળાએ ગાંધીજીએ યોગ્ય જ કહ્યું હતું કે—

'સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે. ઘણા માણસો મારી સલાહ માનવાને તૈયાર હતા. પણ મને વિચાર થયો કે ઉપ-સેનાપતિ કોણ થશે? ત્યાં મારી નજર ભાઈ વલ્લભભાઈ પર પડી'

'મારે કબૂલ કરવું જોઈએ કે, મેં વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી, ત્યારે મને થયેલું કે, આ અક્કડ પુરુષ તે કોણ હશે? એ શું કામ કરશે? પણ જેમ જેમ હું વધારે એમના પ્રસંગમાં આવ્યો, તેમ તેમ મને લાગ્યું કે, મારે વલ્લભભાઈ તો જોઈએ જ.

'વલ્લભભાઈએ પણ માન્યું કે, "મારી જબરી વકીલાત ચાલે છે, મ્યુનિસિપાલિટીમાં ભારે કામ કરું છું, તેથી પણ ભારે કામ આ છે. ધંધો તો આજે છે પણ કાલે ન હોય. પૈસા કાલે ઊડી જાય. વારસદારો તે ઉડાવી દે. માટે પૈસા કરતાં ઊંચો વારસો એમને માટે હું મૂકી જાઉં." આવા વિચારોથી એમણે ઝંપલાવ્યું.

'વલ્લભભાઈ મને ન મળ્યા હોત, તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે.'

એ જ સમારંભમાં વલ્લભભાઈએ વળતો જવાબ આપતાં જે કહ્યું તે ગાંધીજી માટે તેમને કેવો ઉત્કટ ભાવ હતો એનું દર્શન કરાવે છે :

'હિંદુસ્તાનમાં દેવતાઓ અને મહાત્માઓનો રિવાજ છે કે, પોતાને અપાયેલી પ્રસાદી તેઓ પોતે લેતા નથી, પરંતુ પોતાના પૂજારીઓને આપી દે છે. મહાત્માજીએ પણ આજે એ પ્રમાણે બધું મને અર્પણ કર્યું. ખરી રીતે મેં કંઈજ કર્યું નથી.'

પછી વલ્લભભાઈ ગાંધીજીના જ પરમ ભક્ત બની ગયા અને આઝાદી માટેની અસહકારની લડતમાં મહાત્માજીની પડખે એમના અદના સિપાઈ તરીકે હમેશાં રહ્યા.

## વલ્લભભાઈને નાથવા ભારે!

ખેડા જિલ્લામાં આવેલા બોરસદમાં હૈડિયાવેરાની લડત ચાલતી હતી, તે વખતે પ્રજાની સામે અંગ્રેજ સરકારની એક ફરિયાદ એવી હતી કે, ગાંધીજીની ખેડા સત્યાગ્રહની તેમ જ અસહકારની લડતોથી લોકોને સત્તાનો ડર રહ્યો નહિ અને બહારવટિયા બહાર પડયા તેમને લોકોએ ઉત્તેજન આપ્યું.

પરંતુ સીધા સાદા અને સાધારણ માણસોને બહારવટિયા બનાવવામાં સરકારી અમલદારો જ કેવી રીતે કારણરૂપ હોય છે તેનું વર્ણન વલ્લભભાઈએ એક સભામાં કરતાં કહ્યું હતું :

'સિંગલાવનો પેલો ગુલાબરાજા બહારવટે નીકળ્યો, ત્યારે તો ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા પણ નહોતા. તે વખતના કલેક્ટર વુડને તે મારવા ફરતો હતો. કારણ કે એણે જ ગુલાબરાજાને ખોટા કેસમાં સંડોવી સજા કરાવી હતી.

'એક વખત કલેક્ટરનો મુકામ સિંગલાવ ગામમાં હતો. ત્યાં તેણે સાંભળ્યું કે, ગુલાબરાજા નામનો માણસ ગાયકવાડી હદમાં લૂંટો કરે છે અને અંગ્રેજી રાજ્યની પોલીસની તેને મદદ છે. તેણે એની તપાસ કરવા માંડી.

'તે વખતે પેલો ગુલાબરાજા કસબી ફેંટો ને ભેટ બાંધીને પાસે જ ઊભો હતો. તેણે કહ્યું : "હું ગુલાબરાજા."

'વુડે કહ્યું : "તારા હાથ તે છૂટા હોય? તને તો બેડીઓ પહેરાવવી જોઈએ!"

'ગુલાબરાજા કહે : "ગુનામાં પકડાઉં તો તારી સત્તા ચાલે તે સજા કરજે. પણ આજે તો હું રાજા છું."

'પછી તેને ગુનામાં સંડોવવા ખાતર કલેક્ટરના કહેવાથી તેના ઉપર કેસ ઊભો કરવામાં આવ્યો. ચોરા ઉપર મામલતદારની શિખવણીથી એક વાણિયાએ

ગુલાબરાજાને ગાળો દીધી. તેથી ગુસ્સે થઈને તેણે એને કપાળમાં એક કાંકરો માર્યો. આ બાબતનો કેસ ચાલ્યો. ગુલાબરાજાએ મને વકીલ કર્યો. કેસમાં કંઈ થઈ શકે એમ નહોતું. પણ કલેક્ટરે જજને મળી એને નવ મહિનાની સજા કરાવી.

'પેલાને એ વાતની ગંધ આવેલી. એટલે ફેંસલાને દિવસે કોર્ટમાં એ હાજર જ ન થયો અને તે દહાડાથી બહારવટું શરૂ કર્યું'.

'આમ નાની વાતમાંથી કલેક્ટરે એક બેગુના માણસને બહારવટિયો બનાવ્યો! પછી તો એણે બાવન લૂંટો કરી અને પચીસત્રીસ ખૂન કર્યાં. તેને સતાવવામાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પણ ખરો.'

એક દિવસ કલેક્ટર વુડને કોઈએ એવી બાતમી આપી કે, બહારવટિયો ગુલાબરાજા રોજ રાતે વલ્લભભાઈ વકીલને ઘેર આવે છે. એટલે કલેક્ટરે સરદારને બોલાવ્યા અને મોટી મોટી જગ્યાઓ આપવાની અનેક લાલચો આપી ગુલાબરાજાને પકડાવી આપવા કહ્યું.

એ સાંભળીને સરદાર ભારપૂર્વક બોલ્યા:

'કાયદો હું થોડો ઘણો જાણું છું. મારે ઘેર તે આવતો હોય, તો મારે પોતે જ એ જાહેર કરવું જોઈએ ન કરું તો ગુનો ગણાય, એ હું જાણું છું. બાકી તમારી નોકરીની લાલચે તેને પકડવાના કામમાં હું પડું એ તો કાળું કામ કહેવાય. અને આમેય હું સરકારી નોકરીને લાત મારું છું!'

કલેક્ટર તો એ સાંભળીને સડક જ થઈ ગયો!

## સરદારની વીર હાક

પછી તો ૧૯૨૮ ના બારડોલી સત્યાગ્રહ વેળાએ વલ્લભભાઈની પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી. વલ્લભભાઈની વીરવાણીએ નિર્બળમાં પણ પ્રાણસંચાર કર્યો. અહીં જ વલ્લભભાઈ 'સરદાર'નું માનવંતું બિરુદ પામ્યા.

મહાત્મા ગાંધીજીના આશીર્વાદ લઈ વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહનો જંગ શરૂ કર્યો. ગામેગામ સ્ત્રી-પુરુષો ઉત્સાહભેર ગાવા લાગ્યાં:

'બારડોલીની હાકલ પડી,<br>
સૌ ઝીલજો ભાઈ ને બહેન રે,<br>
બારડોલી યુદ્ધે રમે છે.<br>
નરનારીની સેના બનીને, મોખરે ઊભા સરદાર રે,<br>
બારડોલી યુદ્ધે રમે છે.

વલ્લભભાઈના શૂરા સૈનિકો, મરવા થયા તૈયાર રે,
બારડોલી યુદ્ધે રમે છે.'

બારડોલી તાલુકાની પ્રજા મૂળે તો શ્રદ્ધાવાન અને અડગ હતી જ, તેમાં ઓર વધારો થયો. આ તો એક અહિંસક સંગ્રામ હતો. અહિંસક સંગ્રામમાં પણ શિસ્ત, નિર્ભયતા, શૌર્ય અને શ્રદ્ધા જોઈએ જ. તે ગુણોને વધુ ને વધુ ઉઠાવવાને વલ્લભભાઈ ગામેગામ અને ઘેરઘેર ફરતા હોય, તેમનો વીરવાણીનો ધોધ વહેતો જ હોય.

પોતાની ભારે કસોટીના પ્રસંગે બારડોલીનાં સ્ત્રી, પુરુષ તથા બાળકોએ દાખવેલાં અસાધારણ ધૈર્ય, ખામોશી અને ત્યાગની ભાવનાથી વલ્લભભાઈનું હૃદય પ્રેમથી છલકાઈ ગયું, વીરતાથી ભરાઈ ગયું અને ત્યાર પછીની તેમની વાણીમાં જે તેજ જણાયું, આંખમાંથી કેટલીક વાર જે આગ વરસતી જણાઈ તેવાં કદી નહોતાં જણાયાં. લોકોની જમીન ખાલસા થાય તેમાં જાણે પોતાના શરીરના ટુકડા થતા હોય ને જે વેદના થાય તેવી વેદના ભરેલા તેમના ઉદ્‌ગારો નીકળતા હતા. એ ભાષણોની તળપદી ભાષા એમાં ક્ષણેક્ષણે ઝબકી ઊઠતી. ભૂમિમાંથી પાકેલા, ભૂમિની સુગંધ ઝરતા પ્રયોગોએ ગામડિયાઓને હલાવવા માંડ્યા.

અહીં વલ્લભભાઈની વીરવાણીનો થોડો આસ્વાદ કરીએ :

'તમે આ લડતોથી અજાણ, એટલે શરૂઆતમાં ગભરાટ થાય એ કુદરતી છે. મોટરગાડી જોઈને બળદ શરૂઆતમાં ભડકે છે; પણ પછી ટેવાય છે, ત્યારે મોટરને શીંગડાં મારીને ચાલ્યો જાય છે ને? તેમ તમારી ભડક ભાંગી જવાની છે.'

*

સુપા ગામનો કુંભાર કોમનો એક ડોસો સભામાં ઊભો થઈને બોલ્યો : 'જપ્તી કરે તોય એક વરસ કરશે, શું ૩૦-૩૦ વર્ષ જપ્તી થઈ શકે એમ છે?

સરદાર કહે : 'આવી સાચી સમજણ તો ન ભણેલાને પડી જાય. શંકા કુશંકા તો ભણેલાને જ હોય છે.'

*

અંગ્રેજ સરકારે ખેડૂતોની જમીન ખાલસા કરવા નોટિસ કાઢવા માંડી. એટલે સરદારે ભાષણમાં એનો ઉલ્લેખ કરીને કહ્યું :

'ખાલસા નોટીસનાં પીળાં પતાકડાં આવે તે તમારી લડતનાં સંભારણાં તરીકે આયનામાં મઢાવીને ઘરમાં લટકાવી રાખો. તમારી ભવિષ્યની પ્રજા પણ એને જોઈને અભિમાન લેશે કે, અમારા બહાદુર બાપદાદાઓએ એક વાર સરકાર જોડે લડાઈ માંડી હતી ખરી!'

'ખાલસા કરશે તે એના દફ્તરમાં કરશે. છોને દફ્તર બગાડતા ! એને જોઈશે તો નવું દફ્તર લખશે; પણ બારડોલી તાલુકાની જમીન તો છે તે જ રહેશે, અને છે તેની જ રહેશે.'

*

'સરકારનું એક જપ્તીનું ફટાકડું તો સુરસુરિયું થઈ ગયું. હવે ખાલસાનું કાઢ્યું છે.'

*

'એક ઘડામાંથી સંખ્યાબંધ ઠીકરી બને છે. તેમાંની એક જ ઠીકરી આખા ઘડાને પૂરતી છે. ઘડાથી ઠીકરી શા માટે ડરે ? ફૂટવાનો ભય હોય તો ઘડાને કે ઠીકરીને ?'

*

આફવા નામના ગામમાંથી કાયદાની કશી વિધિ કર્યાં વિના ૧૩ ભેંસો સરકારી માણસો હાંકી ગયા. એ વાતનો ઉલ્લેખ કરી સરદારે ભાષણમાં કહ્યું :

'જેનાં ઢોર ગયાં તેને કહેજો, ખેડૂતોનો મહાન યજ્ઞ ચાલી રહ્યો છે, તેમાં તમે બલિદાન આપ્યું છે, એમ ગણજો. ને એ બલિદાન હસતે મોંએ આપજો.

'અહીં એના ઘરાક નથી મળવાનાં એ જાણશે એટલે સુરત લઈ જશે. ત્યાં પણ ઘરાક ન મળે. આખરે ખાટકીને આપવા જશે પણ તેનેય ખબર પડશે, તો તે પણ નહિ રાખે; કારણ કે તે કહેશે આ કામ તો ખાટકીથીયે ભૂંડું છે. છેવટે સરકાર ભલે પોતે જ તેનાં ચામડાં ઉતારી વેચે ! પણ એવાં ચામડાં પણ ચામડિયાઓ આ જપ્તીનાં ઢોરનાં છે એમ જાણશે તો રાખવાના નથી.'

*

'આજે તો સરકાર, જંગલમાં કોઈ ગાંડો હાથી ફરે અને તેની હડફટમાં જે કોઈ આવે તેને રેંસી નાખે છે, તેવી મત્ત બની છે. ગાંડો હાથી મદમાં માને છે કે, જેણે વાઘ સિંહને પછાડ્યા તેવા મને મગતરાનો શો હિસાબ ? પણ હું મગતરાને સમજાવું છું કે, એ હાથીને ફરવું હોય તેટલું ફરી લેવા દે. અને પછી લાગ જોઈને એના કાનમાં પેસી જા. પછી જો, એ તડફડિયાં મારી, સૂંઢ પછાડી, જમીન પર કેવો આળોટે છે ? મગતરું ક્ષુદ્ર છે, તેથી તેણે હાથીથી બીવું શા માટે જોઈએ ?'

*

'હું બહેનોને કહું છું કે, તમે ઓછાં જ ભેંસો અને જમીનને પરણેલાં છો ? તમે તો ખેડૂતોને પરણેલાં છો. તેમની સાથે તાલુકો અને આખું રાજ્ય છોડવું પડે, તો તે પણ છોડજો. પણ તમારી ટેક, લાજ ન જાય તે જોજો.'

*

'તાપ અને ઉકળાટ પછી જ વરસાદ પડે, શિયાળા પછી નહિ. હવે સરકાર ગરમ લાલચોળ થઈ છે ને અંદરથી તણખા ઝરે છે ! પણ આપણે તો એ ગરમ લોઢું ટીપીને એને ઘાટ આપવો છે. જેમ વધુ ગરમ થશે, તેમ વધુ સહેલાઈથી વળશે ને ધાર્યો ઘાટ ઘડાશે ! પણ તમે તો હથોડાની પેઠે ઠંડા જ રહેજો. કોઈ કારણે શાંતિ છોડશો નહિ. એને તોફાન કરાવવાં છે. પણ તમે બસ અદબપલાંઠી વાળીને મૂંગા બેસી જ રહો ! બીજું કંઈ જ કરવાનું નથી !'

બારડોલી સત્યાગ્રહ ચાલતો હતો, એ દિવસોમાં ગાંધીજીએ બારડોલી તાલુકાની મુલાકાત લીધી. તેમને સરદારની નેતાગીરીમાં કેવી શ્રદ્ધા હતી એનો ખ્યાલ આપતો એક પ્રસંગ જાણવા જેવો છે. એક ગ્રામવાસીએ ગાંધીજીને પોતાના ગામે આવી ભાષણ આપવા વિનંતી કરી, ત્યારે ગાંધીજીએ કહ્યું :

'સરદારનો હુકમ છે કે તેમના સિવાય કોઈએ બોલવું નહિ. એટલે મારાથી કશું ન બોલાય. સરદાર હાજર હોત અને હુકમ કરત તો બોલત. આજે તો તમારી બહાદુરી અને તમારા સંગઠનને માટે તમને ધન્યવાદ આપું છું.

'હું સરદારનો મોટો ભાઈ થાઉં એ વાત સાચી છે. પણ જાહેરજીવનમાં જેની નીચે આપણે કામ કરતા હોઈએ તે આપણો પુત્ર હોય કે નાનો ભાઈ હોય તોપણ તેના હુકમ માન્ય રાખવા જ જોઈએ. એ કાંઈ નવો કાયદો નથી. એ ધર્મનું પાલન કરવા કૃષ્ણે અર્જુનનું સારથિપણું કર્યું અને યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે તેમણે પતરાળાં ઉઠાવેલાં. એટલે આજે તો તમને ધન્યવાદ જ આપું છું. વલ્લભભાઈએ તમને દેશમાં પ્રસિદ્ધ કર્યા, સરકારે તમને જગપ્રસિદ્ધ કર્યા છે. ભવિષ્યમાં તમને હજીય મોટી ફતેહ મળશે.'

ગાંધીજીનો આ આશીર્વાદ ફળ્યો. સત્યાગ્રહનો જયજયકાર થયો. બારડોલીના ખેડૂતોનો જયજયકાર થયો. ગુજરાતની ઇજ્જત અને આબરૂ દેશભરમાં વધી.

દેશભરમાંથી અનેક આગેવાનોએ અને સંસ્થાઓએ બારડોલીની પ્રજાને સરદાર વલ્લભભાઈને અભિનંદનના સંદેશા મોકલ્યા. સરદારે એ બધું વાંચીને કહ્યું :

'બાપુનો સંદેશો ભાંગ્યોતૂટ્યો પણ લોકોને પહોંચાડનારા કેટલા ઓછા છે ? બાકી કોણ આપણે ? આપણે કર્યું શું ? બાપુએ નાહકના આપણને ચડાવી માર્યા છે !'

બારડોલીના સત્યાગ્રહ પછી સરદારશ્રીને અમદાવાદમાં માનપત્ર આપવામાં આવ્યું. તેના જવાબમાં સરદારે કહ્યું :

'તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માગું છું કે, મારામાં એ યોગ્યતા આવે. પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે, મારામાં એ યોગ્યતા નથી. એ મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી. સાચે જ કહું છું કે, તમે પ્રેમના આવેશમાં જે અતિશયોક્તિ ભરેલી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે.

'તમે સૌ જાણતા હશો કે, મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી. પણ ગુરુનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને તેને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી તેટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું શું કારણ? કારણ એ કે, એનામાં ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું. એનામાં લાયકાત હતી.

'મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરુ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા મારામાં નથી, એ વિશે મને શંકા નથી. એ યોગ્યતા જો મારામાં હોત, તો તમે ભવિષ્યને માટે મારે વિશે જે આશાઓ બતાવી છે તે મેં આજે જ સિદ્ધ કરી હોત.

'મને આશા છે કે, હિંદુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહિ કર્યાં હોય, જેમણે એમના શરીરની નહિ પણ એમના મંત્રની ઉપાસના કરી હશે. આ પવિત્ર ભૂમિમાં કોક તો એવો જાગશે જ.

'કેટલાક લોકો કહે છે કે, ગાંધીજી જશે ત્યારે શું થશે? હું એ વિષે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે. આપણે એ કરીશું તો એમને તો કશું કરવાનું રહેતું નથી. એમને જે આપવાનું હતું તે એમણે આપી દીધું છે. હવે આપણે એ કરવાનું રહેલું છે.

'બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી. કોઈ અસાધ્ય રોગથી પીડાતો દર્દી પથારીવશ હોય, આ દુનિયા ને પેલી દુનિયા વચ્ચે ઝોલાં ખાતો હોય, તેને કોઈ સંન્યાસી મળે, તે જડીબુટ્ટી આપે અને માત્રા ઘસીને પાવાથી દર્દીના પ્રાણ સ્વસ્થ થાય. એવી દશા હિંદુસ્તાનના ખેડૂતોની છે. હું તો માત્ર એ સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું.

'માન જો ઘટતું હોય તો તે જડીબુટ્ટી આપનારને છે. કંઈક માન પેલા ચરી પાળનારા દર્દીને ઘટે છે, જેણે સંયમ પાળ્યો અને તેમ કરીને હિંદુસ્તાનનો પ્રેમ મેળવ્યો.

'બીજા કોઈને માન ઘટતું હોય તો મારા સાથીઓને છે, જેમણે ચકિત બનાવે એવી તાલીમ બતાવી છે, જેમણે મને કદી પૂછ્યું નથી કે કાલે તમે કયો હુકમ કાઢશો ? આવતી કાલે તમે શું કરવાના છો ? કયાં જવાના છો ? કોની સાથે સમાધાનની વાતો કરવાના છો ? જેમણે મારા પર જરાયે અવિશ્વાસ નથી રાખ્યો, સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ મને મળ્યા છે. એ પણ મારું કામ નથી. આવા સાથીઓ પાકયા છે, જેમને સારુ ગુજરાત મગરૂર છે, તે ગાંધીજીનું કામ છે.

'આમ જો આ માનપત્રમાંનાં વખાણ વહેંચી આપવામાં આવે, તો બધાં વખાણ બીજાને ભાગે જાય અને મારે ભાગે આ કોરો કાગળ જ રહે એમ છે.'

સરદારશ્રીના શબ્દોમાં તેમની મહાત્મા ગાંધીજી પ્રત્યેની ભક્તિ, તેમની નમ્રતા, તેમનું કામ, બધુંય આવી જાય છે. બારડોલીની વિજયી લડતે એકલા ગુજરાતને જ નહિ પણ સમગ્ર ભારતને નવી આશા અને પ્રેરણા આપી.

ગાંધીજીએ હૈયાના ઉલ્લાસથી વલ્લભભાઈને આશીર્વાદ આપી 'સરદાર'ના વહાલસોયા બિરુદથી નવાજ્યા. હવે વલ્લભભાઈ ગુજરાતના જ નહિ પણ આખા દેશના આગેવાન બન્યા. પછી તો ઈ. સ. ૧૯૪૭ની ૧૫ મી ઑગસ્ટે દેશને આઝાદી મળી ત્યાં સુધીની ગાંધીજીની એકેએક લડતમાં હંમેશાં સરદાર મોખરે જ રહ્યા હતા.

## ખેડૂતોના નાડપારખુ

સરદારશ્રી ૧૯૨૯માં મદ્રાસ ગયા હતા, ત્યાં તેમનાં તેજીલાં ભાષણોથી લોકો મુગ્ધ બની ગયા. એક વૃદ્ધ ખેડૂત તો સરદારનાં ભાષણો ઉપર એવો આફરીન થઈ ગયો કે એમની સાથે ને સાથે પ્રવાસમાં ફરવા લાગ્યો.

'આજ સુધી અમારાં દુઃખો અને અમારી મુશ્કેલીઓ જાણનારો આવો કોઈ જોયો નથી. અમને બધું બરાબર સમજાવી અમારામાં જાગૃતિ આણનાર પણ કોઈ આવ્યો નથી.' એમ તે વૃદ્ધ ખેડૂત કહેતો જાય અને સરદારશ્રીનાં ભાષણો સાંભળી સાંભળીને ઘેલો થતો જાય.

પછી એ જ સાલમાં ડિસેમ્બર માસમાં સરદારશ્રી બિહારમાં પ્રવાસે ગયા હતા. ગાંધીજીના પ્રથમ શિષ્ય તરીકે એમની પાછળ બિહારીઓ ઘેલા થયા. ચંપારણમાં જેમ ગાંધીજીએ ઉગાર્યા તેમ એમના આ શિષ્ય તેઓને બીજી આફતોમાંથી ઉગારશે, એવી શ્રદ્ધાથી હજારો કિસાનોનાં ટોળાં સરદારશ્રીને સાંભળવા આવતાં.

બિહારના એક મુખ્ય કાર્યકર્તા શ્રી બ્રિજકિશોર બાબુ માંદા હતા, છતાં પણ સરદારશ્રીનાં ભાષણો સાંભળવા જતા. સરદારશ્રીનાં તેજદાર ભાષણો સાંભળીને તેમણે સરદારશ્રીને અભિનંદન આપતાં કહ્યું :

'અમારા ખેડૂતોને આ જ જોઈતું હતું. નિર્ભયતાનો મંત્ર તમે જે રીતે આપો છો, તે રીતે જ બીજા કોઈ આપી શકે એમ નથી. મને લાગે છે કે અમારી કિસાન આલમને સળગાવીને જ તમે અહીંથી જશો.'

## 'દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે'

૧૯૩૦ની સાલમાં સરદારને બોરસદ તાલુકાના રાસ ગામે પકડીને અંગ્રેજ સરકારે તેમને સાબરમતી જેલમાં રાખ્યા હતા.

શ્રી મહાદેવભાઈ દેસાઈ એક વાર તેમને મળવા જેલમાં ગયા. જેલ સુપરિન્ટેન્ડેન્ટે મહાદેવભાઈને કહ્યું : 'તમે સરદાર સાથે અંગ્રેજીમાં વાત કરો.'

મહાદેવભાઈએ જવાબમાં કહ્યું : 'મારા બાપની સાથે અંગ્રેજીમાં બોલું તો વલ્લભભાઈ સાથે અંગ્રેજીમાં બોલું. બાકી એવો જ આગ્રહ કરશો તો હું મુલાકાત જવા દઈશ પણ અંગ્રેજીમાં નહિ બોલું.'

જેલ અધિકારી મૂંઝાયા. સરદાર હસતા હસતા કહે : 'એ આશ્રમવાળા લોકો એવા હોય છે કે ધારેલું જ કરે. એ તો અંગ્રેજીમાં નહિ જ બોલે.'

વાતચીત કરતાં મહાદેવભાઈએ પૂછ્યું : 'તમને કેવી રીતે રાખે છે ?'

સરદારશ્રી કહે : 'ચોરલૂટારાને જેવી રીતે રાખે છે તેવી રીતે મને પણ રાખે છે. બહુ આનંદ છે. આના જેવી લહેર જિંદગીમાં કોઈ વાર આવી નહોતી.'

મહાદેવભાઈએ આગળ જતાં પૂછ્યું : 'સૂવાને માટે શું ?'

સરદાર કહે : 'એક ખાસ્સો કાળો કામળો આપ્યો છે ને ! તે ઉપર આળોટીએ છીએ. મને પહેલે દિવસે લાગેલું કે ઊંઘ નહિ આવે. પણ બીજે દિવસે તો ઘસઘસાટ ઊંઘ આવી. તે એવી આવી કે બહાર કદી આવી નથી.'

મહાદેવભાઈએ પૂછ્યું : 'ખોરાકનું કેમ ?'

સરદાર કહે : 'ખોરાકનું તો શું પૂછવું ? જેલમાં કંઈ મોજ કરવા થોડા આવ્યા છીએ ? બપોરે કંઈક જાડા રોટલા ને દાળ, અને સાંજે રોટલા ને શાક એમ આપે છે. ઘોડાને ખપે એવું તો હોય જ છે.'

મહાદેવભાઈ : 'પણ માણસને ખપે એવું હોય છે કે નહિ ?'

'શા સારુ નહિ ? પાયખાને જવાનું ઠેકાણું નહોતું તે અહીં એક વાર નિયમિત પાયખાને જાઉં છું પછી શું જોઈએ ? પણ એની તું ચિંતા શા સારુ કરે છે ? ત્રણ મહિના હવા ભરખીને રહી શકું એમ છું.' એમ કહીને સરદારે ખડખડાટ હસીને જેલનો દરવાજો ગજાવી મૂકયો.

પછી સરદાર કહે : 'સવારે જુવારના લોટની નમક નાખેલી કાંજી મળે છે. પણ એ હુ નથી લેતો. કારણ મરડો થવાનો ડર રહે છે.'

મહાદેવભાઈએ પૂછ્યું : 'રોટલા દાંતે ચવાય છે શી રીતે ?'

સરદાર કહે : 'રોટલા તો પાણીમાં ભાંગી નાખું છું અને મજાથી રોટલો ખાઈ જાઉં છું.'

મહાદેવભાઈ : 'બત્તી મળે છે ?'

સરદારશ્રી : 'બત્તી ન મળે. બત્તી આપતા હોય તો રાતે વાંચું પણ ખરો. અહીં તો સાંજ પડી એટલે અંધારું !'

મહાદેવભાઈ : 'કશું વાંચવાનું જોઈએ છે ?'

સરદાર કહે : 'ગીતા અને તુલસીરામાયણ આપ્યાં છે. આશ્રમભજનાવલિ મોકલજે. એટલી ત્રણ વસ્તુ ત્રણ મહિનામાં વાંચી લઈશ તો બસ છે.'

પછી મહાદેવભાઈએ સરદારને જોઈતી ચીજોની યાદી કરવા માંડી. એટલે સુપરિન્ટેન્ડેન્ટ કહે : 'અસ્ત્રાની રજા નથી. તમને હજામત કરાવવાની સગવડ આપવામાં આવશે.'

'એ તો હું જાણું છું અહીં કેવી રીતે હજામત થાય છે તે !' કહીને સરદાર હસ્યા.

જેલરને સુપરિન્ટેન્ડેન્ટ કરતાં નિયમોનું વધારે જ્ઞાન લાગતું હતું. તેમણે કહ્યું : 'સાહેબ, આ કેદીને તો અસ્ત્રો આપી શકાય.'

સુપરિન્ટેન્ડેન્ટ કહે : 'તો ભલે. પણ જ્યારે તેમને જોઈએ ત્યારે આપીશું. એ રહેશે અમારી પાસે.'

એટલે સરદારશ્રી રમૂજ કરતાં કહે : 'પણ મને એક અસ્ત્રો આપી મૂકતા હો તો કેવું સારું ! બીજા કેદીઓની હજામત કરું અને ચાર પૈસા પેદા કરું.'

આખો વખત ગંભીર મુખમુદ્રા ધારણ કરીને બેસી રહેલા સુપરિન્ટેન્ડેન્ટ અને જેલર પણ આ સાંભળીને ખડખડાટ હસી પડયા પણ તરત જ પાછું તેમને નિયમોનું ભાન થતાં, ઘડીક વાર માણસ બનેલા તેઓ પાછા યંત્ર જેવા બની ગયા!

મહાદેવભાઈ જવા તૈયાર થયા, એટલે સરદાર કહે : 'ત્રણ મહિના તો હું મઝા કરીશ....'

મહાદેવભાઈએ બહાર નીકળતાં કહ્યું : 'તમને ત્રણ મહિનામાં એક જ મુલાકાત મળે, અને આ એક તો થઈ ગઈ. હવે તમે પાછા ન મળી શકો એનું દુઃખ થાય છે.'

એટલે સરદારે પોતાની વિનોદભરી વાણીમાં કહ્યું : 'મને કોઈએ મળવાની જરૂર નથી. ઊલટા કોઈ મળવા આવે તો મને યાદ આવે છે કે હજી આ બહાર રહેલા છે!'

## સ્વમાનને ભોગે કશું ન થાય

સરદારશ્રી '૩૩ની સાલમાં નાશિક જેલમાં હતા. તે વખતે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું પરદેશમાં વિયેના મુકામે તા. ૨૨-૧૦-૩૩ના રોજ સગાંસંબંધીઓથી દૂર અવસાન થયું. તેમના દુઃખદ અવસાન માટે દિલસોજી બતાવનારા પુષ્કળ તારો અને કાગળો સરદાર ઉપર આવ્યા.

જેલમાંથી એ બધાને જવાબ આપી શકાય નહિ. એટલે સરદારે નીચેનો સંદેશો વર્તમાનપત્રોમાં છાપવા માટે સરકાર ઉપર મોકલી આપ્યો :

'મારી ઉપર વિઠ્ઠલભાઈના અવસાન બદલ દિલસોજી અને લાગણી બતાવનારા પુષ્કળ કાગળો (દેશના જુદા જુદા ભાગોમાંથી, બ્રહ્મદેશ અને લંકાથી પણ) આવ્યા છે. તે બધાને (અહીંથી) વ્યક્તિગત જવાબ આપવાનું મારે માટે શકય નથી. તેથી મારા પ્રત્યે જેઓએ દિલસોજી બતાવી છે તેમનો (જાહેર રીતે) આભાર માનવાની આ તક હું લઉં છું. (મારા દુઃખમાં લાખો માણસો ભાગ લેનારા છે એના કરતાં વધારે મોટું આશ્વાસન મને બીજું શું હોઈ શકે?)'

આ સંદેશામાંથી કૌંસમાં મૂકેલા શબ્દો કાઢી નાખીને સંદેશો છાપવો હોય તો છપાવી શકાશે, એમ સરકાર તરફથી રાજદ્વારી કેદી સરદારશ્રીને જણાવવામાં આવ્યું.

સરદારે એના જવાબમાં જણાવ્યું : 'મારા આવા નિર્દોષ સંદેશામાં પણ કાપકૂપ કરવાથી તે અચોકકસ, બુઠ્ઠો અને અર્થહીન થઈ જાય છે. એટલે એ ન છપાવવાનો હું નિર્ણય કરું છું.'

પછી ૯-૧૧-'૩૩ના રોજ સ્વ. વિઠ્ઠલભાઈનું શબ વિયેનાથી મુંબઈ લાવવામાં આવ્યું. શ્રી સુભાષચંદ્ર બોઝે ગાંધીજીને માર્સેલ્સથી તાર કર્યો હતો કે, વિઠ્ઠલભાઈની અંતિમ ક્રિયા વલ્લભભાઈના હાથે થાય એ ઇષ્ટ છે. માટે તમે એની વ્યવસ્થા કરશો.

બાપુજીએ છાપા જોગું નિવેદન બહાર પાડીને જણાવ્યું : 'સરદાર પટેલ પેરોલ ઉપર છૂટા થવાની અરજી નહિ કરે એમ હું માનું છું અને તેમને હાથે અંતિમ ક્રિયા થાય એ શકય લાગતું નથી.'

છતાં બહારના કેટલાક મિત્રોએ સરકારમાં લખાણ કર્યું. એટલે સરકારે નીચેની શરતે તેમને છોડવામાં આવશે એમ સરદારને જણાવ્યું :

'૧. તમે શ્રી વિઠ્ઠલભાઈની અંતિમ ક્રિયા કરી શકો એ માટે જેટલો વખત આવશ્યક હોય તેટલા વખતને માટે તમને છોડવામાં આવશે. પણ તમારે એવી બાંયધરી આપવી પડશે કે, તમે બહાર રહો તે દરમિયાન તમે કોઈ રાજદ્વારી ભાષણ કરશો નહિ તેમ જ કોઈ રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ લેશો નહિ. ક્રિયા થઈ ગયા પછી નક્કી કરેલ સ્થળે અને સમયે તમે હાજર થઈ જશો, જેથી તમને ફરી પકડવામાં આવે.

'૨. તમને તા. ૯મીને ગુરુવારે સવારે નાશિક જેલમાંથી છોડવામાં આવશે.

'૩. તા. ૧૧મીને શનિવારે મુંબઈથી નાશિક માટે સવારે ૭-૧૫ વાગ્યે ઊપડતી ટ્રેનમાં બેસીને તમારે નાશિક આવવું જોઈશે. એ ટ્રેન ૧૦-૫૭ વાગ્યે નાશિક પહોંચે છે. તે વખતે સ્ટેશન ઉપર એક પોલીસ અમલદાર હાજર હશે. ટ્રેનમાંથી ઊતરીને તમારે એને હવાલે થઈ જવું જોઈશે.'

સરદારશ્રીએ એના જવાબમાં જણાવ્યું :

'આવી કોઈ શરતે હું બહાર જવા ઇચ્છતો નથી. તમારે મને છોડવો હોય તો બિનશરતે છોડો અને જ્યારે ફરી પકડવો હોય ત્યારે હું જ્યાં હોઉં ત્યાંથી તમે મને પકડી શકો છો. પણ હું મારી મેળે પોલીસને હવાલે થવા જવાનો નથી.

'આ પ્રસંગે મારી ઘણી જરૂર છે એ હું જાણું છું. પણ આબરૂ અથવા સ્વમાનને ભોગે મારે બહાર જવું નથી.'

અને સરદાર પોતાના વડીલ ભાઈની અંતિમ ક્રિયા વેળાએ હાજર ન રહ્યા !

## કર્મરત સરદાર

સરદારશ્રી આંતરડાંના વ્યાધિથી પીડાતા હતા. એ વ્યાધિ દિવસે દિવસે વધતો જતો હતો. એ જોઈને ગાંધીજી એમને થોડો વખત આરામ લેવાનું સૂચવતા.

પરંતુ સરદારને આરામ લેવાનું જરાયે ગમતું નહિ, છેવટે ગાંધીજીના ખૂબ આગ્રહને વશ થઈને ૧૯૪૨ના જાનેવારીની આખરમાં સુરત પાસે દરિયાકિનારે આવેલા હજીરા નામના સ્થળે હવાફેર કરવા માટે તેઓ ગયા.

હજીરામાં સરદાર લગભગ સવા મહિનો રહ્યા. એટલામાં દેશની રાજદ્વારી પરિસ્થિતિ તંગ બનતાં સરદારશ્રીએ હજીરા છોડ્યું.

આ વાતની ગાંધીજીને જાણ થતાં તેમણે સરદારને પત્ર લખી જણાવ્યું : ‘ ગમે ત્યાં ફરો પણ આરામના, સ્નાનના અને ખાવાના વખત સાચવશો. ’

પરંતુ સરદારે તો રખડવાનું ચાલુ જ રાખ્યું, એમાં બધી સગવડો શી રીતે સચવાય ? એટલે ગાંધીજીએ ફરીથી કાગળમાં ચેતવણી આપી : ‘ આંતરડાં હજી ઠેકાણે નથી પડતાં એમાં નવાઈ નથી. એને લાંબો આરામ જોઈએ જ.’

પણ સરદારની ફિલસૂફી જુદી જ હતી. તેઓ કહેતા :

‘ લાંબો વખત આરામ લઈને એકલું શરીર જ સાચવ સાચવ કર્યા કરવું તેના કરતાં કામ કરતાં કરતાં થોડાં વરસ વહેલા મરી જવાય તો શું થઈ ગયું ? ’ છેવટે ’૪૨ની ‘ હિંદ છોડો ’ની છેલ્લી લડતમાં સરદારને અહમદનગરના કિલ્લામાં કેદમાં પૂરવામાં આવ્યા. આ છેલ્લી જેલયાત્રામાં આંતરડાંની જૂની બીમારીથી સરદાર બહુ પીડાયા અને છેક નંખાઈ ગયા.

## દેશના ભાગલા

આખરે સિમલા પરિષદ માટે વાઈસરૉયે બધા નેતાઓને છોડી મૂક્યા અને લાંબી મંત્રણા પછી ભારત અને પાકિસ્તાન એમ બે ભાગમાં દેશને વિભક્ત કરવાના મુદ્દા પર ભાર મૂકવામાં આવ્યો.

વાતાવરણ ગમગીનીભર્યું બની ગયું. દેશના ઘણા આગેવાનો દુઃખી થયા. સરદાર પણ દુઃખ પામ્યા. પણ તેમણે સૌને સમજાવતાં કહ્યું :

‘ જિંદગીભર મુલકની એકતા માટે પ્રયત્નશીલ રહ્યો છું. તમારા કોઈનાય કરતાં આ ભાગલાના ઠરાવથી મને ઓછું દુઃખ નથી થતું. પણ મારા મનમાં વસી ગયું છે કે, આ ઠરાવ સ્વીકાર્યા સિવાય બીજો રસ્તો નથી. દેશના ભાગલા પાડવાના ભોગે પણ અંગ્રેજ સરકારને અહીંથી વિદાય કરવામાં ડહાપણ અને સુખ છે. ભવિષ્યની મોટી બૂરાઈને અટકાવવા ખાતર આ બૂરાઈને સ્વીકારવાને પણ અંગ્રેજ પાપને અહીંથી વિદાય કરવામાં ડહાપણ છે. એ દૃષ્ટિએ હું કકળાટ કરતા મિત્રોને આ કડવો ઘૂંટડો પીવાને વીનવું છું. ’

ત્યાર પછી પંદરમી ઑગસ્ટ ૧૯૪૭ને રોજ ભારત સ્વતંત્ર જાહેર થયું. પાકિસ્તાનની પણ સ્થાપના થઈ.

પરંતુ એ મુક્તિનો આનંદ માણવાનું ભારતવાસીઓના નસીબમાં લખાયું નહોતું! હિંદુ અને મુસલમાન કેટલાંય વર્ષોથી આપણા અખંડ દેશમાં ભાઈ–ભાઈ તરીકે, એક પ્રજા તરીકે, હળીમળીને રહેતા હતા. પરંતુ શેતાને તેઓના દિલમાં વાસ કર્યો અને બધે કોમી રમખાણો ફાટી નીકળ્યાં! નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોના લોહીથી ભૂમિ રગદોળાઈ! હિંદુ અને મુસલમાન એ બંને કોમોની મા–બહેનોની ઇજ્જત લૂંટાવા લાગી!

આ બધું જોઈને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજીનું દિલ દ્રવી ઊઠ્યું. એમની વેદનાનો પાર ન હતો. ગાંધીજી દુઃખીઓનાં આંસુ લૂછવા અને તેઓને દિલાસો આપવા એકલા નીકળી પડયા. બંગાળ, બિહાર, દિલ્હી એમ બધે ગાંધીજી વૃદ્ધ વયે દુઃખી દિલે ઘૂમવા લાગ્યા. અને...... ૩૦મી જાનેવારી ૧૯૪૮ને રોજ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની હત્યા થઈ!

આખો દેશ ખળભળી ઊઠ્યો. લાખો હૈયાં રડી ઊઠયાં!

એ કટોકટીની વેળાએ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને ઉપવડાપ્રધાન સરદાર વલ્લભભાઈએ જહેમત ઉઠાવીને દેશને સાચવી લીધો.

વળી એક બીજો સવાલ પણ સ્વતંત્ર ભારતને મૂંઝવતો હતો. ભારત સ્વતંત્ર થયું, પણ એમાં અસંખ્ય નાનાંમોટાં દેશી રાજ્યો આવેલાં હતાં. એ બધાંના વિલીનીકરણનો કોયડો ગૃહપ્રધાન સરદાર સાહેબ આગળ આવીને ખડો હતો. પરંતુ સરદારશ્રી ખૂબ સ્વસ્થતાથી, પ્રેમથી, ધીરજથી, તનતોડ પરિશ્રમ ઉઠાવીને એ સવાલનો સંતોષકારક નિકાલ લાવી શકયા.

પરંતુ દિવસે દિવસે સરદાર સાહેબની તબિયત ઘસાતી જ ગઈ. આંતરડાંની વ્યાધિ વધતી જ ગઈ. પરંતુ સરદારશ્રી તો પોતાના ભાગે આવેલું કર્તવ્ય કર્યે જતા હતા.

સરદારની ૭૬મી વર્ષગાંઠ ૩૧મી ઑકટોબર ૧૯૫૦ના રોજ દેશભરમાં ઊજવવામાં આવી. ગુજરાતે તે પ્રસંગે મહોત્સવ માણ્યો. ગમે તેવી ઢીલી તબિયત છતાં એ કારણે સરદારે સૌને મળવાનો લાભ જતો ન કર્યો અને અમદાવાદ આવ્યા. જતાં પહેલાં સરદારશ્રી આંખ ભરીને પોતાની મૂળ કર્મભૂમિ અને ત્યાંના પોતાના જૂના સાથીઓને જોઈ શકયા. એમને પોતાને ઊંડે ઊંડે એમ હતું ખરું કે, ફરી ન પણ મળીએ. એટલે તેઓ તો મનમાં સૌની વિદાય લઈને જ અમદાવાદથી ત્યારે ગયા હશે.

પરંતુ દિલ્હી ગયા પછી તબિયતે પાછો ઊથલો ખાધો. સરદારને મુંબઈ આણવામાં આવ્યા.

આવીને બે દિવસ તો ઘણું સારું લાગ્યું. સૌને થયું કે, મુંબઈની હવા હવે ઠીક સુધારો કરી આપશે. પણ એ તો ઓલવાતા દીવાનો છેલ્લો ચમકારો જ હતો.

છેવટે તા. ૧૫ મી ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ ૭૬ વર્ષની વયે મુંબઈમાં સરદારશ્રી વલ્લભભાઈ પટેલ સ્વર્ગવાસી થયા. કરોડો હૈયાંને રડતાં મૂકીને સૌના લાડીલા અને આદરપાત્ર સરદાર ચિરશાંતિમાં પોઢી ગયા.

સરદારશ્રી જતાં ગુજરાતે પોતાનું શિરછત્ર ગુમાવ્યું. પણ હવે શું થાય ? તેઓશ્રીને તે વખતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ અગ્નિ–સંસ્કાર વેળાએ આપેલી શ્રદ્ધાંજલિનું સ્મરણ કરીને પ્રેરણા મેળવીએ :

‘સરદારના દેહને અગ્નિ ભરખી રહ્યો છે. પરંતુ આ ધરતી પરનો કોઈ અગ્નિ તેમની કીર્તિને આંચ લગાડી શકે એમ નથી.

‘સરદાર પટેલનો ભૌતિક દેહ તો ગયો. પરંતુ તેમણે કરેલી પોતાના દેશની સેવાના રૂપમાં તેઓ સદાકાળ જીવશે. તેમની પાછળ રહેલાઓએ હજી અધૂરું રહેલું કાર્ય આગળ ચાલુ રાખવાનું છે.

‘આજે આપણે તેમના સાથીઓ રુદન કરી રહ્યા છીએ. આપણે તો આપણે માટે રડીએ છીએ સરદાર પટેલ એક મોટું કુટુંબ મૂકતા ગયા છે એ આપણે ન ભૂલીએ. આખો દેશ તેમનો પરિવાર છે. તેમની પેઠે રાષ્ટ્રની સેવા કરવાની આજે આપણે પ્રતિજ્ઞા લઈએ. તેમના આત્માને શાંતિ મળો.’

‘ભારતના એ ભડવીરને વંદન હો અમારાં,
અંતરનાં અભિનંદન હો આજ અમારાં !’